સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 23 ■ વિક્રમ સંવત ૨૦૮૨
અધિક જયેષ્ઠ વદ - ૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૭ જૂન ૨૦૨૬, (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## ભારતીય ક્રિકેટમાં ‘વૈભવ-યુગ’નાં મંડાણ






### સૂર્યવંશીની ટીમ ઈન્ડિયામાં વિક્રમી એન્ટ્રીઃ શ્રેયસ અઢી વર્ષે ટીમમાં અને સાથે કૅપ્ટનશિપ પણઃ સૂર્યાએ ટીમની કમાન અને ટીમમાં સ્થાન બંને ગુમાવ્યાં

મુંબઈઃ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા નિયુક્ત સિલેક્શન કમિટીએ આગામી જૂન અને જુલાઈમાં આયરલૅન્ડ તથા ઇંગ્લૅન્ડમાં રમવા જનારી ટી-૨૦ ટીમનું તેમ જ સપ્ટેમ્બરમાં જાપાનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટેની ટી-૨૦ ટીમનું સુકાન શ્રેયસ ઐયરને સોંપ્યું છે અને એ સાથે ત્રણ મહિના પહેલાં ભારતને વર્લ્ડ કપ અપાવનાર કૅપ્ટન સૂર્યકુમાર યાદવની ટી-૨૦ કૅપ્ટન્સી પર પડદો પડી ગયો છે. એટલું જ નહીં, સૂર્યકુમારને ભારતની ટી-૨૦ ટીમમાં પણ જગ્યા નથી આપવામાં આવી.

એક તરફ સૂર્યકુમારને જાકારો આપવામાં આવ્યો છે તથા શ્રેયસને ટીમમાં કૅપ્ટન્સી સાથે કમબૅક કરવાની તક અપાઈ છે અને બીજી બાજુ ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીની કરીઅરનો સૂર્યોદય થયો છે. વૈભવને આ બન્ને દેશના પ્રવાસ તેમ જ (જુઓ પાનું ૨) ▸▸

# ‘આ તો ટ્રૅલર માત્ર છે...’

### કૉક્રોચ જનતા પાર્ટીની હાકલ પર ભરપૂર સંખ્યામાં ભેગા થયેલા જેન-ઝીના સભ્યોને સંબોધતા અભિજિત દીપકેએ કહ્યુંઃ શિક્ષણ પ્રધાનને સાત દિવસમાં રાજીનામું આપવાનું અલ્ટિમેટમ



**આ તણખો દાવાનળ બનશે?:** પરીક્ષા સંબંધિત કથિત બેદરકારી અને ખામીઓના વિરોધમાં શનિવારે કરવામાં આવેલા પ્રદર્શન દરમિયાન કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના ટેકેદારોએ કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગણી કરી હતી. સાથે બંધારણની નકલ દેખાડતો પાર્ટીનો સ્થાપક અભિજિત દીપકે. (એજન્સી)

નવી દિલ્હીઃ કોક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેજા હેઠળ જેન-ઝીના સેંકડો દેખાવકારો દિલ્હીના જંતર મંતરમાં ભેગા થયા હતા અને તેમણે પરીક્ષા અને ભરતી કસોટીમાં કથિત ગેરરીતિ બદલ સાત દિવસમાં શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગ્યું હતું. સંસ્થાપક અભિજિત દિપકે દેખાવકારોને ન ડરવાનો સંદેશો આપ્યો હતો અને ઉમેર્યું હતું કે શનિવારના દેખાવો ટ્રૅલર માત્ર છે.

વિરોધ પ્રદર્શનની હાકલ દેનાર અભિજિત શનિવારે સવારે અમેરિકાથી આવ્યો હતો અને દિલ્હી પોલીસની પરવાનગી પછી જંતરમંતર ગયો હતો. જંતર મંતરમાં શનિવારથી સવારથી યુવાનો એકઠા થવા માંડ્યા હતા.

દેખાવકારોએ વાંદાના માસ્ક પહેર્યા હતા અને તેમના હાથમાં ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માગતાં પોસ્ટર હતાં. આ માસ્કનું જંતર મંતરમાં વિતરણ કરાયું હતું. દેખાવકારોએ શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગણી સાથે ભારતીય જનતા પાર્ટીએ ‘હિન્દુ-મુસ્લિમ રાજકારણ’ કરવાનું છોડી દેવું જોઈએ અને ‘ભારત માતા કી જય’નાં સૂત્રો પોકાર્યાં હતાં.

અભિજિતે તેમને દેશ, મહાત્મા ગાંધી, બી. આર. આંબેડકરને વધાવતાં જ સૂત્રો ઉચ્ચારવાનું કહ્યું હતું. દેખાવકારોએ કોમી રાજકારણનો (જુઓ પાનું ૨) ▸▸

### ફક્ત યુવાનો જ નહીં તેમનાં માતા-પિતા પણ જોડાયાં

નવી દિલ્હીઃ કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)ના સમર્થકો દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શનમાં શનિવારે જંતર મંતર પર એકઠા થયેલા લોકોમાં શાળાના વિદ્યાર્થીઓ, કોલેજ જનારાઓ, સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો અને વાલીઓનો સમાવેશ થયો (જુઓ પાનું ૨) ▸▸




### ઈરાન યુદ્ધ માટે ઉશ્કેરી રહ્યું છેઃ કુવૈત અને બાહરીન પર હુમલા કર્યા

કૈરોઃ ઇરાને બાહરીન અને કુવૈતમાં મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો, એવી માહિતી બાહરીન સરકારે આપી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે આ મિસાઈલ અને ડ્રોનને આંતરી લેવામાં આવ્યા હતા. બાહરીને ઇરાનને તેના અખાતના પડોશી પર હુમલા ન કરવાનું કહ્યું હતું.

આ અગાઉ અમેરિકાના લશ્કરે કહ્યું હતું કે અમે ઇરાને હોર્મુઝ સામુદ્રધુની અને અખાતના સાથીદારો તરફ છોડેલા બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોનને તોડી નાખ્યા હતા. આના જવાબમાં અમેરિકાએ ઇરાનના ઈસ્લામિક રિપબ્લિક્ના નિગરાની કરતા રડાર પર હુમલો કર્યો હતો. આ હુમલાને લીધે તહેરાન સાથેનો તકલાદી યુદ્ધવિરામ હચમચવા માંડ્યો છે. આ હુમલા (જુઓ પાનું ૨) ▸▸

### એચ-વનબી માર્ગે ગ્રીન કાર્ડ મેળવવાનું બંધ કરતો ખરડો અમેરિકાની સંસદમાં

વૉશિંગ્ટનઃ રિપબ્લિકન પાર્ટીના કટ્ટર સંસદસભ્યે અમેરિકાની કૉંગ્રેસમાં એવો ખરડો રજૂ કર્યો છે જેનાથી એચ-વનબી વિઝા કાર્યક્રમનો કાયાકલ્પ થશે. આ ખરડાના મુસદ્દા પ્રમાણે એચ-વનબીના વિઝનો ઉપયોગ અમેરિકામાં કાયમી રહેવાસી બનવામાં નહીં થઈ શકે. કૉંગ્રેસમેન ચિપ રોયે ગુરુવારે અમેરિકન વાઈટ-કોલર-વર્કર જોબ્સ ખરડો રજૂ કર્યો હતો. આ સૂચિત ખરડો ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (ઓપીટી) પ્રોગ્રામ બંધ કરવા માગે છે જેના આધારે વિદેશી વિદ્યાર્થીઓને ગ્રેજ્યુએશન પછી અમેરિકામાં મર્યાદિત ગાળા માટે કામ કરવાની છૂટ આપે છે.

કૉંગ્રેસમાં ટેક્સાસના ૨૧મા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરતા રોયે કહ્યું હતું કે એચ-વનબી વિઝાનો ચાર વર્ષનો ઈતિહાસ સિદ્ધ કરે છે કે આ વિઝાનો દુરુપયોગ થાય છે અને સસ્તા વિદેશી (જુઓ પાનું ૨) ▸▸

## નવી દિલ્હીથી સિલિગૂડી બુલેટ ટ્રેનમાં ફક્ત છ જ કલાકમાં

### રેલવે પ્રધાને કરી નવા પ્રોજેક્ટની જાહેરાતઃ લખનઊ, વારાણસી અને પટણા થઈને પહોંચાશે રાષ્ટ્રીય રાજધાનીથી સિલિગૂડી

કોલકાતાઃ રેલવે પ્રધાન નવી દિલ્હીથી સિલિગૂડી વચ્ચે બુલેટ ટ્રેન શરૂ કરવાની જાહેરાત શનિવારે કરી હતી.

રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, બુલેટ ટ્રેન લખનઊ, વારાણસી અને પટણા થઈને નવી દિલ્હીને સિલિગૂડી સાથે જોડશે. અત્યારે દિલ્હીથી સિલિગૂડીના પ્રવાસમાં વીસ કલાક લાગે છે પણ હવે માત્ર છ કલાકમાં પહોંચી જવાશે.

મહત્વનું છે કે આ પ્રોજેક્ટ પૂરો થવાથી બંગાળના લોકોને મોટી રાહત મળશે. તેમને દિલ્હી આવવા-જવામાં માત્ર છ કલાકનો સમય લાગશે. આ પ્રોજેક્ટ ક્યારે શરૂ થશે અને ક્યાં સુધીમાં પૂરો થશે, તેની માહિતી અત્યારે આપવામાં આવી (જુઓ પાનું ૨) ▸▸

### અમેરિકાની જાસૂસી કરી રહ્યું છે ઇઝરાયલ?

નવી દિલ્હીઃ અમેરિકા અને ઇઝરાયલ દાયકાઓથી સારા મિત્ર રહ્યા છે, પરંતુ ઈરાન યુદ્ધને મામલે બંને દેશ વચ્ચે વધેલા મતભેદ હવે સુરક્ષા અને જાસૂસી મામલા સુધી પહોંચી રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે.

અમેરિકામાં ઇઝરાયલની વધેલી જાસૂસી ગતિવિધિઓને કારણે ચિંતા વધી રહી છે અને અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓને સંભવિત જાસૂસીથી બચવા વધુ સાવધ રહેવાની સલાહ આપવામાં આવી છે. અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે આ અહેવાલે નવી હલચલ પેદા કરી દીધી છે. અમેરિકાએ ઇઝરાયલની જાસૂસી ગતિવિધિઓને લઈને ચિંતા વ્યક્ત કરી છે. ■

### યુએનમાં કાશ્મીરનું રટણઃ પાકિસ્તાનને ભારતે ઝાટકયું

સંયુક્ત રાષ્ટ્રસંઘઃ સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે જમ્મુ-કાશ્મીરના બિનજરૂરી ઉલ્લેખને મામલે ભારતે એમ કહીને સંસ્થાના હંગામી સભ્ય પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા હતા કે વૈશ્વિક સંસ્થાના સભ્ય બનવું એ એક મોટી જવાબદારી છે. પૂર્વગ્રહ ધરાવતા અને ખોટી રજૂઆત કરનારાઓ માટેનો આ મંચ નથી.

જમ્મુ-કાશ્મીર ભારતની આંતરિક બાબત છે અને પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એ મામલે કરેલા બિનજરૂરી ઉલ્લેખે અમને જવાબ આપવાની ફરજ પાડી છે, એમ સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે ભારતના કાયમી પ્રતિનિધિ પર્વથાનેની હરીશે કહ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રસંઘ ખાતે પાકિસ્તાનના (જુઓ પાનું ૨) ▸▸

### કટડા જતી સ્પેશ્યલ ટ્રેનનો ડબ્બો છૂટો પડી ગયો

લુધિયાણાઃ કટડા જતી સ્પેશ્યલ ટ્રેનનો કૉચ શનિવારે લુધિયાણામાં આંશિક રીતે છૂટો પડી ગયો હોવાનું રેલવે અધિકારીઓએ કહ્યું હતું.

રેલવેના અધિકારીઓએ નુકશાન પામેલા કૉચની શનિવારે ચકાસણી કરી હતી.

લુધિયાણા સ્ટેશનેથી શનિવારે રવાના થયાના થોડા જ સમય બાદ દિલ્હી-શ્રી માતા વૈષ્ણોદેવી કટડા સ્પે. ટ્રેનમાં શૌચાલય નજીકના ભાગમાં મોટી તિરાડ પડતાં કૉચ આંશિક રીતે છૂટો પડી ગયો હતો. ઘટનાને પગલે કૉચમાં સવાર પ્રવાસીઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો.

અધિકારીઓના જણાવ્યા અનુસાર કૉચ નંબર એસ-ટૂમાં શૌચાલય નજીકના ભાગમાં તિરાડ પડતાં કૉચ (જુઓ પાનું ૨) ▸▸



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૭-૬-૨૦૨૬ થી તા. ૧૩-૬-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃષભ રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ સમગતિએ મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ મિથુન રાશિમાં મિશ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર મિથુનમાંથી કર્ક રાશિમાં તા. ૮મીએ પ્રવેશે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે કુંભ રાશિમાં રહે છે. તા. ૯મીએ મીન રાશિમાં તા. ૧૧મીએ મેષ રાશિમાં તા. ૧૩મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આ સપ્તાહમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. શનિ–સૂર્યનું ભ્રમણ શુભ ફળદાયી નથી. નોકરીમાં પ્રગતિ થશે. તા. ૧૨, ૧૩ શુભ ફળદાયી જણાય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. સ્વતંત્ર કારોબારમાં નાણાંની આવકની વૃદ્ધિ થશે. બેન્ક લોન મેળવવામાં સફળતા મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભ માટે પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન પ્રવૃત્તિઓમાં, નવીન કાર્યપદ્ધતિમાં સફળતા મેળવશો. નોકરીમાં પ્રગતિ જળવાઈ રહેશે. તા. ૮, ૯, ૧૧ નોકરીના કામકાજમાં સફળતા દર્શાવે છે. આવકની અનુકૂળતા જળવાશે. અર્થવ્યવસ્થા વધુ પ્રબળ પુરવાર થશે. મહિલાઓના ભાઈ–બહેનો સાથેના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળતાઓ જણાશે. પ્રવાસ દ્વારા શૈક્ષણિક કામકાજ પૂર્ણ કરી શકશો.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં આવડત કાર્યક્ષમતા, અનુભવ ઉપયોગી થશે. તા. ૯, ૧૦, ૧૨ નોકરીના કામકાજમાં શુભ જણાય છે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. નાણાઆવકના નવાં સાધનો પણ પ્રાપ્ત કરશો. નવીન પ્રવૃત્તિઓમાં પરિવારજનોનો સહયોગ મેળવશો. મહિલાઓને નિજી વ્યવસાયના કામકાજમાં પ્રગતિ જણાશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક જવાબદારીઓમાં સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર માટે સફળતા દર્શાવતું ગોચરફળ છે. દૈનિક સાપ્તાહિક વેપાર શુભ પુરવાર થશે. નોકરી માટે ૧૧, ૧૨, ૧૩ શુભ જણાય છે. ભાગીદારીના સંબંધોમાં જૂનાં મતભેદોનો ઉકેલ આવશે. નાણાવ્યવસ્થા વધુ પ્રબળ બનશે. સ્વતંત્ર કારોબારમાં આત્મવિશ્વાસ અને કાર્યક્ષમતા પૂર્ણપણે ઉપયોગમાં લઈ શકશો. મહિલાઓને નાણાવ્યવસ્થા જાળવવામાં સફળતા જણાશે. પરિવાર માટે કિંમતી ચીજોની ખરીદી શક્ય જણાય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. નોકરીમાં યશ મેળવશો. નોકરીમાં તા. ૭, ૮, ૧૨, ૧૩ના કામકાજ સફળ થતાં જણાશે. સ્વતંત્ર કારોબારમાં નવું નાણારોકાણ જણાતું નથી. નવી પ્રવૃત્તિઓનો પ્રારંભ જન્મકુંડળીના આધારે નક્કી કરવો જરૂરી છે. મહિલાઓને પરિવારના મતભેદોમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓ અભ્યાસમાં નિયમિતતા અને એકાગ્રતા દાખવી શકશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણના નિર્ણયનો અમલ કરી શકશો. તા. ૭, ૮, ૧૦ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. જૂનાં કોર્ટ–કાયદાના પ્રશ્નનો ઉકેલ આવશે. પ્રવાસમાં યશસ્વી અનુભવ કરશો. પરિવારના વડીલોની કૃપા પ્રાપ્ત કરશો. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થાય. સ્વતંત્ર કારોબારમાં યશ મેળવશો. મુસાફરી દ્વારા વિદ્યાર્થીઓના અધ્યયનના કામકાજ સફળ પુરવાર થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવશો. નોકરી માટે તા. ૯, ૧૦, ૧૨ શુભ જણાય છે. નોકરીના મિત્રોમાં સંપ વધશે. નાણાંના આવકનાં સાધનો વધુ સક્ષમ પુરવાર થશે. મહત્ત્વના કારોબારના નિર્ણયો લેવા માટે પરિવારના સદસ્યો ઉપયોગી થશે. મિત્રોની મદદ દ્વારા નાણાવ્યવસ્થા જાળવવામાં સફળતા મેળવશો. મહિલાઓને કુટુંબીજનોની પ્રસંગોપાત મદદ પ્રાપ્ત થશે. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતા પ્રાપ્ત થતી જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ જણાશે. શેરબજારના વેપારની નાણાંની આવક વધશે. ભાગીદાર ઉપયોગી થાય. નાણાવ્યવહાર સફળ બની રહેશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ કરી શકશો. મુસાફરી એકંદરે સફળ બની રહેશે. મહિલાઓ સ્વાસ્થ્ય જાળવણીના પ્રયત્નોમાં સફળતા મેળવશે. સહપરિવાર પ્રવાસ શક્ય છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપાર અને રોકાણ સફળ બની રહેશે. તા. ૭, ૮, ૧૨ નોકરી માટે શુભ પુરવાર થશે. સહપરિવાર પ્રવાસ શક્ય જણાય છે. ઉઘરાણીના નાણાંની વસૂલી પ્રવાસ દ્વારા શક્ય જણાય છે. સ્વાસ્થ્ય જળવાશે. કારોબારના નાણાઆવકની વૃદ્ધિ થશે. નાણાઆવકના નવાં સાધનો મેળવશો. મહિલાઓને કુટુંબમાં પ્રસંગોની જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં સહઅધ્યાયીઓનો સહયોગ, માર્ગદર્શન મેળવી શકશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના વાયદાના વેપારમાં સાવચેતી દાખવવી જરૂરી છે. નાણારોકાણ અનુકૂળ બની રહેશે. તા. ૯, ૧૦, ૧૧ નોકરીના કામકાજમાં શુભ પુરવાર થશે. નોકરી માટે આ સપ્તાહ સકારાત્મક જણાય છે. વાહન – જમીન – મિલકતના નિર્ણયો માટે સપ્તાહ શુભ જણાય છે. મહિલાઓને સાહસિકતાથી કારોબારના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા કામકાજના નિર્ણયો સરળતાથી પૂર્ણ કરી શકશે. નવા અભ્યાસનો પ્રારંભ કરી શકશો.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નિર્ણયો સફળ બની રહેશે. વેપારથી લાભ થશે. નોકરી માટે તા. ૧૨, ૧૩ શુભ જણાય છે. નોકરીના નિર્ણયો એકંદરે સફળ બની રહેશે. આત્મવિશ્વાસ, કાર્યદક્ષતા અને કાર્યક્ષમતા દ્વારા શુભ ગોચરના ફળ પણ કાર્યક્ષેત્રે પ્રાપ્ત કરી શકશો. નાણાઆવક જળવાય છતાં નાણાખર્ચનાં સાધનો અધિક જણાય છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોના સાથ સહકારથી પરિવારના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને અભ્યાસ વાંચનમાં એકાગ્રતા અને નિયમિતતા જાળવવી જરૂરી જણાય છે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું રોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળ થતો જણાશે. તા. ૯, ૧૦, ૧૨ પ્રવાસ માટે શુભ જણાય છે. પ્રવાસના નિર્ણયો એકંદરે સફળ પુરવાર થશે. વેપારમાં વાટાઘાટો સફળ પુરવાર થશે. નાણાઆવકનાં નવાં સાધનો પણ મેળવશો. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

## આજનું પંચાંગ

**ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મ ઋતુ, રવિવાર, તા. ૭-૬-૨૦૨૬, ભાનુ સપ્તમી, પંચક**

ભારતીય દિનાંક ૧૭, માહે જયેષ્ઠ, શકે ૧૯૪૮
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, અધિક જયેષ્ઠ વદ–૭
જૈન વીર સંવત ૨૫૫૨, માહે અધિક જયેષ્ઠ, તિથિ વદ–૭
પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૨મો, માહે ૧૨મો જિલ્હજ, સને ૧૪૪૭
નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૦૭–૫૫ પછી શતભિષા
ચંદ્ર કુંભમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, શ, ષ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૨, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૫, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૨, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

ભરતી : સાંજે ક. ૧૬–૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૫૦ (તા. ૮)
ઓટઃ સવારે ક. ૦૯–૩૭, રાત્રે ક. ૨૩–૧૦
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, અધિક જયેષ્ઠ કૃષ્ણ – સપ્તમી. ભાનુ સપ્તમી, પંચક, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬–૪૧ (તા. ૮)થી બપોરે ક. ૧૫–૦૬.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ વરુણ દેવતા, રાહુ ગ્રહદેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, ગાયત્રી પૂજા, જાપ, હવન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બગીચાના કામકાજ, પરગામ પ્રયાણ મધ્યમ, પાટઅભિષેક પૂજા, ધજા–કળશ પતાકા ચઢાવવી, માલ લેવો, નોકરી, દુકાન, વેપારના કામકાજ, રત્નધારણ, વૃક્ષ વાવવા, ધાન્ય ભરવું.
પુરુષોત્તમ માસ મહિમાઃ સંપૂર્ણ પુરુષોત્તમ માસની એક એક તિથિ દરેક પવિત્ર તહેવાર સમાન ગણાય છે. એટલે આ માસમાં યાત્રા, પ્રદક્ષિણા, અનુષ્ઠાન, જપ–તપ, પૂજા–અર્ચના જે કાંઈ કરો તે પુષ્કળ પુણ્યની પ્રાપ્તિ કરાવે છે. સાધનાનો અર્થ માત્ર માળા ફેરવવી નથી, પરંતુ સમાજના ગરીબ અને જરૂરિયાત મંદ લોકોને મદદ કરવી એ જ સાચી પુરુષોત્તમ પૂજા છે.
આચમનઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર–રાહુ યુતિ મતલબી, ચંદ્ર–બુધ ત્રિકોણ સ્ફૂર્તિમાન.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર–રાહુ યુતિ, ચંદ્ર–બુધ ત્રિકોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. શુક્ર–પુનર્વસુ યુતિ થાય છે.
ગ્રહગોચરઃ સૂર્ય–વૃષભ, મંગળ–મેષ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–મિથુન, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૭-૬-૨૦૨૬ થી તા. ૧૩-૬-૨૦૨૬

રવિવાર, અધિક જયેષ્ઠ વદ–૭, વિ. સં. ૨૦૮૨, તા. ૭મી જૂન, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર ઘનિષ્ઠા સવારે ક. ૦૭–૫૫ પછી શતભિષા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. ભાનુ સપ્તમી, પંચક,. શુભ દિવસ.

સોમવાર, અધિક જયેષ્ઠ વદ–૮, તા. ૮મી. નક્ષત્ર શતભિષા સવારે ક. ૦૯–૦૯ સુધી પછી પૂર્વાભાદ્રપદા. ચંદ્ર કુંભ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, પંચક, સૂર્ય મૃગશીર્ષમાં બપોરે ક. ૧૩–૩૪, પુરુષ સૂર્ય ચંદ્ર વાહન, દેડકો, પંચક શુક્ર કર્કમાં પ્રવેશ ક. ૧૭–૪૨. ભદ્રા બપોરે ક. ૧૫–૦૬ સુધી. સામાન્ય દિવસ.

મંગળવાર, અધિક જયેષ્ઠ વદ–૯, તા. ૯મી, નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૦૯–૩૯ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા. ચંદ્ર કુંભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૩૬ સુધી, પછી મીન રાશિ પર જન્માક્ષર. પંચક. શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, અધિક જયેષ્ઠ વદ–૧૦, તા. ૧૦મી, નક્ષત્ર ઉત્તરા ભાદ્રપદા સવારે ક. ૦૯–૨૧ સુધી, પછી રેવતી. ચંદ્ર મીન રાશિ પર જન્માક્ષર. પંચક, ભદ્રા ક. ૧૩–૫૧ થી ૨૪–૫૭. શુભ દિવસ.

ગુરુવાર, અધિક જયેષ્ઠ વદ–૧૧, તા. ૧૧મી, ૨૦૨૬, નક્ષત્ર રેવતી સવારે ક. ૦૮–૧૫ સુધી, પછી અશ્વિની. ચંદ્ર મીનમાં સવારે ક. ૦૮–૧૫ સુધી, પછી મેષ રાશિ પર જન્માક્ષર. કમળા એકાદશી (સાકર), પારસી ૧૧મો બેહમન માસારંભ, પંચક સમાપ્તિ સવારે ક. ૦૮–૧૫. શુભ દિવસ.

શુક્રવાર, અધિક જયેષ્ઠ વદ–૧૨, તા. ૧૨મી, નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૬–૨૮ સુધી, પછી ભરણી મધ્યરાત્રિ પછી ક. ૨૮–૦૫ સુધી (તા. ૧૩), પછી કૃત્તિકા. ચંદ્ર મેષ રાશિ પર જન્માક્ષર. પ્રદોષ. સામાન્ય દિવસ.

શનિવાર, અધિક જયેષ્ઠ વદ–૧૩, તા. ૧૩મી, નક્ષત્ર કૃત્તિકા મધ્યરાત્રિ પછી ક. ૨૫–૧૬ સુધી, પછી રોહિણી. ચંદ્ર મેષમાં સવારે ક. ૦૯–૨૪ સુધી, પછી વૃષભ રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, ભદ્રા સાંજે ક. ૧૬–૦૭ થી મધ્યરાત્રિ પછી ક. ૨૬–૧૫. સામાન્ય દિવસ.

# પેટ્રોલ-ડીઝલ, એલપીજીના ભાવમાં વધારો થઈ શકે છે

## ઓઈલ કંપનીઓને ઈંધણ પર સાડાચારથી સાડાપાંચ અને ગેસના સિલિન્ડરદીઠ ૬૮૦ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે

નવી દિલ્હીઃ મે મહિનાના બીજા ભાગમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં આશરે આઠ ટકાનો વધારો થયા પછી, હજુ પણ વધુ વધારો જોવા મળી શકે છે. માહિતી અનુસાર, ઇંધણ (ફ્યુઅલ)ના ભાવમાં હજુ પ્રતિ લિટર પાંચ રૂપિયાનો વધારો થઈ શકે છે. આવું એટલા માટે છે કારણ કે સરકારી ઓઇલ માર્કેટિંગ કંપનીઓને ક્રૂડ ઓઇલ (કાચા તેલ)ની ઊંચી કિંમતો અને પશ્ચિમ એશિયાના સંકટને કારણે ઇંધણથી થતા નુકસાનને લીધે દરરોજ લગભગ ૬૧૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે.

૧૫ મેથી પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવોમાં કુલ મળીને આશરે ૭.૫ રૂપિયા પ્રતિ લિટરનો વધારો થયો હોવા છતાં, ઓઇલ માર્કેટિંગ કંપનીઓને હજુ પણ પેટ્રોલ પર લગભગ ૫.૫ રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ પર ૪.૫ રૂપિયા પ્રતિ લિટરનું નુકસાન થઈ રહ્યું છે. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હજુ આશરે પાંચ રૂપિયા પ્રતિ લિટરનો વધારો થવાથી કંપનીઓને ઓટો ફ્યુઅલના વેચાણ પર 'બ્રેક-ઇવન'ની નજીક પહોંચવામાં મદદ મળી શકે છે.

એલપીજી પર પ્રતિ સિલિન્ડર આશરે ૬૮૦ રૂપિયા જેટલું નુકસાન થઈ રહ્યું છે, જ્યારે એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (વિમાનના ઇંધણ) પર દરરોજ આશરે ૯૩ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. જો ક્રૂડ ઓઇલ (કાચા તેલ)ની કિંમતો ઊંચી રહેશે અને ઓઇલ માર્કેટિંગ કંપનીઓ પોતાનું નુકસાન ઘટાડવા પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર પાંચ રૂપિયા સુધીનો વધારો કરવો પડશે.

# વૈશ્વિક ઊથલપાથલના સમયમાં વૃદ્ધિને વધુ વેગ આપવા માટે વડા પ્રધાને ઇએસી સાથે ચર્ચા કરી

નવી દિલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે આર્થિક સલાહકાર પરિષદ (ઇએસી)ના સભ્યો સાથે વૈશ્વિક ઊથલપાથલ વચ્ચે ભારતના આર્થિક વિકાસને વધુ વેગ આપવા માટે વિવિધ પગલાંઓ પર ચર્ચા કરી હતી.

વડા પ્રધાનને આર્થિક સલાહકાર પરિષદના સભ્યોએ પશ્ચિમ એશિયા સંઘર્ષની ભારત અને વિશ્વ પર પડેલી અસરનું પોતાનું મૂલ્યાંકન પણ જણાવ્યું હતું.

વડા પ્રધાને આર્થિક સલાહકાર પરિષદની બેઠકનું નેતૃત્વ કર્યું. ભારતના આર્થિક પરિવર્તન અને લાંબા ગાળાના વિકાસ પ્રાથમિકતાઓને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી.

પીએમ મોદીએ 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે સુધારણા યાત્રામાં વધુ ગતિ ઉમેરવા અને જીવનની સરળતા તેમ જ વ્યવસાય કરવાની સરળતા સુનિશ્ચિત કરવા પર પણ દૃષ્ટિકોણ શેર કર્યા હતા.

ઇએસી એક સ્વતંત્ર સંસ્થા છે જે ભારત સરકારને, ખાસ કરીને વડા પ્રધાનને, આર્થિક અને સંબંધિત મુદ્દાઓ પર સલાહ આપે છે.

ઇએસીના સભ્યો ઉપરાંત વડા પ્રધાનના બે મુખ્ય સચિવ - પી.કે. મિશ્રા અને શક્તિકાંત દાસએ - બેઠકમાં હાજરી આપી હતી.

# ઇઝરાયલના લેબેનોન પર હુમલા ચાલુ જ છેઃ નવનાં મોત

બૈરુતઃ લેબેનોનના સૈન્ય અને સરકારી મીડિયાએ જણાવ્યું હતું કે, બંને પક્ષ વચ્ચે નવા યુદ્ધવિરામ કરાર પર પહોંચ્યાના થોડા દિવસો પછી, શનિવારે દક્ષિણ લેબનોન પર ઇઝરાયલી હવાઈ હુમલામાં લેબેનીઝ સૈન્યના ત્રણ સભ્ય સહિત નવ લોકો માર્યા ગયા હતા.

નબાતિયાહ શહેરને મરજાઉન શહેર સાથે જોડતા રસ્તા પર એક વાહન પર થયેલા હવાઈ હુમલામાં એક બ્રિગેડિયર જનરલ, એક કેપ્ટન અને અન્ય એક સૈનિક માર્યા ગયા હતા, એમ સેનાએ તાત્કાલિક તેમના નામ જાહેર કર્યા વિના જણાવ્યું હતું.

સરકાર સંચાલિત રાષ્ટ્રીય સમાચાર એજન્સીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગામ સક્સાકિયાહ પર થયેલા બીજા હવાઈ હુમલામાં છ લોકો માર્યા ગયા હતા અને ચાર ઘાયલ થયા હતા.

# મંત્રણાનો ઇનકાર કરનાર રશિયાના સેન્ટ પીટર્સબર્ગ પર યુક્રેનનો હુમલો

સેન્ટ પીટર્સબર્ગઃ યુક્રેનના પ્રમુખ વૉલોદિમૅર ઝેલૅન્સ્કીના સામસામે બેસીને વાતચીત કરવાના પ્રસ્તાવને રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિને નકારી કાઢ્યાના એક દિવસ બાદ યુક્રેને રશિયા પર શનિવારે ફરી મોટો હુમલો કર્યો હતો.

સેન્ટ પિટર્સબર્ગના મેયર ઍલેકઝાન્ડર બૅગ્લોવે રહેવાસીઓને ઘરમાંથી બહાર ન નીકળવાની સલાહ અને ઈન્ટરનેટ સેવા ગમે ત્યારે ખોરવાઈ જઈ શકે એમ હોવાની ચેતવણી આપી હતી.

લૅનિનગાર્ડના આસપાસના વિસ્તારમાં ૧૪૧ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હોવાનું પ્રાદેશિક ગવર્નર ઍલેકઝાન્ડર ડ્રૉઝડૅન્કોએ કહ્યું હતું. યુક્રેનના કુલ ૩૭૬ ડ્રોન તોડી પાડ્યા હોવાનો રશિયાના સંરક્ષણ ખાતાએ દાવો કર્યો હતો. સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં ઝૅલૅન્સ્કીએ લખ્યું હતું કે ગઈકાલે રાત્રે અમારા ડ્રોન ૧,૦૦૦ કિ.મીનું અંતર કાપીને સેન્ટ પીટર્સબર્ગસ્થિત નૌકાદળના શસ્ત્રાગાર અને ક્રૉન્સ્ટૅટસ્થિત મથક પર ત્રાટક્યા હતા. જોકે આ હુમલામાં કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ હોવાનાં અહેવાલ નથી. (એજન્સી)

# ડબલ એન્જિન સરકારને લીધે રામમંદિરનું નિર્માણ થયુંઃ યોગી

લખનઊઃ અયોધ્યા અને રામ જન્મભૂમિ મંદિર પર ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે એક મહત્ત્વની ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું હતું કે પહેલા તો શ્રીરામના નામના ઉલ્લેખ કરવા પર પણ પ્રતિબંધિત હતો. જો કોઈ તેમનું નામ લે તો ગોળી ચલાવવામાં આવતી હતી. એક સમય હતો કે જ્યારે રામભક્તો અયોધ્યામાં પ્રવેશી શકતા ન હતા. હવે રામભક્ત સિવાય અયોધ્યામાં પ્રવેશી ન શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આજે એક નવા મોડલ સાથે અયોધ્યા ચમકી રહી છે, જેનાથી દરેક વ્યક્તિ ગૌરવ અનુભવે છે અને પૂર્વજો પણ આશીર્વાદ આપતા હશે. આ ઉપરાંત રામમંદિરનું નિર્માણ ડબલ એન્જિન સરકારને લીધે જ શક્ય બન્યું છે. સીએમ યોગીએ કડક શબ્દોમાં ચેતવણી આપતા કહ્યું કે હવે પર્વ અને તહેવારોમાં કોઈ વિઘ્ન નાખી શકશે નહીં. જો કોઈ ઉત્સવના રંગમાં ભંગ પાડવાનો પ્રયાસ કરશે, તો તેનું વર્તમાન જ નહીં પરંતુ ભવિષ્ય પણ બરબાદ થઈ જશે. ડબલ એન્જિન સરકારની તાકાતનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે જે ૫૦૦ વર્ષોમાં નહોતું થયું, તે અયોધ્યામાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામના ભવ્ય મંદિર નિર્માણ સાથે શક્ય બન્યું છે. તેમણે ઉમેર્યું હતું કે અસુરક્ષાના વાતાવરણમાં રોકાણ અને વિકાસ થઈ શકતા નથી, જ્યારે વિકાસના છેલ્લા ક્રમે હોઈએ ત્યારે સન્માન મળતું નથી, પરંતુ હવે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ચૂકી છે.

## પહેલા પાનાનું ચાલુ

### ભારતીય ક્રિકેટમાં વૈભવ-યુગ

એશિયન ગેમ્સ માટેની ટીમમાં સમાવવામાં આવ્યો છે. વૈભવ ભારતની ટી-૨૦ સ્ક્વૉડમાં સ્થાન મેળવનાર સૌથી યુવાન ખેલાડી બન્યો છે. તેણે ૧૯૮૯માં ૧૬ વર્ષની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર સચિન તેન્ડુલકરનો ૩૭ વર્ષ જૂનો રેકૉર્ડ તોડી નાખ્યો છે.

ગઈ કાલે અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં પસંદગીકારોની સમિતિએ ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ તેમ જ એ જ વર્ષના ટી-૨૦ વર્લ્ડ કપને નજર સમક્ષ રાખીને ટીમો નક્કી કરી હતી.

બૅટ્સમૅન તિલક વર્માને અક્ષર પટેલના સ્થાને ટી-૨૦ ટીમનો નવો વાઇસ-કૅપ્ટન નિયુક્ત કરવામાં આવ્યો છે. નીતીશ કુમાર રેડ્ડી, રવિ બિશ્નોઈ અને નવા પેસ બોલર પ્રિન્સ યાદવને આ પ્રવાસો માટેની ટીમમાં સમાવવામાં આવ્યા છે, જ્યારે ટી-૨૦ વર્લ્ડ કપ જીતનારી ટીમના ખેલાડીઓ રિન્કુ સિંહ અને કુલદીપ યાદવને નથી સમાવવામાં આવ્યા.

હાર્દિક પંડ્યા તેમ જ જસપ્રીત બુમરાહને આરામ આપવામાં આવ્યો છે.

શ્રેયસને છેલ્લા અઢી વર્ષથી ભારતની ટી-૨૦ ટીમમાં (ટીમ કૉમ્બિનેશનના કારણસર) સ્થાન નહોતું મળ્યું. તેના સ્થાને મિડલ-ઑર્ડરમાં સૂર્યકુમાર અને તિલક વર્માને રમાડવામાં આવતા હતા. શ્રેયસ છેલ્લે ડિસેમ્બર, ૨૦૨૩માં ભારત વતી ટી-૨૦માં રમ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં તેને ન્યૂ ઝીલૅન્ડ સામેની ટી-૨૦ સિરીઝની ટીમમાં સમાવવામાં આવ્યો હતો, પણ જે ખેલાડીઓને માર્ચના વર્લ્ડ કપમાં રમાડવાના હતા તેમ જ રમવાનો મોકો અપાયો હોવાથી શ્રેયસને કિવીઓ સામે નહોતું રમવા મળ્યું.

જોકે શ્રેયસે આઇપીએલમાં કોલકાતાને ટાઇટલ અપાવવા ઉપરાંત પંજાબને રનર-અપ બનાવ્યું એ બદલ તેની કૅપ્ટન્સી તથા બૅટિંગથી પ્રભાવિત થઈને તેને ભારતની ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી સોંપવામાં આવી છે.

### ઈરાન યુદ્ધ માટે

અને પ્રતિહુમલા ત્યારે થયા હતા જ્યારે ટ્રમ્પ વહીવટીતંત્ર લડાઈનો અંત લાવવા કરાર કરવા ઇરાન પર દબાણ લાવી રહ્યું છે.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે શુક્રવારે સોશ્યલ મીડિયા પર કહ્યું હતું કે ઇરાને કુવૈત અને બાહરીન તરફ સાત બેલિસ્ટિક મિસાઈલ છોડી હતી અને અમેરિકાના દળોએ છને આંતરી હતી અને સાતમી મિસાઈલ તેનું લક્ષ્ય ચુકી ગઈ હતી. અમેરિકાએ કહ્યું હતું કે અમારા જવાનોને ઈજા થઈ હોવાના કોઈ અહેવાલ નથી. અમેરિકાના આ નિવેદન બાદ બાહરીને ઉક્ત નિવેદન બહાર પાડ્યું હતું.

અમેરિકાએ ઇરાને હોર્મુઝ સામુદ્રધુની તરફ છોડેલા ચાર ડ્રોનને તોડી નાખ્યા ત્યાર બાદ ઇરાને બેલિસ્ટિક મિસાઈલ છોડી હતી.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે સોશ્યલ મીડિયા પર કહ્યું હતું કે આક્રમક ડ્રોને દરિયાઈ પરિવહન માટે ખતરો ઊભો કર્યો હતો. (એજન્સી)

### આ તો ટ્રેલર માત્ર છે...

વિરોધ કરતા સૂત્રો પણ પોકાર્યાં હતા.

સીજેપીના સ્થાપક અભિજિતે કહ્યું હતું કે હું અમેરિકા ગયો એના કરતાં વધારે મારી માતા હું અત્યારે ભારત પાછો આવ્યો ત્યારે વધુ રડી છે. તેને ભય હતો કે હું ભારત પાછો ફરીશ તો મારી ધરપકડ કરાશે.

તેણે કહ્યું હતું કે આ મારી માતાનો એકલાનો ભય નથી. આ રાજકારણ પર બોલતા દરેક યુવાનનાં માતપિતાનો ભય છે. આપણે ક્યાં સુધી ભયમાં જીવીશું. તેમને કહી દો કે અમે ડરતા નથી.

ભારે સુરક્ષા હેઠળ કરાયેલા વિરોધ પ્રદર્શનમાં અભિજિતે ભાગ લીધો હતો. તેની સાથે ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુક, સીપીઆઈ(એમએલ) લિબરેશનના મહામંત્રી દિપાનકર ભટ્ટાચાર્ય, સીપીઆઈનાં એન્ની રાજા અને ડાબેરી યુવા પાંખના કાર્યકર્તાઓ જોડાયા હતા.

અભિજિતે સંબોધનમાં કહ્યું હતું કે મારા મિત્રો આ લાંબી ચળવળ છે. એક મહિનાથી આપણે સોશ્યલ મીડિયા પર પ્રધાનનું રાજીનામું માગીએ છીએ, પરંતુ આ લોકો બેશરમ છે. તેઓ પગલાં ભરવાને બદલે ધ્યાન વિચલિત કરી રહ્યા છે. આ લોકો આપણા અકાઉન્ટ હેક કરી રહ્યા છે અને પોસ્ટને ડિલિટ કરી રહ્યા છે. તમે અમારી પોસ્ટ ડિલિટ કરી શકશો, પરંતુ તમે અવકાશમાંથી અમને ભૂંસી નહીં શકો.

તે ઈંદિરા ગાંધી ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર વહેલી સવારે આવ્યો હતો. તેનું વિમાન ઉતરાણ કરવાનું હતું તેના થોડા સમય પહેલાં તેણે કહ્યું હતું કે મને લાગે છે કે હું આઝાદીની છેલ્લી ક્ષણોમાં જીવી રહ્યો છું. આ ઉમદા હેતુ માટે હું મારી આઝાદીનું બલિદાન આપવા તૈયાર છું. ઘણાં લોકોએ જેલમાં જવાના ડરે સમાધાન કર્યું છે, પંરતુ વિદ્યાર્થીઓ અને યુવાનોએ પોતાને વેચ્યા નથી. (એજન્સી)

### એચ-વનબી માર્ગે ગ્રીન કાર્ડ

શ્રમિક માટે અમેરિકાના સ્ટેમ વર્કરને હાંસિયામાં ધકેલી દેવામાં આવે છે. છટણી અને વેતન દબાવીને અછત બતાડવામાં આવે છે. હવે સમય પાકી ગયો છે કે આ લોટરી આધારિત પાઈપલાઈનનો અંત આવે અને આના બદલામાં એવી સિસ્ટમ આવે કે જે સાચા વેતન ધોરણ સ્થાપે અને અમેરિકાના વાઈટ કોલર વર્કરને પ્રાથમિકતા આપે.

આ ખરડાને યુએસ ટેક વર્કર, ઈમિગ્રેશન અકાઉન્ટેબિલિટી પ્રોજેક્ટ અને ફેડરેશન ઑફ ઈમિગ્રેશન રીફોર્મે ટેકો આપ્યો છે. ટ્રમ્પે આ અગાઉ કાયદેસર વસાહતી કાર્યક્રમ પર તવાઈ લાવી છે. ટ્રમ્પે અંકુશો સખત બનાવ્યા છે અને એચ-વનબીના અરજદારોને ઊંચા વેતન અને નવી પિટિશસન માટે એક લાખ અમેરિકન ડૉલરની ફી રાખી છે.

ખરડો એચ-વનબી વિઝામાં કાયમી રહેવાસી બનવાનો માર્ગ બંધ કરવાની સાથે એચ-વનબી વિઝા જે રીતે કામ કરે છે એમાં પણ બદલાવ લાવવા માગે છે. (એજન્સી)

### ફક્ત યુવાનો જ નહીં

હતો, જેમાંથી ઘણા લોકોએ કહ્યું હતું કે શિક્ષણ પ્રણાલી પ્રત્યેની ચિંતાઓ તેમને અહીં લાવી હતી.

શનિવાર સવારથી ભેગા થવાનું શરૂ થયેલી ભીડ દિવસભર વધતી રહી હતી.

કેટલાક સહભાગીઓએ જણાવ્યું હતું કે પરીક્ષાઓ અંગે વારંવાર થતા વિવાદો, પરિણામો અંગે અનિશ્ચિતતા અને અધિકારીઓ તરફથી જવાબદારીના અભાવે સિસ્ટમમાં તેમનો વિશ્વાસ ડગમગ્યો છે.

### નવી દિલ્હીથી સિલિગૂડી

નથી. પરંતુ રેલવે પ્રધાનની આ જાહેરાત બાદ એવી આશા રાખવામાં આવી રહી છે કે ટૂંક સમયમાં જ આ પ્રોજેક્ટ શરૂ કરી દેવામાં આવશે. પશ્ચિમ બંગાળના ડંકુનીથી ગુજરાતના સુરત સુધી પ્રસ્તાવિત ઇસ્ટ-વેસ્ટ ડેડિકેટેડ કોરિડોરનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ૨,૦૫૨ કિલોમીટર લાંબા આ રૂટને ભારતના પૂર્વીય અને પશ્ચિમી ઔદ્યોગિક કેન્દ્રો વચ્ચે લોજિસ્ટિક્સ અને વેપારની ક્ષમતા વધારવા માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે.

### કટડા જતી સ્પેશ્યલ ટ્રેનનો

આંશિક રીતે અંદરની બાજુએ ધસી ગયો હતો અને બેઠક સહિતની અન્ય ફિટિંગ્સ રેલવે ટ્રેક પર પડી હતી.
ટ્રેન ચાલુ થતાં જ પ્રવાસીઓને અચાનક જોરદાર આંચકો લાગ્યો હતો અને ટ્રેન પાટા પરથી ખડી પડી હોવાનું લાગતા ગભરાયેલા અનેક પ્રવાસીઓ કૉચમાંથી બહાર નીકળી ગયા હતા.

જોકે આ ઘટનામાં કોઈને ઈજા થઈ હોવાનાં અહેવાલ નથી. ઘટનાની જાણ થતાં જ રેલવે અધિકારીઓ અને ઈમર્જન્સી રિસ્પોન્સ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

નુકસાન થયેલા કૉચમાંથી પ્રવાસીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા અને નુકસાન પામેલા કૉચને ટ્રેનથી અલગ કરી દઈ તેને સ્થાને નવો કૉચ જોડી દેવામાં આવ્યો હતો, એમ લુધિયાણા સ્ટેશન ડિરૅક્ટર આદિત્યએ કહ્યું હતું.

ઘટનાનું કારણ જાણવા તપાસનો આદેશ આપી દેવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

### યુએનમાં કાશ્મીરનું રટણ

કાયમી પ્રતિનિધિ આસિમ ઈફ્તિખાર અહમદે શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભામાં જમ્મુ-કાશ્મીર સંબંધિત સિક્યોરિટી કાઉન્સિલના વાર્ષિક અહેવાલ અંગે ટિપ્પણી કરતાં હરીશે આક્રમક રીતે તેનો વિરોધ કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રસંઘના વિવિધ મંચ પર જમ્મુ-કાશ્મીર સહિત ભારતના આંતરિક મુદ્દાઓ સતત ઉઠાવતું રહેતું પાકિસ્તાન હાલ સંયુક્ત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિમાં અસ્થાયી સભ્ય છે. (એજન્સી)

શુભારંભ પ્રયોગો
આજે 3.30 તેજપાલ અને રાતે ૯ અસ્પી | કાલે રાતે ૯ દિનાનાથ
બુ. ૯થી શરૂ. Ph. 9930652094 બુ. ૯થી શરૂ. Ph. 8169845046
લીલા આર્ટ્સ (ગૌતમ જોષી) સર્જન ચિત્રક શાહ-કિરણ માલવણકર પ્રસ્તુત
સંગીત-લેખક-દિગ્દર્શક વિનોદ સરવૈયા
નિર્માતા જીતેન્દ્ર જોશી-ક્રિષ્ના શાહ કવીર સરવૈયા-ડૉ. ઉદય મોદી
જાણવા જેવું, સમજવા જેવું, જીવવા જેવું આજનું નાટક
જીવતો રહેજે જાન્યુઆરી સુધી
★ કિંજલ ભટ્ટ, કૃપા મિશ્રા, જન્મેજય તૈલંગ, ધનવીર સોની તથા સૌનીલ દરૂ અને સંદિપ મહેતા
Online Bkg. bookmyshow SHOW CONTACT: 9819131990 - 9321144944
KAAJAL ADS

હંમેશા મોબાઈલમાં રચ્યા પચ્યા રહેતા પરિજનોએ અચૂક માણવા લાયક નાટક
ડબલ શો - ડબલ મજા
આજે બે શો બપોરે 3.30 અને સાંજે ૭.30 વર્લી નહેરૂ
બુ./ટેલી બુ. આખો દિવસ (40245408, 9892629810)
Online: bookmyshow
TEJRAJ તેજસ ગોહિલ પ્રસ્તુત
નિરવ શાહ મયુર સોલંકી ભાવિશા ગોહિલ નિર્મિત
ઋષિકેશ ઠક્કર લિખિત નિશિથ બ્રહ્મભટ્ટ દિગ્દર્શિત
રીયલ ફેમિલીની રીલ કોમેડી
Funtoos ફેમિલી
Show Cont: 9867675779
Deepak Somaiya

# કાંદાના ઉત્પાદક ખેડૂતોને મોટી રાહત

નાસિક: છેલ્લા ઘણા સમયથી યોગ્ય ભાવ ન મળવાને કારણે મહારાષ્ટ્રના ડુંગળી પકવતા ખેડૂતો પરેશાન હતા અને ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન થયા હતા. ખેડૂતોની લાંબા સમયની માગણી બાદ, હવે નાફેડ અને એનસીસીએફે બજાર સમિતિઓમાંથી જ કાંદા ખરીદવાનો નિર્ણય લીધો છે.

જિલ્લાની વિવિધ બજાર સમિતિઓમાં સોમવારથી ખરીદી પ્રક્રિયા શરૂ થશે. નાફેડ અને એનસીસીએફ દ્વારા કાંદાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂ. ૧,૫૮૦ નક્કી કરવામાં આવ્યો છે.

નાસિક જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી બેઠકમાં કાંદાના પ્રશ્નનો ઉકેલ લાવવા માટે જિલ્લા કલેક્ટરની ઉપસ્થિતિમાં ચર્ચા કરવામાં આવી હતી. આ નિર્ણયથી કાંદા પકવતા ખેડૂતોને મોટો ફાયદો થવાની આશા છે. અત્યાર સુધી નાફેડ અને એનસીસીએફ દ્વારા કાંદા ખરીદવામાં આવતા નહોતા અને માત્ર બગડેલો માલ ખરીદીને સરકારને પધરાવવાનું કૌભાંડ ચાલતું હતું. જો આમાં કોઈ કૌભાંડ થયું હશે, તો તેની ઊંડી તપાસ કરીને દોષિતો સામે કડક પગલાં લેવાશે, એનસીપી વિધાનસભ્ય દિલીપ બાંકરે જણાવ્યું હતું. ■

ધૌતી યોગ પાવડર અને ગોળીઓ
પેટ સાફ ન થવું, કબજિયાત, ગેસ, એસિડિટી વગેરે સમસ્યાઓમાં અસરકારક !
9422011723
www.dhoutiyog.in

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

## નીટની પરીક્ષા રદ થતાં વિદ્યાર્થિનીની આત્મહત્યા

# કેસ પેપર્સ સાથે સુસાઇડ નોટ કેમ ન જોડી?

નાગપુર: નાગપુરમાં નીટની પરીક્ષા રદ થતાં આત્મહત્યા કરનારી વિદ્યાર્થિનીએ લખેલી સૂસાઇડ નોટ કેસ પેપર્સ સાથે ન જોડવા બદલ પોલીસ અધિકારી સામે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી, એમ વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૨) નિત્યાનંદ ઝાએ જણાવ્યું હતું કે પોલીસ સ્ટેશન ડાયરીમાં સૂસાઇડ નોટની નોંધ છે, પણ તેને કેસ પેપર્સ સાથે જોડવામાં આવી નહોતી. અંબાઝરી પોલીસ સ્ટેશનના ઇન્વેસ્ટિગેશન ઓફિસર નિખિલ તભાને સામે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી છે અને આ અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું હતું કે કેસ સંબંધી કોઇ પણ દસ્તાવેજોમાં સૂસાઇડ નોટનો ઉલ્લેખ નથી. ડીસીપી નિત્યાનંદ ઝાને પણ આ નોંધ વિશે કહેવામાં આવ્યું નહોતું.

આ મામલો સામે આવ્યા બાદ વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ જવાબદારી નક્કી કરવા માટે તપાસ હાથ ધરી હતી અને રિપોર્ટ ડીસીપીને સુપરત કર્યો હતો.

નોંધનીય છે કે નીટની પરીક્ષા રદ થયા બાદ હતાશ થયેલી વિદ્યાર્થિની આકાંક્ષા ચતુર્વેદી (૧૮)એ ૨૦ મેના રોજ નાગપુરના ઘરમાં ગળાફાંસો ખાધો હતો. મધ્ય પ્રદેશની વતની આકાંક્ષાએ ૨ મેના રોજ નીટની પરીક્ષા આપી હતી. આત્મહત્યા પૂર્વે આકાંક્ષાએ લખેલી સૂસાઇડ નોટમાં જણાવ્યું હતું કે પેપર લીકના આરોપ વચ્ચે પરીક્ષા રદ કર્યા બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સીના આદેશ પર ફરીથી લેવાનારી પરીક્ષામાં પોતે સારા ગુણ મેળવશે તેની કોઇ 'ગેરન્ટી' નથી.

આકાંક્ષાએ સૂસાઇડ નોટમાં માતા-પિતાની માફી માગતાં જણાવ્યું હતું કે મમ્મી-પપ્પા, તમને મારા પર પૂરો વિશ્વાસ હતો કે તમારી પુત્રી એક દિવસ નક્કી ડૉક્ટર બનશે, પણ હવે ફરી એક વાર નીટની પરીક્ષા આપવાની મારામાં હિંમત નથી. (પીટીઆઇ) ■

# હવે વાળ કપાવવા-દાઢી કરાવવી પણ મોંઘી

મુંબઈ: દેશભરમાં ગેસ, પેટ્રોલ-ડીઝલ અને સોનાના ભાવ વધારા બાદ હવે મોંઘવારીનો વધુ એક ફટકો સામાન્ય જનતાને પડવા જઈ રહ્યો છે. મહારાષ્ટ્ર નાભિક મહામંડળ દ્વારા સલૂનની સેવાઓના ભાવમાં ૨૦ ટકાનો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે હવે સલૂનમાં જઈને હેર કટિંગ કે દાઢી કરાવવી મોંઘી બનશે, જેને લીધે સામાન્ય માણસના ખિસ્સા પર વધુ બોજ પડશે.

આ ભાવ વધારો શનિવારથી જ લાગુ થવાનો હોવાથી ગ્રાહકોએ રવિવારથી નવા દર મુજબ પૈસા ચૂકવવા પડશે. આના કારણે જો હેર કટિંગ માટે ૧૦૦ રૂપિયા દર હશે, તો તેના સ્થાને હવે ૧૨૦ રૂપિયા, જ્યારે દાઢી કરવા માટે ૮૦ રૂપિયાના બદલે ૧૦૦ રૂપિયા ચૂકવવા પડશે.

યુદ્ધને કારણે કોસ્મેટિક વસ્તુઓ, ઇંધણ, વીજળીના બિલ, દુકાનનું ભાડું અને સલૂન વ્યવસાય માટે જરૂરી કર્મચારીઓના પગારમાં વધારાને કારણે સલૂન સંચાલકો પર નાણાકીય ભારણ વધ્યું છે. નિગમે સ્પષ્ટતા કરી હતી કે આ દર વધારો નફો વધારવા માટે નથી પરંતુ સલૂન વ્યાવસાયિકો અને તેમના પરિવારોના નાણાકીય અસ્તિત્વને જાળવવા માટે જરૂરી છે. ■

LLDC નાટ્યસ્પર્ધા વર્ષ ૨૦૨૬નું AWARD WINNING નાટક !
આજે બપોરે 3.30 ભવન ચોપાટી, બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 9372052808
FREE VALET PARKING ONLINE: bookmyshow
નિર્માતા: જતન ભટ્ટ લેખક: ચેતન પવાર કથાબીજ અને દિગ્દર્શક: ડિંકેશ કનાધીયા
શ્રી વિઘ્નેશ્વર અને જતન ભટ્ટ પ્રસ્તુત
કાળાશ અને મેઘધનુષી સપના વચ્ચે કેડી કંડારતો
કાળીદાસ
Group Booking & Show Cont: 9820419608
Deepak Somaiya

SUPER HIT!
સંજય ઝા આલોક ગુપ્તા નિર્મિત કિરણ પાટીલ
હિમંત મેર અભિનીત
An Award Winning Play
• બેસ્ટ નાટક • બેસ્ટ ડાયરેક્ટર • બેસ્ટ એક્ટર • બેસ્ટ એક્ટ્રેસ • બેસ્ટ સપોર્ટિંગ એક્ટર • બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ • બેસ્ટ કોમેડિયન
આજે સાંજે ૭.30 તેજપાલ
બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 9930652094
Online: bookmyshow
Show Contact: 9136915753, 9172274752
મજ્જાતંત્ર
હાસ્ય અને પ્રેમના મંત્રથી ચાલતું શરીરનું યંત્ર
Deepak Somaiya

# થાણેમાં 'ફોર બીન થાણે ક્લીન' ઝુંબેશનો શુભારંભ

## નાગરિકોને ચાર અલગ-અલગ પ્રવાહમાં કચરાનું વર્ગીકરણ કરવાનું રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: વૈશ્વિક પર્યાવરણ દિન નિમિત્તે થાણે મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરમાં 'ફોર બીન થાણે ક્લીન' નામનું એક વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કચરાના સ્રોત સ્થળે જ તેનું વર્ગીકરણ કરીને વધુ અસરકારક રીતે કચરાનું વ્યવસ્થાપન, રિસાયક્લિંગ અને સાયન્ટિફિકલી નિકાલને પ્રોત્સાહન આપવાનો છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ આ અભિયાન ઘન કચરા વ્યવસ્થાપન નિયમો ૨૦૨૬ના અસરકારક અમલીકરણ માટે અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત થાણે શહેરના દરેક ઘર, હાઉસિંગ સોસાયટી અને એસ્ટાબ્લિશમેન્ટ માટે કચરાને ચાર અલગ-અલગ પ્રવાહમાં વર્ગીકરણ કરવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેમાં ભીનો કચરો, સૂકો કચરો, સેનિટરી કચરો અને સ્પેશિયલ કેર કચરોનો સમાવેશ થાય છે.

ભીના કચરામાં રસોડાના કાર્બનિક અને ખાદ્ય કચરોનો સમાવેશ થાય છે. સૂકા કચરામાં કાગળ, પ્લાસ્ટિક, ધાતુ અને રિસાઈકલ કરી શકાય તેવા કચરોનો સમાવેશ થાય છે. સેનિટરી કચરામાં ડાયપર, સેનિટરી નેપકિન જેવી વસ્તુઓનો સમાવેશ થાય છે, જ્યારે સ્પેશિયલ કેર કચરામાં જૂની બેટરી, એક્સપાયર થયેલી દવાઓ, સિરીંજ, બલ્બ અને ટ્યુબલાઇટ જેવી સંવેદનશીલ વસ્તુઓનો સમાવેશ થાય છે.

થાણે પાલિકા કમિશનર સૌરભ રાવે નાગરિકો અને હાઉસિંગ સોસાયટીઓને આ ઝુંબેશમાં સક્રિયપણે ભાગ લેવા અપીલ કરી હતી અને કહ્યું હતું કે પાલિકા કચરાના સંગ્રહ, પરિવહન, પ્રક્રિયા અને નિકાલ પ્રણાલીમાં વધુ કાર્યક્ષમતા લાવવાનો પ્રયાસ કરી રહી છે. કચરાના વર્ગીકરણ ફરજિયાત કરવા બાબતે તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આનો ઉદ્દેશ્ય દંડાત્મક કાર્યવાહી કરવાનો નથી, પરંતુ જનજાગૃતિ દ્વારા શહેરમાં સ્વચ્છતાની સંસ્કૃતિ કેળવીને 'ફોર બિન થાણે સ્વચ્છ' ઝુંબેશને સફળ બનાવવાનો છે. ■

## અમદાવાદ વિમાન અકસ્માત

# વિમાનમાંથી એર ઈન્ડિયા અને ડ્રીમલાઇનરને મોકલેલી માહિતી જાહેર કરવા માગણી

મુંબઈ: એર ઈન્ડિયાની 'એઆઈ-૧૭૧' ફ્લાઇટના ભીષણ અકસ્માતને શુક્રવાર, ૧૨ જૂનના દિવસે એક વર્ષ પૂર્ણ થશે. ફેડરેશન ઓફ ઈન્ડિયન પાયલટ્સ (એફઆઈપી) દ્વારા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો (એએઆઈબી)ને એક આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું છે. વિમાનમાંથી એર ઈન્ડિયા અને બોઇંગ કંપનીને મોકલવામાં આવેલી મહત્વપૂર્ણ ડેટા લિંક્સ સોંપે અને તેને ડીકોડ (સામાન્ય ભાષામાં રૂપાંતર) કરે.

૧૨ જૂન, ૨૦૨૫ના દિવસે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડીવાર પછી વિમાન તૂટી પડ્યું હતું. બોઇંગ ૭૮૭-૮ ડ્રીમલાઇનર અમદાવાદથી લંડન ગેટવિક એરપોર્ટ જઈ રહ્યું હતું. ટેક ઓફ થયાની ૪૦ સેકન્ડ પછી વિમાન અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજના હોસ્ટેલ પર તૂટી પડ્યું હતું. વિમાનમાં કુલ ૨૪૨ મુસાફર અને ક્રૂ મેમ્બર્સ હતા. જેમાંથી ૨૪૧ મુસાફરોનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. માત્ર એક જ મુસાફર ચમત્કારિક રીતે બચી ગયો હતો.

શુક્રવારે એએઆઈબી ડિરેક્ટર્સને લખેલા પત્રમાં એફઆઇપીના ચેરમેન કેપ્ટન સી. એસ. રંધાવાએ સરકારી સલામતી નિયામક સંસ્થાને વિનંતી કરી છે કે તેઓ તેમના પ્રારંભિક તારણોને બાજુ પર રાખી ગંભીર વિદ્યુત ખામીને કારણે સંભવિત ડ્યુઅલ-એન્જિન જ્વાળામુખીની ઘટનાની વધુ સંપૂર્ણ તપાસ કરે. ■

# કાનિફનાથ ઘાટ વિસ્તારમાં બસ પલટી, 30 પ્રવાસીઓનો આબાદ બચાવ

મુંબઇ: મહારાષ્ટ્રના બીડ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. ઘટનામાં એક બસ પલટી જતાં બસનો અકસ્માત થતા મુસાફરોને નાનીમોટી ઇજા થઇ હતી. એક ખાનગી બસ બીડ જિલ્લાથી ૮૫ કિલોમીટર જેટલા અંતરે આવેલી એક પહાડી ક્ષેત્રમાં સાંકડા રસ્તાના લીધે વળાંક લેવા જતા કાનિફનાથ ઘાટ પાસે ઊથલી પડી હતી. આ ઘટનામાં બસ ડ્રાઈવરે વળાંક લેવા જતા સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. એ જ ક્ષણે બસ ઉથલી પડી હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ ઘટનાના સમયે અકસ્માત થયો તે પહેલા અમુક મુસાફરો સૂઈ રહ્યા હતા, જેમાંથી અમુક મુસાફરોને કંઈક અઘટિત થવાની જાણ થતા તેઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર બસ વળાંક લેવા જતી પલટીને રોડની વિરુદ્ધ દિશામાં પડી હતી. ઘટના બાદ અંભોર પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી. ત્યાંના સ્થાનિકોની મદદથી અધિકારીઓ દ્વારા ઝડપથી બચાવકાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. અમુક મુસાફરોને નાની મોટી ઇજાઓ થઇ હતી જેના કારણે તેમને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ પોલીસ અધિકારીઓ દ્વારા અન્ય મુસાફરોને અન્ય ખાનગી બસની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. બાદમાં પલટાયેલી બસને ક્રેન દ્વારા રોડ પરથી હટાવવામાં આવી હતી. ■

'અધિક' માસના પાવન પર્વમાં પવિત્ર પુનમના દિવસે 925+વિકલાંગ ગૌમાતાઓની "પુજાબાપુ પાંજરાપોળ"માં 'અધિક'માં 'અધિક' ગૌદાન આપવાથી 'અધિક'માં 'અધિક' પુણ્ય મળશે
CSR & Income Tax 80G Benefit Available
Donate generously for Disable Cows
In the auspicious Pavitra Adhik Month
ગૌસેવા એ જ પ્રભુસેવા ગૌદાન એ જ શ્રેષ્ઠદાન
સ્થાપના ૧૯૬૫
છેલ્લાં ૬૫ વર્ષથી કાર્યરત પૂ. પુજાબાપુ દ્વારા સ્થાપિત પાંજરાપોળમાં લગભગ ૯૨૫ આંધળી, લંગડી, કેન્સરગ્રસ્ત, દૂધ ન આપતી વસુકી ગયેલી ગૌમાતાઓ તથા અનાથ વાંછરડાઓની સેવા થાય છે. માત્ર દાતાશ્રીઓના ગૌદાનથી ચાલતી આ સંસ્થાને સહાયની જરૂર છે.
શ્રી કલ્યાણકારી સર્વોદય જીવદયા સંઘ - રાજુલા
પુજાબાપુ પાંજરાપોળ થોરડી રોડ, રાજુલા (જિલ્લો અમરેલી) ગુજરાત
ઈ ઓફિસ: • એશિયન સેલ્સ કોર્પોરેશન, ૪ - રંગમહલ, ૨૧૨/૨૧૬, સેમ્યુએલ સ્ટ્રીટ, મસ્જિદ બંદર, મુંબઈ - ૪૦૦૦૦૩.
• દીપક કે વોરા, ડી-૬૨, વ્યોમેશ, ગોકુલ હોટલની સામે, મંડપેશ્વર રોડ, બોરીવલી (પ.), મુંબઈ - ૪૦૦૦૯૨.



ગોપાલ પારેખ 93240 47909 | અલ્પેશ મહેતા 98922 19804 | વિનેશ મહેતા 98211 10027 | દિપકભાઈ વોરા 98694 22935
ગૌદાન માટે સંપર્ક
ભાવેશ ગાંધી 98335 95599 | નયન મહેતા 95949 56424 | અનિલ મહેતા 76665 29036









SHRI KALYANKARI S J SANGH
ગૌદાન માટે સંપર્ક

| | |
|---|---|
| શ્રી કૌશિક ભીખાભાઈ, રાજુલા | 81600 03738 |
| શ્રી ભુપતભાઈ સોની, બોરીવલી | 98190 65347 |
| શ્રી મુકેશભાઈ મહેતા-પોલીસ મિત્ર | 93222 37843 |
| શ્રી નીતિન દુલાભાઈ સોની, બોરીવલી (વે.) | 82683 27767 |
| શ્રીમતી દીપીકા મહેતા (વિલે પાર્લે) | 72088 80002 |
| શ્રી કમલકુમાર મહેતા (મહાવીર નગર) | 81695 74570 |
| શ્રી નરેન્દ્રભાઈ ચિતલીયા-બોરીવલી | 98700 54013 |
| શ્રી વિલેશભાઈ સંઘવી-થાણા | 93240 24554 |
| શ્રી નગીનભાઈ દોશી, કાંદિવલી | 98694 78297 |
| શ્રી અરવિંદ સંઘવી, કાંદિવલી (વે.) | 79000 09810 |
| શ્રી કમલકુમાર મહેતા (મહાવીર નગર) | 81695 74570 |
| શ્રી રમેશભાઈ દોશી, માટુંગા | 98200 41283 |
| શ્રી કપિલ સંઘવી, મુળજી જેઠા | 93245 85502 |
| શ્રી પરાગભાઈ મહેતા, મુલુંડ | 92232 44160 |
| શ્રી કીર્તિભાઈ ગોરડિયા, નવી મુંબઈ | 98200 37499 |
| શ્રી જયંતિભાઈ પટેલ, વડોદરા | 94272 44601 |
| શ્રી ભુપતભાઈ મહેતાજી, રાજુલા | 99096 99134 |

આ નામથી ચેક RTGS મોકલવા : SHRI KALYANKARI SARVODAY JEEVDAYA SANGH - RAJULA
સ્ટેટ બેન્ક ઑફ ઈન્ડિયા (રાજુલા) : Saving A/C 56035012625 IFSC Code SBIN0060035
બેન્ક ઑફ બરોડા (રાજુલા) : Saving A/C 95560100009009 MICR 365012022 IFSC Code BARB 0 DBRAJ
સૌજન્ય Smt. Vijayalaxmi Tulsidas Mehta Foundation

### નસરાપુરમાં બળાત્કાર બાદ બાળકીની હત્યા

# ગુના સંબંધી મહત્ત્વની વસ્તુઓ મંદિરમાં છુપાવી હોવાની આરોપીએ કરી કબૂલાત

## પોલીસે ‘વર્ચ્યુઅલ વીડિયો કૉલ’ દ્વારા જપ્તીનું પંચનામું કર્યું

પુણેઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં બળાત્કાર બાદ ચાર વર્ષની બાળકીની હત્યાના કેસમાં નવું ટ્વિસ્ટ આવ્યું છે. પોલીસની કસ્ટડીમાં રહેલા આરોપી ભીમરાવ કાંબળેએ ગુના સંબંધી અત્યંત મહત્ત્વની વસ્તુઓ નસરાપુરના મંદિરમાં છુપાવી રાખી હોવાની કબૂલાત કરી હતી. જોકે જનઆક્રોશ, કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અને આરોપીના જીવને જોખમને ધ્યાનમાં રાખીને તેને મંદિરમાં લઇ ગઇ નહોતી, પરંતુ દેશના ન્યાયતંત્રના ઇતિહાસમાં પહેલી વાર ‘વર્ચ્યુઅલ વીડિયો કૉલ’ દ્વારા જપ્તીનું પંચનામું કરવામાં આવ્યું હતું.

આરોપી ભીમરાવ કાંબળેની ધરપકડ કરાયા બાદ તેને વડગાવ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો હતો. તેણે નસરાપુરના મંદિરમાં પુરાવા છુપાવ્યા હોવાની કબૂલાત કરી, પણ તેને ત્યાં લઇ જવાનું પોલીસ માટે અશક્ય હતું. આવા સમયે પોલીસ અધિકારીઓએ હાઇટેક યુક્તિ અજમાવી. પોલીસે બે પંચને ઉપરોક્ત મંદિરમાં મોકલ્યા. ત્યાં પહોંચ્યા બાદ તેમને વીડિયો કૉલ કરવામાં આવ્યો હતો. આરોપીએ પોલીસ સ્ટેશનમાંથી વીડિયો કૉલ પર દાખવેલી જગ્યા પરથી વસ્તુઓ જપ્ત કરાઇ હતી અને તેનું વર્ચ્યુઅલ પંચનામું કરવામાં આવ્યું.

વિશેષ જજ એસ. આર. સાંળુંખેની કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી રહી છે. અત્યાર સુધીમાં ૩૫ સાક્ષીદારોની જુબાની અને ઊલટતપાસ કરવામાં આવી છે. ફોરેન્સિક નિષ્ણાતો દ્વારા આપવામાં આવેલી જુબાની આરોપીનો ગુનો પુરવાર કરવામાં મહત્ત્વની સાબિત થઇ છે.

દરમિયાન મૃત બાળકીના નખમાં પોતાનો બચાવ કરતી વખતે આરોપીની ચામડી ફસાયેલી મળી આવી હતી. બાળકીના લોહીના ડાઘ આરોપીનાં કપડાં પર મળી આવ્યા હતા. આરોપી વિકૃતિ વિશે એક સાક્ષીદારે જુબાની આપી હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે આરોપીએ જનાવરો સાથે પણ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. ■

# શિક્ષિકા પાસેથી દાગીના-રોકડ પડાવ્યાં, ઇસ્લામ ધર્મ સ્વીકારવા માટે દબાણ કર્યું

## લગ્ન અને દુબઇમાં નોકરીની લાલચે આરોપીએ પીડિતા સાથે સંબંધ બાંધ્યા

મુંબઈઃ છત્રપતિ સંભાજીનગરમાં લગ્નની લાલચે શિક્ષિકા પાસેથી દાગીના અને રૂપિયા પડાવવા તથા ઇસ્લામ ધર્મ સ્વીકારવા માટે તેના પર દબાણ કરવા બદલ ૪૫ વર્ષના શખસ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીએ લગ્ન તેમ જ દુબઇમાં નોકરી અપાવવાને બહાને પીડિતા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા, એવો આરોપ કરવામાં આવ્યો હતો.

છત્રપતિ સંભાજીનગરમાં નક્ષત્રવાડી ખાતે આવેલા ખાનગી સ્કૂલની ૪૩ વર્ષની શિક્ષિકાની ઓળખ જૂન, ૨૦૨૪માં આરોપી હુસેન અબુ સોયદાન (૪૫) સાથે થઇ હતી, જ્યારે તે પણ આ જ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયો હતો. બંને વચ્ચે મિત્રતા થઇ હતી અને બંનેની ડિગ્રી પૂર્ણ થયા બાદ હુસેને તેને દુબઇમાં નોકરી મેળવી આપવાનું આશ્વાસન આપ્યું હતું.

લગ્ન અને દુબઇમાં નોકરીનું આશ્વાસન આપીને હુસેને શિક્ષિકા સાથે સંબંધ બાંધ્યા હતા. હુસેને તેને કહ્યું હતું કે વિદેશ જવા માટે તેણે ઇસ્લામ ધર્મ સ્વીકારવો પડશે.

જાન્યુઆરી, ૨૦૨૬માં હુસેને હોટેલની રૂમમાં શિક્ષિકા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા અને તેણે એપ્રિલ સુધીમાં વિવિધ બહાના હેઠળ તેની પાસેથી વારંવાર પૈસા પડાવ્યા હતા. તેણે ઓનલાઇન ટ્રાન્ઝેક્શન દ્વારા એક લાખ રૂપિયા સહિત કુલ ૩.૪૦ લાખ રૂપિયા શિક્ષિકા પાસેથી લીધા હતા, એ સિવાય ૧.૮ લાખ રૂપિયાના છ તોલા સોનાના દાગીના પણ પડાવ્યા હતા.

દરમિયાન બેંગલુરુમાં કામ કરનારો શિક્ષિકાનો પતિ પહેલી એપ્રિલે ઘરે પાછો ફર્યો હતો અને બાદમાં તેને જાણ થઇ હતી કે તેની પત્નીના અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ છે. આથી તેણે શિક્ષિકાને ઘર છોડી દેવા માટે કહ્યું હતું. હુસેને શિક્ષિકા સાથે હિન્દુ રીત-રિવાજ મુજબ લગ્ન કર્યાં હતાં અને ત્યાર બાદ તેને ઇસ્લામ ધર્મ સ્વીકારવા માટે કહેવા લાગ્યો હતો. પચીસમી એપ્રિલ બાદ તેણે શિક્ષિકાને ટાળવાનું શરૂ કર્યું હતું. (પીટીઆઇ) ■

## સંસ્થા સમાચાર



### લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ

લક્ષ્મીનારાયણ મંદિર માધવબાગ ચેરિટીઝ દ્વારા શનિવારે પુરષોત્તમ માસના એકવીસમા દિવસે ઠાકોરજીને નાવમાં વિહાર કરાવવો એ ભક્તિ અને મનોરથનો અતિ સુંદર ભાવની અનુભૂતિ કરાવ્યું. ઠાકોરજીને સુંદર રીતે સજાવેલી નાવમાં બિરાજમાન કરાવીને જળવિહાર કરાવવામાં આવ્યું. નૌકા વિહારના અલૌકિક દર્શન વૈષ્ણવોએ વાત્સલ્યભાવ અને ગોપીભાવથી કરી ધન્યતા અનુભવી. રવિવારે ચુંદડી મનોરથ છે. ■

# પાંચ મહિનાથી ગુમ આરોપીનું હાડપિંજર પાણીની ટાંકીમાંથી મળ્યું

## હત્યા બદલ પાંચ જણ ઝડપાયા

પાલઘરઃ પાલઘર જિલ્લાના નાલાસોપારામાં છેલ્લા પાંચ મહિનાથી ગુમ રીઢા આરોપીનું હાડપિંજર હાઉસિંગ કોમ્પ્લેક્સની પાણીની ટાંકીમાંથી મળી આવ્યા બાદ તેની હત્યા કરવા બદલ પાંચ જણની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

મૃતકની ઓળખ રવિ બિડલાન તરીકે થઇ હતી, જે પંદરમી જાન્યુઆરી, ૨૦૨૬થી ગુમ થયો હતો. તેની સામે અનેક ગંભીર ગુના નોંધાયેલા હતા, એમ મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ કમિશનરેટ હેઠળના આચોલે પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું.

મૃતક રવિ બિડલાનના ભાઇ પંકજે રવિ વિશે નવી માહિતી સાથે શુક્રવારે પોલીસનો સંપર્ક સાધ્યા બાદ ગુનો પ્રકાશમાં આવ્યો હતો. પંકજે આક્ષેપ કર્યો હતો કે ટોળાએ રવિની હત્યા કરી હતી અને એ સમયે તેનો મૃતદેહ પાણીની ટાંકીમાં ફેંકી દેવાયો હતો. પોલીસ ટીમ ત્યાર બાદ ઘટનાસ્થળે દોડી આવી હતી અને ટાંકીમાંથી હાડપિંજર બહાર કાઢ્યું હતું. મૃતકના અવશેષો સાથે મળેલાં કપડાંને આધારે પરિવારજનોએ તેને ઓળખી કાઢ્યો હતો.

તપાસ અનુસાર ગુમ થયાના થોડા દિવસ અગાઉ રવિ બિડલાને રોહન જગદાળે ઉર્ફે ટાઇગર નામના શખસ પર હુમલો કર્યો હતો. આનો બદલો લેવા માટે આરોપીએ માથામાં મોટો પથ્થર ઝીંકી રવિની હત્યા કરી હતી અને પુરાવા નષ્ટ કરવા મૃતદેહ પાણીની ટાંકીમાં ફેંકી દીધો હતો.

ટાંકીમાંથી બહાર કઢાયેલા હાડપિંજરને બાદમાં ફોરેન્સિક એનાલિસિસ માટે મોકલી અપાયું હતું અને તેના રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

મૃતકના ભાઇએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે આરોપી રોહન જગદાળે (૨૨) સહિત કરણ શંકર શેટ્ટીયાર (૨૨), ઉત્કર્ષ આનંદ અવસરમલ (૨૦), શક્તિ સુનીલ સિંહ (૨૮) અને સુમિત આઝાદ સરસાર ઉર્ફે બાપુર્ણા (૨૫) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. તમામ આરોપીઓ હિસ્ટ્રિ-શીટર હોવાનું પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# મોબાઇલ ચોર્યાની શંકા પરથી યુવકની હત્યાઃ બે જણની ધરપકડ, ૧૩ને તાબામાં લેવાયા

થાણેઃ થાણેમાં મોબાઇલ ચોર્યાની શંકા પરથી ૨૩ વર્ષના યુવકની બેરહેમીથી પીટાઇ કરીને મોતને ઘાટ ઉતારવા બદલ બે મુખ્ય આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા હતા, જ્યારે ૧૩ શકમંદોને તાબામાં લેવાયા હતા.

થાણેમાં પોખરણ રોડ નંબર-૨ ખાતે ગાંધીનગરમાં રહેતા દીપક જયસ્વારની શુક્રવારે વહેલી સવારે ઉપવન તળાવ નજીક બેરહેમીથી પીટાઇ કરવામાં આવી હતી. ટોળાએ કરેલી પીટાઇમાં ગંભીર ઇજા ઇજા પામેલા દીપકનું બાદમાં મૃત્યુ થયું હતું, જેને પગલે વર્તકનગર પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુનો દાખલ કરાયો હતો. સિનિયર ઇન્સ્પેક્ટર સલીલ ભોસલેએ જણાવ્યું હતું કે ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-પાંચ (વાગલે એસ્ટેટ) આ કેસની સમાંતર તપાસ કરી રહી હતી. ■

## હિન્દુ મરણ

પ્રવીણચંદ્ર હરજીવનદાસ જોબનપુત્રા ગામ જામનગર હાલ મુંબઇ ચર્નીરોડ તા. ૪-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે હરજીવનદાસ જોબનપુત્રાના પુત્ર. લીલાધર મોનાનીના જમાઇ. સ્વ. હંસાબેન જોબનપુત્રાના પતિ. સ્વ. હરીભાઇ, નગીનભાઇ, ચીમનભાઇ અને મંછાબેનના ભાઇ. તે વર્ષા નિર્મળ સોમાની, હિના નિલેશ દેસાઇ, સ્વ. દિનેશ પ્રવીણચંદ્ર જોબનપુત્રા, ડિમ્પલ કલ્પેશ શેઠ, છાયા પિયુષ મોરજરિયાના પિતા. સરિતા દિનેશ જોબનપુત્રાના સસરા. મિલીના દાદા. કુનાલ, કરન, તન્વી અંક્તિ શાહ, નિલ, ધ્રુવ, પરીન, હર્ષ અને હિતના નાની. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

માંડવી હાલ મુંબઇ જિતેન્દ્ર વેદ (ઉં. વ. ૭૮) બિંદુ (ઇંદુ)બેનના પતિ. સ્વ. નરોતમભાઇ, અને સ્વ. નંદકુંવરબેનના પુત્ર નરેન્દ્રભાઇ, સ્વ. ગીતાબેન અરુણ મર્ચન્ટ અને અશ્વિનભાઇના ભાઇ. બીજલબેન સંજય કાનાણી, દર્શનભાઇ અને હિરલબેન ચેતન મર્ચન્ટના પિતા. જાનકીબેન, સંજયભાઇ અને ચેતનભાઇના સસરા. સ્વ. માધવદાસ અને સ્વ. મધુરી ભાટીયાના જમાઇ. બુધવાર, તા. ૩ જૂન ૨૦૨૬ના અવસાન થયેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મોથાળા હાલ મુલન્ડ ગં. સ્વ. રમાબેન (ઉં. વ. ૮૯) અમૃતલાલ કાશીરામ રાયમંગ્યાના ધર્મપત્ની તા. ૫-૬-૨૬ના રામશરણ પામેલ છે. સ્વ. રૂક્ષ્મણીબેન કાશીરામ વાલજી રાયમંગ્યાના પુત્રવધૂ. શૈલેષભાઇ, ચંદ્રકાંત, જાગૃતિબેનનાં માતુશ્રી. પૂર્ણિમાબેન, ક્રિષ્ણા, રાજેન્દ્રભાઇ કતીરાના સાસુમા. સ્વ. ગોવિંદજીભાઇ, સ્વ. દયાલજીભાઇ, સ્વ. કાંતાબેન, સ્વ. શારદાબેન, સ્વ. મણીબેનના ભાભી. ગં. સ્વ. મોંઘીબેન મુલજી ગોપાલજી પોપટ ગામ લોડાઇવાળાની પુત્રી. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૬-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. કચ્છી લોહાણા મહાજનવાડી, આર.આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી લોહાણા**

પૂના નિવાસી ગીરીશભાઈ પોપટ (ઉં.વ.૭૫) તે સ્વ ઈશ્વરલાલ પ્રભુદાસ પોપટ તથા સ્વ. રામાબેન પોપટના પુત્ર. નીતાબેનના પતિ. રાખી, પૂજા તથા આનંદના પિતા. ફારાહા પોપટના સસરા. સ્વ. નરેન્દ્રભાઈ, સ્વ. ધીરજભાઈ, અનિલભાઈ, સુધીરભાઈ, સ્વ. મનહરબેન નટવરલાલ વસાણી તથા નલિનીબેન નલીનભાઇ કારિયા ના ભાઈ. સ્વ. ધીરજલાલ તથા સ્વ. પ્રભાબેન ખીરૈયાના જમાઈ. ૩/૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

મૂળ વતન શિહોર તથા હાલ વિલેપાર્લે (મુંબઈ) નિવાસી શ્રી પ્રવીણચંદ્ર ગોરધનદાસ મહેતા (શાહ) (ઉં.વ. ૯૨), સ્વ. પુષ્પાબેનના પતિ. ૫.૬.૨૬ના રોજ પરમધામ પામ્યા છે. તેઓ મિલન અને મુકેશના પિતાશ્રી. બીના અને મનીષાના સસરા. સમર્થ-નમ્રતા તથા પ્રિયેશના દાદા. બેબી સમાયરાના પ્રપિતામહ. સ્વ. વસંતરાય, સ્વ. અમીદાસભાઈ, સ્વ. નવનીતભાઈ તથા સ્વ. મુકુંદભાઈના નાનાભાઈ તથા સ્વ. ભગવાનદાસ ગોકળદાસ મહેતાના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામ સલાયા હાલ પનવેલ, ગં.સ્વ. સુશીલાબેન કરસનદાસ ગોકાણી (ઉં.વ.૮૪) ૫.૬.૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કરસનદાસ છગનલાલ ગોકાણીના ધર્મપત્ની. સ્વ. દામોદરભાઈ તન્નાના દીકરી. સ્વ. સુરેશભાઈના બેન. શાંતાબેન જેંતીલાલ બદીયાણીના ભાભી. રમીલાબેન કિશોરભાઈ બદીયાણી, શીલાબેન ગોકાણી, શોભા હિરેન શાહ, સ્વ. દિપાબેન ગોકાણી, ચેતના સંજય તન્ના, સોનલ અતુલ કાનાબાર, રૂપા ગોકાણી, સ્વ. મનોજ ગોકાણી, મયુર ગોકાણીના માતૃશ્રી. તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા ૭.૬.૨૬ રવિવારના સાંજે ૪:૩૦થી ૬:૦૦. શ્રી પનવેલ લોહાણા મહાજનવાડી, રવજી ભીમજી રંગપરિયા માર્ગ, મિર્ચી ગલી પનવેલ. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મુલુંડ નિવાસી ગં.સ્વ. સ્વ. શશિકાંત મિરાણી તથા શ્રીમતી ઇન્દિરાબેન મિરાણીના સુપુત્ર, શ્રીમતી દક્ષા વિજય મિરાણીના પતિ, ચિરાગ વિજય મિરાણીના પિતા, સ્વ. વિજય શશિકાંત મિરાણી તા. ૦૪-૦૬-૨૦૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**પરજીયા સોની**

જોડિયા નિવાસી હાલ બોરીવલી, સુરેશભાઈ આપાભાઇ ધાણક (ઉમર.૭૬) ૪/૦૬/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ, ચેતન, નિલેશ, જાગૃતિ

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

પરેશકુમાર જગડાના પિતા, સ્વ. અમુભાઈ, સ્વ. દિલીપભાઈ, રમેશભાઈ, સ્વ. મનહરભાઈ, જગદીશભાઈ, સ્વ નિર્મલાબેન તથા ઇન્દુબેનના ભાઈ, સ્વ. કેશુભાઈ દેવદાનભાઈ ધકાણ સરસય વાળા ના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવા નિવાસી હાલ કાંદિવલી વસંતરાય હરિલાલ સંઘવી ઉમર ૯૫ તે ૫/૬/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. સુશીલાબેનના પતિ, જયંત-મીતા, સુનિલ-છાયા, સ્વ. કિરણ ગિરીશ ગોરડીયા, દક્ષા નિખિલ કોઠારી, અલકા રાજેશ મહેતાના પિતા, સૌમિલ-સ્વાતિ, જીનલ-ધ્રુવન, પલક મિહિર, પંકિત પૂજા, રચિત માનસી, ધ્વનિ દર્શન, નિશિત કનિષ્કા, સાગર ખુશ્બુ નિહાર, ક્રિષ્માના દાદા-નાના, સાસરાપક્ષે ભાવનગરવાળા સ્વ. નાનાલાલ કેશવલાલ કોઠારીના જમાઈ. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૭/૬/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે જાસ્મીન હોલ, રઘુલીલા મોલ, પોયસર બસ ડેપો પાછળ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા હાલ અમદાવાદ ભરતભાઈ રાચ્છ ઉમર ૬૬ તે સ્વ. દમયંતીબેન કરસનદાસ રાચ્છના પુત્ર, મહેશ, ચિત્રા અશોક ગણાત્રાના ભાઈ, મિતાલીના પિતા, નિલેશ સિંહ ખુશવાહ ના સસરા. અમિતભાઇ મોટલાના બનેવી. તે ૪/૬/૨૬ ના રોજ શ્રીજીશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૭/૬/૨૬ ના રોજ ૪ થી ૫.૩૦ કલાકે વર્ધમાન સ્થા જૈન, પારેખ લેન કોર્નર, એસ વી રોડ કાંદિવલી વેસ્ટ લૌકિક વ્યવહાર બંધ છે.

**વૈષ્ણવ વણિક**

બીલીમોરા નિવાસી હાલ કાંદિવલી સ્વ. રમેશચંદ્ર ઝીણાભાઈ કાપડિયાના ધર્મપત્ની, ગં. સ્વ રસીલાબેન કાપડિયા (ઉં.વ.૮૭) તે ૪/૬/૨૬ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે હેમલ તથા સ્નેહલના માતુશ્રી. અમિષા તથા રાખીના સાસુ. સલોની તથા સુહાનીના દાદી. પિયરપક્ષે પોરબંદરવાળા સ્વ. જયાકુંવરબેન નગીનદાસ શાહ ના દીકરી. તેમની સર્વપક્ષની પ્રાર્થનાસભા ૮/૬/૨૬ના રોજ ૫ થી ૬.૩૦ કલાકે હાલાઇ લોહાણા બાળાશ્રમ મથુરાદાસ એક્ષ્ટેનશન રોડ, કાંદિવલી વેસ્ટ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

પ્રતિભા ક્રીશનકુમાર ગાંધી તે હરકીશનદાસ નાગજીભાઇ કાપડીયાની દીકરી અને કૃષ્ણકુમાર દ્વારકાદાસ ગાંધીના પત્ની તથા કોમલના માતુશ્રી અને કેયા દાદી. રાજેશભાઇના ભાભી. કૃષ્ણકાન્ત તથા સૌનકના બહેન. તથા મીના વોરા, વીણા મંગલદાસ, પન્ના મુની, ભારતી મહેતાના બહેન તથા કૈતવ અધવર્યુના સાસુ. તા. ૨-૬-૨૬ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. વૈશાલી બિલ્ડિંગ, ૧લે માળે, સુંદરવન કોમ્પ્લેક્સ, એસ. વી. રોડ, વિલેપાર્લે (પશ્ચિમ).

**ઔદીચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

ટીંટોઇ નિવાસી હાલ દહીંસર સુમિત્રાબેન જયંતીલાલ ઠાકર (ઉં. વ. ૮૨) શુક્રવાર તા. ૫-૬-૨૬ના કૈલાસવાસી થયા છે. સ્વ. મોતીબેન પ્રાણશંકર ગોરના સુપુત્રી. તે હેમુભાઇ તથા પારુલબેન વિજયકુમાર વ્યાસના માતુશ્રી. રેખાબેન તથા વિજયકુમાર પ્રહલાદજી વ્યાસના સાસુ. તે ધરાબેન સુમિતકુમાર, શિવમ, ખુશબુબેન હાર્દિકકુમાર, કોમલબેન વિજયકુમાર, પૂજાબહેન અંકિતકુમારના દાદી. તે સ્વ. પદમાબેન, સ્વ. હંસાબેન, રેખાબેન, સ્વ. અંજુબેનના જેઠાણી. ભારતીબેન કિરીટભાઇ, ભરતભાઇ, હસમુખભાઇ પ્રાણશંકર, પ્રફુલાબેન પરિમલના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૬-૨૬ના દિને સાંજે ૫થી ૭. ઠે. બાપસ સ્વામી નારાયણ સંસ્કાર કેન્દ્ર, તનવી ડાયમોડ, બી-૩૦૨, ડાયમોડ ઇન્ડિ. એસ્ટેટ, એસ. વી. રોડ, દહીંસર (ઇસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

કરદેજવાળા સ્વ. કાંતાબેન રમણીકલાલ ભાઇલાલ મોદીના સુપુત્ર હરેશ (ઉં. વ. ૬૭) શુક્રવારે તા. ૫-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષાબહેનના પતિ. કિરણભાઇ, નીલેશ તથા પ્રવિણાબેન ભુપેન્દ્રકુમાર સંઘવીના ભાઇ. અ. સૌ. મિલોની મિહિર સંઘવીના પિતા. તે સ્વ. પ્રભાબેન મહેન્દ્રભાઇ જાંગલાના જમાઇ. સ્વ. પ્રકાશ જાંગલાના બનેવી. સોનગઢવાળા વિઠ્ઠલદાસ હરીલાલ મહેતાના ભાણેજ. પ્રાર્થનાસભા તા. ૮-૬-૨૬ સોમવારના સાંજે ૫થી ૭. ઠે. પાટીદાર સમાજ હોલ, ૧લે માળે, એ. આર. રંગનેકર રોડ, ધરમ પેલેસની બાજુમાં, શાંતિ સદનની સામે, ગામદેવી, મુંબઇ-૭. લૌકિક પ્રથા બંધ છે.

## જૈન મરણ

**ઝાલાવાડી દેરાવાસી જૈન**

રાણપુર નિવાસી હાલ અમેરિકા પંકજભાઇ ચંપકલાલ રતીલાલ શાહ (ઉં. વ. ૮૧) તા. ૪-૬-૨૬ના અરિહંતશરણ પામે છે. તે શાલીનીબેનના પતિ. સિદ્ધાર્થ અને સોનલના પિતા. સ્વ. અનિલભાઇ, હસમુખભાઇ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. જયસુખભાઇ, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. શારદાબેન, સ્વ. નલીનીબેન, હંસાબેન, સ્વ. પન્નાબેનના ભાઇ. સસુર પક્ષે સાંગલી નિવાસી સ્વ. જયંતીભાઇ મણીલાલ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઘુઘરાળા નિવાસી હાલ સાયન સ્વ. વાડીલાલ શામળજી મોતીચંદ સંઘવીના સુપુત્ર દિલીપભાઇ શુક્રવાર તા. ૫-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. જતીન, જીગર, સ્વ. અવંતીના પિતાશ્રી. જિનીશા અને ભાવિકાના સસરા. અનિલભાઇના ભાઇ. ગોંડલ નિવાસી જયંતીલાલ નરભેરામ કોઠારીના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૬-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. નોર્થ ઇન્ડિયન એસોસિએશન (પંજાબ એસોસીયેશન) ભાઉહાલ રોડ એકટેશન, કિંગ સર્કલની સ્ટેશનની પાછળ, સાયન, મુંબઇ-૨૨.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

લેરીયા નિવાસી હાલ ભાંડુપ સ્વ. બાવચંદભાઇ ભાઇચંદ શેઠના ધર્મપત્ની મધુબાળાબેન (ઉં. વ. ૮૨) તા. ૫-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રીતિ હર્ષદ મહેતા, કમલેશ અને મિલનના માતુશ્રી. નીપા કમલેશ શેઠ તથા હીના મિલન શેઠના સાસુ. આગમ, દર્શ, ઝલક તથા વૃષ્ટિના દાદી અને પૂજા, કોમલ પ્રતિકકુમાર, ટિવંકલ તથા કેનિલના નાની. ભાણવડ નિવાસી સ્વ. શાંતાબેન વૃજલાલ પાટલીયાના દીકરી. માતૃવંદના તા. ૭-૬-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. હારમની બેન્કવેટ હોલ, ટેંક રોડ, મીનીલેંડની સામે, ભાંડુપ (વેસ્ટ).

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘા-મદુરાઇના ભાનુમતી ઉમરશી વોરા (ઉં.વ.૭૮) તા. ૩૧-૫-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. ઓમિમા વચ્છરાજ લધા વોરાના પુત્રવધૂ. સ્વ. ઉમરશીના પત્ની. મહેશ, પુનડીના મૃદુલા હરેશ, દેશલપરના લતા અજીત, કપાયાના જીજ્ઞા અભયના માતા. વાંકીના સ્વ. સોનબાઈ માણેક વનવીર છેડાની સુપુત્રી. પ્રેમજી, મણિલાલ, હરિલાલ, પ્રવીણ, ભોરારાના ઉર્મિલા દામજી, ટોડા ના ચંચલ મણીલાલ, તલવાણાના લીલાવંતી મહેશના મોટા બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મહેશ વોરા, ૨૫૨ વેસ્ટ, માસી સ્ટ્રીટ મધુરાઈ. ૬૨૫૦૦૧.

કોડાય હાલે નાના ભાડીયાના પિયુષ લાપસીયા (ઉં.વ.૫૧) તા. ૪-૬-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. રતનબેન નવિનચંદ્રના સુપુત્ર. કોડાય માતુશ્રી લક્ષ્મીબેન ગાંગજી કેશવના પૌત્ર. રશ્મી, પ્રીતીના ભાઇ. ના. ભાડીયા નાનબાઇ દામજી મેઘજીના દોહીત્ર. પ્રા. શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ચક્ષુ, ત્વચા, હાડકાદાન કરેલ છે.

ચીયાસર હાલે હૈદ્રાબાદના વિલાસ તલકશી ગાલા (ઉં.વ.૬૩) ૪-૬-૨૬ના પાલીતાણા મધે દેહ પરિવર્તન કરેલ છે. ઉષાબેન તલકશીના પુત્ર. વીણાના પતિ. ઝુબીન, રિચાના પિતા. તરૂણ, જયશ્રી, ભાવનાના ભાઈ. પુષ્પાબેન નાનજીના જમાઈ. હૈદ્રાબાદમાં આજે પ્રાર્થના છે. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. વિલાસ ગાલા, ૧૭, જલારામ જ્યોત, નલ્લાકુંટા, હૈદ્રાબાદ, ૫૦૦૦૪૪.

**ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

મૂળગામ થોરડી ભાવનગર હાલ મીરારોડ યોગેશભાઈ જયંતીલાલ શાહના ધર્મપત્ની, અ.સૌ. આશાબેન શાહ (ઉં.વ.૬૪) તા. ૫/૬/૨૬ ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે જય, ધારા તથા કૃપાના માતુશ્રી, વિશાલ રમેશભાઈ ગજ્જર તથા ધવલ સુરેશભાઈ શાહના સાસુ, હંસાબેન હસમુખરાય ગાંધી, શીલાબેન ભુપેન્દ્રભાઈ વોરા તથા પ્રતિભાબેન હરેશભાઇ દોશીના ભાભી, પિયરપક્ષે મુળીવાળા હાલ બાબુલનાથ સ્વ. શાંતાબેન નગીનદાસ કામદારના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. જશવંતીબેન (જયશ્રીબેન) દોલતભાઇ શાહ (ઉં. વ. ૮૩) તા. ૫-૬-૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે હિતેશ તથા અમીષાના માતુશ્રી. તે હિના તથા દેવેન ધોળકીયાના સાસુ. તે દેવાંગી, દિવીત, ધ્રુવના દાદી. તે સ્વ. ચંદ્રકાન્તભાઇ, નરેન્દ્રભાઇ, નરેશભાઇના ભાભી. પિયર પક્ષે ચંદ્રકળાબેન, રંજનબેન, માયાબેન, સ્વ. નરેન્દ્રભાઇ, સ્વ. કિરિટભાઇ તથા રાજેશભાઇ મોહનલાલ પારેખના બેન. ઠે. દોલતભાઇ શાહ, સી-૩૦૩, ઉલ્હાસ બસ્તી ટાવર, દહાણુકર વાડી, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી દશાશ્રી સ્થા. જૈન**

બોટાદ નિવાસી, હાલ મુલુંડ, મનહરલાલ, તે સ્વ. ચંપાબેન ભીમજીભાઈ ખંધારના પુત્ર (ઉં.વ.૭૯) તા. ૦૫-૦૬-૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જ્યોતિબેનના પતિ, તે વિભા સંદીપકુમાર, હેમા ભાવેશકુમાર, જીગ્ના જીતેન્દ્રકુમારના પિતા, સ્વ. લીલાવંતીબેન લલ્લુભાઇ કોઠારીના જમાઈ, સ્વ. વિનયચંદ્ર, સ્વ. જયંતીભાઈ, અનિલભાઈ, સ્વ. ઇન્દુબેન ચીમનલાલ, સ્વ. પુષ્પાબેન મનહરલાલ, ગં.સ્વ. ગીતાબેન મહેન્દ્રકુમારના ભાઈ, શ્વેતા, રિદ્ધિ, ક્રિશા, નિશી અને છલકના નાના. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. ડી-૬૦૨, સોનીપાર્ક, ચીકુવાડી, બોરીવલી (વે).

છેલ્લા પાનાનું ચાલુ

## નિયમ ભંગ

કરાયેલા પરિપત્ર પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સીએએમઆઈટીએ ચેતવણી આપી છે કે જો આ પરિપત્ર તેના વર્તમાન સ્વરૂપમાં લાગુ કરવામાં આવશે તો રાજ્યના લાખો કાયદેસર અને પ્રામાણિક ડીઝલ ગ્રાહકોને બિનજરૂરી મૂંઝવણ અને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.

સીએએમઆઈટીના કહેવા અનુસાર આ નિર્ણય હોસ્પિટલો, નર્સિંગ હોમ્સ, ડાયગ્નોસ્ટિક સેન્ટર્સ, હાઉસિંગ સોસાયટીઓ, રહેણાંક સંકુલ, હોટેલ્સ, રેસ્ટોરાં, બેન્ક્વેટ હોલ, શૈક્ષણિક સંસ્થાઓ, છૂટક માલ વેચતી દુકાનો, વ્યાપારી સંસ્થાઓ, નાના અને મધ્યમ ઉદ્યોગો, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ, ટેલિકોમ ટાવર્સ, બેંકો, એટીએમ સર્વિસ, ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ, બાંધકામ ક્ષેત્ર, કૃષિ ક્ષેત્ર તેમજ ડીઝલ જનરેટર અને વિવિધ ડીઝલ સંચાલિત ઉપકરણો પર આધાર રાખતી અસંખ્ય કમર્શિયલ સંસ્થાઓને અસર કરી શકે છે.

અલબત્ત સીએએમઆઈટીએ કાળા બજાર અને અનધિકૃત ડીઝલ વેપાર સામે કડક કાર્યવાહી માટે પોતાનો સંપૂર્ણ ટેકો વ્યક્ત કર્યો છે. જોકે, તેણે આ મુદ્દા પર ધ્યાન દોર્યું છે કે આવા પગલાંથી પ્રામાણિક ગ્રાહકોને નુકસાન ન થવું જોઈએ. ■

## નૈર્ઋત્યનું ચોમાસું

આગમનની આતુરતાથી રાહ જોવાઈ રહી છે ત્યારે શનિવારે મહારાષ્ટ્રમાં વરસાદની એન્ટ્રી થઈ ગઈ છે. દક્ષિણ કોંકણમાં ચોમાસાના આગમન બાદ રાજ્યના બાકીના વિસ્તારમાં નૈર્ઋત્યનું ચોમાસું દાખલ થવા માટે અનુકુળ વાતાવરણ સર્જાર્યું છે. આ વર્ષે સરેરાશ ત્રણ દિવસ મોડે થી એટલે કે ચાર જૂનના કેરળમાં વરસાદ દાખલ થયો હતો. એ બાદ મોસમી વરસાદ ઉત્તર દિશામાં આગળ વધ્યો અને શુક્રવાર પાંચ જૂનના કર્ણાટક, તમિળનાડુ, નૈઋત્ય બંગાળના ઉપસાગરમાં આગળ વધ્યું છે. અરબી સમુદ્રમાં પણ આગળ વધ્યું. એ સાથે જ મોસમી પવનોએ શનિવારે સંપૂર્ણ ગોવા અને રાજયના તળકોંકણમાંહાજરી પૂરાવી હતી.

આ વર્ષે આકરી ગરમી તેમ જ વિદર્ભમાં અનેક વિસ્તારમાં ગરમીનું મોજું ફરી વળ્યું હતું ત્યારે વરસાદને કારણે થોડી રાહત થશે એવું માનવામાં આવતું હતું. દક્ષિણ કોંકણમાં વરસાદ હાજરી લગાવ્યા બાદ અનેક વખતે વરસાદ મુંબઈ સહિત ઉત્તર કોંકણમાં એક સાથે દાખલ થતો હોય છે. હાલ મોન્સૂનને આગળ વધવા માટે અનુકળ વાતાવરણ હોવાનું હવામાનનો અંદાજો છે. તેથી બહુ જલદી મુંબઈમાં પણ ચોમાસાનું આગમન થવાનો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે.

ગયા વર્ષે ૨૪ મેના કેરળમાં દાખલ થયા બાદ ૨૫ મેના તળ કોકણમાં અને તો મુંબઈમાં ૨૬ મેના જ ચોમાસાનું આગમન થયું હતું. તો આ વર્ષે કેરળમાં ચાર જૂનના દખલ થયેલો વરસાદ ૨૪ કલાકમાં ગોવામાં પહોંચી ગયો છે અને તળકોંકણમાં પણ વરસાદનું આગમન થઈ ગયું છે ત્યારે હવે મુંબઈ ક્યારે પહોંચે છે તેના પર નજર મંડાયેલી છે. ■

## સ્ટેટ ટ્રાન્સપોર્ટના

કરીને હાથ ધરવામાં આવી રહી છે, જેમાં મુસાફરોને પીકઅપ કરવા અથવા ડ્રોપ કરવાના હેતુથી બસ સ્ટેશનોની ૨૦૦ મીટરની અંદર ખાનગી વાહનો પાર્ક કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પરિપત્રમાં મહારાષ્ટ્રના તમામ ઝોન મેનેજરો અને ડિવિઝિનલ કંટ્રોલરને સંયુક્ત અમલીકરણ કામગીરી હાથ ધરવા અને નો-પાર્કિંગ ઝોનનો કડક અમલ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટના વાહનો સિવાયના ખાનગી વાહનોને મુસાફરોને ચઢવા અથવા ઉતારવા માટે બસ સ્ટેન્ડની ૨૦૦ મીટરની અંદરના વિસ્તારમાં તેમના વાહન પાર્ક કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. કોર્ટના નિર્ણયનો અસરકારક અમલ સુનિશ્ચિત કરવા અને ગેરકાયદેસર મુસાફરોના પરિવહનને રોકવા માટે કડક તકેદારી રાખવી જોઈએ એવું પણ પરિપત્રમાં જણાવાયું છે. આ ઝુંબેશમાં મુંબઈ, પુણે, નાશિક, છત્રપતિ સંભાજીનગર, અમરાવતી અને નાગપુર સહિત સ્ટેટ ટ્રાન્સપોર્ટના તમામ ડિવિઝન તેમજ રાજ્યભરની જિલ્લા કક્ષાની ઓફિસને આવરી લેવામાં આવી છે. અધિકારીઓને વિભાગીય ટ્રાફિક અધિકારીઓ, ડેપો મેનેજરો, ટ્રાફિક ઈન્સ્પેકટર, આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેકટર, ટ્રાફિક કંટ્રોલર સાથેની સંયુક્ત ટીમ બનાવવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે અને તેમને સંયુક્ત રીતે કામ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ■

## ગોરેગામનો મૃણાલતાઈ ગોરે

આ પૂલ વાલભટ અને ઓશિવરા બંને નદી પરથી પસાર થાય છે. આ બ્રિજ પૂર્ણરૂપે ખુલ્યા પછી વેસ્ટર્ન એક્સપ્રેસ (ગોરેગામ-પૂર્વ)થી રિલીફ રોડ તેમ જ અંધેરી (પશ્ચિમ) તરફ જતા લિંક રોડને સીધો જોડનારો રોડ ઉપલબ્ધ થશે. આ પ્રોજેક્ટને કારણે ૩૦ મિનિટનો પ્રવાસ ફક્ત પાંચથી ૧૦ મિનિટમાં પાર કરી શકાશે. તેમ જ એસવી રોડ અને આજુબાજુના પરિસરનો ટ્રાફિક પણ ઘટશે. ■

## બીકેસીમાં દર શુક્રવારે

ટ્રાન્સપોર્ટ દ્વારા પ્રવાસ કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. બીકેસીમાં લગભગ બે લાખ ઔપચારિક નોકરીઓ છે, જ્યારે અનૌપચારિક નોકરીઓની સંખ્યા સમાન અથવા વધુ છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ) સેન્સેક્સમાં ૭૫ ટકા કંપનીઓ અને નિફ્ટી ૫૦માથી ૫૦ ટકા કંપનીઓ બીકેસીમાં સ્થિત છે. તેથી બીકેસીને દેશના સૌથી મહત્વપૂર્ણ નાણાકીય કેન્દ્રોમાંનું એક માનવામાં આવે છે.

### બાવન ટકા હજી પણ પબ્લિક ટ્રાન્સપોર્ટથી દૂર

જાહેર પરિવહન સુવિધાઓની વધતી જતી ઉપલબ્ધતા હોવા છતાં એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બાવન ટકા મુસાફરો હજુ પણ વ્યક્તિગત વાહનો, ટેક્સી અને ઓટો-રિક્ષા પર આધાર રાખે છે, જ્યારે માત્ર ૨૫ ટકા મુસાફરો તેમના દૈનિક મુસાફરી માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરે છે. ૫૪ ટકાથી વધુ મુસાફરો દરરોજ બે કલાકથી વધુ સમય મુસાફરી કરવામાં વિતાવે છે, જ્યારે દર પાંચમાંથી એક મુસાફરો ત્રણ કલાકથી વધુ સમય મુસાફરીમાં વિતાવે છે. ■

## બેસ્ટ ડેપોની

પેટ્રોલિંગ વધારવા અને અતિક્રમણને રોકવા માટે, સુરક્ષા રક્ષકોની સંખ્યા વધારવામાં આવી રહી છે. લાયક ઉમેદવારોની સંખ્યા વધારવાની પહેલ હેઠળ ભરતી માટે મહત્તમ વય મર્યાદા ૪૦થી વધારી ૪૫ વર્ષ કરવાનો પ્રસ્તાવ પણ વિચારણા હેઠળ છે. ઘણા ડેપો ચોરી, અતિક્રમણ અને ગેરકાયદેસર કબજા જેવા સુરક્ષા પડકારોનો સામનો કરી રહ્યા હોવાથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. સુરક્ષા કર્મચારીઓની અછતને કારણે, ઘણા ડેપોના દરવાજા બંધ રાખવા પડે છે. આના કારણે કેટલાક વિસ્તારો અસુરક્ષિત બન્યા છે. થોડા મહિના પહેલા શિવાજી નગર ડેપોમાંથી લગભગ ૧૦ ઇલેક્ટ્રિક બસ ચાર્જિંગ ગન ચોરાઈ ગયા બાદ સુરક્ષા ચિંતા વધી જતા કેસ નોંધવામાં આવ્યો હતો. ૨૭ બેસ્ટ ડેપો માટે કુલ ૫૬૨ સુરક્ષા ગાર્ડની જરૂર છે. પ્રથમ તબક્કામાં ૧૮૧ સૈનિકોની નિમણૂક કરવામાં આવી રહી છે. ■

## ઉમેદવારોની સોદાબાજી

ભાજપમાં પાછા ફરવાની અટકળોનો જવાબ આપતા ફડણવીસે કહ્યું કે ‘આ અંગેનો નિર્ણય મહારાષ્ટ્ર ભાજપ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ લેશે બાળ માને મૂળ ભાજપના જ છે. આ બાબતે નિર્ણય મુખ્ય પ્રધાન નથી લેતા, પણ રાજ્ય ભાજપ પ્રમુખ દ્વારા લેવામાં આવે છે, તેઓ જે પણ નિર્ણય લેશે તેને મારું સમર્થન હશે.’ શિવસેના (યુબીટી)ના ઉમેદવારો બાળ માને અને દેવયાની પાટીલ - ડોણગાવકરએ રાયગડ-રત્નાગિરી-સિંધુદુર્ગ અને ઔરંગાબાદ-જાલના બેઠકો પરથી પોત પોતાના નામાંકન પાછા ખેંચી લેતા ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળનો પક્ષ કફોડી હાલતમાં મુકાયો છે. માને અને ડોણગાવકરની ગુરુવારે શિવસેના (યુબીટી)માંથી હકાલપટ્ટી કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ગંદા હૈ પર ધંધા હૈ...!



લલિત મોદી

**IPL ટૂર્નામેન્ટ હમણાં પૂરી થઈ, પણ આ મેગા ઈવેન્ટના જનેતા જેવા લલિત મોદી ફરી સમાચારમાં ગાજ્યા છે. IPL જેમના જમાનામાં ડ્રગ્સ-સેક્સ જેવી અય્યાશીનો અડ્ડો બની ગયું હતું એ લલિત મોદી કહે છે કે દાઉદ ઈબ્રાહીમને કારણે એણે ક્રિકેટ અને દેશ છોડવા પડ્યા. આ વાતમાં તથ્ય કેટલું .... શું કહે છે આ મિસ્ટર મોદીની કર્મ- કુંડળી...?**

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@
bombaysamachar.com



ભારત છોડીને યુકે ભાગી ગયેલા ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના ભૂતપૂર્વ ચેરમેન લલિત મોદીએ એક ન્યૂઝ એજન્સીને આપેલા ઈન્ટરવ્યૂમાં હાસ્યાસ્પદ દાવો કર્યો છે કે, દાઉદ ઈબ્રાહીમના કારણે પોતે ક્રિકેટના વહીવટથી દૂર થવું પડ્યું છે.... IPLમાં ફિક્સિંગ સામે પોતે બાંયો ચડાવી તેથી અકળાયેલા દાઉદે મારા પર ફાયરિંગ કરાવેલુ ને મારા દીકરાનું અપહરણ પણ કરાવેલું. દાઉદના એક ખાસ આદમી બાબાએ પોતાને સટ્ટાબજારમાં સામેલ કરવાની કોશિશ કરી હતી પણ પોતે ના માનતાં પરિવારને ટાર્ગેટ કરવા માંડ્યો હતો ડી-ગેંગે... દાઉદ પોતાના પરિવારને પતાવી દેશે એ ડરે પોતે સ્વૈચ્છિક રીતે ક્રિકેટના કારભારથી અળગા થઈ ગયા છે એવો દાવો કરીને લલિત મોદી ફરી એકવાર ગરમ ચર્ચામાં આવી ગયા છે.

ક્રિકેટ બજારના જાણભેદુઓ કહે છે કે લલિત મોદીના આવા દાવા માત્ર બકવાસ જ નહીં, હાસ્યાસ્પદ પણ છે. લલિત મોદી દાઉદના કારણે નહીં, પણ પોતાનાં અપલખ્ખણોના કારણે ક્રિકેટથી દૂર થયા છે. ૨૦૦૮માં ઈન્ડિયન પ્રીમિયર લીગ શરૂ થઈ ત્યારે મોદી તેના પહેલા ચેરમેન હતા, પણ લલિત મોદીને ક્રિકેટના ભલામાં રસ નહોતો. એને તો ક્રિકેટના નામે ચરી ખાવામાં રસ હતો તેથી IPLને ભ્રષ્ટાચાર અને અય્યાશીનો અડ્ડો બનાવી દીધો હતો. શરૂઆતનાં વરસોમાં IPLમાં આફ્ટર-મેચ પાર્ટીઓ થતી. આ પાર્ટીઓમાં શરાબ, શબાબની રેલમછેલ થતી અને ડ્રગ્સના ડાયરા થતા. આ પાર્ટીઓમાં આવતા ક્રિકેટરો, ક્રિકેટના કારભારીઓ, ધનિકો, ફિલ્મ સ્ટાર્સ ને બીજી સેલિબ્રિટીઝની હવસ સંતોષવા માટે મોડલો, ટીવી -ફિલ્મ એક્ટ્રેસ વગેરેને મોડી રાત્રે શરૂ થતી પાર્ટીઓમાં બોલાવાતી, એસ્કોર્ટ્સ ગર્લ્સ ને કોલગર્લની પણ અહીં હાજરી રહેતી.

મેચ ફિક્સરો ને સટોડિયાઓ પણ પાર્ટીઓમાં આવતા ને ક્રિકેટરો સાથે મળીને ફિક્સિંગના ખેલ માંડતા. લલિત મોદીના આશીર્વાદથી આ બધા જાકુબાની ધંધા ચાલતા. મનોરંજન જગતમાં પગ જમાવવા મથી રહેલી યુવતીઓને એક-એક રાતના લાખ-લાખ રૂપિયા અપાતા તેથી આ પાર્ટીઓમાં આવનારી છોકરીઓ પૈસા કમાતી ને મજા પણ કરતી. આ ધંધા સામે કેટલીક ચિયર લીડર્સને વાંધો હતો. તેમણે આ પાર્ટીઓની વિગતો જાહેર કરી તેમાં લલિત મોદીનો ભાંડો ફૂટી ગયો પછી આફ્ટર-મેચ પાર્ટીઓ બંધ કરી દેવી પડેલી.

IPLની પહેલી સિઝન સુપરહિટ નીવડી પછી રહી ગયેલી કોર્પોરેટ ગ્રૂપોની કંપની IPLમાં ટીમો લેવા માટે પડાપડી કરવા માંડેલા. ૨૦૦૯માં લોકસભાની ચૂંટણીના કારણે IPLની બીજી સિઝન દક્ષિણ આફ્રિકામાં રમાડવી પડી. તેના કારણે IPL વૈશ્વિક સ્તરે જાણીતી થઈ ગઈ. મોદીએ તેનો લાભ પોતાના ઈમેજ બિલ્ડિંગ માટે કરવા માંડ્યો. ચાપલૂસ મીડિયા લલિત મોદીની સરખામણી ફોર્મ્યુલા વન પ્રમોટર બર્ની એક્લેસ્ટોન અને બોક્સિંગ પ્રમોટર ડોન કિંગ સાથે કરવા માંડેલું. માઈક એથર્ટન સહિતના ક્રિકેટરો લલિત મોદીને 'વિશ્વનો મહાનતમ સ્પોર્ટ્સ એડમિનિસ્ટ્રેટર' ગણાવતા તેથી લલિત મોદી હવામાં ઉડવા માંડેલો. મોદીએ IPL પોતાના બાપની પેઢી હોય એ પ્રકારનું વર્તન કરવા માંડ્યું અને અમુક કંપનીના લાભાર્થે ટેન્ડરના નિયમો બનાવવામાં આવ્યા.

લલિત મોદીની આવી આપખુદીના કારણે ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક શ્રીનિવાસન ભડક્યા ને જંગ શરૂ થયો. હવામાં ઉડતા લલિત મોદીએ શ્રીનિવાસનને ગણકાર્યા નહીં એ સૌથી મોટી ભૂલ હતી ને તેનું પરિણામ મોદીના પતનમાં આવ્યું. દર-મિયાનમાં કોચી ટસ્કરની માલિકી શશિ થરૂરની હોવાનો વિવાદ પણ શરૂ થયો. શશિ થરૂરની '૫૦ કરોડની ગર્લફ્રેન્ડ; સુનંદા પુષ્કર'ના રોકાણને કારણે થરૂરે કેન્દ્રીય મંત્રીમંડળમાંથી રાજીનામું આપવું પડ્યું તેથી થરૂરે પણ લલિત મોદી સામે મોરચો માંડ્યો. થરૂર અને શ્રીનિવાસને હાથ મિલાવ્યા અને તેમના ઈશારે 'બીસીસીઆઈ' ને ફરિયાદો પહોંચવા માંડી. એ પછી ક્રિકેટ બોર્ડ-બીસીસીઆઈએ મોદી સામે ૨૨ આરોપ મૂકીને સસ્પેન્ડ કરી દીધેલા. મોદી સામે ગવર્નિંગ કાઉન્સિલને બાયપાસ કરીને મનમાન્યા નિર્ણયો લેવા, યોગ્ય પ્રક્રિયાઓનું પાલન ન કરવું, બિડમાં ગોટાળા કરવા, મિત્રોને કોન્ટ્રાક્ટ આપવા, પ્રસારણ સોદા માટે લાંચ સ્વીકારવી, પરિવારના સભ્યોને ફ્રેન્ચાઇઝી વેચવી, સટ્ટાબાજી અને મની લોન્ડરિંગ સહિતના ગંભીર આક્ષેપો થયા અને સસ્પેન્ડ થયા પછી મોદી લંડન ભાગી ગયો અને કેન્સરગ્રસ્ત પત્ની મીનલના પરિવાર સાથે રહેવા લાગ્યા.



દાઉદ ઈબ્રાહીમ

બાકી બોર્ડની તપાસમાં બહાર આવેલી વિગતો ચોંકાવનારી હતી. મોદીએ IPLમાંથી પરિવાર અને મિત્રોને અબજોનો ફાયદો કરાવેલો. એ બધી વિગતોનું અહીં પુનરાવર્તન કરવાનો અર્થ નથી, પણ સો વાતની એક વાત કે લલિત મોદી સામેની તપાસમાં બહાર આવેલી બધી જ વિગતોને સત્તાવાર રીતે ક્રિકેટ બોર્ડે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને તપાસ કરવા વિનંતી કરી પછી તો તપાસમાં પોતે ભેરવાઈ જશે એવું લલિત મોદીને લાગ્યું એટલે યુકે જ ઠરીઠામ થઈ ગયો ને કદી ભારત પાછો આવ્યો જ નહીં.

પત્નીના અવસાન પછી ભૂતપૂર્વ મિસ યુનિવર્સ સુષ્મિતા સેન સાથે એની કહેવાતી અફેર પણ થોડો સમય ગાજી હતી. લંડનમાં પુત્ર રુચિર અને પુત્રી આલિયા સાથે રહેતો લલિત મોદી આજે અય્યાશીની જિંદગી જીવે છે. વચ્ચે વચ્ચે મીડિયામાં તેની અય્યાશીના પુરાવા જેવી તસવીરો ને વીડિયો આવ્યા કરે છે. એણે તાજેતરમાં એવો પણ દાવો કર્યો છે કે 'હું તો અઠવાડિયામાં દસ-બાર કરોડ રૂપિયા વાપરી નાખું છું !' એની આવક વિશે પત્રકારોએ પૂછ્યું ત્યારે લલિત મોદીએ બડાઈ હાંકતા ટોનમાં એવો જવાબ આપ્યો કે 'લોકો સોનાની ચમચી સાથે જન્મે, પણ હું તો હીરા જડેલી ચમચી સાથે જન્મ્યો છું!'

બાકી પોતે જુવાનીમાં ડ્રગ્સના કેસમાં જેલભેગા થયેલો એવા લલિત મોદીનો અત્યાર સુધીનો આ ઈતિહાસમાં ક્યાંય દાઉદ ઈબ્રાહીમ કે બીજું કોઈ ગેંગસ્ટરનું નામ આવતું નથી. પોતાનાં પાપ છુપાવવા જ એ દાઉદ પર દોષનો ટોપલો ઢોળી રહ્યો છે એવું સ્પષ્ટ લાગી રહ્યું છે. ■

---

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી

feedback@
bombaysamachar.com

# પલ્પ ફિક્શનનો પાઠક યુગ: 300 હિન્દી પોકેટ બુક્સ પાછળનો ક્રાઈમ કિંગ

આજકાલ 'એમેઝોન મેક્સ પ્લેયર' પર 'વિમલ ખન્ના' નામની વેબ સિરીઝ ધૂમ મચાવી રહી છે. તેમાં સુરિન્દર સિંહ સોહલ નામનો એક સાધારણ એકાઉન્ટન્ટ ખોટી રીતે તેના ભાઈની હત્યામાં ફસાઈ જાય છે. તે જીવ બચાવવા માટે ભાગી જાય છે અને વિમલ ખન્ના બની જાય છે. તે અમૃતા દાસ નામની એક અમીર વારસદારના નિવાસસ્થાને તેના અપંગ પિતાના સેવક તરીકે નોકરી મેળવે છે.

વેબ સિરીઝના એક એપિસોડમાં એક દિલચસ્પ દૃશ્ય છે. વિમલ તે પથારીવશ બુઝુર્ગનું મનોરંજન કરવા માટે એક હિન્દી રહસ્યકથા વાંચી સંભળાવે છે. તે પુસ્તકનું નામ છે 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર.' આ પુસ્તકમાં એક લૂંટ કેસની વાત હતી. પોલીસની નજરમાં આ દીવા જેવો કેસ હતો અને અપરાધી વિરુદ્ધ જડબેસલાક પુરાવા હતા, પરંતુ રિપોર્ટર સુનીલની દખલઅંદાજી પછી પોલીસને કેસમાં બીજાં જ સગડ મળે છે.

વેબ સિરીઝમાં આ દૃશ્ય કેમ દિલચસ્પ છે? કારણ કે આ જે રહસ્યકથાની વાત થાય છે, તે 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર,' હિન્દી પોકેટ બુક્સની દુનિયાના બેતાજ બાદશાહ સુરેન્દ્ર મોહન પાઠકની પહેલી નવલકથા છે, જે ૧૯૬૩માં પ્રગટ થઇ હતી. અને આ દૃશ્ય જેમાં આવે છે તે 'વિમલ ખન્ના' પણ સુરેન્દ્ર મોહન પાઠકની સૌથી લોકપ્રિય 'વિમલ જાસૂસી સિરીઝ'નું વેબ વર્ઝન છે.

હિન્દી પોકેટ બુક્સની દુનિયામાં સુરેન્દ્ર મોહન પાઠકની લોકપ્રિયતા કેટલી બરકરાર છે તે આ એપિસોડ પરથી ખબર પડે છે. ૧૯૬૩થી શરૂ કરીને લેખક સુરેન્દ્ર મોહન પાઠકે અનેક જાસૂસોને જન્મ આપ્યા હતા. જેમ કે- સુનીલ, સુધીર, જીત સિંહ, પ્રમોદ, મુકેશ માથુર, વિવેક અગાશે વગેરે. એમાં સૌથી લાડકો બન્યો હતો વિમલ ખન્ના- જેને કેન્દ્રમાં રાખીને તેમણે કુલ ૪૮ વાર્તાઓ લખી છે. વેબ સિરીઝમાં તેનો આ પહેલો અવતાર છે.

૮૬ વર્ષના પાઠક અત્યારે ઉત્તર પ્રદેશના નોઇડામાં પરિવાર સાથે રહે છે, તેમની દંતકથા બની ગયેલી સુનીલ અને વિમલ સિરીઝમાં વાર્તા લખે છે. સુરેન્દ્ર મોહન પાઠક કેમ સૌથી સફળ હિન્દી પોકેટ બુક્સ લેખક ગણાય છે તેના થોડા આંકડા: તેમણે ૩૦૦થી વધુ નવલકથાઓ લખી છે. તેમનું એક પણ પુસ્તક ૪૦ હજારથી ઓછી નકલોમાં છપાતું નથી. તેમની વિમલ સિરીઝની ૪૨ પોકેટ બુક્સ લગભગ એક કરોડથી વધુ વેચાઈ છે. તેમની સુનીલ સિરીઝ હેઠળ ૧૨૨થી વધુ પુસ્તકો આવી ગયાં છે.

દર વર્ષે સુરેન્દ્ર મોહન ચારથી પાંચ પુસ્તકો લખે છે (હવે ગતિ ઓછી થઇ છે).

પોકેટ બુક્સ એટલે જે ખિસ્સામાં આવી જાય તે. લોકો બસ, ટ્રેન કે પ્લેનમાં લાંબો પ્રવાસ કરતા હોય ત્યારે ટાઈમ પાસ કરવા માટે 'સસ્તી' ચોપડીઓ વાંચતા. અંગ્રેજીમાં તેને એરપોર્ટ અથવા પલ્પ ફિક્શન પણ કહેવાય છે. દ્વિતીય મહાયુદ્ધમાં પલ્પ ફિક્શનને બહુ વાચકો મળેલા. તે વખતે કાગળ પર અંકુશ મુકાઇ ગયેલો એટલે પ્રકાશકોએ સસ્તા

કાગળ પર ચોપડીઓ છાપવાનું શરૂ કરેલું. બીજું, લેખકોને પણ યુદ્ધની યાતનામાંથી અનેકાનેક કહાનીઓ સૂઝવા લાગેલી. એ પછી લોકો વિમાનોમાં ઊડાઊડ કરતા થયા એટલે એરપોર્ટ પર આવી ટાઇમપાસ



સુરેન્દ્ર મોહન પાઠક

ચોપડીઓ પણ બહુ વેચાવા લાગી. ભારતમાં 'એ. એચ. વ્હીલર એન્ડ કંપની' એ રેલવે બુક સ્ટોલ પર આવી પોકેટ બુકને લોકપ્રિય બનાવી દીધી હતી.

૧૯૫૦માં અલ્હાબાદમાંથી અકરમ અલ્લાબાદી નામનો લેખક ઉર્દૂમાં 'જાસૂસી પંજા' નામની પત્રિકા બહાર પાડતો હતો. એના પરથી પ્રેરણા લઇને ડાયમંડ બુક્સે ૧૯૫૮માં એક રૂપિયાની પુસ્તક સિરીઝ શરૂ કરી હતી. તે પછી હિન્દી પોકેટ બુક્સે જથ્થાબંધ લૂગદી સાહિત્ય છાપવાનું શરૂ કર્યું. એમાંથી જ લોકોને રેલવે તથા બસ ડેપોના બુક સ્ટોલ્સ પર ગુલશન નંદા, વેદ પ્રકાશ શર્મા, રાનૂ, રાજવંશ, ઓમપ્રકાશ અને કર્નલ રણજિત જેવાં નામો વાંચવા મળ્યાં. એમાંનું જ એક નામ એટલે સુરેન્દ્ર મોહન પાઠક.

૧૯૪૭માં પરિવાર સાથે લાહોરથી હિજરત કરીને દિલ્હી આવેલો સુરેન્દ્ર મોહન નામનો છોકરો મજબૂરીમાં લેખક બની ગયેલો. ૧૯૬૪માં તે દિલ્હી જેવા ખર્ચાળ શહેરમાં ઇન્ડિયન ટેલિફોન કંપનીમાં ૨૦૦ રૂપિયાની નોકરી કરતો હતો. એ વખતે તેણે એક્સ્ટ્રા પૈસા માટે ઇઆન ફ્લેમિંગની જેમ્સ બોન્ડ અને જેમ્સ હેડલી ચેઝની કથાઓને હિંદીમાં અનુવાદિત કરવાનું કામ શરૂ કરેલું. એમાં ને એમાં પાઠકને ક્રાઇમ અને જાસૂસી પર એવો હાથ બેસી ગયો કે પોતાની 'જેમ્સ બોન્ડ સિરીઝ' ચાલુ કરી. આ અદ્દલ અશ્વિની ભટ્ટ જેવું.

એકવાર તેમણે કહ્યું હતું, 'હું દાયકાઓથી નિયમિત લખતો રહ્યો છું. ૩૪ વર્ષની નોકરીમાં મેં માત્ર ત્રણ જ વાર રજા લીધી હતી. એક વાર મારાં લગ્ન માટે, બીજી વાર માતાનું અવસાન થયું ત્યારે, અને ત્રીજી વાર પિતાજી ગયા ત્યારે. રવિવારે ઓફિસ બંધ હોય એટલે હું સવારે સાત વાગ્યાથી લઈને રાતના બાર સુધી લગાતાર લખતો. ના હું કોઈને મળતો કે ના હું ક્યાંય જતો.'

મશહૂર અંગ્રેજી ચોપડીઓનો હિન્દી અનુવાદ કરીને આખા ને આખા પ્લોટ કે પાત્રોની 'તફડંચી' કરવાનું શીખીને લોકપ્રિય થઇ ગયેલા સુરેન્દ્ર મોહન પાઠક એ હકીકતને ગર્વથી બયાન કરે છે કે એમની હિન્દી ચોપડીઓના હવે અંગ્રેજીમાં અનુવાદ થાય છે. સુરેન્દ્ર મોહન પાઠકની શોહરતનું અનુમાન એના પરથી પણ લગાવી શકાય છે કે ૨૦૧૦માં ટાઇમ પત્રિકાએ એમને 'પલ્પ ફિક્શન માસ્ટર' જાહેર કર્યા હતા.

પાઠકનું હિન્દી, ઉર્દૂ, પંજાબી અને અંગ્રેજી એટલું સરળ, સીધું અને શાનદાર છે કે ટેલિવિઝનના પત્રકારોને હિન્દી 'ઠીક' કરવા માટે સુરેન્દ્ર મોહનને વાચવાની સલાહ અપાય છે.

સુરેન્દ્ર મોહન પાઠકે તેમની પહેલી ટૂંકી વાર્તા ૧૯૫૯માં લખી હતી: ૫૭ સાલ પુરાના આદમી. ૧૯૬૩માં 'પુરાને ગુનાહ, નયે ગુનેહગાર' અને ૧૯૬૯માં પહેલી પૂરા કદની નવલકથા 'ઓપરેશન બુડાપેસ્ટ' આવી. એ પછી 'પીલા ગુલાબ,' 'સફેદ ખૂન' અને 'નીલી તસવીર' જેવાં અજીબો ગરીબ ટાઇટલો ધરાવતાં ટેક્નિકલર જેકેટ્સની ભરમાર લાગી ગઇ. ૩૦થી ૫૦ રૂપિયાની આ ચોપડીઓમાં પાઠક બ્રાન્ડની હત્યા, સેક્સ અને જાસૂસીની વાર્તા પૂરા ભારતમાં વેચાતી હતી અને તેના માટે પાઠકને ચાર લાખ રૂપિયા એડવાન્સમાં મળતા હતા.

દસેક વર્ષ પહેલાં તે પૂર્વ દિલ્હીના ક્રિષ્ણા નગરમાં રહેતા હતા. તે વખતે એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું : ' હું હાથમાં પેન ન પકડું ત્યાં સુધી કોઇ વાક્ય ન સૂઝે. કમ્પ્યુટર તો ઇન્કમટેક્સ રિટર્ન ફાઇલ કરવા છે, લખવા માટે નહીં.'

જન્મથી જ આંશિક બધિરાંધ સુરેન્દ્ર મોહન પાઠકે અભિમાનથી કહ્યું હતું કે 'મારા ગયા પછી ભારતમાં ક્રાઇમ ફિક્શન નહીં રહે... મારા કારણે આ ઇન્ડસ્ટ્રી ચાલે છે.!'

આપણે અહીં 'વિમલ ખન્ના' સિરીઝના એક દૃશ્યની વાત કરી એવો જ એક દિલચસ્પ કિસ્સો પાઠક સાથે પણ થયો હતો. એક વાર તે શેરિંગમાં મેરઠ જઈ રહ્યા હતા. તેમની સાથે ટેક્સીમાં એક માણસ તેમની જ એક પોકેટ બૂક વાંચી રહ્યો હતો. તે સંકોચવશ તેની સાથે વાત ન કરી શક્યા, અને પેલો બસ સ્ટેન્ડ આવ્યું એટલે ઉતરી ગયો.

'તમે એને કેમ ન પૂછ્યું કે વાર્તા કેવી છે'ના જવાબમાં પાઠકે હસીને કહ્યું હતું :

'તેણે વાર્તા બેકાર છે એવું કહ્યું હોત તો?!'■

# પશ્ચિમ બંગાળ ને આવતી કાલનું ભારત...

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com



ઘાયલ સાહેબ હયાત હોત તો એમને માથે આ હિંમત ઠપકારી જ હોત, એમની ગઝલનો પહેલો શેર બદલવાની...

*ન હિન્દુ નીકળ્યા ન મુસલમાન નીકળ્યા*
*કબરો ઉઘાડી જોયું તો ઈન્સાન નીકળ્યા*

ને બદલે આમ રાખવાનું કહેવાની ધૃષ્ટતા કરી જ હોત...

*ન હિન્દુ નીકળ્યા ન મુસલમાન નીકળ્યા*
*અવસાન પામ્યા એ બધા ઈન્સાન નીકળ્યા*

મારી અતિશય સીમિત અક્કલના ભરોસે એક સ્પષ્ટ વાત કરું. ભારતના સૌ પ્રથમ વીસ જ્ઞાની ભરોસાપાત્ર અને સાગરનું ઊંડાણ ધરાવતા ભારતરત્નોમાંથી એક છે મહેશ જેઠમલાની. બંગાળના પરિણામનો એમનો તાર્કિક નિષ્કર્ષ મુકતો ઊંડો અને તલસ્પર્શી લેખ વાંચવા મળ્યો. એમના નિરીક્ષણ પ્રમાણે બંગાળના પરિણામે ભારતીય રાજકારણનો ચહેરો કાયમને માટે બદલી નાખ્યો છે. હાર્યા બાદના દિવસથી આજ સુધી ઈન્ડિ ઠગબંધન Oh Sorry ગઠબંધનનો એક પણ સભ્ય મ મ તા (જે હવે સાવ મમતા થઈ ગઈ છે)નો ફોન ઉપાડવા તૈયાર નથી. ૪ મહિના પહેલા જે વિચારમાંય ન આવે એવી વાત. પણ આ તો હજી (ગોવર્ધનરામની ભાષામાં કહું તો) **જવનિકાનાં છેદન** અને આવનારા સમયના આત્મમંથન તરફનો સંકેત છે.

બંગાળના પરિણામ એ માત્ર ચૂંટણીના પરિણામ નથી. એ છે સૈદ્ધાંતિક ધરતીકંપ જેના આંચકા ઓછામાં ઓછા દસ વર્ષ સુધી અનુભવાતા રહેશે. ભાજપાનો બંગાળ-વિજય એ માત્ર મમતાને હરાવવા કે ટીએમસીનો ખાત્મો બોલાવવા પૂરતો નથી. ઘણો મોટો, કલ્પના બહારનો છે એનો વિસ્તાર... એટલે કે ભારતીય રાજકારણના વ્યાકરણમાં સભાન હિન્દુત્વની સ્થાપના. દાયકાઓ સુધી ભારતીયોને ઠસાવવામાં આવ્યું કે હિન્દુત્વનું કેન્દ્રીકરણ દેશ માટે હાનિકારક છે. અને માત્ર અને માત્ર રોટીયું (પેટિયું ઉપરથી) રળવાની ચિંતામાં મગ્ન અર્ધવસ્ત્રહીન, સદાનો આશાભર્યો (૭૫%) ભારતીય ભરમાતો જ રહ્યો. એણે એ પણ માની લીધું કે સનાતન ગર્વ જાતિવાદ પીડિત છે. મંદિરનું ધર્મકારણ વિકાસનું અવરોધક છે અને હિન્દુ હોવાનો અપરાધભાવ, પક્ષપાતભર્યો આક્રોશ, લઘુમતીના બંધારણીય અધિકાર તેમ જ કહેવાતી ધર્મનિરપેક્ષતાની વિવિધ તૃષ્ટીકરણની યોજનાઓ જ દેશ માટે ખાસ કરીને હિન્દુઓ માટે લાંબા ગાળે લાભદાયક છે.

*મુતાસીર લોગ યું હૈં રોટીયોંસે*
*ખયાલોં તક ગઈ ગોલાઈયાં હૈં*
**સૂર્યભાનુ ગુપ્ત**

(લોકો રોટલી જોઈ નથી કે એવા ગાંડા ઘેલા થઈ જાય છે કે રોટલીની ગોળાઈઓ વિચારોમાં પેસી ગઈ છે.)

બંગાળે આ આખી વ્યવસ્થાના ટાયરમાં કાણું પાડી દીધું. હિન્દુત્વ વિરોધી વિચારધારાનું એક વખતનું ખૂબ જ બોલકું રાજ્ય, જુઠ્ઠી ધર્મનિરપેક્ષતાના વાવટા ફરકાવવા સિવાય જ્યાંના સાવ પોકળ બુદ્ધિજીવીઓએ કંઈ કર્યું જ નથી, (રવીન્દ્રનાથનું નામ લજવ્યા સિવાય) એ રાજ્ય દ્વારા જણાવાઈ ગયું દુનિયાને કે બંગાળને પોતાની સાંસ્કૃતિક ઓળખ બદલ છે તો કેવળ ગર્વ અને અભિમાન છે. મનમાં વર્ષોથી રોપાયેલા છતાં હજી આજેય એટલાં જ તાજા લાગતા બી-કૂપળ-વૃક્ષ જેવા ગર્વ અને અભિમાન... મતદાતા હવે જરા ય એ ભ્રામક માન્યતામાં છે જ નહીં કે ધર્મનિરપેક્ષતા, જુઠ્ઠી-ગાઈ વગાડેલી બકવાસ ધર્મ નિરપેક્ષતાને 'રક્ષવા' હિંદુ સ્વમાનનું બલિદાન આપવું પડે. અને તમે જુઓ... તરત જ તમે જુઓ મારા વાચકસાહેબ! મારા મોંઘેરા મહેમાન! શું થયું તમિળનાડુમા... ડીએમકેના સનાતન વિરોધી આડંબરીઓના અત્યંત કર્કશ વાહનનો ભાંગીને ભુક્કો થઈ ગયો. ડીએમકે નેતાગીરી (નેતાગણ સારો શબ્દ થઈ જાય) ખુલ્લે આમ કબૂલી રહી છે કે ઈન્ડિયા બ્લોક પતી ગયો. (જેને અંતિમ સભામાં જવું હોય મને જણાવે. મારી પાસે છે સરનામું.... રાખવું તો પડે ને!) આ માત્ર એક ગઠબંધનનું અવસાન નથી. આ તો શરૂઆત છે ભાજપ વિરોધી, હિન્દુત્વ વિરોધી વિચારધારાઓના લોકોના દ્વારા એકસામટા હનનની. ઈન્ડિ ગઠબંધન એ વૈચારિક સંગઠન હતું જ નહીં. એ સંગઠન હતું માત્ર ભયનું, ડરનું, ઓથારનું....

***મોદીનો ભય***
***ભાજપાનો ભય***
***આરએસએસનો ભય***

હિંદુ મતદારનો ભય જેણે ચૂપ રહેવાનું બંધ કરી દીધું. ભારતનો ભય, એ ભારતનો ભય જે હવે એને ભોગવટાનું સાધન સમજનાર પરિવારના વંશજોનું સાંભળનાર નથી જ નથી. દ્રાવિડ સંસ્કૃતિના ખાઈ બદેલા સાચવનારાઓનું દંભી વર્તન જાણે છે, ડાબેરી બૌદ્ધિકોની લબાડ વિશ્વસનીયતા પર એની શંકા દૃઢ છે અને દીવાનખાનાના ધર્મનિરપેક્ષવાદીઓ હવે એને પૂરેપૂરા ગંધાય છે.

હજી આવતો રવિવાર આખો છે મહેશ અને આપણી વચ્ચે.

આજે આટલું જ... ■

# લાખો ગોવંશના મોક્ષાર્થે લોખંડ-પ્લાસ્ટિક વગરનો અનોખો વેદલક્ષણા ગો યાગ

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com



કચ્છની ધરતી માત્ર ભૌગોલિક વૈવિધ્યથી જ ભરેલી નથી, પરંતુ તેની તાસીરમાં સંસ્કાર, ધર્મ અને સામાજિક સમરસતા વણાયેલાં છે. જ્યારે-જ્યારે સમાજ કે પ્રકૃતિ પર કોઈ સંકટ આવ્યું છે ત્યારે આ સ્નેહાળ ધરાએ સમગ્ર વિશ્વને એક નવો રાહ ચીંધ્યો છે. કચ્છના કેરા-મુન્દ્રા રોડ પર આવેલ ગજોડ પાસેના નિરણ કેન્દ્ર ખાતે આવો જ એક અદ્ભુત, અભૂતપૂર્વ અને પ્રકૃતિને સમર્પિત પ્રકલ્પ સાકાર થયો, જેનું નામ છે શ્રી વેદલક્ષણા ગો યાગ.

આ કોઈ સામાન્ય ધાર્મિક આયોજન ન બની રહેતાં ગૌપ્રેમ જગાડનારું અને પ્રકૃતિને પોષનારું સાબિત થયું. સામાન્ય રીતે ભારતીય પરંપરામાં યજ્ઞો મનુષ્યની આકાંક્ષાઓ, સુખાકારી કે આધ્યાત્મિક ઉન્નતિ માટે થતા હોય છે, પરંતુ કચ્છના ઇતિહાસમાં સંભવતઃ આ પ્રથમ એવો યજ્ઞ હશે જે ગોવંશને કેન્દ્રમાં રાખીને યોજાયો, અહીં મનુષ્યને મોક્ષ અપાવવા નહીં પરંતુ લંપીમાં મૃત્યુ પામેલા લાખો ગૌવંશના મોક્ષાર્થે યાગ જાગ્યો.

વિતેલાં વર્ષોમાં 'લંપી' નામના ભયાનક રોગચાળાએ લાખો ગાયોનો ભોગ લીધો. એ અકાળે મૃત્યુ પામેલા અસંખ્ય ગોવંશના આત્મ-કલ્યાણ અર્થે આ યજ્ઞનું ભવ્ય આયોજન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ગો સેવા ગતિવિધિ-કચ્છના માર્ગદર્શન હેઠળ ગોરસિયા સેવા ફાઉન્ડેશન (બળદિયા) અને ગિરધરભાઈ પિંડોરિયા પરિવાર (માધાપર-ટાન્ઝાનિયા) દ્વારા કરવામાં આવ્યું.

આ યજ્ઞની સૌથી મોટી સુંદરતા એ છે કે તેમાં સામાજિક ભેદભાવોને ઓગાળી દેવામાં આવ્યા છે.

યજ્ઞશાળામાં બેસનારા યજમાનોમાં કચ્છના અંતરિયાળ વિસ્તારના એવા માલધારીઓ અને અનુસૂચિત વર્ગના પરિવારોને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે, જેઓ સામાન્ય રીતે આર્થિક કે સામાજિક કારણોસર આવા મોટા ધાર્મિક મહોત્સવોથી વંચિત રહી જતા હોય છે. એટલું જ નહીં, આ તમામ યજમાનો બ્રહ્મચર્ય અને ચા સહિતનાં તમામ વ્યસનોનો ત્યાગ કરીને સંપૂર્ણ નિયમબદ્ધ રીતે આ પવિત્ર કાર્યમાં સહભાગી બન્યા, જે સમાજમાં એક મોટો સકારાત્મક સંદેશ તરીકે વ્યાપ્ત થયો.

આજના આધુનિક યુગમાં જ્યાં લોખંડના એન્ગલો અને પ્લાસ્ટિકના મંડપો વિના કોઈ નાનો પ્રસંગ પણ શક્ય નથી જણાતો ત્યાં ૨૫ એકરના વિશાળ નિરણ કેન્દ્રમાં તૈયાર થઈ રહેલો આ યજ્ઞમંડપ શુદ્ધ પ્રકૃતિનો અહેસાસ કરાવે છે.

આ આખો મંડપ માત્ર વાંસ અને લાકડાના ઉપયોગથી ઊભો કરવામાં આવ્યો છે, જેમાં એક નાની ખીલી તરીકે પણ લોખંડનો ઉપયોગ નથી થયો!

પર્યાવરણ શુદ્ધિના આગ્રહ સાથે આ મહોત્સવને ૧૦૦% પ્લાસ્ટિક મુક્ત રાખવામાં આવ્યો છે. ડિજિટલ યુગનો સાચો ઉપયોગ કરીને, કાગળનો બગાડ રોકવા અને ઇંધણ તથા માનવકલાકો બચાવવા માટે કોઈ પણ પ્રકારની કંકોતરી છાપવામાં નથી આવી. માત્ર સોશ્યલ મીડિયા અને ડિજિટલ માધ્યમોથી જ લોકોને આમંત્રિત કરાયા, જે આજની પેઢી માટે પર્યાવરણ રક્ષાનો મોટો પાઠ છે.

ઉનાળાની કાળઝાળ ગરમીને કારણે લખપત, અબડાસા અને બન્ની વિસ્તારમાંથી સ્થળાંતર કરીને આવેલી અંદાજે ૪,૦૦૦ જેટલી ગાયોની હાજરી અને મહોત્સવમાં આવનારા તમામ દર્શનાર્થીઓ માટે જે મહાપ્રસાદ (રસોઈ)ની વ્યવસ્થા મુખ્ય રહી તેમાં વપરાતું દૂધ, દહીં, છાશ અને ઘી માત્ર દેશી ગાયનું જ હતું અને ભોજનમાં વપરાનાર અનાજ અને કઠોળ પણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી (Organic Farming) દ્વારા પકવેલું સૌએ માણ્યું.

નીલકંઠ ગોવિજ્ઞાન કેન્દ્રના સહયોગથી આ યજ્ઞમાં એક અત્યંત રોચક અને વૈજ્ઞાનિક પ્રયોગ થયો. ગાયના ગોબરથી લીંપેલી પવિત્ર યજ્ઞશાળામાં પ્રદક્ષિણા કરતાં પહેલાં અને પ્રદક્ષિણા કર્યા પછી માણસના શરીરની આસપાસની ઊર્જા એટલે કે 'ઓરા' (Aura)ને ત્રાંબાના વિશેષ સળિયા વડે માપવામાં આવી અને ગો યજ્ઞ અને ગાયોના સાન્નિધ્યમાં આવ્યા પછી મનુષ્યની સકારાત્મક ઊર્જામાં કેટલો ચમત્કારિક વધારો થયો, તેનું જાહેરમાં લાઈવ નિદર્શને અદ્ભુત પ્રભાવ ઊભો કર્યો.

શાસ્ત્રી જયદીપભાઈ વ્યાસના આચાર્યપદે ચતુર્વેદ પારાયણ અને ગો સુક્તના પાઠ સાથે યજ્ઞ સાથે સ્થાનિક ભજનિકો દ્વારા ભક્તિસભર 'આરાધન વાણી', વિશેષ 'ગો મહિમા દર્શન', મુલાકાતીઓ માટે આહુતિનો લાભ અને સાંજે મહા ગો-સભા, જેમાં આર.એસ.એસ. ગો સેવા ગતિવિધિના રાષ્ટ્રીય પ્રશિક્ષણ પ્રમુખ કે.ઈ.એન. રાઘવનજીનું માર્ગદર્શન જેવા પ્રભાવકો સાથેનું સફળ આયોજન કચ્છ માટે પર્યાવરણ અને સામાજિક કલ્યાણનું માધ્યમ બની રહ્યું. મૂંગાં પશુઓ પ્રત્યેની આ સંવેદના અને પ્રકૃતિ સાથે જીવવાનો આ સંદેશ માત્ર કચ્છ પૂરતો સીમિત ન રહેતા, સમગ્ર દેશ અને દુનિયા માટે અનુકરણીય બની રહેશે. આ ભગીરથ કાર્ય બદલ આયોજકો અભિનંદનના અધિકારી છે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




પુરોહિત ઘરે પહોંચ્યો. ધ્રૂજતા હાથે તાળું ખોલ્યું. અંદર જઈને પાણી પીધું. આંટા મારવા લાગ્યો. પથારીમાં પડ્યો, પણ ઊંઘ ન આવી. વિચારોમાં તડફડતો રહ્યો. શંકરના શબ્દો એના કાનમાં ભોંકાવા લાગ્યાઃ મૈં અકેલા કાફી હું... સબ ખતમ કર દુંગા. એને થયું કે દેશનો દુશ્મન દુકાનમાં ભરાઈને બેઠો છે ત્યારે એનો પ્રોફાઇલ મંદિરની દાનપેટીમાં નાખવામાં સમય બરબાદ ન કરાય. હમણાં ને હમણાં ધરમશાળામાં જઈને રાધાને વાત કરી દઉં. ના, આ સમયે ધરમશાળામાં જવું ઠીક નથી. કાલે રાધા ચાની ટપરી પર આવે એટલે 'શંકરશંભો' બોલવાને બદલે સીધું શંકર બોલીશ. રાધા સમજી જશે.

વહેલી સવારે ઊઠીને પૂજાપાઠ કરીને ચાની ટપરી ખોલનારો પુરોહિત મોડો પડ્યો હતો. મંગલાનાં દર્શન બાદ રાબેતા મુજબ બજારમાં ચા-નાસ્તા માટે ભક્તો ઊમટ્યા હતા. કાયમ હસતે મોઢે ચા પીવડાવતા પુરોહિતના ચહેરા પરથી સ્મિત ઊડી ગયું હતું. એની આંખોમાં ઉજાગરા કરતાં વધુ ચિંતા ગોપાલેશ્ર્વર મંદિરમાં દર્શનાર્થે આવતા ભોળા ભાવિકોની હતી. અચાનક એણે રાઘવ અને શંકરને આવતા જોયા. બંને એકે ૪૭ ગનથી લોકો પર અંધાધૂંધ ગોળીઓ વરસાવવા લાગ્યા. ભક્તોમાં ભાગદોડ મચી ગઇઈ... જીવ બચાવવા દોડવા લાગ્યા... ગોળીઓ વિંધતી ગઈ... લાશો ઢળવા લાગી. મશીનગનની ધણધણાટી... લોકોની ચીસો... આક્રંદ... લોહીના ફુવારા... રાઘવનું અટ્ટહાસ્ય... શંકરે હૅન્ડબૉમ્બ ફેંક્યો. લોકોના શરીરના ચીથડાં ઉડ્યા.

ઓ પુરોહિતજી, તારી ચા ઊભરાઈ રહી છે. ચાની રાહ જોઈને ઊભેલો એક ભક્ત બોલ્યો ને પુરોહિતે ધ્રૂજતા હાથે ઝડપથી સ્ટવ બંધ કર્યો... એની બિહામણી કલ્પનાનું ચિત્ર ઓલવાઈ ગયું...

સમય વીતતો ગયો... અડધો દિવસ પસાર થઈ ગયો... પુરોહિત ચા પીવા આવતા લોકોમાં રાધાનો ચહેરો શોધતો હતો. એની આંખો રાધાની રાહ જોતાં થાકવા લાગી હતી, પણ રાધા ન આવી. એનો જીવ સંદેશો આપવા ઊકળી રહ્યો હતો. હકીકતમાં પુરોહિતે સંદેશ નહતો આપવો, પણ દેશદાઝનો ઊભરો ઠાલવવો હતો. એણે વધુ એકવાર રાધાને કૉલ લગાડ્યો. સ્વિચઑફનો મેસેજ એને ફરી નિરાશ કરવાની સાથે ચિંતા આપી ગયો. રાધા ક્યાં હશે? અંતે એણે જગદીશને કૉલ કર્યો.

'રાધા વહેલી સવારથી નીકળી છે. મેં જોઈ નથી...' જવાબથી પુરોહિતની ચિંતા બેવડાઈ. એણે દેવીપ્રસાદજીને ફોન લગાડ્યો.

'રાધાનો કાંઈ અતોપતો, કાંઈ ખબર...?' એણે પૂછ્યું.

'ના, કંઈ જ ખબર નથી. કેમ શું થયું?' દેવીપ્રસાદજીએ સામો સવાલ કર્યો.

'ના એમ જ,' કહીને વાત ટૂંકાવી. પુરોહિત આ વાત રાધા સિવાય કોઈને કહેવા માગતો નહતો. પણ રાધા ક્યાં હતી?

********************

રાધા પરોઢિય ઊઠીને જગદીશને પણ ખબર ન પડે એમ ચાલતી બાબુજીના તબેલામાં પહોંચી ગઈ. એણે દૂરથી તબેલામાં હિલચાલ જોઈ. રણછોડ હવાડામાં પાણી નાખતો હતો....એક પછી એક ગાયને દોહીને ચારો આપતો હતો. રાઘવ બહાર આવ્યો ત્યારે એની સામે દૂધ ભરેલાં કેન તૈયાર હતા. એણે બાઇકની બંને બાજુ કેન ગોઠવીને કિક મારી. થોડી ક્ષણોમાં, મોં સુઝણાં પહેલાં રાઘવ ઠંડી હવાને ચીરતો હવા થઈ ગયો. રાધા હળવેકથી...લપાતીછૂપાતી એની રૂમમાં ગઈ. પ્હો ફાટવાને હજી વાર હતી. બહાર અને રૂમમાં અંધારું હતું. એણે નાનકડી ટોર્ચ ઑન કરી. રૂમમાં બહુ સામાન નહતો. એણે નાનો લાકડાનો કબાટ ખોલ્યો. બે-ચાર જોડી કપડાં હતાં તે ઊથલાવ્યાં. ખાટલાની નીચે પડેલી પતરાંની પેટી ખોલી. જે લગભગ ખાલી હતી. માટીની કોઠી પરથી ઢાંકણ હટાવ્યું. અનાજ ભરેલી કોઠીમાં નીચે સુધી હાથ નાખીને અનાજ ઉપરતળે કર્યું. કાંઈ જ હાથ ન લાગ્યું. એ બહાર આવી. સામે રણછોડ ઊભો હતો.

> **રાઘવ અને શંકર લોકો પર અંધાધૂંધ ગોળીઓ વરસાવવા લાગ્યા. લોકો જીવ બચાવવા દોડતા રહ્યા. ગોળીઓ વિંધતી ગઇ....લાશો ઢળવા લાગી.**

'કોણ હો આપ...?' રણછોડે પૂછ્યું. ડઘાઈ ગયેલી રાધાએ એના મોં પર ટોર્ચનો પ્રકાશ ફેંક્યો. રણછોડની આંખો અંજાઈ ગઈ. રાધાએ ટોર્ચ બંધ કરી.

'તુમ રણછોડ હો ના...?' રાધાએ પૂછ્યું.

'હાં....આપ કોણ હો....? યહાં ક્યા કર રહી હો...?'

'તુમસે બાત કરની હૈ...'

'હાં પણ, હો કોણ, યે બતાઓ પહેલે...ક્યા બાત કરણી હૈ...?'

'મૈં રાધા હું...'

'ઓહ તો આપ રાધા હો... ચિત્રકાર રાધા.... આપકો કોણ નહીં જાણતા, સારા બૈજલમેડ જાણે હૈ આપકો... હાં, દેખ્ખા પહેલીબાર.' રણછોડે જરા હળવાશ અનુભવી, પણ રાધા શું વાત કરવા આવી છે એવો પ્રશ્ન એની આંખોમાં હતો.

'સૂન, યે બતાને આઇ હું કી બાબુજી કો તો રાઘવને ખતમ કર દિયા. અબ તેરી જાન ખતરે મેં હૈ.' રણછોડ ઢીલો પડી ગયો. રાધાએ એની કલ્પના બહારની વાત કરીને એને ચોંકાવી દીધો હતો.

'અસ્સલ મેં આપ કોણ હો? આપ કો યે સબ કેસે પતા..?' રણછોડે પૂછ્યું.

'પુરોહિત ચાયવાલે સે પતા ચલા... રાઘવને પહેલે બાબુજી કો રાસ્તે સે હટાયા અબ તુમ્હારી બારી હૈ...' રાધા બોલી.

'મૈંને પુરોહિતજી કો બતાયા થા કિ મુઝે રાઘવ પર પુરો ડાઉટ હોવે. એની નજર બાબુજીકી જમીન... ગાય... સબ પે હૈ... એક દિન સબકૂછ બેચબાચ કે નીકલ જાણો હૈ... પણ હવે મારો જીવ ખતરે મેં હૈ...? મૈંને ક્યા કિયા?'

'મૈં અભી તુઝે નહીં બતા સકતી... મૈં તુમ્હે કૂછ નહીં હોને દુંગી... પર તુમ્હે મેરા એક કામ કરના હોગા...' રાધાએ એના બંને ખભા પર હાથ મૂક્યા.

********************

રાધા અને રણછોડ બહાર આવીને ખાટલા પર બેઠાં. રણછોડને રાધા કામ શું સોંપે છે એ જાણવાની ઇન્તેજારી હતી.

'કામ ક્યા કરણો હે?' રણછોડે પૂછ્યું.

'રાઘવને કૂછ સામાન, હથિયાર, હેન્ડ ગ્રેનેડ, ગન યહીં કહીં છૂપાયા હોગા... તુમ્હે વો સામાન ઢૂંઢ કર મુઝે બતાના હૈ. રાધાએ કહ્યું.

'ક... ક... ક... ક્યા...? હથિયાર...? રાઘવને યહાં છૂપાયા હૈ......? આપ યે સબ સામાન ઢૂંઢણે કે વાસ્તે આઇ હો...? આપ તો ચિત્રકાર હો... ફિર આપ કો યે કેસે પતા ચલા....? આપ હો કોણ?' એક તરફ રણછોડની આંખોમાં ફફડાટ હતો અને બીજી તરફ રાધાને લઈને ઘણા પ્રશ્નો હતા.

'તુમ્હે અપની જાન બચાની હૈના... બાબુજી કે કાતિલ કો પકડના હૈના... તો ઇતના કરો....' રાધા બોલી. પહેલેથી જ રાઘવ પર શંકા સેવનારો રણછોડ પોતાનો જીવ બચાવવા રાધાની વાત માનવા તૈયાર થઈ ગયો

'ઇસકે અલાવા ઓર કોઈ જગહ હૈ જહાં વો અપના સામાન રખતા હો.... યા બાર બાર આતાજાતા હો?' રાધાએ પૂછ્યું.

'હમ લોગ જહાં ગાયોં કા ચારા રખતે હૈ, વો વહાં આતા-જાતા હૈ,' રણછોડ બોલ્યો.

'કહાં હૈ વો જગહ?' રાધાની આંખોમાં ચમક આવી ગઈ.

'ઉધર હૈ...' રણછોડે દૂરથી રૂમ બતાવી...

'ચલો મેરે સાથ...' રાધા ઝડપથી ઊભી થઈ. એની પાછળ રણછોડ ગયો. રૂમમાં લગભગ છત સુધી ઘાંસ ભર્યું હતું. રાઘવે ઘાંસમાં જ કોઈ જગ્યાએ શસ્ત્રો છૂપાવ્યા હોવાં જોઈએ. રાધાએ અનુમાન લગાવ્યું.

'ચલો મેરી મદદ કરો હમ દોનોં ઢૂંઢતે હૈ,' રાધા બોલી.

'મૅડમ, આ બડો મુશ્કિલ કામ હૈ. પર આપ હો કોણ....?' રણછોડે કહ્યું. એવામાં દૂરથી બાઈકનો અવાજ સંભળાયો.

'મૅમજી, રાઘવ ભૈયા આ રહે હૈ....' ચોંકી ઊઠેલી રાધા છૂપાવા માટે આમતેમ જગ્યા શોધવા લાગી...

'મેરે સાથે આઇએ,' રણછોડ એને તબેલાની પાછળના ભાગે આવેલા નાનકડા ખેતરમાં લઈ ગયો.

'આપ યહાં સે સીધા પૈદલ ચલતે રહો... પંદર મિનિટ કે બાદ એક ચોરાહે સે બાંયેં મૂડ જાના... થોડે દૂર જા કર મેરા ઇન્તેજાર કરના... મૈં આપકો બૈજલમેડ છોડ દૂંગા...' રાધા રણછોડને જોઈ રહી. જલદી કરો... રણછોડ બોલ્યો.

'યે ખેત કિસ કા હૈ...?' રાધાએ પૂછ્યું.

'બાબુજી કા....' જવાબ સાંભળીને રાધાને થયું કદાચ રાઘવે શસ્ત્રો અહીં પણ છૂપાવ્યાં હોઈ શકે.

****************

રાઘવ બાઇક ઊભું રાખીને દોડતો એની રૂમમાં ગયો. સામાન્ય રીતે એ પાણી ભરેલાં તગારામાંથી મોં પર પાણીની બે-ચાર છાલકો મારે, ગમછાથી મોં લૂછે. ગમછો કમરે વીંટાળે..ભીના વાળને ઝાટકે.. વાળમાં આંગળાઓ ફેરવે.... એણે આમાંનું કશું જ કર્યું નહીં. રાઘવ આટલો વહેલો કેમ આવ્યો...? સીધો રૂમમાં શા માટે ગયો...?

રણછોડનું દિમાગ ચકરાવે ચડી ગયું હતું. શું એને રાધાની ખબર પડી ગઈ હશે...? રણછોડને રાધાએ કહેલી વાત યાદ આવી ગઈ : તેરી જાન ખતરે મેં હૈ... યે બતાને આઈ હું... રણછોડ બાબુજીની રૂમમાં ભરાઈ ગયો.

રાઘવે રૂમમાં જઈને ચારે તરફ નજર ફેરવી... અનાજની કોઠીનું ઢાંકણ નીચે પડ્યું હતું. એને શંકા ગઈ. એણે કબાટ ખોલ્યો. કપડાં ગોઠવાયેલાં હતાં. પતરાંની પેટી જોઈ... બરાબર હતી. એ ઝડપથી બહાર આવ્યો. આસપાસ નજર કરી... રૂમના ઉંબરાની ઉપરના છજાંમાં છૂપી રીતે મૂકેલો બર્જર ફોન શોધવા થોડાં ફાંફાં માર્યાં. મોબાઇલ મળ્યો. મોબાઇલ લઈને અંદર રૂમમાં ગયો.

'હેલો.....' એણે કૉલ લગાડ્યો.

**********************

રાધા ચાર રસ્તાના આવવાની રાહ જોતી... અજાણ્યા નિર્જન રસ્તે ચાલતી રહી.... એ થોડીથોડી વારે પાછળ પણ જાઈ લેતી હતી. રણછોડનું બાઇક દેખાતું નહતું.... દૂરથી એના બાઇકનો અવાજ પણ સંભળાતો નહતો....

**********************

રાઘવ મોં પર હાથ મૂકીને ધીમેથી વાત કરી રહ્યો હતો.

'જનાબ, મેરી લાશ ગિરે ઉસસે પહેલેં મૈં લાશેં બીછા દુંગા...' ફોન કટ થયો. એણે ફરી રૂમમાં બધે નજર કરી. અનાજની કોઠી પરનું ઢાંકણ નીચે પડ્યું હતું. એણે ગુસ્સામાં બહાર આવીને ત્રાડ પાડીઃ 'રણછોડે....' બાબુજીની રૂમમાં ભરાયેલો રણછોડ ફફડી ઉઠ્યો.

રાઘવની બીજી બૂમે એ બહાર આવ્યો.

'હાં, રાઘવ ભૈયા....' એ બોલ્યો.

'યહાં કૌન આયા થા?'

'કોઈ નહીં આયા. ક્યું... ક્યા હુઆ?' રણછોડ બોલ્યો.

'યે દેખ... ઢક્કન નીચે ગિરા હૈ...'

'અરે રાઘવ ભૈયા બિલ્લી હોગી... સુબહ સે માથો ખરાબ કર રખો હૈ... ચાય કા દૂધ ભી ગિરા થા...'

'બિલ્લી સે બચતે રહના. અબ કોઈ બિલ્લી અપણે સમાન કો નુકસાન કરે તો તુઝે ઉસે ગોલી મારણી હૈ, ગન મૈં તુમ્હે દુંગા,' રાઘવ બોલ્યો. દિગ્મૂઢ બની ગયેલો રણછોડ વિચારતો રહ્યો કે આ રાઘવ કોણ છે... આ ચિત્રકાર રાધા કોણ છે?' (ક્રમશઃ)■

સર્જકના સથવારે
રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ધિક્કાર ને અંધકારમાં મોહબ્બતનો ચિરાગ એટલે શાયર બશીર બદ્ર...

**કોઈ ફૂલ ધૂપ કી પત્તિયોં મેં**
**હરે રિબન સે બઁધા હુઆ**
**વો ગઝલ કા લહજા નયા-નયા**
**ન કહા હુઆ ન સુના હુઆ**

ભારતની ઉર્દૂ શાયરીમાં જેનું નામ સર્વોત્તમ છે એવા બશીર બદ્રના ઉપરના શેરમાં એમણે પોતે જ પોતાની ગઝલની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે એ ગઝલનો લહેજો નવો છે જે તમે ક્યારેય સાંભળ્યો નથી કે કોઈએ હજુ સુધી કહ્યો પણ નથી. બશીરસાહેબના જવાથી ઉર્દૂ તહેઝીબ અને ઉર્દૂ ગઝલનો એક યુગ પૂરો થયો છે. તાજેતરમાં તેમનું ૯૧ વર્ષની વયે ભોપાલ ખાતે અવસાન થયું અને ન પુરાય એવી ખોટ ઉર્દૂ સાહિત્યને પડી. એ છેલ્લે વિસ્મૃતિની અવસ્થામાં દોઢેક દાયકો રહ્યા જાણે કે મનમાં ને મનમાં ઈશ્કે-હકીકીની શાયરીઓ રચી રહ્યા હતા.

સમકાલીન ઉર્દૂ શાયરીમાં બશીર બદ્ર એક એવા ઝગમગતા નક્ષત્રનું નામ છે જેમણે ગઝલને આત્મસાત્ કરીને તેને એક નવી દીપ્તિ અને આભા આપી છે.

**ઉજાલે અપની યાદોં કે હમારે સાથ રહેને દો**
**ન જાને કિસ ગલી મેં ઝિન્દગી કી શામ હો જાએ**

જેવા અનેક અમર શેરના સર્જક બશીર બદ્ર પોતાની નિજી- આગવી- શૈલી અને જબાનની સાદગીને લીધે ઉર્દૂ- હિન્દી જગતમાં બેહદ લોકપ્રિય અને સમ્માનિત હતા.

પ્રેમ જેવા શાશ્વત વિષયને પોતાની ગઝલનો પ્રાણ બનાવનાર બશીરસાહેબ પ્રેમ ઉપરાંત પોતાના જમાનાની સામાજિક, રાજનીતિક અને સાહિત્યિક ગતિવિધિઓ પ્રત્યે સજાગ હતા. સામાજિક વિરોધાભાસે જ્યારે જ્યારે એમને ઠેસ પહોંચાડી ત્યારે ત્યારે પ્રેમ સિવાયની



બશીર બદ્ર

બીજી અનુભૂતિઓને પોતાના શેરોમાં ગોઠવી દીધી છે અને તેને કાવ્યનું સ્વરૂપ આપ્યું છે જેમ કેઃ

**લોગ ટૂટ જાતે હૈ એક ઘર બનાને મેં**
**તુમ તરસ નહીં ખાતે બસ્તિયાં જલાને મેં**

બશીર બદ્ર એક એવી જ્યોતિનું સરનામું હતું કે ધિક્કારની આંધિમય વાતાવરણમાં પ્રેમ અને મોહબ્બતનો ચિરાગ જલાવીને બેઠા હતા. આ કાંઈ સહેલું કામ નથી. એમણે પ્રગટાવેલા ચિરાગે અંધેરી રાહમાં રોશની ફેલાવવાનું કામ કર્યું અને એવા ઘણાંયે માણસો છે જેને ખબર નથી કે આ તેજસ્વી મશાલનો માલિક બશીર બદ્ર છે. એકવાર એક પ્રશંસકે બશીરસાહેબને પૂછ્યું કે 'ઉજાલે અપની યાદો કે... આ શેર કોનો છે? જવાબ બેજવાબ છે. 'તમે પણ ક્યારેક આવા શેર કહો તો સારું લાગે.'

ઉર્દૂ ગઝલના ચાહકો ઘણાં છે, કોઈ એકને દશ શેર યાદ હોય તો તેમાંથી પાંચ શેર યકીનન બશીરસાહેબના જ હશે. આવી લોકપ્રિયતા સદીયોમાં ક્યારેય જ કોઈ કોઈને મળતી હોય છે. ભાષાની સાદગી અને રવાની જોવા જેવી છે. જુઓ આ શેરઃ

**કુછ તો મજબૂરિયાં રહી હોગી**
**યૂં કોઈ બેવફા નહીં હોતા**
**કિસી કી રાહ મેં દહેલીજ પે દિયા ન રખો**
**કિવાડ સુખી હુઈ લકડિયોં કે હોતે હૈં**

ઉર્દૂ ગઝલના મુશાયરાઓમાં જનારા અને સોશ્યલ મીડિયા પર સાંભળનારા શ્રોતાઓ અને વાચકોને બશીર બદ્રની ઓળખાણ આપવાની ન હોય પરંતુ સામાન્ય રીતે વાત કરવી હોય તો કહી શકાય કે તેઓ ઉર્દૂ ગઝલના અતિ લોકપ્રિય અને આધુનિક શાયર તરીકે જાણીતા છે. તેમની શાયરીમાં પ્રેમ, વિયોગ, માનવતા, એકાંત, યાદો અને જીવનની સૂક્ષ્મ લાગણીઓ અત્યંત સરળ ભાષામાં વ્યક્ત થાય છે. તેઓએ પરંપરાગત ઉર્દૂ ગઝલને આધુનિક સંવેદનાઓ સાથે જોડીને નવી ઓળખ આપી હતી.

બશીર બદ્રનો જન્મ ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યા નજીક થયો હતો. તેમનું મૂળ નામ સૈયદ મહંમદ બશીર હતું. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિ.માંથી બી.એ., એમ.એ. અને પીએચડી કર્યું હતું. ત્યાર પછી તેઓ ત્યાં જ ઉર્દૂ ભાષાના પ્રાધ્યાપક તરીકે સેવા આપી અને પછી મેરઠ કૉલેજમાં ઉર્દૂ વિભાગના વડા તરીકે પણ કાર્ય કર્યું હતું.

ઈ.સ. ૧૯૮૭ના મેરઠ રમખાણોમાં તેમનું ઘર અને ઘણી હસ્તપ્રતો આગમાં નાશ પામી હતી. આ દુઃખદ ઘટનાએ તેમના જીવન અને કાવ્ય પર ઊંડો પ્રભાવ પાડ્યો. બાદમાં તેઓ ઉત્તર પ્રદેશ છોડીને ભોપાલમાં સ્થાયી થયા હતા.

એમના સાહિત્યિક પ્રદાનની વાત કરીએ તો અનેક ગઝલસંગ્રહો અને વિવેચનાત્મક પુસ્તકો મળ્યાં છે. તેમની રચનાઓમાં સરળતા સાથે ઊંડાણ બંને જોવા મળે છે. મુખ્ય કૃત્તિઓ આ પ્રમાણે છેઃ

૧ આહત
૨ આમદ
૩ ઈકાઈ
૪ ઉજાલે અપની યાદોં કે
૫ મુસાફિર
૬ કુલ્લિયાત-એ-બશીર બદ્ર
૭ ઉજાલોં કી પરિયાં

આ ઉપરાંત વિવેચનના ઘણાં પુસ્તકો છે. એમની શાયરીની વિશેષતાઓ જોઈએ તો એની ભાષા સરળ છે. એમની ગઝલ સામાન્ય વાચકને તરત સ્પર્શે છે. ભારે ફારસી શબ્દોની જગ્યાએ સરળ બોલચાલની ભાષાનો ઉપયોગ તેમણે કર્યો છે.

બશીરની શાયરીમાં માનવીય લાગણીઓનું સુંદર ચિત્રણ છે. પ્રેમ, એકલતા, વિરહ અને પ્રિયજનની યાદોને એમણે અત્યંત અસરકારક રીતે વ્યક્ત કર્યાં છે. જેમ કે :

**તુઝે ભૂલ જાને કી કોશિશે કભી**
**કામયાબ ન હો સકીં**
**તિરી યાદ શાખે- ગુલાબ હૈ,**
**જો હવા ચલી તો લચક ગઈ**
**તેરે હાથ સે મેરે હોંઠ તક વહી**
**ઈન્તિજાર કી પ્યાસ હૈ**
**મેરે નામ કી જો શરાબ થી,**
**કહી રાસ્તે મેં છલક ગઈ**
**કભી હમ મિલે તો ક્યા મિલે,**
**વહી દૂરિયાં વહી ફાસિલે**
**ન કભી હમારે કદમ બઢે, ન કભી તુમ્હારી**
**ઝિઝક ગઈ**
**મેરી દાસ્તાં કા ઉરજુ થા તેરી નર્મ પલકોં કી**
**છાંવ મેં**
**મેરે સાથ થા તુજે જાગના તેરી આંખ કૈસે**
**ઝપક ગઈ**

બશીરસાહેબ આધુનિક ઉર્દૂ ગઝલના આગેવાન કવિ છે. એમણે પરંપરાગત ગઝલને આધુનિક સંવેદનાઓ આપી. તેઓ 'નવી ગઝલ' આંદોલનના મહત્ત્વના શાયર ગણાય છે.

એમણે ક્યારેય રાવ-ફરિયાદ નથી કરી. ધીરજથી બધી જ સ્થિતિઓનો સામનો કર્યો હતો. માનવતા અને સહિષ્ણુતા એમની વિશેષતા કહી શકાય. મેરઠ રમખાણોમાં બધું ગુમાવ્યા છતાં તેમની શાયરીમાં દ્વેષ જોવા મળતો નથી.

ભારત- પાકિસ્તાના યુદ્ધ પછી સીમલામાં મંત્રણા થઈ ત્યારે ઈન્દિરા ગાંધીએ બશીરસાહેબના શેરને ટાંક્યો હતો એ વાત અવિસ્મરણીય છે. શેર છેઃ

**દુશ્મની જમ કર કરો લેકિન યે ગુંજાઈશ રહે**
**જબ કભી હમ દોસ્ત હો જાએં તો શર્મિંદા ન હોં**

એમણે ઉર્દૂ ગઝલને માત્ર સાહિત્યિક ઊંચાઈ જ નથી આપી, પરંતુ તેને સામાન્ય માણસના હૈયે અને હોઠે ચઢાવી છે. તેમની ગઝલોમાં કળાત્મકતા અને લોકપ્રિયતા બંનેનું અદ્ભુત સંમિશ્રણ જોવા મળે છે. આમ તેમની શાયરીમાં સંવેદનાની ઊંડાઈ, ભાષાની સરળતા, લય અને લહેજો, મૌસિકી- સંગીતાત્મકતા, માનવીય મૂલ્યો અને આધુનિક જીવનની વ્યથા છે.

મહત્ત્વની ખૂબી છે શબ્દોની અને અર્થની અસરકારકતા. આજના યુગના સૌથી વધુ વંચાતા અને ઉદ્ધૃત થતા ઉર્દૂ શાયરોમાં તેઓ અગ્રગણ્ય છે. એમના યશસ્વી પ્રદાનમાંથી થોડુંક આચમન કરીને અંજલી આપીએઃ

**કભી યૂંભી આ મિરી આંખો મેં, કે મિરી**
**નઝર કો ખબર ન હો**
**મુઝે એક રાત નવાઝ દે, મગર ઉસકે**
**બાદ સહર ન હો**
**વો બડા રહીમો- કરીમ હૈ, મુઝે યે**
**સિફત ભીઅતા કરે**
**તુઝે ભૂલને કી દુઆ કરું, તો મેરી દુઆં**
**મેં અસર ન હો**
**મેરે પાસ મેરે હબીબ આ ઝરા ઔર દિલ**
**સે કરીબ આ,**
**તુઝે ધડકનોં મેં બસા લૂં મૈં કિ બિછડને કા**
**કોઈ ડર ન હો**

***

**બારિશ છત પે ખુલી જગહો પે હોતી હોગી**
**ગમ તો સાવન હૈં જો ઈન કમરોં કે અંદર બરસે**
**કોઈ બાદલ હો તો થમ જાએ, મગર અશ્ક મેરે**
**એક રફ્તાર સે દિન રાત બરાબર બરસે**

***

**અગર તલાશ કરું, કોઈ મિલ હી જાએગા,**
**મગર તુમ્હારી તરહ, મુઝ કો કૌન ચાહેગા.**
**તુમ્હેં જરૂર કોઈ ચાહતોં સે દેખેગા,**
**મગર વો આંખે હમારી, કહાં સે લાયેગા**
**તુમ્હારે સાથ યે મૌસમ, ફરિશ્તોં જૈસા હૈ,**
**તુમ્હારે બાદ યે મૌસમ, બહુત સતાયેગા**

***

**હમ ભી દરિયા હૈં, હમેં અપના**
**હુનર માલૂમ હૈ**
**જિસ તરફ ભી ચલ પડેંગે,**
**રાસ્તા, હો જાયેગા.**
**મૈં ખુદા કા નામ લેકર પી રહા હૂં દોસ્તોં**
**ઝહર ભી ઉસમેં અગર હોગા,**
**દવા હો જાયેગા**

***

**ઔર જામ ટૂટેંગે ઈસ શરાબખાને મેં**
**મૌસમોં કે આને મેં મૌસમોં કે જાને મેં.** ■

***

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સંતાનને શીખવો આ રીતે જિંદગીને માણતા!

થોડા સમય અગાઉ ગુજરાતના પ્રવાસ વખતે એક પરિચિતના ઘરે સરપ્રાઈઝ આપવા જઈ ચડ્યો. એ વખતે તેમના દીકરાએ આવીને કહ્યું કે 'પપ્પા, મારે બે દિવસ માટે મિત્રો સાથે ફરવા જવું છે.' એ સાથે મારા પરિચિત તેના પર ગુસ્સે થઈ ગયા. તેમણે ઊંચા અવાજે કહ્યું, 'અત્યારે સામે બોર્ડની પરીક્ષા આવે છે અને તારે મિત્રો સાથે રખડવા જવું છે! તારી ઉંમરે હું કામે વળગી ગયો હતો અને તારે રખડી ખાવું છે?' તેમણે પુત્રને બીજું પણ ઘણું સંભળાવ્યું પછી આદેશ આપી દીધો કે 'ચૂપચાપ ભણવામાં ધ્યાન પરોવ.' તેમનો દીકરો ઊતરી ગયેલા ચહેરે અંદરના રૂમમાં ચાલ્યો ગયો. પેલા પરિચિતના વર્તાવથી મને પણ આંચકો લાગ્યો. તેમની આર્થિક સ્થિતિ પણ સારી છે એટલે પૈસાના અભાવનું તો કોઈ કારણ હતું નહીં, પણ તેમણે પોતાના દીકરા સાથે જે વર્તાવ કર્યો એ આઘાતજનક હતો. એ પછી જાણે કશું બન્યું જ નથી એ રીતે મારા પરિચિત ફરી વાર મારી સાથે વાતે વળગી ગયા, પણ હું વિચલિત થઈ ગયો.

તેમણે દીકરાને જે રીતે ઉતારી પાડ્યો એ જોઈને મને હોલિવૂડની ફિલ્મ 'લાઇફ ઈઝ બ્યુટીફુલ' યાદ આવી ગઈ. મેં તેમને કહ્યું કે 'તમારે આ ફિલ્મ જોવી જોઈએ.' તેમણે કહ્યું કે 'ફિલ્મો અને વાસ્તવિક જિંદગી વચ્ચે ઘણો તફાવત હોય છે. હું આજે તેને થોડી છૂટ આપીશ તો કાલે તે પોતાની ઇચ્છા પ્રમાણે જીવતો થઈ જશે અને ભવિષ્યમાં પોતાની પસંદગીની છોકરી લઈ આવશે!'




મને તેમના પર ગુસ્સો આવ્યો અને દયા પણ આવી. આ લેખ માટે વિષય વિચારી રહ્યો હતો એ વખતે તે પરિચિતે તેમના દીકરા સાથે કરેલો વર્તાવ યાદ આવી ગયો. પિતાનો નકારાત્મક વર્તાવ સંતાનની આખી જિંદગી પર અસર કરતો હોય છે.

ઘણા માણસોને દરેક વાતમાં નકારાત્મકતા દેખાતી હોય છે. એવા માણસોએ રોબર્ટ બેનિનીની (ઇટાલિયન ભાષામાં સાચો ઉચ્ચાર રોબર્તો બેનિગ્ની છે) ફિલ્મ 'લાઈફ ઈઝ બ્યુટીફુલ' ફિલ્મ જોવી જોઈએ (૧૯૯૭માં રિલીઝ થયેલી આ ફિલ્મને સાત ઓસ્કાર નોમિનેશન્સ મળ્યાં હતાં અને બેસ્ટ એક્ટર,બેસ્ટ ફોરેન લેન્ગ્વેજ ફિલ્મ અને બેસ્ટ મ્યુઝિક એમ ત્રણ ઓસ્કર એવોર્ડ મળ્યા હતા).

એ ફિલ્મમાં બીજા વિશ્વયુદ્ધની શરૂઆતના અગાઉના સમયમાં ગાઈડો નામનો એક યુવાન કામની શોધમાં શહેરમાં જાય છે. તેના જીવનમાં પણ તકલીફો છે, પરંતુ તેનો ચહેરો સતત હસતો જ જોવા મળે છે. અને તે બીજા માણસોને ય હસાવતો રહે છે. તે ડોરા નામની એક રૂપાળી યુવતીને જોઈને તેના પ્રેમમાં પડી જાય છે. ડોરા એક ખતરનાક જર્મન અધિકારીની ફિયાન્સી છે. ગાઈડો પણ કંઈકને કંઈક કારણ શોધીને ડોરા સામે આવતો રહે છે અને તે કહે છે કે 'હું તને પ્રેમ કરું છું.' ડોરાને પણ આ યુવાન ગમી ગયો છે, પરંતુ તે અવઢવમાં હોય છે.

આ દરમિયાન ડોરાનાં લગ્ન અગાઉ એક પાર્ટી યોજાય છે. ગાઈડો એ પાર્ટીમાં ધસી જાય છે અને દિલધડક રીતે બધાની વચ્ચેથી ડોરાનું અપહરણ કરી જાય છે. ગાઈડો યહૂદી છે. ડોરાને ખબર જ છે કે હિટલરની સેના યહુદીઓને નફરત કરે છે છતાં તે ગાઈડોના પ્રેમમાં પડી જાય છે. તે બંને સાથે જીવવા માંડે છે. ગાઈડો અને ડોરાને એક દીકરો થાય છે. તેઓ તેનું નામ જોશુઆ પાડે છે. તે પાંચ વર્ષનો થઈ ગયો છે એ દરમિયાન બીજું વિશ્વયુદ્ધ ચરમસીમાએ પહોંચી ગયું છે. નાઝી સૈનિકો દ્વારા યહૂદીઓને શોધી-શોધીને ઊંચકી જવાનું અને ટ્રેનોમાં ભરીને કોન્સન્ટ્રેશન કેમ્પ તરફ ધકેલવાનું ચાલુ થઈ ગયું છે. આ કેમ્પમાં ધકેલાનારા યહૂદીઓની કત્લેઆમ થઈ જતી.

ગાઈડો અને તેનો દીકરો જોશુઆ પણ નાઝીઓના હાથમાં આવી જાય છે. સામાન્ય રીતે બીજો કોઈ બાપ હોય તો તે માનસિક રીતે પડી ભાંગે અને દીકરાને કહે કે 'હવે આપણા જીવનનો અંત નિશ્ચિત છે' પરંતુ ગાઈડો અલગ પ્રકૃત્તિનો માણસ છે. તે એકદમ આનંદમાં હોવાનું નાટક કરે છે...

ગાઈડો અને જોશુઆને કોન્સન્ટ્રેશન કેમ્પ ધકેલી દેવામાં આવે છે. ત્યાં પણ ગાઈડો જીવનને રંગમંચ ગણીને દીકરા સામે નાટક કરે છે... તે જોશુઆને કહે છે કે 'જો આપણે એક એવી ગેમ રમીશું, જેમાં જે જીતશે તેને એક સાચી ટેન્ક ઈનામમાં મળશે, પણ એ માટે તારે એક હજાર પોઈન્ટ્સ ભેગા કરવા પડશે. તું આ ગેમની વચ્ચે મમ્મી પાસે જવાની જીદ કરીશ કે મને ભૂખ લાગી છે એવી ફરિયાદ કરીશ તો ગેમમાં હારી જઈશ. બોલ , આ ગેમના બધા નિયમોનું પાલન તું કરીશ ને?'

જોશુઆ હસતા ચહેરે હા પાડે છે. ગાઈડોનું લક્ષ્ય એક જ છે કે પોતાના દીકરાના કુમળા માનસ પર ડરનો કે કોઈ પણ પ્રકારની નકારાત્મકતાનો ઓછાયો ન પડવો જોઈએ. જર્મન ઓફિસર કોન્સન્ટ્રેશન કેમ્પમાં બધા કેદીઓને ગાળો આપતો હોય, ગુસ્સો ઠાલવતો હોય, તેમનું અપમાન કરતો હોય ત્યારે ગાઈડો તેના શબ્દોનો પોતાની ભાષામાં ખોટો અનુવાદ કરીને જોશુઆને એવી રીતે કહે છે કે તે અધિકારી ટેન્ક જીતવાની ગેમ વિશે જ કંઈક વાત કરી રહ્યો છે. આ દરમિયાન જોશુઆ કેમ્પના ગાર્ડસની નજરે ન પડે એ માટે ગાઈડોએ તેને સતત છુપાવવો પડે છે. ગાઈડો એને પણ રમતના એક હિસ્સામાં ખપાવીને દીકરાને કહે છે કે 'જો પેલા ગાર્ડ આવે ત્યારે તારે ચૂપચાપ ઉપર ચડીને ઊંઘી જવાનું. એ ગાર્ડ તને જોઈ લેશે તો તું આ ગેમ હારી જઈશ. તારા પોઈન્ટ્સ કપાઈ જશે. તારે સહેજ પણ હલનચલન કરવાનું નથી અને તેમને ગંધ સુધ્ધાં નથી આવવા દેવાની કે તું અહીં છે.'

ગાઈડો એટલી સહજતાથી દીકરાને કહે છે કે તેને સહેજ પણ ગંધ નથી આવતી કે તેના પિતા નાટક કરી રહ્યા છે. કોન્સન્ટ્રેશન કેમ્પમાં ક્રૂર જર્મન અધિકારીઓ બેરહેમીથી યહૂદીઓના જીવ ક્રૂર રીતે લઈ રહ્યા છે, પરંતુ ગાઈડોનો દીકરો એમ જ સમજે છે કે આ તો બધું પેલી ગેમનો જ એક ભાગ છે.

ગાઈડો તેના જીવનના અંત સુધી આ નાટક ચાલુ રાખે છે, પણ પછી એવી સ્થિતિ આવે છે કે કોઈ પણ ઘડીએ જર્મન અધિકારી આ બાપ-દીકરા સુધી પહોંચી જાય અને તેમને મારી નાખે. એ વખતે ગાઈડો દીકરાને એક બોક્સ પાસે લઈ જાય છે અને તેને છુપાવતા કહે છે કે 'આ બધા અધિકારીઓ તને શોધી રહ્યા છે. તું આમાં છુપાઈ જા અને જ્યાં સુધી ગેમ પૂરી ન થાય ત્યાં સુધી તું બહાર ન નીકળતો. નહીં તો આપણે આ ગેમ હારી જઈશું.'

એ પછી જર્મન સૈનિકોનું ધ્યાન પોતાના પર રહે અને દીકરો બચી જાય એ માટે ગાઈડો જર્મન સૈનિકોનું ધ્યાન ખેંચવા માટે ઊલટી-સીધી હરકતો કરે છે. દીકરાને છુપાવ્યો છે એ જંક્શન બોક્સ પાસેથી તે સૈનિક પરેડ કરતા હોય એ રીતે બૂમો પાડતો-પાડતો નીકળે છે એટલે એ જંક્શન બોક્સના નાનકડા બાકોરામાંથી જોઈ રહેલા દીકરાને એમ જ લાગે છે કે આ પણ ગેમનો જ એક ભાગ છે. જોશુઆને કલ્પના પણ નથી કે પોતાને જીવતો રાખવા માટે પિતા પોતાના જીવનનો ભોગ આપી રહ્યો છે અને તે હવે પિતાને ફરી પાછો ક્યારેય નહીં જોઈ શકે.

બીજે દિવસે જોશુઆ જંક્શન બોક્સમાંથી બહાર નીકળે છે અને એ જ વખતે એ સ્તબ્ધતાભર્યા વાતાવરણમાં અચાનક સામેથી એક ટેન્ક આવતી દેખાય છે. નાદાન જોશુઆ રાજી થઈ જાય છે. તેને લાગે છે કે પિતાએ કહ્યું એવું જ થયું. સાચેસાચ ટેન્ક આવી. હું ગેમ જીતી ગયો અને સાચી ટેન્ક જીતી ગયો. તેને પોતાની મમ્મી પણ દેખાય છે.

ફિલ્મ પૂરી થાય છે એ વખતે જોશુઆ મોટો થઈ ગયો છે અને પોતાના શબ્દોમાં પોતાના પિતાના અકલ્પ્ય બલિદાન વિશે વાત કરે છે.

આ અત્યંત હૃદયસ્પર્શી ફિલ્મ એ સંદેશ આપે છે કે ચેકમેટ જેવી સ્થિતિમાં પણ ધારીએ તો આપણે હસતાં-રમતાં રહી શકીએ.

ખરાબ સંજોગોમાં પણ સંતાન સાથે કેવી રીતે વર્તવું જોઈએ એ સમજવા માટે આ ફિલ્મ જોવી જોઈએ અને વાતે વાતે રોદણાં રડતાં કે નાની નાની તકલીફો આવે ત્યારે ભાંગી પડતા હોય એવા લોકોએ પણ આ ફિલ્મ ખાસ જોવી જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# યુદ્ધસ્ય કથા રમ્યાઃ સહુ ચલો જીતવા જંગ!

***ટાઈટલ્સઃ***
***'યુદ્ધ' અને 'બુદ્ધ' ખરેખર તો બહુ ઓછાને સમજાયા છે. (છેલવાણી)***

વિયેતનામ યુદ્ધમાં એક સૈનિક ઘૂંટણ નીચેનો પગ ગુમાવી ચૂકેલો પણ છતાંયે જે ભાગ કપાઈ ગયેલો ત્યાં અંગૂઠા પર, પિંડી પર વરસો સુધી સતત ખંજવાળ આવતી. બહુ દવાઓ કરાવી, છેવટે એક મનોચિકિત્સક ડોક્ટરે કહ્યુંઃ 'જે યુદ્ધ છાવણીમાં ડોક્ટરે તારો પગ કાપેલો ત્યાં જઈએ.' પેલો સૈનિક, ડો.ને વિયેટનામનાં જંગલમાં લઈ ગયો. બહુ તપાસ કરીને એ જગ્યા શોધી જ્યાં સૈનિકનો કપાયેલો પગ દટાયેલો. ડોક્ટરે, કપાયેલા પગના હાડકાં જેવા અવશેષોની સ્હેજ દિશા બદલી બરોબર ગોઠવ્યા ને ફરી દાટી દીધાં. બસ, એ દિવસ પછી સૈનિકની વરસોની ખંજવાળ ખતમ! કમાલ છેને?



વરસો અગાઉ દટાયેલા હાડકાઓની દિશા બદલી કે અનુભૂતિ સાવ ખતમ! આવી અનુભૂતિને 'ફેંટમ લિંબ હેલ્યુસીનેશન' ('કપાયેલા અંગના પ્રેત'નો ભ્રમ) કહેવાય. જેમાં, અંગ હોય નહીં તોયે એના હોવાની લાગણી લબકારા મારે રાખે જૂના પ્રેમનાં પ્રેતની જેમ!

યુદ્ધનું પણ એવું જ છે, એ ખતમ થઈ જાય પણ એનો અજંપો, એનું ખુન્નસ અને ખંજવાળ, એની વેદના વરસો સુધી રહે છે. સમાજને ને દેશને સતત પીડે રાખે છે. વેર અને વસૂલાતનાં વધતાં રહેતા વ્યાજની જેમ. યુદ્ધ શરૂ કરવું સહેલું છે, રોકવું અઘરું ને હંમેશ માટે અટકાવવું-ભૂલવું અસંભવ.

કહેવાય છે કે વિશ્વનું પહેલું યુદ્ધ ઇ.સ. પૂર્વે ૨૭૦૦માં મેસોપોટેમિયાના સુમેર અને એલામ વચ્ચે થયેલું. બીજા વિશ્વયુદ્ધ વખતે અમેરિકાના આર્મી ઓફસરે કહેલું- તમે શાંતિ ઇચ્છતા હોવ તો લડાઈની તૈયારી કરો. તમને શસ્ત્રોથી સજ્જ જોઈને જ દુશ્મન યુદ્ધની હિંમત નહીં કરે.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન જર્મન સૈનિક પોલ બોમર આર્મીમાં જોડાયો. પોલે યુદ્ધમાં મિત્રોની મોત, ભૂખ ને સતત ભય જેવી ભયંકરતાનો સામનો કર્યો. પછી પોલને યુદ્ધની અર્થહીનતા અને જિંદગીની કિંમત સમજાણી કે 'યુદ્ધ માણસની નિર્દોષતા છીનવી લે છે.' યુદ્ધ પૂરું થતાં પહેલાં પોલનું મૃત્યુ થાય છે જેનાં અંતિમ શબ્દો હતાઃ

આજનો દિવસ કેવો શાંત છેને?

જંગ અને શાંતિના વિરોધાભાસવાળી એરિખમારિયા રેમાર્કની આ નવલકથા ઓલ ક્વાયટ ઓન ધ વેસ્ટર્ન ફ્રન્ટ અદ્ભુત યદ્ધગાથા છે.

***ઇન્ટરવલઃ***
***પ્યાર કી ધરતી અગર બંદૂક સે બાંટી ગઇ***
***એક મુર્દા શહેર અપને દરમિયાં રહ જાયેગા.***
***(નીરજ)***

બીજા વિશ્વયુદ્ધ વખતે નાઝી સેનાએ રશિયાનાં લેનિનગ્રાડ શહેરને ૮૭૨ દિવસ સુધી બંધક બનાવેલું. લાખો નાગરિકો અને સૈનિકોએ ભૂખમરો, બોમ્બમારો ને હાડ થીજવતી ઠંડીનો સામનો કર્યો. ખોરાક ને ઈંધણની ભારે તંગી છતાં, રશિયનોએ હાર ન માની. લેનિનગ્રાડના લોકો કહેતાઃ અમારી પાસે ખાવાનું ભલે નથી, પણ અમારું આત્મસન્માન અમર છે. ઘેરાબંધીમાં ૧૦ લાખથી વધુ લોકોને હણાયા, છતાં લેનિનગ્રાડે આત્મસમર્પણ કર્યું નહીં. મહિલાઓ, બાળકો અને વૃદ્ધોએ મળીને શહેરની રક્ષા કરી ને સૈનિકોએ છેલ્લા શ્વાસ સુધી લડત આપેલી. 'લેનિનગ્રાડની ઘેરાબંધી'(૧૯૪૧-૧૯૪૪) સત્યઘટનાત્મક કથા દુઃખદ છે છતાંયે અતૂટ ઈચ્છાશક્તિ અને બલિદાનનું ઉદાહરણ છે.

પ્રથમ વિશ્વયુદ્ધ વખતે નિષ્ઠાવાન લહના સિંહ અને એનો સાથી સૂબેદાર હજારા સિંહ બ્રિટિશ ફોજમાં હતા. જાંબાઝ લહના સિંહ માટે કર્તવ્ય અને વચન સર્વોપરી હતું. સૂબેદાર હજારા સિંહનો એકનો એક દીકરો બોધા પણ ફોજમાં જોડાયો. બોધા હજી તો સાવ જુવાન હતો ને એને યુદ્ધના મોરચે જવાનો ઓર્ડર આવ્યો. હજારા સિંહ ચિંતામાં પડ્યો કે કૂમળો દીકરો ખતરનાક યુદ્ધમોરચે જશે?. એ જ મોરચામાં લહના સિંહ પણ હતો. લહના સિંહને ભીની આંખે હજારા સિંહે કહ્યું :

'લહના, મારો બોધા નાનો છે. વચન આપ કે તું એનું ધ્યાન રાખીશ અને એને જીવતો પાછો લાવીશ.'

લહનાએ કહ્યું, 'હજારાજી, ચિંતા ન કરો. હું બોધાને જીવની જેમ સાચવીશ.'

યુદ્ધમાં દુશ્મનની સેના આગળ વધી રહી હતી. બોધા ડરેલો હતો. લહના એને સતત હિંમત આપતો- બોધા, ડરીશ નહીં, હું તારી સાથે છું.

દુશ્મન તરફથી ગોળી બોંબનો હુમલો તીવ્ર થયો. બોધાને પાછળ રાખીને - સંતાડીને લહના દુશ્મનનો સામનો કરતો.

એકવાર લહનાએ જોયું કે દુશ્મનની ગોળીઓ બોધા તરફ આવી રહી છે. એણે બોધાને ધક્કો મારીને પોતે ગોળીઓને છાતી પર ઝીલી લીધી. લહના સિંહ લોહીલુહાણ થઈને ઢળી પડ્યો. ધીમા અવાજે લહનાએ કહ્યું,

'બોધા...મેં તારા બાપને વચન આપેલું કે હું તને સલામત પાછો લાવીશ ક્યુંકિ ઉસને કહા થા.'

ચંદ્રધર શર્માની ૧૯૧૫માં સરસ્વતી મેગેઝિનમાં પ્રકાશિત આ વાર્તા ઉસને કહા થાને હિંદીની પ્રથમ આધુનિક મૌલિક વાર્તા મનાય છે. ત્યારબાદ જ પ્રેમચંદ વગેરે લેખકોએ નવી નવલિકાઓનો યુગ આરંભ્યો.

કારગિલ વોર વખતે આપણા સૈનિકો એકબીજાને ખેંચી ખેંચીને પર્વત પર ચઢતાં હતાં. એક નીચેના સૈનિકને અચાનક ગોળી વાગી, જે સૈનિક ઉપર હતો એણે એને ખેંચવાનો પ્રયત્ન કર્યો. નીચેના સૈનિકે કહ્યું, 'મને છોડ, તું બીજાને બચાવ.' બેઉ વચ્ચે દલીલો થઇ. ઉપરનો સૈનિક હાથ છોડવા ન જ માન્યો. આખરે નીચેના જખ્મી સૈનિકે ખિસ્સામાંથી ખૂર્પી (ખંજર) કાઢી પોતાનો હાથ કાપી નાખ્યો ને ખીણમાં પડી ગયો, જેથી બીજાં સૈનિકો બચી જાય! એની ઉપરવાળા સૈનિકના હાથમાં એનાં સાથીનો લોહી નીકળતો માત્ર હાથ બચ્યો હતો. આને કહેવાય એક શૌર્યવંતાની ગુમનામ શહીદી, જે સોફા પર બેસી પડદા ટીવી ન્યૂઝનાં તમાશામાં દર્જ થતી નથી.

લોહિયાળ યુદ્ધકથાઓ બાદ ફિલોસોફર ટોલ્સટોયે કહેલુંઃ 'માણસ યુદ્ધમાંથી પાછો ફરી શકે પણ યુદ્ધનાં સમયમાંથી ક્યારેય પાછો આવી શકતો નથી.'

હમણાં અમેરિકા-ઈરાન વચ્ચે પાછું યુદ્ધ શરૂ થયું ત્યારે યુદ્ધનાં સમાચારો, પ્રજાનો આક્રોશ સાથે ઉન્માદ, રાજકારણીઓની રમતો અને શહીદોનાં મૂંગા બલિદાનો વચ્ચે, આ હતી થોડી રક્તરંજિત યુદ્ધકથાઓ... જય હિંદ.

***એન્ડ ટાઇટલ્સઃ***
***આદમઃ વિશ્વશાંતિની અપીલ કરું?***
***ઇવઃ પહેલાં ઘરમાં શાંતિ રાખ.*** ■




# પીએફ - પેન્શનની જેમ પગારમાંથી બચત માટે કપાશે રકમ...

## લિસ્ટેડ કંપનીઓ સેલેરીમાંથી કરી શકશે મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં રોકાણ

જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

તમને યાદ હશે જ આ અગાઉ આપણે નેશનલ પેન્શન સિસ્ટમની વાત કરી હતી. આ વખતે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં આવનારાં નવાં પગલાંની વાત કરીએ, જે મ્યુ.ફંડ ઉદ્યોગને અને બચતકારોને નવી તક આપશે. આના માટે ‘સેબી’ કેટલાંક ઉદાર નિયમો લાવવાની તૈયારી કરી રહ્યું છે.

‘સેબી’ના એ નવા નિયમો જાહેર થયા બાદ નિર્ધારિત ધોરણોને આધારે કંપનીઓ એમ્પલોયર્સ તરીકે પોતાના સ્ટાફને પ્રોવિડન્ટ ફંડ અને પેન્શનની જેમ સ્ટાફના પગારમાંથી ચોક્કસ ટકા રકમ કાપીને તેનું મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં રોકાણ કરી શકશે, જે કર્મચારીઓ માટે સોશ્યલ સિકયુરિટી સમાન નિવૃત્તિ ફંડ બની રહેશે.

અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે અત્યાર સુધી મ્યુચ્યુઅલ ફંડમાં થર્ડ પાર્ટી રોકાણ કે વ્યવહાર થઈ શકતા નહોતા, હવે પછી એ સંભવ બનવા જઈ રહ્યું છે, નિષ્ણાંતોની દૃષ્ટિએ આની અસર એવી વ્યાપક થશે કે આગામી એક દાયકામાં મ્યુચ્યુઅલ ફંડનું કદ અનેકગણું મોટું થશે અને તેના નવા રોકાણકારોની સંખ્યા વધવા સાથે દેશમાં એક નવું સેવિંગ-ઈન્વેસ્ટમેન્ટ કલ્ચર વિસ્તરશે. આ ઉપરાંત સોશ્યલ ડોનેશન માટે પણ મ્યુચ્યુઅલ ફંડસની યોજનાઓનો ઉપયોગ કરી શકાશે એવો સમય બહુ દૂર નથી. મ્યુચ્યુઅલ ફંડના એસઆઈપી સમાન પ્લાન કે યુનિટસ ગિફ્ટ પણ આપી શકશે.

### મલ્ટિપલ પોઝિટિવ અસર

મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને પ્રોત્સાહન મળે અને બચતકારોને નવી નક્કર સુવિધા મળે એવો ઉદ્દેશ આની પાછળ હોવાનું જણાવતા એમએફ ડિસ્ટ્રિબ્યૂટર એજન્ટ વર્ગ કહે છે, આની મલ્ટિપલ પોઝિટિવ અસરો જોવા મળશે. આને વધુ એક સોશ્યલ સિક્યુરિટી સ્કિમ પણ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો આ માર્ગે નવી કેટેગરી ઊભી થઈ શકે. ઘણાં કર્મચારીઓ પોતે ક્યાં બચત કે રોકાણ કરવા તેની યોગ્ય અથવા પર્યાપ્ત સમજણ ધરાવતા હોતા નથી,

કંપની તેમના વતી આવી સુવિધા ઓફર કરીને યોગ્ય રોકાણ કરી શકે, જેનો લાભ લાંબે ગાળે કર્મચારીઓને મળે. આ નિમિત્તે કર્મચારીઓનું ઓટો સેવિંગ થતું રહે, જેમ હાલમાં પીએફ માર્ગે થાય છે. અલબત્ત, આની સફળતાનો આધાર તેના અમલની કાર્યપદ્ધતિ-વિધિ કે પ્રક્રિયા પર રહેશે.

આમ કરતી વખતે કમ્પલાયન્સના ધોરણોનું યોગ્ય પાલન થાય અને તેનો કોઈપણ રીતે મની લોન્ડરિંગ જેવી પ્રવૃત્તિ માટે દુરુપયોગ ન થાય તેની કાળજી લેવાશે એવી ખાતરીનું આયોજન પણ ‘સેબી’ તરફથી થઈ રહ્યું છે.

### આ સુવિધા યા છૂટ કોને મળશે?

આનો સરળ અર્થ એ થશે કે માલિક તેના કર્મચારીઓ વતી મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓમાં રોકાણ કરી શકશે, જે માટેના નાણાં માલિક કર્મચારીઓના પગારમાંથી કાપી લેશે. જોકે આ સુવિધા હાલ માત્ર લિસ્ટેડ કંપનીઓ, ઈપીએફઓ (એમ્પલોયી પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન)માં નોંધાયેલી કંપનીઓ-પેઢીઓ,એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (એએમસી)ને ઉપલબ્ધ થશે. આ માટે કર્મચારીઓની તે વિકલ્પ કે વ્યવસ્થાને સ્વીકારવાની તૈયારી જોઈશે, અલબત્ત, આ રોકાણ કર્મચારીના પોતાના નામે જમા થશે. સ્કિમની પસંદગી કરવાનો વિકલ્પ પણ કર્મચારી પાસે રહેશે.

### સામાજિક ઉદ્દેશ માટે ફંડનો ઉપયોગ

અહીં એક રસપ્રદ પ્રસ્તાવ એ પણ છે કે રોકાણકાર સામાજિક હેતુસર કોઈ ડોનેશન કે ફાળો આપવા માગતા હશે તો પણ તેના એમએફ સ્કિમના વળતર અથવા ભરણાની આંશિક રકમ મારફત કરી શકશે. અહીં નોંધપાત્ર એ છે કે રોકાણકાર આ માધ્યમથી સુપાત્ર સંસ્થાઓને પોતાનું દાન પહોંચાડી શકશે.

આ ઉપરાંત ‘સેબી’ એ એક સવલત એવી પણ વિચારી છે કે સોશ્યલ સ્ટોક એક્સચેંજ પર લિસ્ટેડ નોટ ફોર પ્રોફિટ ઓર્ગેનાઇઝેશનમાં ઝીરો કુપન ઝીરો પ્રિન્સિપાલ સાધન મારફત ફાળો આપી શકાશે. આનાથી રોકાણકારોને પારદર્શક અને મજબૂત ઓર્ગેનાઈઝેશન મળશે અને સોશ્યલ સ્ટોક એકસચેંજને પણ પ્રોત્સાહન મળશે. જો આ પ્રસ્તાવનો અમલ સફળ રહ્યો અને નવા નિયમ હેઠળ ફંડના એસઆઈપી સેલેરી કલ્ચરનો ભાગ બન્યા તો ભારતના ઈન્વેસ્ટમેન્ટ કલ્ચરમાં આગામી બે થી ત્રણ દાયકામાં ધરખમ પરિવર્તન જોવા મળશે.

આને પગલે જે મલ્ટીપલ સકારાત્મક અસરો થવાની શક્યતા છે તેમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને નવી યોજનાઓ લાવવાનો અવસર મળશે. એજન્ટોની સંખ્યા અને બિઝનેસ પણ વધી શકે.

હરીફાઈ વધશે, બહેતર કામ કરીને સારું વળતર આપવાની સ્પર્ધાને પગલે રોકાણકાર વર્ગને લાભ થશે અને ઓવરઓલ ફંડ ઉદ્યોગ નવી ઊંચાઈ તરફ આગળ વધી શકશે. ■

---

# ગંદા હૈ પર વંદા હૈ...

હેં... ખરેખર?! પ્રફુલ શાહ feedback@bombaysamachar.com

કોક્રોચની શક્તિ કથા આગળ જાણીએ. કદમાં નાના હોવા છતાં કોક્રોચ ખાસ તો અમેરિકન- પોતાના શરીરના વજન કરતાં લગભગ ૫૦ ગણો વધુ બાઇટ ફોર્સ પેદા કરી શકે છે. આ રીતે તેમની જડબાની શક્તિ માનવીની તુલનામાં લગભગ અનેક ગણી વધુ શક્તિશાળી હોય છે. આના પ્રતાપે તેઓ લાકડાં જેવી અત્યંત કઠોર અને રેશેદાર વસ્તુઓને પણ ચાવી શકે છે. એક અભ્યાસ મુજબ કોક્રોચ ધીમા સંકોચનવાળા સ્નાયુ તંતુઓને લાકડાં જેવી કઠોર સામગ્રી ચાવતી વખતે ઉપયોગમાં લે છે. આમાં વારંવાર અને જોરદાર કાપ મારવાની જરૂર પડે છે જેથી તેઓ પોતાના શરીરના વજન કરતાં ૫૦ ગણો વધુ બાઇટ ફોર્સ પેદા કરી શકે. આ છે વંદાની હાડકાં તોડી નાખે તેવી કાપવાની અગાધ શક્તિ. આની કલ્પના સુધ્ધાં આપણામાંથી મોટાભાગનાને નહિ હોય.

વંદાનું બાહ્ય કંકાલ કલ્પી ન શકાય એટલું લવચીક હોય છે. આ લવચીકતા એટલે ફલેક્સિબિલિટી. કોઈપણ વસ્તુનો કે પરિસ્થિતિનો એવો ગુણધર્મ, જે સહેલાઈથી તૂટ્યા વિના વળી શકે, બદલાઈ શકે અથવા અનુકૂલન સાધી શકે. તે વ્યક્તિ કે પદાર્થને બદલાતા સંજોગોમાં સહેલાઈથી ઢળવાની ક્ષમતા આપે છે. લવચીક કંકાલ હોવા સાથે તે એકબીજા પર ચઢેલી પ્લેટોથી બનેલું હોય છે.

આ વિશિષ્ટતા તેમને પોતાના શરીરને દબાવીને પોતાની ઊંચાઈના ચોથા ભાગ જેટલી નાની તિરાડમાં ઘૂસવાની ક્ષમતા આપે છે. તે સાથે જ તેમને અદ્ભુત દબાણ સહન કરવાની શક્તિ પણ આપે છે. માનવું મુશ્કેલ છે પણ એના કારણે તેઓ શરીરના વજન કરતાં ૯૦૦ ( હા, નવસો) ગણો ભાર સહન કરે છે અને તેમ છતાં ઇજા થતી નથી. કેવું અવિનાશી બાહ્ય કંકાલ છે ને?

યુનિવર્સિટી ઓફ કેમ્બ્રિજના ઝૂલોજી વિભાગના ટોમ વાઇહમેન આ બાબત સમજાવે છે. જંતુઓ ઘણા પર્યાવરણોમાં પ્રભુત્વ ધરાવે છે, તેથી આ જંતુઓ તેમના મેન્ડિબલ્સ (મુખ્યત્વે નીચલા જડબાના હાડકાં અથવા જીવજંતુઓના મુખના ભાગો. વંદા, કીડી, મધમાખી અને અન્ય જંતુઓમાં મેન્ડિબલ્સ એ મોંની બંને બાજુએ આવેલા સખત, ચીપિયા જેવા બે નાના અંગો છે, જેનો ઉપયોગ ખોરાક પકડવા, કાપવા કે ચાવવા માટે થાય છે) દ્વારા કેટલી શક્તિ લગાવી શકે છે તે સમજવું વર્તન અને પર્યાવરણીય પ્રક્રિયાઓને વધુ સારી રીતે સમજવા તથા બાયોઇન્સ્પાયર્ડ એન્જિનિયરિંગને સક્ષમ બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.



વાઇહમેન આગળ નોંધે છે, ઘણા ભૂસ્થળીય પર્યાવરણોમાં જંતુઓનો મહત્ત્વપૂર્ણ ખોરાકનો સ્રોત છે અને છોડ તથા પ્રાણીઓના વિઘટનમાં પણ મહત્ત્વપૂર્ણ છે. આ રીતે તેઓ પદાર્થચક્ર અને પર્યાવરણીય સંતુલન માટે વંદા જેવા જીવો અગત્યના છે.

કોક્રોચ જેવા જંતુઓના મોઢાના ભાગો અલગ હોય છે. તેમની પાસે મજબૂત, આડાં ગોઠવાયેલા છરી જેવા જડબા અથવા મેન્ડિબલ્સ હોય છે. મેન્ડિબલ્સ જંતુઓના જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે: ખોરાક ચીરવા ઉપરાંત ખોદકામ, વહન, રક્ષણ અને સંતાનોને ખવડાવવા માટે પણ તેનો ઉપયોગ થાય છે.

આ તો થઈ જૈવિક અને ટેક્નિકલ વિગતો. પણ ભારતમાં કોક્રોચની ૧૯૧ પ્રજાતિઓ છે. તાજેતરના ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના પ્રકાશન મુજબ ભારતમાં દેખાતી કોક્રોચની ૧૯૧ પ્રજાતિઓમાંથી ૧૧૯ પ્રજાતિઓ (કુલ પ્રજાતિઓમાંથી ૬૦%થી વધુ) તો ભારત માટે સ્થાનિક ગણાય છે.

ભારતની છુપાયેલી કોક્રોચ વૈવિધ્યતા અગાઉની માન્યતા કરતાં ઘણી વધારે વિશ્વભરમાં કોક્રોચની અંદાજે ૫૦૦૦ પ્રજાતિઓ છે અને ભારતનો વિશ્વના કુલ કોક્રોચ વૈવિધ્યમાં આશરે ૩.૮% હિસ્સો છે.

નિષ્ણાતોના આભિપ્રાય મુજબ ‘પૃથ્વીના સૌથી જૂના અને સૌથી વૈવિધ્યસભર જીવાત જૂથોમાંના એક તરીકે, કોક્રોચ કુદરતી પર્યાવરણ જાળવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ સજીવ પદાર્થોના વિઘટન અને જંગલના ખોરાક જાળને સમર્થન આપે છે.

ઉપરાંત, આ જંગલી પ્રજાતિઓ પર્યાવરણીય અવરોધો પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોવાથી, પર્યાવરણની તંદુરસ્તીના મહત્ત્વપૂર્ણ સૂચક તરીકે કાર્ય કરે છે’.

કેટલાકને ભલે વંદાનો ડર લાગે કે એને જોઈને ચિતરી ચડે. એમને એક હકીકત સમજીને ગાંઠે બાંધી લેવાની જરૂર છે કે ગંદા હૈ પર વંદા હૈ.

હા, વંદાઓ પરના અભ્યાસ પરથી દુનિયાના અતીતના ઘણા પડળ ખુલશે. એટલું જ નહિ, કદાચ સૃષ્ટિના સર્વનાશ બાદ પણ ટકી રહેનારા વંદા માનવ ઉત્ક્રાંતિના સાક્ષી બની રહેશે.

(સંપૂર્ણ)■

---

# વન્યજીવોનું સંરક્ષણ કે તેમનો વેપાર?

ફોકસ કે.પી. સિંહ feedback@bombaysamachar.com

કોઈપણ દેશની જૈવ-વિવિધતા માત્ર વૃક્ષ-છોડ જ નથી હોતાં, પરંતુ ત્યાંના વન્યજીવો પણ હોય છે અને જો ભારતનાં જંગલોની વાત કરીએ તો તે માત્ર વિવિધ પ્રકારની વનસ્પતિઓ અને ઉપયોગી ફળ આપતાં વૃક્ષોના સમૂહ માત્ર નથી, પરંતુ આપણી વન્યજીવ વિવિધતા અને પર્યાવરણીય સંતુલન પણ આ જ વનો પર નિર્ભર છે.

તાજેતરનાં કેટલાંક વર્ષોમાં દેશમાં વાઇલ્ડલાઇફ ટૂરિઝમ કંઈક એવા સ્તરે લોકપ્રિય થયું છે કે જંગલોમાં પ્રવાસીઓની બેફામ ભીડ વધી ગઈ છે. પછી ભલે તે મધ્ય પ્રદેશનું કાન્હા અને બાંધવગઢ રિઝર્વ હોય, રાજસ્થાનનું રણથંભોર હોય અથવા ઉત્તરાખંડનો જિમ કોર્બેટ પાર્ક હોય. આ તમામ સ્થળોએ જંગલ સફારીનો રોમાંચ, ફોટોગ્રાફી અને નેચર એક્સપિરિયન્સ મેળવવાની વધતી લાલસાએ સાચા અર્થમાં વન્ય પ્રાણીઓને પરેશાન કરી મૂક્યા છે. આ જ કારણ છે કે આજે દેશ અને દુનિયામાં એવા કેટલાય વાઇલ્ડલાઇફ નિષ્ણાતો છે, જેઓ વાઇલ્ડલાઇફ ટૂરિઝમને પ્રોત્સાહન આપવાની ટીકા કરી રહ્યા છે, કારણ કે આ ઉદ્યોગ રાજ્ય સરકારો માટે તો કમાણીનું સાધન બની ચૂક્યો છે, પરંતુ વન્ય પ્રાણીઓ માટે આફત બનતો જઈ રહ્યો છે. તેવામાં સવાલ એ ઊભો થાય છે કે શું વાસ્તવમાં વાઇલ્ડલાઇફ ટૂરિઝમ જૈવ સંરક્ષણને વેગ આપી રહ્યું છે કે પછી તે તેમને માત્ર વેપારનો એક હિસ્સો બનાવી રહ્યું છે?



એમાં કોઈ બે મત નથી કે વધતું વાઇલ્ડલાઇફ ટૂરિઝમ, જંગલો અને વન્યજીવોના સંરક્ષણ માટે ભંડોળ એકત્રિત કરવામાં મદદરૂપ રહ્યું છે, પરંતુ આજે ૨૦૨૬માં આ માત્ર સંસાધનો એકત્રિત કરવાનું માધ્યમ જ નથી રહ્યું, પરંતુ એક મોટા ઉદ્યોગમાં પરિવર્તિત થઈ ચૂક્યું છે. રાષ્ટ્રીય ઉદ્યાનો અને ટાઇગર રિઝર્વમાં તો આવતા પ્રવાસીઓ પાસેથી મળતી આવક વન વિભાગોને સંરક્ષણ કાર્યોમાં મદદ કરવાથી આગળ વધીને, તેમની નવી પરિયોજનાઓ માટે પણ ભંડોળ પૂરું પાડી રહી છે. વિશેષ કરીને જો ભારતમાં પ્રોજેક્ટ ટાઇગરની સફળતાને જોઈએ તો એવું માનવામાં આવે છે કે તેનું એક મોટું કારણ વિવિધ ટાઇગર રિઝર્વનું પર્યટનના એક મોટા કેન્દ્ર તરીકે ઊભરી આવવું છે. આ કારણે સ્થાનિક લોકોને પણ સારો એવો રોજગાર મળ્યો છે. સફારી ગાઇડ, રિસોર્ટ કર્મચારીઓ, ડ્રાઇવરો, લોકકલાકારો અને નાના દુકાનદારો – આ તમામની આવક વધી છે. મધ્ય પ્રદેશ જેને ‘ટાઇગર સ્ટેટ’ કહેવામાં આવે છે, અહીંનાં તમામ ગામડાંઓની અર્થવ્યવસ્થા હવે જંગલ પર્યટન પર પણ નિર્ભર થઈ ચૂકી છે. આવી જ રીતે ગુજરાતમાં એશિયાટિક સિંહોના કારણે ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની આસપાસ હજારો લોકો માટે આજીવિકાનાં સાધનો વિકસિત થયાં છે.

પરંતુ આના કારણે જંગલી પ્રાણીઓ શાંતિ અને બેફિકરાઈ અનુભવી શકતાં નથી, તેઓ હંમેશાં તણાવમાં રહે છે. ખાસ કરીને જ્યારથી સોશ્યલ મીડિયાએ વાઇલ્ડલાઇફ ટૂરિઝમનો ભરપૂર લાભ ઉઠાવવાનું શરૂ કર્યું છે. સોશ્યલ મીડિયાના કારણે, વિશેષ કરીને ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને વાયરલ ટાઇગર સાઇટ્સના લીધે, માત્ર વાઇલ્ડલાઇફ ટૂરિઝમની સંખ્યા જ નથી વધી, પરંતુ લોકો જંગલોમાં શોધી-શોધીને વિવિધ પ્રાણીઓનું ફોટો સેશન કરવા માગે છે. વાઘ કે દીપડાની તસવીર લેવા માટે લોકો દિવસ-રાત સફારી વાહનો લઈને આ રિઝર્વ વિસ્તારોમાં ધમાચકડી મચાવે છે. આનાથી પ્રાણીઓમાં તણાવ વધ્યો છે. ઘણી વખત સોશ્યલ મીડિયામાં તમે પોતે જોયું હશે કે કોઈ એક પ્રાણીની પાછળ ડઝનબંધ જીપ્સીઓ લાગેલી હોય છે. આનાથી તેમના કુદરતી વર્તન પર અસર પડે છે. નિષ્ણાતોનું માનવું છે કે જંગલોને મનોરંજનના સ્થળમાં ફેરવવાની આ પ્રવૃત્તિ ખૂબ જ ખતરનાક છે, કારણ કે આના લીધે વન્યજીવો માટે જરૂરી શાંત વાતાવરણ હવે રહ્યું નથી. લોકોના અતિશય ધસારાના કારણે જંગલી પ્રાણીઓ હવે યોગ્ય રીતે ખોરાક અને પાણી પણ ગ્રહણ કરી શકતા નથી. વાઇલ્ડલાઇફ ટૂરિઝમ ઝડપથી વધ્યું હોવાને કારણે, જંગલોની આસપાસ મોટા પાયે રિસોર્ટ સંસ્કૃતિનો વિકાસ થયો છે.

આના કારણે કેટલાય ટાઇગર રિઝર્વના બફર ઝોન ભયંકર રીતે પ્રભાવિત થયા છે અથવા તો કહેવું જોઈએ કે અહીં અતિક્રમણ થયું છે અને લક્ઝરી રિસોર્ટ્સની લાઇન લાગી ગઈ છે. આનાથી ભૂગર્ભ જળનું શોષણ, પ્લાસ્ટિક કચરો, ધ્વનિ પ્રદૂષણ અને રાત્રે પણ જંગલોમાં કૃત્રિમ પ્રકાશ ચાલુ રહેવાના કારણે નિશાચર જીવોને ભારે મશ્કેલી પડી રહી છે. તેથી, અનેક પર્યાવરણવિદોનું માનવું છે કે જો જંગલોમાં પ્રવાસીઓની મર્યાદા નક્કી કરવામાં નહીં આવે તો જંગલો ઇકો-ફ્રેન્ડ્લી નહીં, પરંતુ કૉમર્શિયલ ઝોન બની જશે. વાઇલ્ડલાઇફ ટૂરિઝમનું વધવું એ ખતરનાક છે, આનાથી જંગલી પ્રાણીઓની બેફિકરાઈ અને તેમનું સ્વાભાવિક જીવન ખોરવાઈ રહ્યું છે. દુનિયાના કેટલાય દેશોમાં આ સમસ્યાને ઉકેલવા માટે ‘સસ્ટેનેબલ વાઇલ્ડલાઇફ ટૂરિઝમ મોડલ’ વિકસાવવામાં આવ્યું છે, જેમાં પ્રવાસીઓની સંખ્યા અત્યંત મર્યાદિત રાખવામાં આવે છે અને ઇકોલૉજી પર ભાર મૂકવામાં આવે છે.

ભારતે પણ આ દિશામાં વિચારવું પડશે જેથી કરીને લોકોને એ વાત સમજાઈ શકે કે જંગલ એ પર્યટન કે પિકનિક સ્પૉટ નથી તેમજ જંગલોને માત્ર રોમાંચ અનુભવવાની કે રજાઓ વિતાવવાની જગ્યા ન સમજવી જોઈએ. આપણે એ ન ભૂલવું જોઈએ કે જંગલ લાખો જીવોનું ઘર છે અને ત્યાં લોકોના અતિશય ધસારાના કારણે તેમનું જીવન પ્રભાવિત થાય છે. આજે ટૂરિઝમ એક એવા વળાંક પર ઊભું છે, જ્યાં તેણે નક્કી કરવાનું છે કે તે પ્રકૃતિને અનુકૂળ રહેશે કે પછી વધુમાં વધુ કમાણીની લાલચમાં પ્રકૃતિને બંધક બનાવશે.

નિષ્ણાતોનું માનવું છે કે જો વહેલી તકે જંગલોને ટુરિસ્ટ સ્પૉટ તરીકે જોવાની પ્રવૃત્તિ પર લગામ નહીં લગાવવામાં આવે, તો કદાચ વન્યજીવોનું સંરક્ષણ તો પ્રભાવિત થશે જ, સાથે જ કુદરતી જીવન અને એ શાંતિ પણ નહીં બચે, જે વાસ્તવમાં જંગલોમાં મળતી હોય છે. આવા સમયમાં આપણે વિચારવું જોઈએ કે આપણી સામે રહેલી દરેક વસ્તુના માત્ર ઉપભોક્તા બનવું જ જરૂરી નથી. ■

### વધતા વાઈલ્ડલાઈફ ટૂરિઝમના ગેરફાયદા

- આનાથી, ખાસ કરીને સફારીના કારણે, પ્રાણીઓ પર તણાવ વધે છે.
- રિસોર્ટ સંસ્કૃતિને લીધે પર્યાવરણીય દબાણ વધે છે.
- ધ્વનિ અને પ્લાસ્ટિક પ્રદૂષણ જંગલોને પ્રભાવિત કરે છે.
- સોશ્યલ મીડિયાનો ઘોંઘાટ જંગલોની શાંતિ ખતમ કરી રહ્યો છે.

આનો ઉપાય એ જ છે કે મર્યાદિત સંખ્યામાં સફારી પરમિટ બહાર પાડવામાં આવે અને ઇકો-ફ્રેન્ડ્લી પર્યટન નીતિ બનાવવામાં આવે. આ બધામાં સ્થાનિક સમુદાયોની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવે તથા રિસૉર્ટ પર કડક પર્યાવરણીય નિયમો લાગુ કરવામાં આવે. જો કડકાઈથી આ ઉપાયો લાગુ કરવામાં નહીં આવે તો આવનારા દિવસોમાં વાઇલ્ડલાઇફ ટૂરિઝમ જ જંગલી પ્રાણીઓ માટે સૌથી મોટો માથાનો દુખાવો બની જશે.

---

# શું છે આ જોધપુર કૂલિંગ શેલ્ટર?

ટૂંકું ને ટચ રશ્મિ શુકલ feedback@bombaysamachar.com



દેશમાં ગરમીનો પારો સતત વધી રહ્યો છે. લોકો આ બળબળતા ઉનાળાથી તોબા પોકારી ઉઠ્યા છે. સૌ કોઈ ગરમીથી બચવા છાંયડો અને ઠંડી હવા શોધતા હોય છે.

આપણે ઇલેક્ટ્રિક ઉપકરણોનાં ગુલામ બની ગયા છીએ. ઉનાળામાં તો સતત ઍર કન્ડિશન ચાલુ રાખીને વીજળીના બિલમાં આપણે વધારો કરીએ છીએ અને સાથે જ પ્રદૂષણ ફેલાવવામાં પણ ભાગીદાર બનીએ છીએ. આપણાં દેશમાં સૌથી ગરમ રાજ્યોમાં રાજસ્થાન આવે છે. જ્યાં અતિશય ગરમી પડે છે એ વાતથી સૌ વાકેફ છે. એવામાં જોધપુરે એક સુંદર અને આવકાર્ય પહેલ કરી છે. ત્યાંના નગર નિગમ અને મહિલા હાઉઝિંગ ટ્રસ્ટે સાથે મળીને ‘કૂલિંગ શેલ્ટર’ની શરૂઆત કરી છે. આ શેલ્ટરનું તાપમાન બહારના તાપમાન કરતાં ૮ ડિગ્રી ઓછું રહે છે. એ પણ ઍર કન્ડિશન વગર. આ શેલ્ટર એ લોકો માટે આશિર્વાદ સમાન છે જેમની પાસે ગરમીનો સામનો કરવા સિવાય કોઈ પર્યાય નથી. આ સેવા ડિલિવરી રાઇડર્સ, મજૂરી કરનારાં, સ્ટ્રીટ વેન્ડર્સ, કલાકો સુધી આવા તપતા ઉનાળામાં બહાર ફરતા હોય અને સિનિયર સિટિઝન્સ માટે છે.

### શેલ્ટરની ડિઝાઈન

આની સ્માર્ટ ડિઝાઈન પાછળ એનું સોલાર પેનલ, પાવર ફેન છે. સાથે જ એમાં ફુવારા પણ લાગેલા છે.

આ શેલ્ટર જમીનને ગરમ કર્યા વગર રૂમને ઠંડો કરે છે.

આ શેલ્ટરની છતને સોલરથી ઢાંકવામાં આવ્યું છે. દીવાલો પર ખસના પરદા લગાવેલા છે, જેને કારણે હવા ઠંડી થઈને પસાર થાય છે.

આ સિવાય છત પર લાગેલા વિન્ડ ટાવર ગરમ હવાને બહાર ફેંકે છે.

એને કારણે જ રૂમ અંદરથી શ્વાસ લેવા લાયક અને રહેવા લાયક રહે છે.

આ કૂલિંગ શેલ્ટરને નગર નિગમ અને મહિલા હાઉઝિંગ ટ્રસ્ટે ગરમીને મ્હાત આપવાના આશય સાથે બનાવ્યું છે. આ એક માળખું નથી, પરંતુ આ એક લોકસેવા સમાન છે. જે ગરમીમાં થોડી રાહત આપે છે. અહીં ૪૦થી ૪૫ લોકો સરળતાથી બેસી શકે છે, આરામ કરી શકે છે અને ફરીથી તરોતાજા બની શકે છે.

આ શેલ્ટરમાં ઠંડી હવાની સાથે ઠંડું પાણી, ઓઆરએસ અને ફર્સ્ટએડની પણ સુવિધા છે.

દર વર્ષે ગરમી એનું વિકરાળ રૂપ ધરે છે. એવામાં આ કૂલિંગ શેલ્ટર સમયની માગ બની ગયું છે. આપણે ધરતીને વધુ ગરમ કર્યા વગર આવા કૂલિંગ શેલ્ટર બનાવીશું તો કુદરત અને માનવજાત બન્નેનું ભલું થશે. ■




# આર યુ ઓકે?

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

'આઇ લવ યુ' આ એવા ત્રણ જાદુઈ શબ્દો છે કે જે દુનિયા બદલી નાખે છે, જે બોલે એની પણ અને જેને કહ્યું હોય એની પણ. એ ત્રણ જાદુઈ શબ્દોના જેવા અન્ય ત્રણ એટલા જ પ્રબળ શબ્દો છે જેને આપણે જાણતા હોવા છતાં ઓછા આંકીએ છીએ અને આ ત્રણ જાદુઈ શબ્દો એટલે 'આર યુ ઓકે?' તમે ઠીક છો?

ગમતી વ્યક્તિને ફક્ત 'હું તને પ્રેમ કરું છું' કહેવાથી દુનિયા નથી ચાલતી. આપણે સૌ જાણીએ છીએ કે ખરી જવાબદારી પ્રેમના એકરાર પછી જ શરૂ થાય છે. જોકે વાતે વાતે આઇ લવ યુ કહેનારા પણ ઘણા હોય છે પણ તેની પાછળની ભાવનાનું ઊંડાણ જે તે વ્યક્તિનાં વાણી, વર્તન પરથી ખ્યાલ આવે છે.

પત્નીની તબિયત સારી ના હોય ત્યારે 'આઇ લવ યુ' કહ્યા કરતાં 'આર યુ ઓકે' પૂછેલું વધારે અસરકારક લાગે છે. બાળક પડી જાય ત્યારે માબાપ ઠપકો આપ્યા કરતાં 'તું ઠીક છેને?' પૂછી લે તો બાળકને આપોઆપ ઠીક લાગે છે. ફોન પર મિત્રનો ચિંતિત અવાજ સાંભળી 'આર યુ ઓકે? જેવો પ્રશ્નાર્થ કરીએ તો તેને મનની વાત કરવાની મોકળાશ મળે છે. સાસરેથી દીકરી એકવાર મા-બાપને પૂછી લે 'તમે બધા ઠીક છોને?' તો મા-બાપની લાગણીઓ જાતે જ સચવાઈ જાય છે. અરે, વિદેશની ધરતી પર ભણવા ગયેલા વિદ્યાર્થીઓને કોઈ સાવ અજાણી વ્યક્તિ પણ 'આર યુ ઓકે?' પૂછી લે તો એ વિદ્યાર્થીની આંખ ભીની થયા વગર નથી રહેતી.

'આર યુ ઓકે?' પૂછવા માટે સૌથી પહેલાં તો મનમાં કરુણા રાખી અહંકાર બાજુ પર મૂકવો પડે છે. જો આપણે એમ માનીએ કે મને જરૂર હતી ત્યારે ક્યાં કોઈ મારી મદદે આવ્યું હતું કે હું લોકોને એમનાં હાલચાલ પૂછ્યા કરું. વળી પાછું એમને થાય કે મને એમની પંચાત કરવી છે. એના કરતાં તો સૌને પોતપોતાના હાલ પર છોડવા જ સારા. આ એ પ્રકારના લોકો છે જે પોતાને નથી મળ્યું તો બીજાને શું કામ આપે એવું માને છે, પરંતુ આ જ લોકો થોડો અભિગમ બદલે કે 'મને જે નથી મળ્યું એ મારે બીજાને આપવું છે' તો દુનિયા વધુ સારી દેખાય.

આ વાક્ય પરદેશમાં લોકો વધુ સ્વાભાવિક રીતે પૂછી શકતા હોય તેમ લાગે છે. ગુજરાતીઓમાં જોકે 'કેમ છો?' કે પછી તેનું વધારે સકારાત્મક રૂપ 'મજામાં?' પૂછવાનો વહેવાર છે, પણ જ્યારે 'તમે ઠીક છો?' પૂછવામાં આવે ત્યારે તેનું ભાવનાત્મક સ્વરૂપ બદલાઈ જતું હોય છે.

'આર યુ ઓકે?' પૂછનાર અને જેને પૂછીએ છીએ તેની માનસિક તેમજ ભાવનાત્મક પરિસ્થિતિમાં ઘણો ફેર હોય છે. જે પૂછે છે તે સારાઈ બતાવે છે અને જેને પૂછવામાં આવ્યું છે તેને દિલ ખોલીને વાત કરવાની જગ્યા મળે છે. સાથે પોતે કોઈના માટે એ ક્ષણ પૂરતી પણ સૌથી મહત્ત્વની વ્યક્તિ છે તેવી અનુભૂતિ થાય છે. કોના મનમાં ક્યારે શું ચાલતું હોય છે તેની કોઈને ખબર નથી હોતી. શક્ય છે કે આમ પૂછવાથી મુંઝાયેલ વ્યક્તિને પોતાની તકલીફોનું સમાધાન જાતે જ મળી જાય.

'આર યુ ઓકે?' આ ત્રણ મેજિકલ વર્ડ્સ યોગ્ય સમયે પૂછાવાના કારણે કેટલાય લોકોની નબળી પળ સચવાઈ હશે તો કેટલાકે આ સાંભળી બે આંસુ પણ સાર્યાં હશે. આમેય ભલમનસાઈની નથી સીમા હોતી કે ના તો કોઈ માપદંડ.

આપણા બોલથી કોઈને સારું લાગે, મન હળવું થાય તો આપણને પણ તેમને જાણતાં અજાણતાં મદદ કરવાથી

સંતોષની લાગણી થાય છે અને દિવસ સાર્થક થયો લાગે છે. શું તમેય ક્યારેય કોઈને પૂછ્યું છે : 'આર યુ ઓકે?

**બોલો, તમે શું કહો છો?** ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ feedback@bombaysamachar.com

# સ્માર્ટ ફોનનું સ્થાન AI લઈ લેશે?

## કોમ્યુનિકેશનની દુનિયામાં ઓટોમેશનની એન્ટ્રીનાં એંધાણ

સ્માર્ટ ફોન આજે આપણા જીવનનો એક અભિન્ન ભાગ બની ગયા છે. દિવસની શરૂઆતથી લઈને રાત્રીની ઊંઘ સુધી મોટાભાગનું કામ આજે સ્માર્ટ ફોન પર કરવું શક્ય બની ગયું છે. ઓફિસ ડોક્યુમેન્ટથી લઈને ડિજિટલ ગેમ્સ સુધી, પેમેન્ટ થઈને પિક્ચર ક્લિક કરવા સુધીની પ્રોસેસ ફોન પર થઈ જાય છે. બેંકિંગ અને સોશ્યલ મીડિયાથી લઈને ઓનલાઈન શિક્ષણ અને મનોરંજન સુધી, આપણે લગભગ દરેક કાર્ય માટે ફોન પર આધાર રાખીએ છીએ. તારથી શરૂ થયેલી સંદેશા વહનના માધ્યમની સફર આજે AI સુધી પહોંચી છે, આ યાત્રામાં વાયરવાળા ટેલિફોનથી લઈને આજના સ્માર્ટ ફોનનો સમાવેશ થાય છે. એ દરેક ડિવાઇસનો એક યુગ હતો એમ કહેવામાં પણ ખોટું નથી. ગૂગલ જેવી જાયન્ટ કંપની AI પર સ્વીચ થતા એના દરેક યુઝર્સને પણ AI સાથે જોડી દીધા. પહેલા તો ગૂગલ સર્ચ સાથે AI મોડ આવ્યું, પછી




વોટ્સએપની સ્વામિત્વ કંપની મેટાએ ચેટના સ્વરૂપમાં AI આપ્યું. આમ એક નાના-નાના પરિવર્તનથી ફોન AIથી જોડાઈ ગયો.

ચેટ જીપીટી અને ગૂગલ જેમિની જેવી એપ્સએ નાના- મોટા સર્ચ માટે ગૂગલ સુધી જવાની કે બ્રાઉઝર ખોલવાની તસ્દીમાંથી મુક્તિ આપી, પણ સમગ્ર ફોન જ એઆઈ હોય તો? સ્માર્ટ ફોનમાં એક પાર્ટ તરીકે આવતું એઆઈ ફીચર એક ડિવાઇસ તરીકે આવે તો ઘણું બધું નિયંત્રણ રાખવું પડે, પહેલા તો એ કે, સમજી શકાય એવી અંગ્રેજી ભાષા સાથે તાલમેલ બેસી જતા હવે ભાષાનું વિઘ્ન નથી. સરળતા એ રહેશે કે, ઓટોમેટિક મોડને યુઝર્સ કસ્ટમાઈઝ કરી શકશે, જેમ કે ફોનની રીંગ આખી વાગી જશે તો શું મેસેજ ફોન કરનારને મોકલવો છે એ ફિક્સ કરી શકાશે. રીમાઇન્ડર ફીચર અત્યારે પણ કામ કરે છે પણ કોલ ટુ એક્શન લઈ શકાશે, જેમ કે ૧૧ વાગ્યાની મીટિંગ પહેલા કોઈને ફોન કરવાનો હશે તો એ ઓટોમેટિક થશે.

ફોન હેંગ થવાની વાત ભૂતકાળ બને તો નવાઈ નથી, કારણ કે આઇફોન જેવા મોટા અને મોંઘા ફોનમાં ડાયરેક્ટ ક્લાઉડ સ્ટોરેજ આવતા હવે હરીફ કંપનીઓ ક્લાઉડ માર્કેટમાં એન્ટ્રી લેશે, ફાયદો એ થશે કે મધ્યમ બજેટની મર્યાદામાં હવે આઇફોનના ફીચર સરળતાથી એન્જોય કરી શકાશે. પણ એક વાત એ નક્કી છે કે, સ્માર્ટ ફોનની જગ્યા એઆઇ ફોન ક્યારેક નહીં લઈ શકે, આ પાછળનું કારણ એ છે કે, એઆઈ જાતે કંઈ કરી શકતું નથી. આ એક કમાન્ડ આધારિત ટુલ્સ છે. આને બનાવવામાં પણ માણસનો દિમાગ છે અને વાપરનાર પણ માણસ છે. સ્માર્ટ ફોનમાં ઓટોમેશન શક્ય છે પણ બધું જ ઓટોમેશન પર શક્ય પણ નથી. દાખલા તરીકે આપણને ફોન પાસેથી કેવું પરફોર્મન્સ જોઈએ છે એ ફોન નક્કી ન કરી શકે. હા, એઆઈ એક મોડ તરીકે આવી શકે છે, જેમાં નક્કી કરેલા ટાસ્ક માટે એક ફોર્મેટ ફિક્સ કરી શકાય છે.

એક એવો પણ સમય હતો કે સ્માર્ટ ફોનના લુક અને કલર્સ માટે થોડા વધુ પૈસા ખર્ચવા પડતા હતા. પણ હવે એવું શક્ય બને એવું તો ઓછું છે. હવે એઆઈના ટૂલ માટે વધુ પૈસા ખર્ચવા પડશે. ઘણા ફોનમાં હવે ચેટ જીપીટી અને ગૂગલ જેમિની જેવા ટૂલ હવે ઈનબિલ્ટ આવી રહ્યા છે. આનાથી ફાયદો એ થશે કે ક્યારેક મલ્ટીમીડિયાને સાચવવા સરળ બનશે, વારંવાર કોઈ કમાન્ડ કે પ્રોમ્પ્ટ નાખવા નહીં પડે. એઆઈ એક ફોન હિસ્ટ્રી પણ બનાવી શકે એટલે યાદ રાખવાની વાત ઓછી થતી જાય છે. શક્યતા એ પણ વ્યક્ત થઈ રહી છે કે, ફુલ્લી ઓટોમેશન ફોન સ્પેસ અને બેટરીનો દાટ વાળી દેશે. ટેક એક્સપર્ટ ત્યાં સુધી કહે છે કે આ એઆઇમાં પણ કંપની કે સરકાર કોઈ મર્યાદા મૂકી શકે છે. આ પાછળનું કારણ એ છે કે, વાત ડેટાની સુરક્ષા પર આવીને અટકે છે.

ખૂબ નજીકના ભવિષ્યમાં પ્રો, પ્રો મેક્સ, પ્લસ જેવા નામ જે ફોનના ફીચર અનુસાર આવતા એ એઆઈના કોઈ ફીચર સાથે આવે તો નવાઈ નહીં, હાલ આવો પ્રયોગ સેમસંગ અને વિવોએ કરેલો અને સફળ પણ થયો, જેમ કે સેમસંગ વિથ જેમિની ફીચર. ફોન રિસોર્સ મોનિટરીંગના એક રિપોર્ટના આધારે, એઆઈ સ્માર્ટ ફોનની એપ્સ અને સોફ્ટવેર માર્કેટમાં અસાધારણ ફેરફાર લાવશે પણ ડિવાઇસ ડેવલોપમેન્ટમાં નહીં પડે, કારણ કે ટેક જાયન્ટ કંપનીઓએ એઆઇ પર કરોડો રૂપિયાનું રોકાણ કર્યું છે. એટલે પોતાની પ્રોડક્ટ સિવાય એ માત્ર પ્લેટફોર્મ જ ધ્યાને લેશે. આવનારી નવી ને તૈયાર થતી એપ માર્કેટ એઆઈ આધારિત હશે પણ સંપૂર્ણ પેઇડ હશે. ■

**આઉટ ઓફ બોક્સ**

*AIના બેઝિક પ્રોમ્પ્ટથી ફોટો વીડિયો ફ્રીમાં બનાવવા હોય તો ડિઝાઇન એરેના સાઈટ બેસ્ટ છે...*

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક feedback@bombaysamachar.com

# તાજી તાજી દુશ્મની ને એક વિરાટ વર્લ્ડ કપ હવે શું થશે?

## કમનસીબે આ 'ખેલા હોબે' વખતે ભારતે માત્ર મૂક પ્રેક્ષક બની રહેવું પડશે!



પોતાના વિપક્ષીઓને 'ખેલા હોબે ' એવો પડકાર આપનારાં મમતા દીદીના બંગાળની રાજકીય ગરમી તો ઠરી ગઈ, પણ આમ છતાં અન્ય એક 'ખેલા'ના આવનારા દિવસોમાં બંગાળીઓ અન્ય એક ઇવેન્ટમાં બીઝી બીઝી થઈ જશે, કારણ કે બંગાળીઓને પ્રિય એવો એક ખેલ મહાઉત્સવ - FIFA વર્લ્ડકપ ૨૦૨૬ આવતી ૧૧ જૂનથી શરૂ થવા જઈ રહ્યો છે.

બંગાળ સહિતનાં પૂર્વોત્તર રાજ્યોમાં પરિસ્થિતિ જરા જુદી છે. આ પ્રજા ક્રિકેટ કરતાંય ફૂટબૉલ પાછળ વધુ ઘેલી છે અને એટલે જ આવનારા દિવસો આ લોકો માટે ખેલ મહાકુંભસમા બની રહેશે.

ફૂટબૉલની આ ઇવેન્ટ અત્યાર સુધીના સૌથી મોટા અને સૌથી અનોખા વર્લ્ડ કપ તરીકે ઇતિહાસમાં નોંધાશે. જે લોકોને સ્પોર્ટ્સમાં ખાસ રસ નથી એ લોકો પણ આ ટુર્નામેન્ટને એક મોટા સાંસ્કૃતિક મેળાવડા તરીકે જોઈ રહ્યા છે. છેલ્લા અઢી દાયકા દરમિયાન 'ફીફા વર્લ્ડકપ'નું જે ફૉર્મેટ હતું એ મુજબ કુલ ૬૪ મૅચ રમાતી, પણ આ વખતે સર્વાધિક ૪૮ દેશોની ટીમ ભાગ લેવા જઈ રહી હોવાથી કુલ મૅચની સંખ્યા વધીને ૧૦૦નો આંકડો પાર ગઈ છે. ૧૯૩૪માં ખેલાયેલા પ્રથમ ફૂટબૉલ ટુર્નામેન્ટમાં માત્ર ૧૭ મૅચ થઈ હતી. એની સરખામણીએ આ વર્ષે અધધ ૧૦૪ મૅચ રમાશે!

જોકે આ બધી સ્પોર્ટ્સને લગતી માહિતીઓ વચ્ચે રાજકારણનાં તરોતાજા સમીકરણો પણ રસપ્રદ રહેવાનાં છે, જેમકે ...

રાજકારણ પર સ્પોર્ટ્સ હાવી...

મજેદાર મુદ્દો એ છે કે આ તમામ મૅચ જૂના મિત્રો અને હવે એકબીજા સાથે તરોતાજા દુશ્મની વહોરી લેનાર દેશોમાં રમાવાની છે. વાત એમ છે કે FIFA વર્લ્ડકપ ૨૦૨૬ના યજમાન તરીકે પહેલી વખત ત્રણ-ત્રણ દેશ નિમાયા છે.

એકબીજાના પડોશી એવા આ ત્રણ દેશ એટલે મેક્સિકો, કૅનેડા અને આપણા લોકલાડીલા ડોનલ્ડ કાકાનું અમેરિકા. આમ તો આવી વૈશ્વિક સ્પર્ધાઓના યજમાન વર્ષો પહેલાં નક્કી થતા હોય છે. એ વખતના જિયોપૉલિટિકલ સમીકરણ કંઈક જુદા હશે. જોકે હાલની પરિસ્થિતિ અલગ છે. મેક્સિકો સરહદેથી અમેરિકામાં ઘૂસી આવનારા લોકો મોટી ડ્રગ કાર્ટેલ્સ ચલાવે છે અને અમેરિકાના અન્ડરવર્લ્ડમાં એમનો મોટો ફાળો છે. એ કારણોસર મેક્સિકો-યુએસએ સંબંધો પહેલેથી જ તણાવભરેલા છે. એમાંય મેક્સિકો સરહદે દીવાલ ચણવાની વાત કરનાર આખાબોલા ટ્રમ્પે આ સંબંધો વધુ વકરાવવાનું કામ કર્યું છે. બીજી તરફ કૅનેડા પહેલેથી અમેરિકાનું સારું મિત્ર હતું, પણ ટ્રમ્પે ગાદી પર બેસતાવેંત કૅનેડાને યુએસએના એકાવનમાં રાજ્ય તરીકે ઓળખાવાનું શરૂ કર્યું, ત્યારથી યુએસએ-કૅનેડા સંબંધો પણ સાવ વણસી ગયા છે. હવે આવા માહોલમાં આ ત્રણેય યજમાન દેશ જિયોપોલિટિકલ બબાલને બાજુએ રાખીને આખું આયોજન કઈ રીતે સુપેરે પાર પાડે છે એ જોવું કૌતુકભર્યું થઈ રહેશે.

અન્ય એક મહત્ત્વનો મુદ્દો આ વાતાવરણને લગતોય છે. જ્યાં મૅચ રમાવાની હોય એ શહેરમાં લાખો પર્યટકો ઊમટી પડે અને મેદાન હજારો પ્રેક્ષકોની ખીચોખીચ હાજરીથી ઊભરાઈ જાય એ સ્વાભાવિક છે. આવા સમયે જે-તે શહેરનું વાતાવરણ પડકારજનક બની શકે. કૅનેડા આમ ઠંડો પ્રદેશ ગણાય, પણ આ વર્ષે જૂન-જુલાઈમાં તાપમાન થોડું ઊંચું રહેવાની ધારણા ખરી. સામાન્ય રીતે અહીંનું તાપમાન ૨૦-૨૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેતું હોય છે, પણ મોસમ વિશેષજ્ઞોનાં અનુમાન મુજબ આ વર્ષે તાપમાન એટલું ઊંચું રહેશે કે આયોજકોએ દર્શકોને ઠંડક મળે એ માટે ખાસ આયોજનો કરવાની નોબત આવશે. દરિયાકિનારે વસેલા મિયામીમાં તો આ પ્રશ્ન વધુ ગંભીર બને એમ છે, કારણ કે મિયામી આમેય ગરમ અને ભેજવાળી હવા માટે જાણીતું છે. સામાન્યતઃ અહીં ૩૨ ડિગ્રી સેલ્સિયસ જેટલી ગરમી રહેતી હોય છે, પણ આ વર્ષે ગરમીનો પારો ઊંચો જશે. આ પરિસ્થિતિમાં 'ફીફા'એ ખેલાડીઓ અને પ્રેક્ષકોને હીટ સ્ટ્રોકથી બચાવવા માટે ત્રણ મિનિટ્સના હાઇડ્રેશન બ્રેક્સ આપવાનો નિયમ રાખ્યો છે.

વિશ્વભરમાંથી આવનારી ૪૮ ફૂટબૉલ ટીમ અને એમના લાખો ચાહકો માટેની વ્યવસ્થા ઊભી કરવાનું કામ ત્રણેય દેશો માટે અઘરું સાબિત થવાનું છે.

### આ બધામાં ભારત ક્યાં?

એક ભારતીય તરીકે આ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. વિશ્વની સૌથી લોકપ્રિય રમત ગણાતા ફૂટબૉલમાં ભારતની સ્થિતિ અપાર સંભાવનાઓ અને કટુ વાસ્તવિકતાની વચ્ચે ક્યાંક ઝોલા ખાય છે. ક્રિકેટ પ્રત્યેની ઘેલછાને કારણે પૂર્વોત્તર રાજ્યો સિવાયના ભારતે ભલે ફૂટબૉલ તરફ દુર્લક્ષ સેવ્યું, પણ હવે અઢળક સ્પોર્ટ્સ ચૅનલ્સ અને સોશ્યલ મીડિયાના જમાનામાં ભારતનો યુવા વર્ગ આ રમત તરફ આકર્ષાવાની શરૂઆત થઈ ચૂકી છે. જોકે ફૂટબૉલ પ્રત્યેની ચાહત હજી માત્ર પ્રેક્ષક બનવા સુધી જ સીમિત રહી છે. 'ફીફા' રેન્કિંગમાં ભારતની ટીમ ઠેઠ ૧૩૬મા ક્રમે છે! છેલ્લા ત્રણ-ચાર દાયકા દરમિયાન ભારત નેવુંમા ક્રમ સુધી માંડ પહોંચી શક્યું હતું. પણ એ પછી આપણે પડતી જ જોઈ. આમ તો ભારતની ટીમ ઠેઠ એકસો સિત્તેરમા ક્રમ સુધી સરકી પડી હોય એવો કપરો સમયગાળોય આપણે એકથી વધુ વખત વેઠવો પડ્યો છે!

જોકે પહેલેથી ફૂટબૉલ ક્ષેત્રે આપણે આટલા નબળા નહોતા. ૧૯૫૦-'૬૦નો દશક ભારતીય ફૂટબૉલ માટે સુવર્ણકાળ ગણાય છે. એ પછીય સુનીલ છેત્રી જેવા એકલવીર યોદ્ધાઓએ વૈશ્વિક સ્તરે સરાહના મેળવી છે...

મગર વો દાસ્તાં ફિર કભી...! ■

વિશેષ

નિધિ ભટ્ટ feedback@bombaysamachar.com

# ભારતમાં લગ્ન ફક્ત સાત ફેરા નથી, કાનૂની ઘેરો પણ છે



ભારતમાં લગ્નને મોટા ભાગે ભાવનાઓ, પરંપરાઓ અને સામાજિક પ્રતિષ્ઠાની નજરથી જોવામાં આવે છે, પરંતુ એની પાછળ એક સખત અને સુવ્યવસ્થિત કાનૂની ઢાંચો પણ મોજૂદ છે જેને નજરઅંદાજ કરવું ભારી પડી શકે છે. એ ભલે હિંદુ મૅરેજ ઍક્ટ ૧૯૫૫ દ્વારા થતા પારંપરિક લગ્ન હોય કે પછી સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ ૧૯૫૪ દ્વારા થતા આંતર્ધાર્મિક લગ્ન હોય, દરેક સંબંધ સાથે કેટલાક સ્પષ્ટ અધિકાર અને જવાબદારીઓ જોડાયેલી છે. જેવા કે લગ્નની ઓછામાં ઓછી ઉંમર પ્રોહિબિશન ઑફ ચાઇલ્ડ મૅરેજ ઍક્ટ ૨૦૦૬ નક્કી કરે છે તેમ જ દહેજ જેવી કુપ્રથા પર ડૉવરી પ્રોહિબિશન ઍક્ટ ૧૯૬૧ લગાતાર સખત રોક લગાવી રહ્યું છે. આ ઉપરાંત ઘરેલુ હિંસાથી સુરક્ષા, તલાકને લઈને ભરણપોષણ જેવા મુદ્દા પણ કાનૂની માળખામાં આવે છે. એટલે એ સમજવું જરૂરી છે કે લગ્ન ફક્ત સામાજિક બંધન નહીં, પણ એક કાનૂની અનુબંધ પણ છે. આ વિશે આપણે અહીં વિસ્તારથી સમજીએ.

### ભારતમાં અલગ-અલગ ધર્મો માટે લગ્નના કાયદાઓ

- હિંદુ, શીખ, જૈન અને બૌધ ધર્મના અનુયાયીઓ માટે હિંદુ મૅરેજ ઍક્ટ ૧૯૫૫ લાગુ છે.
- મુસ્લિમ સમુદાય માટે મુસ્લિમ પર્સનલ લૉ મોજૂદ છે.
- ભારતમાં રહેતા ઈસાઈઓ માટે ઇન્ડિયન ક્રિશ્ચિયન ઍક્ટ ૧૮૭૨ છે, જ્યારે પારસી સમુદાય માટે પારસી મૅરેજ ઍન્ડ ડાયવૉર્સ ઍક્ટ ૧૯૩૬ છે.
- આ સિવાય બે અલગ-અલગ ધર્મનાં છોકરા-છોકરી લગ્ન કરવા ઇચ્છે તો તેમના માટે સ્પેશ્યલ મૅરેજ ઍક્ટ ૧૯૫૪ છે.

### લગ્નની ન્યુનતમ ઉંમર ને માન્યતા

ભારતમાં લગ્ન માટે છોકરાની ઓછામાં ઓછી ઉંમર ૨૧ વર્ષ અને છોકરી માટે ૧૮ વર્ષ છે. આ નિયમ પ્રોહિબિશન ઑફ ચાઇલ્ડ મૅરેજ ઍક્ટ ૨૦૦૬ દ્વારા નક્કી કરવામાં આવ્યો છે. જો એનાથી નાની ઉંમરમાં લગ્ન કરવામાં આવે તો એ ગેરકાનૂની માનવામાં આવે છે અને એ માટે સજા પણ થઈ શકે છે. માન્યતાની બાબતમાં લગ્ન માટે બન્ને પક્ષોની સ્વીકૃતિ અને સંમતિ જરૂરી છે. બન્ને પક્ષનાં પહેલાં લગ્ન થયેલાં ન હોવાં જોઈએ તેમ જ લગ્ન કરનાર વ્યક્તિ માનસિક રીતે અસક્ષમ ન હોવું જોઈએ. આ ઉપરાંત કેટલાક નજીકના સંબંધોમાં લગ્ન કરવાં આપણા દેશમાં પ્રતિબંધિત છે જેમ કે સગા ભાઈ-બહેનનાં લગ્ન. જો આ નિયમનો ભંગ કરવામાં આવે તો એ લગ્ન અવૈધ માનવામાં આવે છે. લગ્ન પછી એનું રજિસ્ટ્રેશન કરવાનું બહુ જરૂરી છે, કારણ કે લગ્નનું રજિસ્ટ્રેશન જ લગ્નનું કાનૂની પ્રમાણ છે તેમ જ પાસપોર્ટ, વિઝા તથા સંપત્તિની બાબતમાં આ દસ્તાવેજ વૈધ માનવામાં આવે છે, દેશનાં કેટલાંક રાજ્યોમાં એને અનિવાર્ય બનાવી દેવામાં આવ્યું છે.

### દહેજ - કાનૂન - ઘરેલું હિંસા

ભારતમાં દહેજ લેવું ગેરકાનૂની છે, એને ડૉવરી પ્રોહિબિશન ઍક્ટ ૧૯૬૧ દ્વારા નિયંત્રિત કરવામાં આવે છે. જો કોઈ પક્ષ દ્વારા દહેજ માગવામાં આવે કે એના માટે હેરાન કરવામાં આવે તો તેમની સામે આઇપીસી કાનૂની ધારા ૪૯૮એ દ્વારા મામલો દર્જ કરવામાં આવે છે અથવા એના માટે જેલ તેમ જ જુર્માના અથવા બન્ને દંડ થઈ શકે છે. દહેજની સાથે-સાથે મહિલાઓને ઘરેલુ હિંસાથી સુરક્ષા આપવા માટે પ્રોટેક્શન ઑફ વુમન ડોમેસ્ટિક વાયલન્સ ઍક્ટ ૨૦૦૫ લાગુ છે એના અનુસાર શારીરિક હિંસા, માનસિક ઉત્પીડન, આર્થિક શોષણ તેમ જ ભાવનાત્મક અત્યાચારને ઘરેલુ હિંસા માનવામાં આવે છે. ઘરેલુ હિંસાનો શિકાર થયેલી કોઈ પણ મહિલા મહિલા કોર્ટમાં પોતાની સુરક્ષા, નિવાસ અને ભરણપોષણની માગ કરી શકે છે.

### તલાકના અધિકાર

જો લગ્ન સફળ નહીં થાય તો બન્ને પક્ષને તલાકનો અધિકાર છે. હિંદુ એને હિંદુ મૅરેજ ઍક્ટ ૧૯૫૫ અનુસાર એ હાંસલ કરી શકે છે જ્યારે બીજા ધર્મના લોકો માટે પોતપોતાના કાનૂન છે, પરંતુ તલાક માટે જે વાતો આધાર બને છે એ આ પ્રમાણે છે. ક્રૂરતા, વ્યભિચાર, પરિત્યાગ, ધર્મપરિવર્તન અને માનસિક બીમારી. તલાક કે અલગ રહેવાવાળી મહિલા માટે પોતાના પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર છે. પત્ની, બાળકો કે કેટલાક કેસમાં પતિ પણ કોર્ટ પાસેથી આર્થિક સહાયતા માગી શકે છે. આ અધિકાર સીઆરપીસી ૧૨૫ અને લગ્નના અલગ-અલગ કાયદા પ્રમાણે મળે છે.

### સંપત્તિ ને ઉત્તરાધિકાર

લગ્ન પછી પત્નીને પતિની સંપત્તિમાં હિસ્સો મળે છે, જ્યારે બાળકોનો માતા-પિતાની સંપત્તિમાં અધિકાર હોય છે. હિંદુઓ માટે આ નિયમ હિંદુ સેક્શન ઍક્ટ ૧૯૫૬ અનુસાર પ્રાપ્ત છે, પરંતુ લિવ ઇન રિલેશન હજુ પણ કાનૂનની નજરમાં સંપૂર્ણ રીતે વૈધ નથી, પરંતુ ગેરકાનૂની પણ નથી. ■

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# સિકવલ પછી સિકવલ... તુ રુપ કી રાની મૈં ચોરો કા રાજા!

**બે સેક્સી અભિનેત્રી અને એક આશિક અપરાધી વચ્ચે તિહાર જેલ અને જાહેરમાં આકાર લેતી આ ફિલ્મી સ્ટાઈલની ક્રાઈમ-કથામાં નીત નવી નવી એવી ઘટનાઓ ઉમેરાતી જાય છે કે એ કોઈ ફિલ્મની સિકવલ કરતાં જરાય ઓછી રોમાંચક નથી...**



જેકલિન ફર્નાન્ડિસ-સુકેશ ચન્દ્રશેખર-નોરા ફતેહીઃ એક અપરાધી આશિક, બે સેક્સી અભિનેત્રી

તમે આ લેખનું શીર્ષક વાચ્યુંને ?

કોઈ પણ હિન્દી ફિલ્મ માટે દર્શકોને બોકસ ઑફિસ સુધી ખેંચી લાવે એવું આ લોભાવનારું ટાઈટલ છે. વાત ખરેખર ગંભીર છે, કારણ કે અહીં જે બે 'રાની'ની વાત છે એ મદહોશ કરી નાખે એવી બોલિવૂડની બે એકટ્રેસ છે. આ બન્ને સેકસી અભિનેત્રી સાથે જેનું નામ ગાજે છે વો ભી કુછ કમ નહીં... રૂપિયા ૨૦૦ કરોડના મની લોન્ડ્રિંગના અપરાધમાં અટવાઈને એ 'ચોરો કા રાજા' અત્યારે દિલ્હીની તિહાર જેલમાં ખરા અર્થમાં આરામ ફરમાવી રહ્યો છે. (વચ્ચે એને કામચલાઉ જામીન મળ્યાં હતા ) પેલી બે ફૂટડીમાંથી એક છે મૂળ શ્રીલંકાની જેકલિન ફર્નાન્ડિસ અને બીજી છે કુશળ ડાન્સર-અભિનેત્રી એવી મૂળ કેનેડાની નોરા ફતેહી, જ્યારે એ બન્નેને પોતાના પ્રેમમાં પાડનારો છે એક અઠંગ અપરાધી સુકેશ ચન્દ્રશેખર...

આ કેસમાં રોજ કેવી કેવી અવનવી ટ્વિસ્ટ આવી રહી છે એ જાણતા પહેલાં આપણે થોડા ફિલ્મી સ્ટાઈલમાં ફલેશબેકમાં જવું પડશે...

સુકેશ ચન્દ્રશેખરની ક્રાઈમ કૂંડળી બડી જમાવટવાળી છે. એની ગુનાખોરીની મોડસ ઑપરેન્ડી (કાર્ય પદ્ધતિ) જાણવી હોય તો પોલીસ ચોપડે નોંધાયેલી એની અપરાધકથા જાણી લેવા જેવી છે...

આમ તો સુકેશ દેખાવે ખાસ કંઈ પહેલી નજરે ધ્યાન ખેંચે એવો નથી. રાબેતા મુજબ એ કોઈ સાઉથ ઈન્ડિયન લાગે. દક્ષિણ ભારતીય જેવો જ ઘટ્ટ ઘંઉવર્ણો વાન. હા, બાહ્ય દેખાવને તમે જતો કરો તો એની જબાનમાં એવો જાદુ છે કે વાત શરૂ થાય તે ત્યાંથી લઈને વાત પૂરી થાય ત્યાં સુધી એ તમને એની વાતથી જકડી રાખે- એવા વાક્ચાતુર્યમાં એ એક્કો છે. એ ભલભલાને આંજી શકતો, કારણ કે પૂરતું હોમવર્ક કરીને સામેવાળાને મળવા જતો.

કાળાં નાણાંની હેરાફેરી કરી એને કોઈ રીતે પણ કાયદેસર બનાવવાની પ્રક્રિયા 'મની લોન્ડરિંગ' તરીકે ઓળખાય છે. આવા ગેરકાયદે સોદામાં તમારે પહેલી વારમાં જ શિકારને લપેટમાં લઈ લેવો પડે. સુકેશ ચન્દ્રશેખર આવા ૯૦ જેટલા કેસમાં સંડોવાયો હતો. જેટલા પણ એણે શિકાર કર્યા એમાં એની મીઠી જબાને જ કામ તમામ કરી આપ્યું હતું.

મૂળ બેંગ્લુરુનો આ ૩૭ વર્ષીય સુકેશ પોતાની આઈડેન્ટિટી- ઓળખ બદલવામાં પાવરધો છે. જેવો શિકાર એ મુજબનો એ સ્વાંગ સજે. મોટેભાગે પોતાની ઓળખ એક સફળ બિઝનેસમેન તરીકે આપતો. પોતે મોટા રાજકારણીઓથી માંડીને જાણીતા ફિલ્મ કલાકારો તેમજ સમાજના નામી લોકો સાથે અચ્છો ઘરોબો ધરાવે છે એવી વાતથી સામાવાળાને પ્રભાવિત કરી લેતો. એ જરૂર પડે ત્યારે પોતાની ઓળખ તમિળનાડુ આન્ધ્રના પૂર્વ મુખ્ય મંત્રીના પુત્ર કે એમના ભાણેજ -ભત્રીજા સુધી બિન્ધાસ્ત આપતો!. એની કેરિયરનો સર્વપ્રથમ તગડો શિકાર તમિળનાડુના એક વરિષ્ઠ નેતા હતા. 'પોતે ચૂંટણી કમિશ્નર સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે, જે તમારા પક્ષને આગામી ચૂંટણી જીતાડવામાં મદદરૂપ બનશે.' એવું પેલા નેતાના દિમાગમાં ઠસાવીને સુકેશે 'ખર્ચ' પેઠે બે-ત્રણ ટુકડામાં રૂપિયા ૫૦ કરોડની જંગી રકમ સરકાવી લીધી હતી! પાછળથી ચૂંટણી કમિશ્નરની ફરિયાદને લીધે એ ઝડપાયો ને તિહાર જેલમાં ધકેલાઈ ગયો. ત્યાં પણ સુકેશે એવી જમાવટ કરી હતી કે જેલમાંથી એ જાતભાતના ચક્કર ચલાવીને તગડી ખંડણી વસૂલ કરતો!

આ દરમિયાન જેની કિંમત આજે આશરે રૂપિયા ૩૦-૩૨ કરોડની ગણાય એવી કુલ નવેક વૈભવી કારનો કાફલો ધરાવતો સુકેશ આડેધડ ખર્ચ કરવાનો વિલાસી શોખિન હતો. તિહાર જેલમાં હતો ત્યારથી એ અભિનેત્રી જેકલિન ફર્નાન્ડિસના પ્રેમમાં પડી ગયો હતો. જેલમાંથી એણે વાયા વાયા જેકલિનનો પરિચય કેળવ્યો, જે સમય જતાં વધુ ઘનિષ્ઠ થયો હતો. જેકલિન પણ સુકેશની મોહજાળમાં આવી ગઈ.

ટૂંક સમયમાં જેકલિન અને સુકેશના આવા નિકટના 'સંબંધ' અને સુકેશ જેલમાંથી એના પર કેવી કેવી લાખો-કરોડોની મોંઘી ભેટ-સોગાદ ન્યોછાવર કરતો હતો એની વાત પણ જાહેરમાં જોરશોરથી ચર્ચાવાની શરૂ થઈ ગઈ હતી.

અહીં આ 'કહાની મેં ટ્વિસ્ટ' એ આવ્યો કે જેકલિન - સુકેશના કહેવાતા હૂંફાળાં સંબંધમાં અચાનક સેક્સી ડાન્સર-અભિનેત્રી નોરા ફતેહીનું નામ ઉછળ્યું. એ અભિનેત્રી કરતાં પણ સેકસી ડાન્સર અને પરફોર્મર તરીકે વધુ જાણીતી છે. એનાં 'સાકી સાકી', 'દિલબર' (રીમિક્સ) અને 'નાચ મેરી રાની' સુપરહિટ ગણાય છે. દિલફેંક સુકેશએ ડાન્સર નોરાને પણ અનેક મોંઘી ભેટ પહોંચાડી ત્યાર પછી નોરા સાથે પણ સુકેશ હૂંફાળાં સંબંધ ધરાવે છે એવી વાતો પણ વહેતી થઈ ગઈ...

જોકે નોરા કહે છે : 'હું સુકેશને ક્યારેય રૂબરૂ મળી નથી. મારી અને એની પત્ની લીના મારિયા પોલની ઓળખાણ એક પાર્ટીમાં થયેલી. એના એક ચેરિટી શોમાં મેં એક ડાન્સ કર્યો હતો. લીનાને લીધે હું એના કારાવાસમાં રહેલા પતિ સુકેશના પરિચયમાં આવી અને બે ચાર વાર 'વોટ્સ ઍપ' કોલ પર અમારે વાત થઈ હતી. ધેટ્સ ઓલ..!'

આવું જાહેર કરનારી નોરા એનો ફોડ નથી પાડતી કે સુકેશ એના પર શા માટે એવો ફિદા થઈ ગયો કે એણે મોરોક્કોમાં બંગલો લેવા માટેથી લઈને 'બીએમડબ્લ્યુ' જેવી વૈભવી કાર સહિત નોરાને કરોડો રૂપિયાની ભેટ આપી, જેને નોરાએ હોંશે હોંશે સ્વીકારી પણ હતી!

આવી રીતે વારાફરતી જેકલિન અને નોરા સાથેનાં હૂંફાળાં સંબંધ (લફરાં વાચો!)ની 'ખાનગી' વાત ખુલ્લેઆમ જાહેરમાં ચર્ચાતી રહી છે. એ બન્નેને આ આશિક અપરાધીએ લાખો રૂપિયાની કિંમતી ભેટ તેમ જ કડકડતી કરન્સીમાં રોકડ રકમ આપી હોવાની વાત પણ કોઈથી છાની નહોતી એની સીધી અસર રૂપે નોરા અને જેકલિનને કાળાં નાણાંની હેરાફેરી -આર્થિક ભ્રષ્ટાચાર, ઈત્યાદિની તપાસ કરતી એજન્સી 'ઈડી' (ઍન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ )ના હાજર થવાનાં નોતરાં મળ્યાં. કેટલાંય દિવસો સુધી કલાકોના કલાકો સુધી એ બન્ને લલનાઓની સીધી-ઊલટી તપાસ થઈ. શરૂઆતમાં 'પ્રશંસક' ને પાછળથી 'સારા મિત્રો' અને પછી એકેમેક પ્રત્યે 'કૂણી' લાગણી સુધીની કબૂલાત થઈ. મોંઘી ભેટની વાત પણ બન્નેએ સ્વીકારી, પણ આવી કબૂલાતને લીધે કોઈ ગુનો સાબિત નહોતો થતો.

એ જે ગાળામાં આશિક અપરાધી સુકેશ ચન્દ્રશેખરે જ જાતે જબરો ધડાકો કરતાં સ્વીકારી લીધું કે એ અને જેકલિન બન્ને ખરેખર પ્રેમમાં હતા, પણ એની બીજી ફ્રેન્ડ નોરાને પણ વૈભવી કાર વત્તા મોંઘી પર્સની ભેટ (પર્સની કિંમત બે કરોડ રૂપિયા હતી!) ઉપરાંત અઢળક રોકડ પણ અવારનવાર માગતી રહેતી તેથી નોરાની પણ આ બધી જ પ્રેમભરી ડિમાન્ડ પોતે પૂરી પણ કરી છે એવી કબૂલાત ખુદ સુકેશુએ પોતાના વકીલ સાથે મોકલેલા એક પત્ર દ્વારા કરી હતી...!

બીજી તરફ, સુકેશ જેવા અપરાધી સાથે પોતાનું નામ ખોટી રીતે ઉછાળવા માટે નોરાએ હમણાં જેકલિન પર રૂપિયા ૨૦૦ કરોડનો બદનક્ષી દાવો ફટકાર્યો છે. આમ આ બન્ને બૈરાં જાહેરમાં બાધી રહ્યાં છે..!

આ બધી સ્ફોટક માહિતી પરથી 'તું રુપ કી રાની'ની મૂળ કથા પછી એની સિકવલ બની શકે. જોકે આ સિકવલની પણ સિકવલ (પાર્ટ થ્રી!) સર્જાઈ શકે એવી ચોંકાવનારી માહિતી તો હવે બહાર આવી રહી છે.

**કટ ટુ ટુ-ડે-પ્રેઝન્ટ**

આ બધી કાયદાકીય ગડમથલ વચ્ચે મહાઠગ સુકેશ ચન્દ્રશખરે એક નવો ખેલ પાડ્યો છે. એણે જેક્લિનના ચાહકો માટે જાહેર કર્યું છે કે જેકલિનના નવા ગીત-વીડિયો ('દમ દમ ') પર જે ૧૦ ચાહક શ્રેષ્ઠ કમેન્ટ કરશે એમને ૧-૧ કરોડ રૂપિયાના ૧૦ ફલેટ ઈનામરૂપે પોતે ભેટ આપશે !

(આ પહેલાં ન્યૂયોર્કમાં જેક્લિન માટે એણે એક વૈભવી ફલેટ 'લવ નેસ્ટ' ખરીદીને ભેટ આપવા તૈયાર રાખ્યો છે એવો જાહેર દાવો પણ એણે કર્યો હતો ! )

આ અગાઉ સુકેશના ગાઢ પરિચયમાં હતી ત્યારે જેક્લિને જાહેરમાં કહ્યું છે કે 'મને મારા સપનાનો રાજકુમાર મળી ગયો!' પણ હવે પોતાના પ્રેમી હોવાનો છાશવારે તોતિંગ દાવા કરતાં સુકેશ ચન્દ્રશખરને જબરો આંચકો લાગે એવી જાહેરાત ખુદ જેક્લિને કરી છે. દિલ્હી કોર્ટમાં એણે કહ્યું છે કે એ ખુદ સુકેશ વિરુદ્ધ તાજની સાક્ષી બનવા તૈયાર છે !

જોકે ગયા અઠવાડિયે જ સરકારી તપાસ એજન્સી ED (એન્ફોર્સમેટ ડિપાર્ટમેન્ટ )એ જેકલિનની રાજના સાક્ષી બનવાની ઓફર નકારી કાઢતા કહ્યું છે કે પોતાના પ્રેમી સુકેશના બધા જ કાળા ધંધાની જેકલિનને પહેલેથી જાણ હતી, છતાં એણે પેલા સાથે સુવાળા સંબંધ ચાલુ રાખ્યા. એટલું નહીં, સરકારી તપાસ એજન્સીઓને સહકાર સુધ્ધાં પણ નહોતો આપ્યો !

સરકારી તપાસ એજન્સીના વિરોધ પછી કોર્ટે હવે મહાઠગ સુકેશ, અભિનેત્રી જેકલિન અને અન્ય લાગતાવળગતા વિરુદ્ધ આરોપો ઘડીને ૩ જૂનથી કેસ ચલાવવાનો આદેશ આપી દીધો છે અને એની સુનાવણી શરૂ પણ થઈ ગઈ છે...

છે ને આ બધી 'તુ રુપ કી રાની મૈં ચોરો કા રાજા!'ની સિકવલ થ્રી નો ભરપૂર મસાલો ?!

ટૂંકમાં એક આશિક અપરાધી અને બે ધનભૂખી લલનાની આ ભેદભરમવાળી 'વાર્તા' દિન પ્રતિ દિન વધુ રોમાંચક આકાર લેતી જાય છે. જોઈએ, આખરે હવે એમાં વેમ્પ કે વિલન કોણ પુરવાર થાય છે... ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# પ્રકૃતિનું આબેહૂબ અનુકરણ : માણસ મહાન શોધક નથી, છે એ એક માત્ર શાનદાર નકલખોર!




જાપાનની 'શિંકાન્સેન' (Shinkansen) એટલે કે બુલેટ ટ્રેન દુનિયાભરમાં તેની સ્પીડ અને ટેક્નૉલૉજી માટે પ્રખ્યાત છે. નેવુંના દાયકામાં આ ટ્રેનના એન્જિનિયરો એક બહુ મોટી સમસ્યાનો સામનો કરી રહ્યા હતા. ટ્રેન જ્યારે ૩૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે કોઈ ટનલ (બોગદા)માં પ્રવેશે અને બહાર નીકળે ત્યારે હવાના દબાણને કારણે બૉમ્બ ફાટ્યો હોય એવો ભયંકર અવાજ (સોનિક બૂમ) આવતો હતો. આ અવાજના કારણે ટનલની આસપાસ રહેતા લોકોના ઘરોના કાચ તૂટી જતા અને લોકો ત્રાસી ગયા હતા. આના ઉપાય માટે જાપાનના શ્રેષ્ઠ દિમાગો કામે લાગ્યા, પણ કોઈ એન્જિનિયરિંગ ફૉર્મ્યુલા કામ નહોતી આવતી. ત્યારે આ પ્રોજેક્ટના ચીફ એન્જિનિયર ઇજી નાકાત્સુને એક વિચાર આવ્યો. નાકાત્સુ એક શોખીન 'બર્ડ વૉચર' હતા. તેમણે જોયું કે કલકલીયો (કિંગફિશર) નામનું પક્ષી હવામાંથી ઉડતું ઉડતું આવે છે અને માછલી પકડવા માટે પાણીમાં ડૂબકી મારે છે ત્યારે પાણીનો એક છાંટો પણ ઉડતો નથી! હવાનું પાતળું માધ્યમ અને પાણીનું ઘન માધ્યમ આ બંને વચ્ચેની સરહદ કલકલીયો એની ચાંચના વિશિષ્ટ આકારને કારણે પાણીમાં ખાબકતી વખતે જરાય અવાજ કરતું નથી. નાકાત્સુએ પોતાની ટીમને કહ્યું, 'આપણી ટ્રેનની ડિઝાઇન આ કલકલિયાની ચાંચ જેવી બનાવો. 'અને જાદુ થઈ ગયો! નવી બુલેટ ટ્રેનની નોઝ (આગળનો ભાગ) કલકલીયાની ચાંચ જેવી અણીદાર અને લાંબી બનાવવામાં આવી. ને એ સાથે જ સોનિક બૂમનો અવાજ ગાયબ થઈ ગયો- ટ્રેનની સ્પીડ ૧૦% વધી ગઈ અને વીજળીનો વપરાશ ૧૫% ઘટી ગયો.!

માણસ પોતાને ભલે સર્જક કે સંશોધક સમજે, પણ વાસ્તવિકતા એ છે કે આપણી બેસ્ટ ટેક્નૉલૉજી એ પ્રકૃતિ દ્વારા અબજો વર્ષો પહેલાં કરી લેવાયેલા પ્રયોગોની ઉઠાંતરી (સારો શબ્દ 'અનુકરણ'!) માત્ર છે. વિજ્ઞાનની ભાષામાં આને 'બાયોમિમીક્રી' કહે છે.

આપણે રોજબરોજના જીવનમાં જે 'વેલક્રો'નો ઉપયોગ કરીએ છીએ તેની શોધ કેવી રીતે થઈ?

૧૯૪૧માં જ્યૉ'ર્જ ડી મેસ્ટ્રલ નામનો એક સ્વિસ એન્જિનિયર પોતાના કૂતરાને લઈને જંગલમાં ફરવા ગયો. પાછા ફરતી વખતે તેણે જોયું કે કૂતરાના વાળમાં અમુક જંગલી બીજ ચોંટી ગયા હતા. તેણે માઇક્રોસ્કોપમાં એ બીજ જોયા તો તેમાં અસંખ્ય નાના હુક્સ હતા જે કૂતરાના વાળમાં ભરાઈ ગયા હતા. બસ, આ જ કન્સેપ્ટ પરથી તેણે બે પટ્ટીઓવાળું 'વેલક્રો' બનાવ્યું જે આજે કપડાંથી લઈને અવકાશયાત્રીઓના સ્પેસ-સૂટ સુધી વપરાય છે.

આવાં તો અગણિત ઉદાહરણ છે. ઝિમ્બાબ્વેના હરારે શહેરમાં મિક પીયર્સ નામના આર્કિટેક્ટે 'ઇસ્ટગેટ સેન્ટર' નામનું આખું શૉપિંગ મૉલ અને ઑફિસ કૉમ્પ્લેક્સ એસી વિના બનાવ્યું છે. તેણે આ ડિઝાઈન ઉધઈના રાફડા પરથી પ્રેરણા લઈને બનાવી છે! બહારનું તાપમાન ૪૦ ડિગ્રી હોય તો પણ ઉધઈનો રાફડો અંદરથી હંમેશા ઠંડો રહે છે, કારણ કે તેમાં હવાની અવરજવર માટે એક નેચરલ વેન્ટિલેશન સિસ્ટમ હોય છે. આપણે ગરમીથી બચવા માટે મુંબઈમાં કરોડો રૂપિયાના એસી લગાવીને ગ્લોબલ વૉર્મિંગ વધારી રહ્યા છીએ, જ્યારે એક નાનકડી ઉધઈ પાસે આપણા કરતાં વધુ સારી આર્કિટેક્ચરલ-સ્થાપત્ય સેન્સ છે.

શાર્ક માછલીની ચામડીની સંરચના જોઈને વૈજ્ઞાનિકોએ એવી સરફેસ (સપાટી) બનાવી છે જેના પર બેક્ટેરિયા ચોંટી જ ન શકે. આજે આધુનિક હૉસ્પિટલોમા ઇન્ફેક્શન રોકવા માટે આ 'શાર્ક-સ્કીન' પૅટર્નનો ઉપયોગ થાય છે. આપણે જ્યારે સોલાર પૅનલ બનાવીએ છીએ ત્યારે આપણે ખરેખર તો ઝાડનાં પાંદડાં પ્રકાશસંશ્લેષણ દ્વારા સૂર્યપ્રકાશમાંથી જે ઊર્જા બનાવે છે, તેની જ યાંત્રિક અને અધૂરી નકલ કરીએ છીએ. આપણી સોલાર પૅનલની કાર્યક્ષમતા હજુ માંડ ૨૦-૨૫ ટકા છે, જ્યારે પ્રકૃતિ આ કામ અબજો વર્ષોથી ૧૦૦% પરફેક્શન સાથે કરી રહી છે.

હમણાં જ બે દિવસ પહેલાં, ૫ જૂને આપણે 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઊજવ્યો. નેતાઓ, સેલેબ્સ અને સામાન્ય લોકોએ બે-ચાર રોપા વાવીને, સોશ્યલ મીડિયા પર ફોટા મૂકીને 'સેવ ધી અર્થ'ના નારા લગાવ્યા હશે. આ 'પૃથ્વીને બચાવો' એ માનવજાતનો સૌથી મોટો અહંકારથી ભરેલો ડાયલૉગ છે. પૃથ્વીને કોઈના બચાવવાની જરૂર નથી. આ પૃથ્વી પર ડાયનાસોર આવ્યા અને એક જ ઉલ્કાપાતથી ખતમ થઈ ગયા. આ પૃથ્વીએ ભયંકર હિમયુગ અને જ્વાળામુખીઓના વિસ્ફોટો જોયા છે. પૃથ્વી તો ૪.૫ અબજ વર્ષોથી ટકી જ છે અને આપણા ગયા પછી પણ ટકશે. ખરેખર તો પર્યાવરણ દિવસ 'સેવ ધી હ્યુમન્સ'નો દિવસ હોવો જોઈએ. આપણે પૃથ્વીને નથી બચાવવાની, આપણે આપણા પોતાના અસ્તિત્વને બચાવવાનું છે.

બાયોમિમીક્રી આપણને એક બહુ મોટો ફિલસૂફી-તત્ત્વજ્ઞાનના પાઠ ભણાવે છે. આપણે અત્યાર સુધી પ્રકૃતિને એક 'રિસોર્સ'-સંધન તરીકે જોઈ છે જેને આપણે ખોદીને, કાપીને, બાળીને ખતમ કરી શકીએ, પણ હવે સમય આવી ગયો છે કે આપણે પ્રકૃતિને એક પથદર્શક તરીકે જોઈએ. પૃથ્વી એક વિશાળ લૅબોરેટરી છે અને પ્રકૃતિ પાસે ૩.૮ અબજ વર્ષનો રિસર્ચ અને ડેવલપમેન્ટ (R&D)નો અનુભવ છે. જે જીવજંતુઓ કે વનસ્પતિઓ ડિઝાઇનમાં ખામીવાળા હતા તેમને ઉત્ક્રાંતિએ નિર્દયતાથી ભૂંસી નાખ્યા છે. આજે જે પ્રકૃતિ અસ્તિત્વમાં છે તે હજારો ફિલ્ટર્સમાંથી પાસ થયેલી બેસ્ટ-બેન મૂન ડિઝાઇન છે.

માણસ માત્ર છેલ્લી સેકન્ડે પૃથ્વીના ઇતિહાસના મંચ પર આવેલો એક ગૌરવશાળી કલાકાર છે. આપણે કુદરત સાથે લડવાનું બંધ કરીને, તેની પાસેથી શીખવાનું ચાલુ કરવું પડશે. જો આપણે આપણા આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર, અર્થવ્યવસ્થા અને ટેક્નૉલૉજીને કુદરતના નિયમો (બાયોમિમીક્રી) સાથે સંતુલન નહિ સાધીએ તો પ્રકૃતિ પોતાની ડિઝાઇન ફરીથી બદલી નાખશે અને એ નવી ડિઝાઇનમાં હોમો સેપિયન્સ એટલે કે આપણે એટલે કે માનવ માટે કદાચ કોઈ જગ્યા નહીં હોય. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડ માટે કટોકટી પણ બની શકે છે આ રીતના આશીર્વાદ!




જ્યારે તમે બ્રાન્ડ વૈશ્વિક સ્તરે અથવા રાષ્ટ્રીય સ્તરે વેચતા હો ત્યારે મુશ્કેલીઓ આવવાની. મુશ્કેલી થાય અને તેમાં કન્ઝ્યુમર સામેલ છે તો તેનો સામનો અને ઉકેલ કરવો આવશ્યક થઈ પડે.

આજે આની વાત કરવાનું કારણ તે કે મેં (આ કોલમકર્તાએ) તાજેતરમાં પ્રત્યક્ષ આવી કટોકટીનો અનુભવ કર્યો. કટોકટીઓની કેસ સ્ટડી આપણે ઘણી વાંચી હોય છે અને તેના પ્રમાણે બ્રાન્ડ પોતાને ભવિષ્ય માટે તૈયાર કરે છે.

આ અઠવાડિયે હું વિદેશ પ્રવાસે જવા નીકળ્યો. થોડા સમય પહેલાં યુરોપની નામી બ્રાન્ડ છે પણ ભારતથી તેનું ઑપરેશન હમણાં જ શરૂ થયું છે તેણે ઍરલાઇનમાં ટિકિટ બુક કરી. કહી શકાય કે મુંબઈથી હું જે ફ્લાઇટમાં જવાનો હતો તે મુંબઈથી પહેલી વાર જ ટેક ઑફ કરવાની હતી.

હવે કટોકટીની વાત... પહેલાં ઇ-મેલ દ્વારા જણાવાયું કે ફ્લાઇટ ૪ કલાક મોડી છે, પણ રિપોર્ટિંગ સમયસર કરવું.

રિપોર્ટિંગ થયું તેના થોડા સમય બાદ જણાવવામાં આવ્યું કે ફ્લાઇટ રદ્દ થઈ છે...

કોઈ પણ દેશ હોય, આવી પરિસ્થિતિમાં કન્ઝ્યુમરની પ્રતિક્રિયા સરખી જ હોવાની. બધા રોષે ભરાઈ કાઉન્ટર પર જે દેખાય તેના પર પોતાનો ગુસ્સો ઠાલવવાનો. કારણ વાજબી છે કે લોકોના પોતાના પ્લાન હોય અને તે મુજબ બુકિંગ થયું હોય તો ભારે પડે. આવા સમયે પૈસા આપ્યા છે તેનું શું થશે કરતાં પહોંચવું આવશ્યક હોય છે. આ માનસિકતા ત્યાં હાજર હરેક પ્રવાસીના મુખ પર દેખાતી હતી.

હવે વાત આ આખી કટોકટીને ઍરલાઈને કઈ રીતે સંભાળી તેની છે. સૌપ્રથમ તેમણે ઇમેલમાં તરત જ બે વિકલ્પ આપ્યાઃ એક તમે તમારું રિફંડ પાછું મેળવી શકો છો અને તેના માટે એક લિંક આપી હતી તેના પર જવા કહ્યું. બીજો વિકલ્પ આપ્યોઃ તમારી ફ્લાઇટને તે ઍરલાઇનમાં બે દિવસ પછીની તારીખે બુક કરો. હવે અહીં લોકોની માનસિકતા સમજી ઇમેલ આવ્યો. લોકો જ્યારે કોઈપણ પ્રવાસે નીકળે છે ત્યારે પ્લાંનિંગ સાથે નીકળે છે આથી રિફંડનો વિકલ્પ મોટા ભાગે કોઈ નથી લેવાનું. ગણ્યાગાંઠ્યા લોકો હશે તે લેશે એટલે હવે લોકો બીજા વિકલ્પ તરફ વળશે તે સ્વાભાવિક છે. જ્યારે લોકો કાઉન્ટર પર ગયા ત્યારે ઍરલાઇન્સ કંપનીએ સ્ટાફની સંખ્યા વધારી જેથી લોકોને જવાબ આપી શકાય. લોકો જ્યારે ગુસ્સામાં ત્યાં ધસી ગયા ત્યારે સ્ટાફ ફૉર્મ લઈને તૈયાર હતો અને વિગતો લેવાની શરૂઆત કરી. લોકો થોડા નરમ પડ્યા, કારણ કે તેમણે પ્રતિક્રિયા આપવાની શરૂઆત કરી.

હવે ઍર લાઇન્સે એક મૅનેજર કક્ષાની વ્યક્તિને એકલાને બોલવાની સત્તા આપી. તેના જવાબ બધાને એક સરખો મળી રહ્યો હતો, જેથી વધુ અફવાઓ ના ફેલાય.

ઍરલાઇન્સવાળા પણ જાણતા હતા કે આ તેમનો પહેલો દિવસ છે મુંબઈમાં અને આ મુશ્કેલી ઊભી થઈ છે.

લોકોએ પૂછવાનું શરૂ કર્યું કે જો બીજા દિવસે જઈશું તો ત્યાર સુધી શું? જવાબ તૈયાર હતો : નત્યાં સુધી તમારી રહેવાની અને ખાવા પીવાની જવાબદારી અમારી... આ સાંત્વનથી પ્રવાસીઓ થોડા વધુ શાંત થયા. આમ છતાં અહીં હજુ પણ મોટો વર્ગ હતો જેમને ને સમયસર પહોંચવું આવશ્યક હતું તેથી તે ઉકેલ માગતા હતા.

ઍરપોર્ટની ટીમ સતત તેની યુરોપની ઑફિસના સંપર્કમાં હતી અને ત્યાંથી એક પછી એક ઉકેલ આવી રહ્યા હતા. ઍર લાઇન્સે તરત જાહેરાત કરી કે જે એક-બે દિવસ ના રોકાઈ શકતા હોય તેમના માટે અમે બીજી ઍરલાઇનમાં જેમ મળે તેમ સગવડ કરી રહ્યા છીએ અને એ બધો ખર્ચ અમે ઉપાડીશું... આ તેમનો માસ્ટર સ્ટ્રોક હતો અને આ ઉકેલે લોકોને શાંત પાડ્યા. તેમણે ફક્ત જાહેરાત ના કરી પણ તેના પર કામ શરૂ કરી નજીકના એક સેક્ટર માટે અડધો કલાકમાં બીજી ઍરલાઇનમાં વ્યવસ્થા કરી અને તેમને રવાના કર્યા. આનાથી પ્રવાસીઓનો વિશ્વાસ વધ્યો અને તે પણ હવે સાથ આપવા લાગ્યા. લોકો પોતાની રીતે બીજી ઍરલાઇન શોધી તેમને બતાવવા લાગ્યા કે તમે અમને આમાં મોકલશો તો અમને વાંધો નથી... ઍરલાઇન્સે આ ઉકેલને પણ માન આપીને તેમાં જો બુકિંગ હતું તો આપ્યું.

આ કટોકટી વખતે એરલાઈન્સે પૈસા ના જોયા, અહં ના જોયો અને કટોકટીનો ઉકેલ લાવી કસ્ટમરનું દિલ જીત્યું... મારો તો આ વિષય છે તેથી હું સમજી શકું કે આ ખરી રીત હતી, પણ સામાન્ય માણસ આ અનુભવને અન્ય લોકો સાથે જે રીતે શૅર કરશે તે મોટી મોટી ઍડનો જે ખર્ચ થશે તેના કરતાં પણ વધારે લોકોના મન પર અસર કરશે.

આમ કટોકટીને તમે કઈ રીતે હૅન્ડલ કરો છો તે મહત્ત્વનું છે. આવા સમયે આ પ્રકારની કટોકટી ઘણીવાર

બ્રાન્ડ માટે આશીર્વાદ બની જાય છે. આ ત્યારે બને જયારે કંપની ખુદ પોતાની બ્રાન્ડને મહત્ત્વ આપે અને ગ્રાહકને હંમેશાં મધ્યમાં રાખે... ■

હાસ્ય વિનોદ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ગર્દભને પોતાનો માલિક ગમતો હશે?

શેઠ અને નોકર વચ્ચેનો સંબંધ આમ તો સાપ અને નોળિયા વચ્ચે હોય એવો જ હોય છે. અલબત્ત, માણસજાત સાપ-નોળિયા કરતાં પ્રમાણમાં સંસ્કારી અને સૌજન્યશીલ ગણાતી હોવાથી શેઠ તેમજ નોકર એકબીજા તરફનો પોતાનો અણગમો, રોષ, તિરસ્કાર વગેરે જાહેર કરતા નથી, ઢાંકી રાખે છે. પરસ્પર માટેનો પોતાનો પ્રામાણિક મત ખાનગી રાખે છે. મને લાગે છે કે જેને આપણે ગધેડા તરીકે જાણીએ છીએ એ ગર્દભ યાને વૈશાખનંદનને પણ કારણ વગર ડફણાટતો તેનો માલિક ચોક્કસ જ નહીં ગમતો હોય, પણ એ બાપડો ક્યાં બોલી શકે છે! શક્ય છે કે ખુદ તેને પણ તેનો માલિક એક નંબરનો ગધેડો લાગતો હશે.

અમારા શહેર અમદાવાદમાં અન્ય માટે 'ગધેડો' વિશેષણ ઉદારતાથી વાપરવામાં આવે છે. શેઠલોકો માણસને નહીં, ગધેડાને નોકરીએ રાખ્યો હોય એમ જ માને. અહીંની જ એક મિલના શેઠિયા બાપ અને દીકરા બંનેને આવી સુ-ટેવ હતી. તેમની મિલમાં કામ કરતો માણસ ગમે એટલા ઊંચા હોદ્દા પર હોય, મોટો પગારદાર હોય એમને માટે તો એ ગધેડો જ હોવાનો. કોઈનું કામ પડે ત્યારે પટાવાળાને બેલ મારીને બોલાવે, હુકમ છોડેઃ 'પેલા ત્રણ હજારવાળા ગધેડાને પકડી લાવ, પેલા પાંત્રીસોવાળા ગધેડાને હાંકી લાવ, ચાર હજારવાળા ગધેડાને હાજર કર.' પટાવાળો તરત સમજી જતો કે શેઠને કોનું કામ પડ્યું છે. સ્પિનિંગ માસ્તરનું, વીવિંગ માસ્તરનું કે મેનેજરનું! અને પટાવાળાને છાસિયા સાથે સામે પૂછતોઃ 'કોણ બોલાવે છે? મોટો ગધેડો કે નાનો ગધેડો! ચપરાસી હસીને માહિતી આપતો, 'આ વખતે નાના શેઠે બોલાવ્યા છે.' તાજેતરમાં ન્યૂ યોર્ક ખાતે બૉસોલોજી ડૉટકોમ નામની એક વેબસાઈટ દ્વારા કરવામાં આવેલ 'સરવે' પ્રમાણે ઓફિસોમાં કામ કરતા કર્મચારીઓમાંના અડતાળીસ ટકા લોકોએ જણાવ્યું હતું કે જો તેમનું ચાલે તો પોતાના બૉસને નોકરીમાંથી તત્કાળ કાઢી મૂકે. આપણે ત્યાં જોકે આવા પ્રકારનું સર્વેક્ષણ કરાવાતું નથી પણ જો કરાવવામાં આવે તો અડતાળીસ નહીં, અઠ્ઠાણું ટકા કર્મચારીઓ એવું જાહેર કરે કે તેમના શેઠિયાઓને તો વહેલી ઉતાવળે ઘરભેગા કરી દેવા જોઈએ.

અમારા એક એ.સી. મહેતાકાકા હતા. આ અનુકાકા અમદાવાદની એક પ્રતિષ્ઠિત ગણાતી મિલમાં મોટા હોદ્દા પર હતા. ઘણાં વરસ કામ કર્યા પછી તેમને લાગ્યું કે બહુ થયું. હવે મિલની નોકરી છોડી દેવી. તેમની ઈચ્છા જાણી એક શેઠ-કુંવરે તેમને રમૂજમાં પૂછ્યું કે, આવી સારી નોકરી છોડીને ક્યાં જશો? તમને કોણ રાખશે?જેના જવાબમાં અનુકાકાએ પોતાની અસલ ઔદિચ્ય સહસ્ર બ્રાહ્મણની જબાનમાં સુણાવી દીધુંઃ 'તમે મારી નોકરીની ચિંતા સહેજ પણ ન કરશો, મેં તો લૉ પણ કર્યું છે એટલે કોઈ સારી નોકરી નહીં મળે તો વકીલાત કરીશ. પણ ખરું પૂછો તો મને એ ફિકર થાય છે કે તમારી આ મિલ વેચાઈ ગયા પછી તમે ક્યાં જશો? તમને કોણ નોકરી આપશે?'

આમ તો લગભગ દરેક કર્મચારીઓ પોતાના માટેનો અંગત મત એવો હોય છે કે તેના માલિક કરતાં તેનામાં ઘણી તીવ્ર અને વધારે બુદ્ધિ છે, પણ આ તો શું કે શેઠ નસીબનો બળિયો ને ગયા જનમમાં ઘણાં પુણ્ય કર્યાં હશે એટલે કર્મના સિદ્ધાંત લેખે મને તેના ગુલામ થવાનું દુર્ભાગ્ય મળ્યું, બીજું શું?

એ તો વળી સારું છે કે વિજ્ઞાન હજી બહુ આગળ વધ્યું નથી, બાકી વિજ્ઞાનની મદદથી જો શેઠિયો તેના નોકરના મગજમાં ચાલતા તેના વિશેના નિખાલસ વિચારો જાણી જાય તો શેઠિયો પોતાનું સ્વાસ્થ્ય અને નોકર પોતાની રોજી-રોટી જલદી ગુમાવી બેસે.

જોકે કર્મચારીઓને તેમના બૉસ હંમેશાં અળખામણા લાગે છે એવું પણ નથી. ખાસ કરીને બૉસ લાં...બા... સમય માટે પરદેશ જવાનો હોય ને ત્યાં ખાસ્સું રોકાવાનો હોય ત્યારે એ બૉસ તેમને વિશેષ ગમે છે. વચ્ચે આવો જ એક માલિક જર્મની જવાનો હતો ને એની ખુશીમાં સ્ટાફે એક ફૅરવેલ પાર્ટી, સ્નેહમિલન યોજ્યું હતું. બૉસ મારો થોડો પરિચિત એટલે હું પણ એ પાર્ટીમાં પ્રસંગોચિત થોડું બોલ્યો હતો. સ્ટાફના બે સભ્યો ઉત્સાહથી બોલી ગયા બાદ સ્ટાફને મેં સલાહ રૂપે જણાવ્યું હતું કે બૉસ પરદેશ જતો હોય તેવા સમયે ખુશખુશાલ ચહેરે બોલવું એ સ્ટાફ માટે હિતાવહ નથી. 'મારા અહીંથી ગયા પછી બધા મારા બેટા જલસા કરશે.' એવો જરા તરા પણ વહેમ પડે તો શેઠ વિદેશ જવાનું માંડીય વાળે. પત્ની વધુ વખત માટે પિયર જતી હોય ત્યારે પતિને થતો હોય એવો છૂપો આનંદ, શેઠ દૂર જાય ત્યારે કર્મચારીઓને થતો હોય છે. છતાં પત્ની આગળ પકડાઈ ન જવાય એ માટે કરીને પતિ ઉદાસ અને ઓશિયાળા થઈ જવાની એક્ટિંગ કરે છે એવું આપણે પણ આવા ટાણે કરવું. મારી આ સલાહને અતિગંભીર ગણીને મારા પછીના વક્તાએ તેનો શેઠ જાણે કાયમ માટે ક્યાંય જઈ રહ્યો હોય, ત્યાંથી પાછો ફરવાનો જ ન હોય એવા ભાવ સાથે ડૂસકે ચડી ગયો હતો. ભાષણો બાદ ભોજન સમયે પેલા ડૂસકાબાજ સ્ટાફ-મેમ્બરને ડૂસકાનું કારણ મેં ખાનગીમાં પૂછ્યું. આના ઉત્તરમાં તેણે મને તદ્દન ખાનગીમાં જણાવ્યું કે ભાઈ, કેટલા બધાં પ્લેન એક્સિડન્ટો થાય છે, આજકાલ! એટલે બોલતી વખતે મારા મનમાં પ્લેન તૂટી પડવાનો વિચાર આવ્યો એ કારણે મારાથી આ રીતે મોટેથી રડી પડાયું. 'એ વખતે તમારા મનમાં સમાંતરે બીજો કોઈ વિચાર આવેલો ખરો?' મેં પૂછ્યું. 'ટુ બી ઑનેસ્ટ, એ સમયે મનની અંદર થતું હતું કે શેઠ જતાં જતાં, ગયા વર્ષની પેઠે વીસ ટકા બોનસ ખટાવીને જાય તો સારું, ન કરે નારાયણ ને પ્લેન ક્રેશ થઈ જાય તો સ્ટાફને એટલો સધિયારો તો રહે કે, ચાલો, આપણા વીસ ટકા તો છૂટયા!'

શેઠ આંખની પાટી જેવો લાગતો હોવાથી કેટલાક કર્મચારીઓ શેઠની પાસે જવું અનિવાર્ય હોય ત્યારે અથવા તો શેઠ ખુદ બોલાવે ત્યારે નાછૂટકે જ તેની પાસે જાય. બાકી તો શેઠની આંખે ઓછામાં ઓછું ચડાય એવા પ્રયત્ન તે હૃદયપૂર્વક કરતા હોય છે. અમારા એક બુઝૂર્ગ (ને હવે સદ્ગત) પત્રકાર વડીલ, સવાર - સવારમાં તેમને કે તેમના શેઠને, એકબીજાનું મુખારવિંદ જોવું ન પડે એ વાસ્તે બપોરે માલિક ઘેર જમવા ઊપડી જાય ત્યાર પછી જ પ્રેસમાં પધારે, ને પોતાનું કામ ઝટપટ આટોપીને ચાલવા માંડે. કેટલીક વાર તો શેઠ ઘેરથી જમી પરવારી, આરામ ફરમાવી પાછા ફરે ત્યાર પહેલાં તો એ મુરબ્બીએ ઑફિસ છોડી દીધી હોય. એકવાર મેં તેમને પૂછ્યુંઃ શેઠના પ્રેસ છોડયા પછી જ તમે પ્રેસ પર આવો છો, ને તે ઓફિસે આવે ત્યાર પહેલાં તમે નીકળી જાવ છો, એમ કેમ?' આના જવાબમાં મારી સામે જોઈ લાક્ષણિક, સ્મિત વેરતાં તેમણે જણાવેલુંઃ 'જુઓ ભાઈ, આમાં વાત એવી છે કે અમારા બંનેની ખોપરી સરખી ગરમ છે એટલે કોઈ મુદ્દે અમારી વચ્ચે તડ અને ફડ ન થઈ જાય એ માટે શેઠ જોડે મારે એવી સમજૂતી થઈ ગઈ છે કે મારા આવતાં પહેલાં તેમણે ઓફિસ ખાલી કરી દેવાની ને જમી-આરામ ફરમાવીને તે ફરી ઓફિસમાં દાખલ થાય ત્યાર પહેલાં મારે ઓફિસમાંથી બહાર નીકળી જવાનું. એક પ્રેસ બે-બે માલિકોને શા માટે નિભાવે?

અને બીજા એક યુવાન પત્રકાર-મિત્રનો કોઈ પણ અખબારમાં પ્રગટ નહીં થયેલ કિસ્સો. એક વાર આ પત્રકારને માલિક સાથે ચકમક ઝરી ગઈ. ઉગ્ર બોલાચાલી થઈ. શેઠ અને નોકર વચ્ચેની લડાઈમાં 'બૉસ ઈઝ ઓલ્વેઝ રાઈટ' હોય છે. એક સમયે નોકર સાચો હોય તો પણ 'પ્રેસ છોડીને તમે અઘબડી નીકળી જાઓ.' એવું તો બૉસને કેવી રીતે કહેવાય? શેઠને એવું પણ ન પૂછાય કે બોલો, તમે પ્રેસ છોડો છો કે હું છોડું? એટલે પછી પત્રકારે રાજીનામું ધરી દીધું. સ્વભાવ અકડુ એટલે ત્રણેક વર્ષ સુધી એ યુવાન પત્રકારે કોઈની પાસે કામ ન માગ્યું. ત્રણ વરસ બાદ કોઈ એક પાર્ટીમાં ભૂતપૂર્વ શેઠ અને પત્રકાર બંને ભેગા થઈ ગયા. શેઠે કહ્યુંઃ 'કાલે ઑફિસે ચા પીવા આવો.' પત્રકારમિત્ર ચા પીવા ગયો.

'હમણાં કયાં છો?' ચા પીતાં-પીતાં માલિકે પૂછ્યું.

'ઘેર જ છું.' પત્રકારે જાણકારી આપી.

'આપણે ત્યાં કામ કરવું છે?' શેઠનો સવાલ.

'આવું તો ખરો, પણ મારી શરતે.' તે બોલ્યો. ત્રણ ત્રણ વરસ સુધી બેકારી ભોગવનાર માણસ પાછો શરત મૂકે છે? તો પણ શેઠે જાણવા માગ્યુંઃ 'શરત બોલો.'

'હવે પછી તમારી દાદાગીરી હું જરાય સાંખી નહીં લઉં.' સહેજ ટટ્ટાર થતાં તેણે કહ્યું.

'કેમ સાંખી નહીં લો?' શેઠે પૂછ્યું.

'કેમ કે મને હવે ભૂખ્યા રહેતાં આવડી ગયું છે.' શેઠની આંખોમાં આંખ પોરાવતાં તેણે માહિતી આપી. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# આપ્યું વાણિયાએ ને ખાધું પ્રાણિયાએ



પ્રાણશંકર નામનો એક ગરીબ બ્રાહ્મણ હતો. ગામડાના બ્રાહ્મણોની રીત પ્રમાણે છોકરાને જનોઈ દેવાનાં હોય કે દીકરીને પરણાવવાની હોય ત્યારે બાહ્મણ ટહેલ લઈને નીકળે છે ને ટીપ કરે છે. પ્રાણશંકરની એક દીકરી પરણાવવા જેવડી થઈ હોવાથી તેણે પણ એ જ માર્ગ અપનાવ્યો. એક હજાર રૂપિયાની ટહેલ નાખતો એ ગામમાં ફરવા માંડ્યો. એણે વ્રત લીધુ 'મારી ટહેલ અનુસાર મને એક હજાર રૂપિયા પૂરા મળશે ત્યારે જ હું અન્ન લઈશ, ત્યાં સુધી ફરાળ ઉપર રહીશ.'

દિવસો વીતવા લાગ્યા. પ્રાણિયો શિવજીનો ભક્ત હતો. રોજ મંદિરે જઈ મહાદેવની પૂજા કરી પ્રાર્થના કરતો કે હે દીનદયાળુ! મારી ટહેલ પૂરી કરજો. પ્રાણિયાની પીડા જોઈ મહાદેવને દયા આવી. પુત્ર ગણપતિને કહ્યું કે 'આ પ્રાણિયાનું દુઃખ જોવાતું નથી. એને હજાર રૂપિયા અપાવી દે એટલે એને પીડામાંથી મુક્તિ મળે.' આજ્ઞાંકિત ગણેશજીએ કહ્યું કે 'તમારી વાત સાચી, પણ એને રૂપિયા અપાવવા કયાંથી? શિવજી હસીને બોલ્યા કે 'રૂપિયા તે વળી કયાંથી આવતા હશે ? એક પાસેથી લઈ બીજાને અપાય.' ગણપતિ સમજી ગયા. એમણે નિર્ધાર કર્યો કે આવતી કાલે કોઈની પાસેથી રૂપિયા કઢાવીને બ્રાહ્મણની ઝોળી ભરી દઈશ.

આ વાતચીત ત્યાંથી પસાર થતો એક વાણિયો સાંભળી ગયો. એણે વિચાર કર્યો કે ઝોળીમાં કાલે હજાર રૂપિયા આવવાના છે એ વાત પ્રાણિયો તો નથી જાણતો. એ પૈસામાં થોડો ભાગ પડાવું તો હું ખરો વાણિયો. આટલું વિચારી પ્રાણશંકરને ઘરે જઈ કહ્યું કે 'ભાઈ, તારી મુસીબતમાં તને મદદ કરવાનો મેં વિચાર કર્યો છે. આવતી કાલે તારી ઝોળીમાં જે આવે એ મને આપી દેજે. એના બદલામાં હું તને પાંચસો! રૂપિયા આપીશ.' બ્રાહ્મણ તો રાજી રાજી થઈ ગયો. વાત પૈસાની હતી એટલે બ્રાહ્મણ ફરી ન જાય એ માટે વાણિયાએ ચાર માણસની હાજરીમાં પાકું લખાણ કરાવી લીધું. બીજે દિવસે સવારે બ્રાહ્મણ ઝોળી લઈ નીકળ્યો, પણ આખા દિવસમાં માંડ પાંચ શેર દાણા મળ્યા. કરાર અનુસાર સાંજ પડી એટલે પેલા વાણિયાએ ત્યાં જઈ ઝોળી ખાલી કરી રૂપિયા માગ્યા. વાણિયાએ ગલ્લાંતલ્લાં કર્યાં પણ જાતે જ કામ એવું પાકું કર્યું હતું કે રૂપિયા આપવા જ પડે એમ હતા. રૂપિયા જવાથી ક્રોધિત થયેલો વાણિયો મંદિરે જઈ ગણેશજીની મૂર્તિ આગળ હૈયાવરાળ ઠાલવવા લાગ્યો કે તમારા કારણે મેં પાંચસો રૂપિયા ગુમાવ્યા.' ગુસ્સામાં ન કરવાનું કરી બેઠો ને એનો પગ બહાર નીકળતી વખતે ખૂંપી ગયો. એ જ સમયે મહાદેવજીએ ગણપતિને પૂછ્યું કે 'પ્રાણિયાને રૂપિયા અપાવવાની વાત તમે કરી હતી, પણ આજે રાત પડવા આવી તોય એની ટહેલ પૂરી નથી થઈ. ગણપતિએ ખુલાસો કર્યો કે 'આપની આજ્ઞા અનુસાર જ બધું થશે. આ લોભી વાણિયા પાસેથી પ્રાણિયાને પાંચસો રૂપિયા તો અપાવી દીધા છે. બીજા પાંચસો પણ એની પાસેથી અપાવવા એનો પગ અટકાવી દીધો છે.' મંદિરમાં ભેગા થયેલા લોકોએ વાણિયાને સાચી વાત જણાવવા દબાણ કર્યું ત્યારે તેણે લોભની વાત કબૂલ કરી લીધી. પ્રાણિયાને બીજા પાંચસો આપીશ તો પગ છૂટો થશે એની જાણ થતા એ પૈસા પ્રાણિયાને પહોંચતા કર્યા ત્યારે વાણિયાનો પગ છૂટયો.

રાજીના રેડ થઈ ગયેલા પ્રાણિયાએ રાતે ઘરે કંસાર રાંધ્યો. બ્રાહ્મણના વ્રતથી વાકેફ પાડોશીએ બ્રાહ્મણને લાગલો સવાલ કર્યો કે 'ભાઈ, ટહેલ પૂરી થઈ ગઈ?' પ્રાણિયાએ લાગલું કહ્યું કે 'હા, ટહેલ પૂરી થઈ ગઈ. રૂપિયા આવી ગયા તો હવે કેમ ભૂખ્યો રહું?' પાડોશીને નવાઈ લાગતા કુતૂહલવશ પૂછ્યું કે 'ક્યાંથી આવ્યા? કોણે આપ્યા?' પ્રાણશંકર હસીને બોલ્યો કે 'આપ્યું વાણિયાએ ને ખાધું પ્રાણિયાએ!'

ભાષા વૈભવ

## કહેવતોનો વિસ્તાર



દરેક ભાષામાં સૈકાઓથી રૂઢ થયેલી અને ચલણી નાણાં જેવી અતિ મૂલ્યવાન કહેવતોનો ભંડાર ધરબાયેલો પડ્યો છે. લોકો પોતાની આવડત અને ક્ષમતા અનુસાર એમાંથી ઉલેચી શકાય એટલું ઉલેચતા હોય છે. મનુષ્ય માત્રને વિવિધ સમયે વિવિધ પરિસ્થિતિઓમાં થયેલા અનુભવનો એ અર્ક હોય છે. એમાં અવલોકન હોય છે, ડહાપણ હોય છે અને જ્ઞાન સુધ્ધાં હોય છે. આ કહેવતો આમજનતાના હોઠ પર રમતી હોવાથી તેમજ તેમના જીવનને સ્પર્શતી હોવાથી જીવનને રસપ્રદ અને સમૃદ્ધ બનાવે છે. એ કહેવતોમાં પ્રજાનો ઈતિહાસ અને જે તે સમયના સમાજનું પ્રતિબિંબ નજરે પડે છે. બાર ગાઉએ બોલી બદલાતી હોવાથી જમીન ભોંય બની જાય છે, પૂરણપોળી વેડમી તરીકે ઓળખાય છે અને દીકરાને ગગો કહેવામાં આવે છે. આવું જ કંઈક ચિત્ર કહેવતોમાં પણ જોવા મળે છે. એક સરખો ભાવાર્થ ધરાવતી કહેવતો અલગ અલગ પ્રદેશમાં જુદા જુદા સ્વરૂપમાં હાજર હોય છે. નરસિંહ મહેતાની પંક્તિ જેવું 'નામરૂપ જૂજવા, અંતે તો બધું હેમનું હેમ જ હોય.' એક જ ભાવાર્થવાળી જુદી જુદી કહેવતો ઉદાહરણ સાથે જાણી એનાથી વાકેફ થઈએ. **પેટ ચોળીને શૂળ પેદા કર્યું** કહેવતથી તમે પરિચિત હશો. જાતે મુસીબત ઊભી કરવી કે હેરાનગતિ વહોરી લેવી એ એનો ભાવાર્થ છે. શૂલ અથવા શૂળ એટલે પેટનો દુખાવો એવો શાબ્દિક અર્થ છે. આ જ કહેવત **હાથે કરીને હોળી રમ્યાં** એ સ્વરૂપમાં પણ જાણીતી છે. મુસીબતને નોતરું આપવું એ એનો ભાવાર્થ છે. આ જ ભાવાર્થની અન્ય બે કહેવત છે **હાથના કર્યા હૈયે વાગ્યા** - દરેક માણસે કર્મના ફળ ભોગવવા પડે છે એ એનો ભાવાર્થ છે. **ઢીંચણ મારીને આંખ ફોડી** તેમ જ **દીવો લઈ કૂવામાં પડ્યા** કહેવતોમાં પણ આ જ ભાવાર્થ છે. માત્ર કહેવતોનું સ્વરૂપ વેગળું છે. મોટાભાગની કહેવતોમાં શરીરના અવયવો સાંકળી લેવાયા છે. ગુજરાતી ભાષા એટલી સમૃદ્ધ છે કે અસ્સલ આવો જ ભાવાર્થ ધરાવતી અન્ય કહેવતો પણ છે. **ઊઠ પ્હાણા પગ ઉપર પડ.** મુસીબતને સીધું આમંત્રણ અને આવકાર. **દેખતે ડોળે છેતરાયા** અને **કોણે કહ્યું હતું કે બેટા બાવળિયે ચડજો** કહેવતોમાં પણ સમાન ભાવ હાજર છે. બાવળના વૃક્ષમાં કાંટા હોય છે એ બધા જાણે છે. એક મૂર્ખ છોકરો અણસમજમાં બાવળિયે ચડ્યો અને પછી કાંટા વાગ્યા ત્યારે 'બાપા બાપા' એમ કહી બૂમ પાડી ત્યારે બાપાએ **કોણે કહ્યું હતું કે બેટા બાવળિયે ચડજો** એમ જણાવ્યું હતું. ■

ફોકસ પ્લસ

શૈલેન્દ્ર સિંહ
feedback@bombaysamachar.com

# ગરમી માત્ર એક ઋતુ નહીં, આપણી જીવનશૈલી પર સંકટ છે



**મે-જૂનની** બપોર હવે માત્ર ગરમ નથી લાગતી, હવે તે આપણને ડરાવવા લાગી છે. સવારે ૯ વાગ્યે જ એવો અસહ્ય તાપ અનુભવાવા લાગે છે, જાણે દિવસ સીધો જ બપોરમાં બદલાઈ ગયો હોય. શહેરોના રસ્તાઓ તવાની જેમ તપવા લાગ્યા છે, બસ સ્ટોપ પર ઊભેલા લોકો છાંયડો શોધતા દેખાય છે, તો રાતે પણ દીવાલોમાંથી એવી ગરમી નીકળે છે, જાણે ઠંડી થઈ ગયેલી ભઠ્ઠીમાંથી પણ કલાકો સુધી ગરમ ધુમાડો નીકળતો હોય. આ બધી પરિસ્થિતિઓ, આ બધાં ભયાનક દૃશ્યો, એ વાતની સાબિતી છે કે આપણા દેશમાં હવે ગરમી એક ઋતુ નથી પરંતુ જીવનશૈલીનું સંકટ બની ગઈ છે. વાત ભલે સ્વાસ્થ્યની હોય, અર્થવ્યવસ્થાની હોય કે સામાજિક અસમાનતાના સંકટની હોય. દરેક જગ્યાએ ગરમી હવે પોતાનામાં જ એક સંકટ છે.

પહેલાં આ જ ગરમી કેરી, વેકેશન, ઠંડાઈ, સત્તુ અને બાળકોની ધમાચકડી માટે જાણીતી હતી. એવું નહોતું કે ત્યારે લૂ નહોતી ચાલતી. લૂ લાગતી, પણ આખી ઋતુમાં માત્ર થોડા દિવસો જ અને તે પણ દિવસના એક ચોક્કસ સમયે. આ લૂથી બચવા અને બચાવવાના એટલા દેશી અને સરળ ઉપાયો હતા કે ત્યારે 'લૂ' શબ્દના ઉચ્ચારણ માત્રથી દહેશત પેદા નહોતી થતી, પરંતુ આજે લૂ 'હીટવેવ'ના નામે વધુ જાણીતી છે અને તે ડર તથા દહેશતનો પર્યાય બની ચૂકી છે.

હવામાન વિભાગની લાલ-પીળી ચેતવણીઓ, શાળાઓમાં વેકેશન, હોસ્પિટલોમાં ગરમીને કારણે ઈમર્જન્સી જેવી સ્થિતિ અને ચારેય તરફ વીજળીની વધતી માગ વચ્ચે તેની અછતની બૂમો, આ બધી ગરમી સાથે જોડાયેલી એવી ડરામણી વાસ્તવિકતાઓ છે કે આજે ગરમી દહેશતનો પર્યાય બની ગઈ છે. એનો અર્થ એ છે કે તાપમાન માત્ર થર્મોમીટરમાં જ નથી વધી રહ્યું, આપણી આખી જીવન વ્યવસ્થાને પ્રભાવિત કરી રહ્યું છે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતમાં એક-બે નહીં પરંતુ એક ડઝનથી વધુ ભૌગોલિક વિસ્તારોમાં સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે. પરંતુ એનાથી પણ વધુ ચિંતાની વાત એ છે કે આ દિવસોમાં લગભગ આખા ભારતમાં રાતનું તાપમાન ઘણું વધી ગયું છે, જે ઉનાળાની ગરમીની તીવ્રતાને દર્શાવે છે.

પહેલાં દિવસ દરમિયાન ભલે ગમે તેટલી ગરમી હોય, સૂરજ આથમતાં જ રાહત મળવાની શરૂ થઈ જતી અને મોડી રાત સુધીમાં તો ઘણીવાર ઉનાળામાં પણ કેટલીક જગ્યાએ હળવી ઠંડક અનુભવાતી હતી. જોકે આજે સ્થિતિ એ છે કે ઉત્તર ભારતના મોટાભાગનાં મોટાં શહેરોમાં રાતે પંખા નીચે સૂવું એ સજા જેવું છે, કારણ કે અડધી રાત પછી પણ પંખા ગરમ હવા ફેંકે છે. હદ તો એ છે કે આ દિવસોમાં એસી ચાલુ હોવા છતાં બેચેની અનુભવાય છે અને શરીરને આરામ મળતો નથી.

એટલા માટે ગરમી આ દિવસોમાં સીધી સ્વાસ્થ્ય પર હુમલો કરે છે. જેમ શિયાળો સૌથી વધુ એ લોકોને હેરાન કરે છે જેમની પાસે ઠંડીથી બચવાનાં સાધનો નથી હોતા, બરાબર એ જ વાત ગરમી પર પણ લાગુ પડે છે. રસ્તા પર કામ કરતા બાંધકામ મજૂરો, ઘરો સુધી સામાન પહોંચાડતા ડિલિવરી બોયઝ, રિક્ષા ચાલકો, ટ્રાફિક પોલીસકર્મીઓ, ખેતરોમાં કામ કરતા ખેડૂતો અને નાના દુકાનદારો આજે ધગધગતી ગરમીનો સૌથી વધુ ભોગ આ લોકો જ બની રહ્યા છે.

કારણ કે તેમની પાસે ગરમીનો સામનો કરવા માટે એવાં સાધનો નથી, જેવા કેટલાક લોકો પાસે હોય છે. આ લોકો પાસે ગરમીને લઈને કોઈ મોસમી ચર્ચાઓ નથી હોતી, કારણ કે તેમના માટે રોજીરોટીનો સવાલ ગરમી કરતાં મોટો હોય છે. સરકાર ભલે એલર્ટ જાહેર કરતી રહે કે બપોરે ૧૨ વાગ્યાથી લઈને ૩ વાગ્યા સુધી ઘરમાંથી કોઈ બહાર નહીં નીકળે, કામ નહીં કરે, પણ વ્યવહારિક રીતે આ શક્ય નથી.

અંતે વાત એ જ છે કે ગરમીનું સંકટ એ સામાજિક અસમાનતાનું પણ સંકટ છે. એક તરફ એસી ઓફિસો, મોલ અને એસી કાર છે, તો બીજી તરફ પતરાના છાપરાવાળાં ઘરો, પાણીની લાઈનમાં ઊભેલા લોકો અને વૃક્ષો વગરની વસાહતો પણ આ જ દેશની હકીકત છે. સ્વાભાવિક છે કે આવી જગ્યાઓ પર, ગરમીથી બચવાનાં સાધનો હોય તેવી જગ્યાઓ કરતાં ૪ થી ૫ ડિગ્રી સુધી તાપમાન વધારે રહે છે. આ કંઈ અમસ્તું નથી કે ગરમીનો સૌથી વધુ ભોગ એ જ સામાન્ય લોકો બને છે, જેઓ શિયાળાનો પણ સૌથી વધુ ભોગ બનતા હોય છે.

ભારતમાં, ગરમી હવે તેનો પરંપરાગત ચહેરો બદલી રહી છે. આ ગરમી પાછળ એક મુખ્ય કારણ એ છે કે માટી અને વૃક્ષોનું સ્થાન કોંક્રિટ, કાચ અને ડામરએ લીધું છે. ઊંચી ઇમારતો અને પહોળા રસ્તાઓને વિકાસનો પર્યાય માનવામાં આવે છે, પરંતુ આ રસ્તાઓની બંને બાજુએ હવે ઘટાદાર વૃક્ષોની હારમાળા નસીબ થતી નથી. આ જ કારણ છે કે આ રસ્તાઓ એસી કાર માટે તો શાનદાર છે, પરંતુ સામાન્ય લોકો માટે ઉનાળાના દિવસોમાં આ રસ્તાઓ પર આગ વરસે છે. શહેરો આ દિવસોમાં જેટલી ગરમી શોષી લે છે, એ જ ગરમીને રહી-રહીને રાતે બહાર ફેંકે છે, જેને 'અર્બન હીટ આઇલેન્ડ' અસર કહે છે; અને આજે શહેરોમાં વધતી ગરમીનું એક મોટું કારણ આ અર્બન હીટ આઇલેન્ડ અસર પણ છે.

દિલ્હી, બેંગલુરુ, હૈદરાબાદ જેવાં શહેરોમાં ઝડપથી ઘટતી હરિયાળી અને વધતા બાંધકામે સ્થાનિક તાપમાનને ખૂબ પ્રભાવિત કર્યું છે. ક્યારેક પોતાના ખુશનુમા હવામાન માટે પ્રખ્યાત રહેલા બેંગલુરુમાં પણ હવે ગરમી અનુભવાય છે. જોકે બેંગ્લુરુ હજુ પણ દેશના અન્ય મેટ્રોપોલિટન શહેરો કરતાં ઘણું ખુશનુમા છે, તે જોવાનું બાકી છે કે તે કેટલો સમય આવું રહેશે. કોંક્રિટના જંગલના ઝડપી વિકાસને જોતાં, એવું લાગે છે કે બેંગ્લુરુ તેનું સુખદ વાતાવરણ જાળવી શકશે નહીં. વધતી ગરમી આપણી વીજળી વ્યવસ્થા પર પણ નોંધપાત્ર અસર કરી રહી છે.

એસી, કુલર અને રેફ્રિજરેટરની વધતી સંખ્યા દર વર્ષે વીજળીની માગને નવા રેકોર્ડ તરફ ધકેલી રહી છે. આના કારણે વીજળી આઉટેજનો ભય ઊભો થયો છે, જે એક સમયે નાનાં શહેરો સુધી મર્યાદિત હતો, હવે મોટા શહેરોમાં પણ સામાન્ય બની રહ્યો છે. વધુમાં, વધતા વીજળી ઉત્પાદનથી દેશમાં કાર્બન ઉત્સર્જન પણ વધી રહ્યું છે. આજે પણ, આપણા દેશમાં કોલસામાંથી નોંધપાત્ર પ્રમાણમાં વીજળી ઉત્પન્ન થાય છે, જેના કારણે ધુમાડો, ધૂળ અને કાર્બન ઉત્સર્જન થાય છે. આ ઉનાળામાં પાણીની તંગી વધતા તાપમાન, પાણીની માગ અને આપણાં શહેરોમાં પાણીની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે વધુ તીવ્ર બને છે.

આજે દેશમાં એક પણ મોટું શહેર એવું નથી કે જે પાણી માટે ટેન્કર પર નિર્ભર ન હોય. આ ટેન્કર આસપાસના ગામડાઓ, નદીઓ અને મોટા તળાવોમાંથી પાણી પંપ કરીને શહેરોમાં પહોંચાડી રહ્યા છે. તો, આ ક્યાં સુધી શક્ય બનશે? પાણીના સ્રોત સતત ઘટી રહ્યા છે. વરસાદી પાણી હજુ પણ જરૂરી ક્ષમતા મુજબ એકત્રિત થઈ રહ્યું નથી.

એકંદરે, ભારત એક એવા તબક્કે છે જ્યાં ગરમી, કે ઠંડી, ફક્ત હવામાનનો અહેવાલ નથી, પરંતુ આપણાં શહેરો, આપણી દૈનિક જીવનશૈલી અને આપણી અર્થવ્યવસ્થાની રચના પર પ્રશ્નાર્થ ચિહ્ન છે. એટલા માટે જ એ જરૂરી છે કે હવે આપણે વિકાસ અને પ્રકૃતિ વચ્ચેના સંતુલનને સમજીએ અને આપણી રહેણીકરણીની પદ્ધતિને પ્રકૃતિને અનુકૂળ બનાવીએ, અથવા તો પછી પ્રકૃતિની વિરુદ્ધ જઈને દિવસ-રાત પડકારો અને સંકટોનો સામનો કરતા રહીએ. ■

### ભારતમાં કેમ વધી રહી છે આટલી બધી ગરમી?

* કારણ કે શહેરી વિસ્તારોમાં બાંધકામ અને વસાહતોના આડેધડ આયોજનને લીધે દિવસેને દિવસે 'અર્બન હીટ આઇલેન્ડ'ની અસર વધતી જઈ રહી છે.
* આ જ કારણે હવે દિવસ કરતાં રાતો વધુ ગરમ થવા લાગી છે.
* શહેરોમાં વૃક્ષો અને જળાશયોની સતત થતી અછત, શહેરોને વધુ ને વધુ ગરમ બનાવી રહી છે.
* પરંતુ આ માગ એટલા માટે અસરકારક રીતે સ્વીકારવામાં નથી આવી રહી, કારણ કે ગરમીનો સૌથી વધુ ભોગ ગરીબ, મજૂર અને વૃદ્ધ વસ્તી બની રહી છે, જે એટલી પ્રભાવશાળી નથી કે તેમની ચિંતા કરવામાં આવે.
* નિષ્ણાતો વારંવાર 'હીટ એક્શન પ્લાન'ને જરૂરી ગણાવી રહ્યા છે. પરંતુ મોટાભાગની ચર્ચાઓ બંધ એર-કંડિશન્ડ રૂમોમાં જ થઈ રહી છે અને ફાઇલોમાં જ અત્યાર સુધી અટવાયેલી છે.

## ૯. લગ્ન સંબંધી

**55 સુધીની મહિલા**
**સિંગલ પાત્ર (ભરાવદાર બાંધો) આવકાર્ય સંપર્ક- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૨)**

**52 સુધીની**
**સુશિક્ષીત, આકર્ષક પર્સનાલીટી ધારક મહિલા, અંધેરી સ્થિત વેલસેટલ્ડ પ્રોફેશનલ પુરુષ માટે આવકાર્ય સેતુ- 9967894750. (દહેજ નહીં). (બી-૧૭૬૯૪)**

■ મુંબઈની અપરણિત જૈન એડવોકેટ યુવતી, 38/5'4" માટે યોગ્ય યુવક આવકાર્ય. 9137293116. (દહેજ નહીં). (બી-૧૭૫૪૪)

■ મુંબઈનાં LUXURIOUS એરીયામાં બીજનેશમેન યુવક.1994 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૭૬૪૧)

■ ખુશહિત મેરેજ બ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૧૧૫-એ)

■ સેવાનાં ધોરણે ગુજરાતી કચ્છી તમામ જ્ઞાતિના અપરિણીત યુવક-યુવતીઓ માટે મેટ્રિમોનીયલ સર્વિસ. ૮૬૫૫૧૮૫૬૬૭. (દહેજ નહીં.). (૧૦૫૩-એ)

## ૧૦. મહિલાઓ માટે

**''કેસર કેરી''**
વલસાડની પ્રખ્યાત ''ઓર્ગેનિક'' ''કેસર'' મુંબઈમાં ઘેરબેઠા મેળવો: 9427577771, 9274793095. (૧૧૪૮-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

**મહાબળેશ્વર - બંગલો**
ડેલી ભાડેથી, ફક્ત 12 વ્યક્તિ, સ્વીમીંગપૂલ. Cham House - 9820065681. (૫૪૩/ એ)

**AC યાત્રાઓ**
**જન્માષ્ટમી વ્રજયાત્રા 2 સપ્ટેમ્બરે, શ્રાવણમાં દ્વારકા 9 સપ્ટેમ્બરે ગ્લોબલ ટૂર્સ- 9967894750. (બી-૧૭૬૯૩)**

## ૧૪. નોકરી ખાલી છે

**તક**
નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ/ફુલટાઈમ કામ. તાલીમ ઉપલબ્ધ. ઓફિસ સપોર્ટ મળશે. કોઈ રોકાણ નહીં:- 9320132162. (૧૧૦૪-સી)

**REAL ESTATE**
**Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs Annually, On Commission Basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (1089-C)**

## ૧૭. જગ્યા આપવી છે

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ કલાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૧, ૨, ૩, ૪ બેડરૂમનાં ફ્લેટો લેવા-વેચવા-ભાડેથી. ''રાજ એસ્ટેટ'' 9821051136, 8591132359. (૧૧૩૪/બી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 - બેડરૂમ- 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન ''નવકાર એસ્ટેટ'' : 9082631731. (જેપી/૪૫૬૨-ડી)

**પાર્લા (ઈસ્ટ/વેસ્ટ)**
**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચન તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૧૩૧-એ)**

**જુહુ સ્કીમ ગુલમહોર રોડ**
**૨-૩-૪ બેડરૂમ- હોલ- કિચનના ફ્લેટો તૈયાર કબજો. ઓનરશીપથી લેવા. જયેશ 9820994954. (૧૧૩૧/બી)**

**માટુંગા ફાઈવ ગાર્ડન**
**બેથી પાંચ બેડરૂમના લક્સરીયઝ ફ્લેટો રેડી બંધાતામાં લેવા મળો: જવાહર ઠક્કર 9821363113**
(૩૪૧)

**વિલેપાર્લા: (ઈસ્ટ) - (વેસ્ટ) - જુહુમાં:**
૧થી ૫ બેડનાં ફ્લેટો, દુકાનો, ઓફિસો - ગોડાઉન લેવાં/ વેચવા - 9869463304, 7738151065. (બી-૧૭૬૪૯)

**અંધેરી (વેસ્ટ)**
3 BHK ગ્રીનકોર્ટ (4 કરોડ), પાર્લા (વેસ્ટ) 3 BHK ભાડેથી (1.80 અને 2.25 લાખ), 1 RK પાર્લા (વેસ્ટ) (1.20 કરોડ), તથા લલ્લુભાઈ પાર્ક, ઈર્લા, એસ.વી. રોડ, પાર્લા (વેસ્ટ), જુહુ-જુહુસ્કીમ લીવલાયસંસથી. ''ગૌતમ જોશી'' 9322236433- 9821069632. (૧૧૨૧-એ)

**દેવલાલી**
**વેચાણથી 2 બેડરૂમની જોડી 2250' કારપેટ, નવા બિલ્ડીંગમાં પરેશ - 9930803959 - 9930106054. (૧૦૮૪-સી)**

**દેવલાલી**
**વેચાણથી/ ભાડેથી 6 બેડરૂમનો ફુલ્લી ફર્નિશ્ડ બંગલો, 3200' પરેશ - 9930803959 - 9930106054. (૧૦૮૫-એ)**

**દેવલાલી**
**ભાડેથી. ૧,૨,૩ બેડરૂમનાં ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટો. પરેશ - 9930803959, 9930106054. (૧૦૮૪-એ)**

**દેવલાલી**
**વેચાણથી દેરાસરની બાજુમાં, ૨ બેડરૂમનાં જૂજ ફ્લેટ બાકી, કબજો ફક્ત ૩ મહિનામાં, મહારેરા રજિસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર. સોલ એજન્ટ: પરેશ રાયચંદ ધરમશી- 9930803959, 9930106054. (૧૦૮૪-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**''પૃથ્વી પરનું સૌથી શ્રેષ્ઠ રોકાણ એટલે જમીન'' ૧ બેડરૂમ, હોલ, કિચન- 560' કારપેટ, 1.25 CR, ૨ બેડરૂમ, હોલ, કિચન, 795' કારપેટ- 2.51 CR, ૩ બેડરૂમ, હોલ, કિચન- 1010' કારપેટ 2.11 CR, ૩ બેડરૂમ હોલ, કિચન- 1050' યુઝેબલ કારપેટ, 3.15 CR, ૪ બેડરૂમ હોલ, કિચન- 1250' કારપેટ, 3.65 CR, ૪ બેડરૂમ, હોલ, કિચન- 1540' કારપેટ, 4.71 CR, 5 બેડરૂમ, હોલ, કિચન 1665', 6.21 CR. "HOME ALONE PROPERTY'' જુગ્નું શાહ- 9833352224. (૧૧૪૬-સી)**

**ઘાટકોપર-રાજાવાડી**
નીલકંઠ વેલી સોસાયટીમાં ઉત્તર દિશા પ્રવેશદ્વાર (વાસ્તુ પ્રમાણે) પૂર્વ પશ્ચિમ ઓપન, હવા ઉજાસ સાથે મીડ ફ્લોર, ફુલી ફરનીશ- 3 BHK ફ્લેટ OUTRIGHT/RENT. સંપર્ક 7666998999. (૧૧૪૬-એ)

**પારલા (વેસ્ટ)**
ભાડેથી 2 બેડરૂમ હોલ કિચન, 700 કારપેટ, ફર્નિશ્ડ, સન્યાસ આશ્રમ. જૂનથી. રાજેશ 9320656987. (એસડીબી-૩૩૨૫)

**મલાડ (વેસ્ટ)**
2 બેડરૂમ ફ્લેટ્સ ઓ.સી. સાથે નરસિંગ લેન, ગોરસવાડી G+12 ટાવરમાં રેડી પઝેશન 621' કાર્પેટ, ભવ્ય એન્ટ્રન્સ લોબી, 10 ફૂટ સીલિંગ હાઈટ, જિમ, ચિલ્ડ્રન પ્લે એરિયા, સીસીટીવી, ડિજિટલ લોક. જૈન મંદિર, હવેલી સ્ટેશનથી નજીક. વાસ્તુશાસ્ત્ર મુજબ, રિઝર્વ પાર્કિંગ. માત્ર ૪ ફ્લેટ્સ બાકી સંપર્ક : 9920501051. (જેપી/૪૫૬૩-ઈ)

**જેવીપીડી ગુલમોહર**
**4/5 બેડરૂમ 2000/2500/2850/3200/ 3700 કાર્પેટ તૈયાર કબજો/અન્ડર કન્સ્ટ્રકશન હાયર ફ્લોર બધી સુવિધાઓ પૂલ, બેન્કવેટ, જીમ, મીની થિયેટર, પિકલ બોલ કોર્ટ-ઓપન વ્યૂ- 50000 થી 75000 psf "MIHIR'' 7021919015. (૧૦૯૦-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR'' 7021919015. (૧૦૯૦-બી)**

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ સર્કલ**
**ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઈન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઈન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12-18 મહિનામાં કબજો "MIHIR'' 7021919015. (૧૦૯૦-સી)**

**સાન્તાક્રુઝ/ ખાર**
**લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઈન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ, ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, ઍમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10-30 કરોડ. "MIHIR" 7021919015. (૧૦૯૦/ડી)**

**સીટચ ફ્લેટો**
**એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટ્સ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦ થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦+ સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો MIHIR 7021919015. (૧૦૯૦/ઈ)**

**Rustomjee Elements**
**જુહુ સર્કલ પાસે સુવિધાઓ સાથે 3 એકર, 5 BHK 3800' @ 42 કરોડ, 4 bhk 2350' @ 21 કરોડ. MIHIR 7021919015. (૧૦૯૦/એફ)**

**Kalpataru Solitaire**
**જુહુ સ્કીમ સુવિધાઓ સાથે 1 એકર, 3600' ડુપ્લેક્સ 32 કરોડ, 3 BHK 1900' 13 કરોડ. MIHIR 7021919015. (૧૦૯૦/ જી)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
**તૈયાર કબજો સંપૂર્ણપણે સજ્જ 3 BHK 1300' 6 કરોડ, 3.5 BHK 1400' 6.5 કરોડ, 4 BHK 1700' 8.5 કરોડ, તેમજ 2000'/ 2200'/ 2500'/ 3000' પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, ઈન્ડોર ગેમ્સ સાથેના પ્રોજેક્ટ્સમાં કબજો 1 વર્ષ. MIHIR 7021919015. (૧૦૯૦/એચ)**

**અંધેરી (વેસ્ટ)**
જે. પી. રોડ, ભરડાવાળી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/ 3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્ક: મનીષ- 9324512690. (બી-૧૭૬૩૪)

**કાંદિવલી ઈસ્ટ**
કલ્પતરુ ટાવર્સ, 2.5, 3.5 બેડરૂમ, પાર્કિંગ, સ્વિમિંગ, જીમ, એમેનીટીસ, સ્ટેશન, હાઈવે, નજીક, રેડી પઝેશન ઓસી. - 9920445444. (બી-૧૭૬૯૫)

**અંધેરી વેસ્ટ**
જે. પી. રોડના દેરાસર પાસે ભવ્ય 3 BHK, 1300 ફુટ કાર્પેટ, 1 પાર્કિંગ સાથે @3.70 Cr. - 9320293840. (બી-૧૭૬૮૫)

**OC APPLIED**
મલાડ (વેસ્ટ) શ્યામ નિર્મલ હાઈટ્સ, નર્સિંગ લેન, એસવી રોડ, 1-2-3 બેડરૂમ લેવા અજય રંગવાલા. 9769816633 - 9004398283. (જેપી/૪૫૬૬-બી)

**KANDIVALI WEST**
સુંદરબાગમાં / મથુરાદાસ રોડ પાસે, ફ્લેટ લેવા / વેચવા - 9867932447. (બી-૧૭૬૯૦)

**ગ્રાન્ટરોડ**
2 બેડરૂમ - 775 - કાર્પેટ - પાર્કિંગ - 2,75,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૫૪૭/બી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કિંગ. 7,0000000/= નેગોશીએબલ શાહ - 98200683382. (૫૪૭/એ)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી/વેચાણથી લેવા-વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૧૩૪/એ)

**JUHU - GULMOHAR**
**3 BHK - 1240/ 1458/ 1537/ 1626 Carpet Area Exclusive Ready Possession with OC and All Amenities - 50 K to 60 K psf Negotiable Prices Mihir - 7021919015. (1090-E)**

**OUTRIGHT SALE IN SOUTH MUMBAI**
4 BHK + 2 Parking at Nana Chowk. / 4 BHK + 2 Parking at Gamdevi. / 3 BHK + Garage at Marine Drive. / 4 BHK + 3 Parking at Hughes Road. / 3 BHK + 1 Parking Nepean Sea Road. / 3 BHK + 1 Parking Shyam Niwas, Breach Candy. / 3 BHK + 1 Parking at Saat Raasta. / 3 BHK + 2 Parking Parel. / 2 BHK + 1 Parking Near Malabar Hill Club. / 2 BHK + 1 Parking at Kemps Corner. / 2 BHK + 1 Parking at Breach Candy. / 2 BHK + 1 Garage + 1 Parking at Pedder Road / 2B + 1 Parking, Lodha Park Parel. For More Information Contact Thakkar Reality Rajesh Thakkar 98201 57738. (B-17697)

**MALAD (WEST)**
Ramchandra Lane 2 BHK - 465' sqft carpet, 5th Floor, for Sale, Prime Location. Contact - 9820062554. (JP/4565-A)

## ૧૭. જગ્યા આપવી છે

**BREACH CANDY, PEDDAR ROAD**
1 & 2 BHK on Ownership / Lease Seafacing Throw away price must Sell Today Many More New Proposal Brokers Welcome. For details Contact 9987310819 / 02231487278. (1138-A)

**CHINCH BUNDER**
Bhat Bazar Near Masjid Bunder, Saraswati Sadan, 1st Floor, Residence / Office, 600' and 300' for Sale. WhatsApp on: 9870185484 / 9867814975. (1104-F)

**MULUND WEST**
2 BHK 39 Floor 746 sqft @ 2.06 Cr. Jain Mandir with attractive Payment Plan 30:40:30 (0% Brokerage) 9167723483 / 9869070123. (1128/A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**જોઈએ છે**
4000'/5500' 3/4/5 બેડ જોડી Seaview વાસ્તુ મુજબ એરિયા કોઈ પણ ચાલે સાઉથ મુંબઈ જુહુ વર્સોવા બેન્ડ સ્ટેન્ડ લીવ લાયસન્સ જૈન પાર્ટી અરજંટ વેલકમ બજેટ 10 થી 15 લાખ જય જિનેન્દ્ર લક્ષ્મીચંદ સંગોઈ 9223222537. (બી-૧૭૭૦૩)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
**રુષભ ઉપાધ્યાય 9049625073**
**હિતેષ ઉપાધ્યાય 9326470109**
(એસડીબી-૩૨૬૫)

## ૨૦. ધંધાદારી જગ્યા

■ વેચવાનો છે શોરૂમ, 3000 ફૂટ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્રાઈમ લોકેશન, જવેલરી, સાડી, રેડીમેઈડ, દરેક ધંધાને લાયક, કોમર્શિયલ પાસ, BU પાસ, ગુરુકુળ મેઈન રોડ ટચ, મેમનગર, અમદાવાદ- 9327001588. (બી-૧૭૭૦૨)

**KURLA**
**3500 ફૂટ કારપેટ, ગ્રાઉન્ડ ફલોરમાં, LBS રોડ ટચ, SHOWROOM/ BANK માટે ભાડેથી આપવાનો. 8879181869. (૧૧૧૮-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)

**Shop વેચાણથી**
દાદર - Palai કોમર્શિયલ કોમ્પ્લેક્સ સેનાપતિ બાપટ માર્ગ, 290' કારપેટ પ્રાઈમ લોકેશન બાબાસાહેબ આંબેડકર નગરમાં રેડી લેવા. Broker 9821061741 - 9619191741. (જેપી/૪૫૬૬-એ)

■ L&L પર 600 થી 800 કાર્પેટ, સેલ્ફ કન્ટેન્ડ, પાર્કિંગ અને લિફ્ટની સુવિધા સાથે. ઓપેરા હાઉસ, સુખ સાગર, ગામદેવી, ચોપાટી, હ્યુજીસ રોડ, નેપિયન્સી રોડ, બ્રીચ કેન્ડી, કેમ્પ્સ કોર્નર, મરીન ડ્રાઈવ જેવા વિસ્તારમાં શક્ય હોય તો ગ્રાઉન્ડ ફ્લોર સંપર્ક રાજેશ ઠક્કર 9820157738. (બી-૧૭૬૯૮)

**JUHU/ VILEPARLE/ ANDHERI**
**Exclusive Commercial, High End Glass Facade Bldg. with Ramp and Terrace Garden Choise of Over 10 RERA Registered Projects Offices 500 to 8000 Sqft, Retail Showroom 5000 To 20000 Sqft Mihir 7021919014. (1089-E)**

**CHEMBUR'S GRAND NEW CLUB**
**Business Launch. Modern Commercial Office Spaces. Strategic Location. Excellent Investments Potential. Never - Before Opportunity. Visit Today for Exclusive Offers. 9702396969 & 9769609660. (1139-A)**

**COMMERCIAL PREMISES**
Borivali to Malad. Buy, Sell, Rent in Prime Locations. "Hardik" 9819381681. (JP/ 4560-B)

## ૨૧. હોટલ

**THE KINARA VILLAGE LONAVALA**



**DELICIOUS FOOD | HERITAGE AMBIENCE**
**HERITAGE ROOMS AVAILABLE**
**Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401**
**Call : 9859639639**
www.thekinaravillage.com
(B-17699)

## ૨૩. મનોરંજન

**બજેટ મુજબ**
દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થડે, એનિવર્સરી, પ્રાર્થના. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૧૦૪-ઈ)

## ૨૭. ઔષધ ઉપચાર

**દુખાવો**
ઘૂંટણ, કમર, હાથપગ, ગર્દન, ખભો ઘરેબેઠાં દવા વગર મટાડો. 9867226594. (૧૧૦૪-એ)

## ૩૨. જમીન-મિલકત

**FOR SALE/ LEASE INDUSTRIAL Property Prime Location, 3,500 Sq. Yard Plot, 70000 RCC Construction, GIDC Chhatral, Ahmedabad WhatsApp: 8511228806. (B-17701)**

**PLOTS REQUIRED**
**Budget 100-500 Cr for A+ Category Developer Minimum 2500 Sqr Mtr Prime Location within Bandra to Borivali and South Mumbai Only Mihir 7021919014. (1089-F)**

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ - મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ ઘરસામાન, ફેરવવા - ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**બિલ્ડિંગ રીપેરિંગ**
વોટર પ્રુફિંગ સ્પેશિયાલિસ્ટ. પેઈન્ટિંગ, ટેરેસ, પેરાપીટ વોલ. 9987414990. (૧૧૦૨-એ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**ગુરુજી**
(ફી પછી) લોકો દૂર દૂરથી દરેક કામ અર્જન્ટ કરાવે. તૂટેલા પ્રેમીનું મિલન, છુટાછેડા, શત્રુનાશ, સ્પેશિયાલિસ્ટ. 7069168345. (બી-૧૭૬૭૫)

**સચોટ જ્યોતિષ**
**જન્મતારીખ સમય વોટ્સએપ કરો. લગ્નયોગ ક્યારે ભાગ્યોદય ક્યારે ફી લેવામાં આવતી જ નથી, વાતો ન કરો. રિઝલ્ટ માગો. 7304586200. (૧૧૩૬-એ)**

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાશ મળો). (બી-૧૭૬૭૮)

BIRTH-CHART ANALYSIS/ Guidance WhatsApp to 8796287768. (B-17677)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**ચોમાસામાં આજેજ બોલાવો રાજશ્રી પેસ્ટ કન્ટ્રોલ**
**(જુનું અને જાણીતું વિશ્વસનીય નામ)**
**અમારુ ઈન્જેક્સન પ્રોસેસથી સત્વરે ઉધઈનું નિયંત્રણ કરાવે છે.**
**વાંદા તેમજ માંકડ માટે સ્પ્રે ટ્રીટમેન્ટ.**



**ફોર્ટ 9869336650 / 9969871385 22626396 / 22622348**
(બી-૧૭૬૮૯)


# મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement:
samacharadvt@gmail.com


# અમરનાથ યાત્રા માટે હાઈટેક સલામતી

## ગુફા સુધીના માર્ગ પર સીસીટીવીથી નજર

શ્રીનગર: આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓને વધુ મજબૂત બનાવવાના હેતુથી લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાએ ગંડરબલના ડેપ્યુટી કમિશનર (ઉપાયુક્ત) કાર્યાલય સંકુલમાં જિલ્લા ઇમર્જન્સી ઓપરેશન સેન્ટર અને અમરનાથ યાત્રા કંટ્રોલ રૂમનું ઉદ્ઘાટન કરતા જણાવ્યું હતું કે, આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ સુવિધાઓ યાત્રા દરમિયાન તીર્થયાત્રીઓને સુરક્ષિત, સરળ અને અડચણ વગરનો પ્રવાસ અનુભવ પૂરો પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવશે.

લેફ. ગવર્નરે જણાવ્યું હતું કે વહીવટીતંત્ર (પ્રશાસન)નો લક્ષ્યાંક શ્રદ્ધાળુઓને વધુ સારી સુરક્ષા, ઝડપી સહાય અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપન સેવાઓ પૂરી પાડવાનો છે.

તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ નવું ઓપરેશન સેન્ટર (સંચાલન કેન્દ્ર) વિવિધ એજન્સીઓ વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરીને કોઇ પણ કટોકટીની સ્થિતિને ઝડપથી પહોંચી વળવામાં સક્ષમ બનશે.

દરમિયાન, ગંડરબલના ડેપ્યુટી કમિશનર જતિન કિશોરે સિન્હાને આ કેન્દ્રની મુખ્ય વિશેષતાઓ અને તેની કાર્યપદ્ધતિ વિશે માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે, આ અત્યાધુનિક કેન્દ્ર જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા સમગ્ર જિલ્લામાં લગાવવામાં આવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજને એક સેન્ટ્રલાઇઝ્ડ પ્લેટફોર્મ પર એકત્રિત કરે છે, જેથી રિયલ-ટાઇમ દેખરેખ અને ઝડપી જવાબી કાર્યવાહી સુનિશ્ચિત કરી શકાશે.

આ કેન્દ્રમાં ૨૪ કલાક કટોકટીની સ્થિતિ માટે નાગરિક હેલ્પલાઇનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેના માધ્યમથી સામાન્ય નાગરિકો અને તીર્થયાત્રીઓને તાત્કાલિક સહાય તેમજ સંકટ નિવારણ સેવાઓ પૂરી પાડવામાં આવશે.

ખાસ કરીને અમરનાથની પવિત્ર ગુફાની વાર્ષિક તીર્થયાત્રાની સુરક્ષા અને વ્યવસ્થાપનને ધ્યાનમાં રાખતા, આ ઇમર્જન્સી ઓપરેશન સેન્ટરને બાલટાલ બેઝ કેમ્પ, બાલટાલ માર્ગ, પાર્કિંગ વિસ્તારો, સોનમર્ગ તેમજ મણિગામ ટ્રાન્ઝિટ કેમ્પમાં લગાવેલા સીસીટીવી નેટવર્ક સાથે જોડવામાં આવ્યું છે. આનાથી યાત્રાના રૂટ પર થતી પ્રવૃત્તિઓની સતત દેખરેખ રાખવી શક્ય બનશે અને કોઈપણ પડકારજનક પરિસ્થિતિમાં ઝડપી નિર્ણય લઈ શકાશે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેન્દ્ર વાર્ષિક શ્રી અમરનાથજી યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થાપન, ટ્રાફિક નિયંત્રણ, ભીડ વ્યવસ્થાપન, ડિઝાસ્ટર રિસ્પોન્સ અને વિવિધ વિભાગો વચ્ચે સંકલન સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આધુનિક ટેકનોલોજી પર આધારિત આ પહેલ યાત્રાના સંચાલનને વધુ અસરકારક અને પારદર્શક બનાવવાની સાથે-સાથે શ્રદ્ધાળુઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. ■

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફીંગ**
ડામર કોટીંગ, કેમીકલ ટ્રીટમેન્ટ, લીકેજ બંધ અશોકભાઈ ખારવા: 9967691154. (૧૧૨૪-ઈ)

**WATERPROOFING SPECIALIST**
Terrace, Chajja, Bathroom, Building Repairing, Tar. 7 years Warranty. - 9004827175. (B-17670)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસિન, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૭૬૬૧)

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

# અમદાવાદના મોટેરામાં ડિમોલિશન, આસારામ આશ્રમ નજીક ૧૨ મકાન જમીનદોસ્ત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના મોટેરા જૂના ગામમાં આસારામ આશ્રમ નજીક આવેલા મકાનોના ગેરકાયદે બાંધકામ પર શનિવારે સવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન દ્વારા વ્યાપક ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ચાંદખેડા પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તંત્રએ અહીં આવેલા ૧૭ મકાનોના ગેરકાયદે ભાગને તોડી પાડ્યા હતા. આ મામલે તંત્રનું કહેવું છે કે, કાર્યવાહી કરતા પહેલા સ્થાનિકોને ભાડું અને વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવી હતી. ખાતરી આપવા છતાં પણ મકાન ખાલી કરવામાં ના આવ્યાં તેના કારણે તંત્ર દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી હતી.

શનિવારે સવારે જ્યારે એએમસી અને પોલીસનો મોટો કાફલો મોટેરા પહોંચ્યો ત્યારે સ્થાનિકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. રહેવાસીઓએ પોતાના મકાનના દસ્તાવેજો સાથે રાખીને એએમસીના અધિકારીઓને રોકવાનો પ્રયાસ કર્યો અને સાથે વિરોધ પણ કર્યો હતો. મોટી સંખ્યામાં લોકો આવી ગયા હતા, જેથી અધિકારીઓ દ્વારા માઇક પર એનાઉન્સમેન્ટ કરવામાં આવ્યું અને લોકોને સામાન હટાવવા માત્ર ૩૦ મિનિટનો સમય આપ્યો હતો. જેના કારણે સ્થાનિકો વધારે ઉગ્ર બન્યા અને વિફર્યા હતા. મુદ્દત પૂરી થતાં જ જેસીબી મશીનોએ તોડફોડ શરૂ કરી હતી.

આ દરમિયાન તંત્રની કાર્યવાહીથી નારાજ એક સ્થાનિક યુવકે આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારતા પોલીસ એક્શનમાં આવી હતી અને તાત્કાલિક તેની અટકાયત કરી લીધી હતી. આ કાર્યવાહીના કારણે સ્થાનિકોએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. જો કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાની કામગીરી ચાલુ રાખીને તમામ ગેરકાયદે બાંધકામોને જમીનદોસ્ત કરી દીધાં હતાં. આ ઘટનાને પગલે સમગ્ર મોટેરા વિસ્તારમાં ભારે તંગદિલીભર્યો માહોલ વ્યાપી ગયો હતો.■

# મોરબી-હળવદ હાઈવે પર કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત, પાંચનાં મોત, બે ઘાયલની હાલત ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વાહન અકસ્માતની ઘટનાઓ રોજિંદી બની છે. આ અકસ્માતોમાં નિર્દોષ લોકો જીવ ગુમાવી રહ્યા છે. જેમ કે મોરબી-હળવદ હાઇવે પર ચરાડવા ગામ નજીક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. રાત્રિના સમયે પૂરઝડપે આવતી કાર રોડ ક્રોસ કરી રહેલા ડમ્પર સાથે ધડાકાભેર અથડાતા પાંચ લોકોનાં મોત થયા હતા, જ્યારે બે વ્યક્તિઓ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની આ સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઈ હતી. ડમ્પર સાથે કારની ટક્કર એટલી જોરદાર હતી કે કારના ફૂરચે ફૂરચા ઉડી ગયા હતા અને કારમાં બેઠેલા વ્યક્તિઓ કારમાં ફસાઈ ગયા હતા. જેથી જેસીબીની મદદથી કારના પતરા ખેંચીને તે લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા.

અકસ્માત અંગે મળતી વિગત મુજબ, રણછોડગઢ ગામના દિલીપ ભગવાનભાઈ દઢૈયાના ૨૪ વર્ષીય પુત્ર પરેશ હળવદથી પરત ફરી રહ્યો હતો, ત્યારે માનસર નજીક તેની બાઇક સ્લિપ થતા અકસ્માત સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં તેના પિતા દિલીપભાઈ સહિત ગામના અન્ય આગેવાનો કાર લઈને હળવદ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યારબાદ ઘાયલ પરેશને વધુ સારવાર માટે કારમાં બેસાડી કુલ સાત લોકો મોરબી તરફ નીકળ્યા હતા. પરંતુ ચરાડવા નજીક હાઈવે પર તેમની કિયા કાર આગળ જઈ રહેલા ડમ્પર પાછળ ધડાકાભેર ઘૂસી જતા ગોઝારો અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં સુરેશ વિસાભાઈ સિહોરા (૪૫), વિરમ ભીમાભાઈ દઢૈયા (૨૮), પરેશ દિલીપભાઈ દઢૈયા (૨૪), પ્રેમજીભાઈ શંકરભાઈ દઢૈયા (તાલુકા પંચાયત સદસ્ય, હળવદ) અને ભરતભાઈ પ્રેમજીભાઈ દઢૈયાનું કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે રણછોડગઢ ગ્રામ પંચાયતના ઉપસરપંચ પ્રકાશ અમીરભાઈ દઢૈયા અને દિલીપભાઈ ભગવાનભાઈ દઢૈયા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે મોરબી અને રાજકોટ ખસેડવામાં આવ્યા છે. આ ભીષણ અકસ્માતમાં રણછોડગઢ ગામમાં પાંચ લોકોનાં મોત થતા સમગ્ર ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. ■

# સમૃદ્ધ ગુજરાતમાં શિક્ષકોના પગારમાં વિલંબ, પહેલી તારીખે વેતન ન મળતા રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા અંદાજે બે લાખ જેટલા પ્રાથમિક શિક્ષકો માટે આ મહિનો આર્થિક સંકટની આફત લઈને આવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમયસર ગ્રાન્ટ મંજૂર ન થવાને કારણે શિક્ષકોના માસિક પગારમાં થઈ રહેલો વિલંબ હાલ સમગ્ર રાજ્યમાં ભારે ચર્ચા અને આક્રોશનો વિષય બન્યો છે. વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઘડનારા આ ગુરુજીઓનું પોતાનું ઘરનું બજેટ વર્તમાન મોંઘવારીના દોરમાં સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. તાજેતરમાં જ યોજાયેલા વિધાનસભા સત્રમાં રાજ્ય સરકાર દ્વારા શિક્ષણ વિભાગ માટે રૂપિયા ૬૩,૧૮૪ કરોડનું રેકોર્ડબ્રેક બજેટ જાહેર કરવામાં આવ્યું હતું. 'મિશન સ્કૂલ્સ ઑફ એક્સેલન્સ' જેવી સરકારી યોજનાઓ પાછળ કરોડો રૂપિયાના ધુમાડા કરવાની જાહેરાતો તો થઈ, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર વાસ્તવિકતા સાવ વિપરીત છે. શિક્ષણ વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન શિક્ષકોને જ સમયસર વેતન મેળવવા માટે વલખાં મારવા પડી રહ્યા છે.

પગાર સમયસર ન થવાને કારણે મધ્યમવર્ગીય શિક્ષકોની આર્થિક સ્થિતિ કફોડી બની છે. પરિણામે હોમ લોન, કાર લોન અને પર્સનલ લોનના ઈએમઆઈ સમયસર ભરી શકાયા નથી. બેંક એકાઉન્ટમાં બેલેન્સ ન હોવાથી હપ્તા બાઉન્સ થઈ રહ્યા છે અને પેનલ્ટિનો મોટો આર્થિક ફટકો પડી રહ્યો છે. આ સાથે સિબિલ સ્કોર ખરાબ થવાની ભીતિ વચ્ચે શિક્ષકોના પરિવારો ભારે માનસિક તાણ અનુભવી રહ્યા છે.

શિક્ષકોને માત્ર ભણાવવાનું જ નહીં, પરંતુ ડિજિટલ ડેટા એન્ટ્રી, વિવિધ સરકારી સર્વે, મધ્યાહ્ન ભોજન અને ચૂંટણીલક્ષી અસંખ્ય બિન-શૈક્ષણિક કામોની જવાબદારી સોંપી દેવામાં આવી છે. આ અતિશય વર્કલોડ વચ્ચે જ્યારે અન્ય સરકારી વિભાગોના કર્મચારીઓના પગાર દર મહિનાની પહેલી તારીખે થઈ જાય છે, ત્યારે માત્ર શિક્ષકો સાથે જ આવો સાવકો વ્યવહાર કેમ? તેવો સવાલ ઊઠી રહ્યો છે. કામના ભારણ અને આર્થિક તંગીની બેવડી મારના કારણે શિક્ષકોમાં તીવ્ર અસંતોષ વ્યાપ્યો છે, જેની સીધી નકારાત્મક અસર શિક્ષણની ગુણવત્તા પર પડી શકે છે.■

# ૫૦ લાખના લૂંટ કેસના માસ્ટરમાઈન્ડ કુંદન ભગતને સુરત લવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં ૨૭ એપ્રિલે ધોળા દિવસે ૫૦ લાખની લૂંટના મામલે પોલીસને મોટી સફળતા મળી હતી. પટણા એનઆઇએ કોર્ટે લીલી ઝંડી આપ્યા બાદ સુરત પોલીસ આ લૂંટના માસ્ટરમાઇન્ડ કુંદન કુમાર ઉર્ફે કુંદન ભગત બિહારની આદર્શ સેન્ટ્રલ જેલ બેઉર જેલમાંથી કસ્ટડી મેળવી સુરત આવી પહોંચી હતી.

અગાઉ ત્રણ આરોપીઓની પૂછપરછમાં આ આખી લૂંટનું પ્લાનિંગ બિહારની જેલમાં બેઠા કુંદન ભગતે ઘડયું હોવાનો પર્દાફાશ થયો હતો અને એના પગલે હવે કુંદન ભગતને અહીં લવાયો છે. ■

# શૈક્ષણિક ચીજવસ્તુઓમાં ૧૦ ટકા સુધીનો તોતિંગ વધારો, નવા સત્ર પહેલાં વાલીઓનું બજેટ ખોરવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આગામી ૮ જૂનથી ઉનાળુ વેકેશન પૂર્ણ થતાં જ નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે. શાળાઓ ખૂલે તે પૂર્વે જ રાજકોટના બજારોમાં સ્કૂલ યુનિફોર્મ, પુસ્તકો અને બેગની ખરીદી માટે વાલીઓની ભારે ભીડ ઊમટી રહી છે, પરંતુ આ વખતે મોંઘવારીએ વાલીઓનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે.

વૈશ્વિક સ્તરે અમેરિકા, ઇઝરાયેલ અને ઇરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ તેમજ સ્થાનિક સ્તરે પેટ્રોલ-ડીઝલના વધતા ભાવની સીધી અસર હવે શિક્ષણ પાછળ થતા ખર્ચ પર જોવા મળી રહી છે.

ચાલુ વર્ષે સ્કૂલ યુનિફોર્મ, શૂઝ-મોજાં અને બેગ જેવી જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં ૭%થી ૧૦% સુધીનો તોતિંગ વધારો ઝીંકાયો છે.

ટ્રાન્સપોર્ટેશન અને રો-મટીરિયલ મોંઘું થવાને કારણે વેપારીઓ પણ ભાવ વધારવા મજબૂર બન્યા હોવાનું વેપારીઓ જણાવી રહ્યાં છે. આના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના વાલીઓ માટે બાળકોને ભણાવવું અત્યંત આકરું સાબિત થઈ રહ્યું છે.

રાજકોટ માર્કેટમાં પ્રવર્તમાન ભાવોની વાત કરવામાં આવે તો, નાના બાળકોના સ્કૂલ યુનિફોર્મનો ભાવ ૧,૨૦૦ થી ૧,૫૦૦ રૂપિયા, મોટા વિદ્યાર્થીઓના સ્કૂલ યુનિફોર્મના ૨,૫૦૦ થી ૩,૦૦૦ રૂપિયા, સ્પોર્ટ્સ યુનિફોર્મ / સ્કૂલ બેગના ભાવ ૧,૦૦૦ રૂપિયા / ૮૦૦ રૂપિયા, ગુજરાત બોર્ડ પુસ્તક સેટની એવરેજ કિંમત ૧,૨૦૦ થી ૧,૫૦૦ રૂપિયા અને સીબીએસઇ બોર્ડ પુસ્તક સેટની એવરેજ કિંમત ૫,૦૦૦ થી ૭,૦૦૦ રૂપિયા થઈ ગઈ છે.

ધોરણ-૨ના પુસ્તકોના ભાવની વાત કરવામાં આવે તો, સીબીએસઇ બોર્ડમાં અભ્યાસ કરતા માત્ર બીજા ધોરણના વિદ્યાર્થીના પુસ્તકો અને નોટબુકનો સેટ વાલીઓને રૂપિયા ૪,૯૬૫માં પડી રહ્યો છે.

જેમાં વાલીઓને ૪,૧૪૧ રૂપિયા માત્ર પાઠ્યપુસ્તકો માટે અને ૮૨૪ રૂપિયા નોટબુકના ચૂકવવા પડી રહ્યા છે. શિક્ષણ પાછળ થતો આ આંધળો ખર્ચ જોતાં વાલીઓમાં તીવ્ર અસંતોષ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. ■

# ગાંધીનગરના રાણાસણ ગામમાંથી જમીનમાં દાટેલો ૫,૨૦૦ લિટર દેશી દારૂનો આથો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી ગઈ છે. છાશવારે દારૂની મોટી હેરાફેરીના સમાચાર પ્રકાશમાં આવતા હોય છે. ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ - ૨ દ્વારા દેશી દારૂના ઉત્પાદન અને વેચાણનો પર્દાફાશ કર્યો હતો. રાણાસણ ગામમાં જમીનમાં છુપાવીને રાખેલા ૨૬ લોખંડ અને પ્લાસ્ટિકના બેરલ જપ્ત કરવામાં આવ્યાં હતો. પ્રાથમિક તપાસ પ્રમાણે આ બેરલમાં ૫૨૦૦ લિટર આથો ભરેલો હતો, જેનો ઉપયોગ દેશી દારૂ બનાવવા માટે થતો હોય છે. આ કાર્યવાહી સાથે પોલીસે દારૂ માફિયાનો મોટી ચેતવણી આપી હતી.

પોલીસ દ્વારા ખાનગી રાહે મળેળી ચોક્કસ બાતમીના આધારે રેડ પાડવામાં આવી હતી. ગાંધીનગરમાં આવેલા રાણાસણ ગામમાં એક વ્યક્તિએ પોતાના ઘરની નજીક દારૂ બનાવવા માટે વપરાતા આથોના જથ્થો જમીનમાં છુપાવીને રાખ્યો હતો. પોલીસે તે જ જગ્યાએ રેડ પાડીને કાર્યવાહી કરી હતી. પોલીસે રેડ પાડી ત્યારે આરોપી ઘરે નહોતો. જો કે, પોલીસ તપાસ કરી ત્યારે આથો બરેલા બેરલ મળી આવ્યાં હતાં. જમીન ખોદીને કુલ ૨૬ બેરલ બહાર કાઢવામાં આવ્યાં હતાં. આ બેરલમાં ૫,૨૦૦ લિટર દેશી દારૂ બનાવવાનો રસાયણયુક્ત આથો રાખવામાં આવેલો હતો. જેની કિંમત આશરે ૧.૩ લાખ રૂપિયા થતી હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે પ્રોહિબિશનના નિયમોનુસાર આ ૫૨૦૦ લિટર આથોના જથ્થાનો સ્થળ પર જ નાશ કર્યો હતો. આ સાથે આ મામલે રાણાસણ ગામમાં રહેતા જસવંત ઝાલા નામના શખસ સામે ડભોડા પોલીસ મથકમાં ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સાથે આરોપીને ઝડપી પાડવા માટે ચક્રો પણ ગતિમાન કરી દેવામાં આવ્યાં હતાં. ■



ગીરમાં સિંહણના ખોળે રમતા બે સિંહબાળોની આ તસવીર માતા-બાળક વચ્ચેના અતૂટ પ્રેમની અનુભૂતિ કરાવે છે. (તસવીરકાર- ફારૂક કાઝી, ઉના)

# ગુજરાતના નવા પોલીસ વડા તરીકે જી. એસ. મલિકની નિમણૂક કરાઈ

## પાંચ મહિના બાદ રાજ્યને પૂર્ણકાલીન ડીજીપી મળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વર્તમાન પોલીસ કમિશનર સીપી પોલીસ કમિશનર જ્ઞાનેન્દ્ર સિંહ મલિકની ગુજરાતના નવા ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ ડીજીપી, આઇજીપી તરીકે નિમણૂક કરવામાં આવી છે. શનિવાર, ૬ જૂન ૨૦૨૬ના રોજ ગૃહ વિભાગ દ્વારા આ અંગેનું સત્તાવાર જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. હાલમાં ઇન્ચાર્જ રાજ્ય પોલીસ વડા તરીકે સેવા આપતા કે.એલ.એન. રાવ ટૂંક સમયમાં નિવૃત્ત થઈ રહ્યા હોવાથી, આ મહત્ત્વપૂર્ણ બદલી અને બઢતી સાથે પાંચ મહિના બાદ ગુજરાતને કાયમી અને પૂર્ણકાલીન ડીજીપી મળ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૩ બેચના ગુજરાત કેડરના આઇપીએસ અધિકારી જી. એસ. મલિક મૂળ હરિયાણાના વતની છે. તેમણે કારકિર્દીની શરૂઆત કચ્છમાં એએસપી તરીકે કરી હતી. તેઓ હાલમાં ગુજરાત આઇપીએસ એસોસિએશનના પ્રમુખ પણ છે. પોતાના ૩૨ વર્ષના લાંબા કાર્યકાળમાં અનેક મહત્ત્વની જવાબદારીઓ સંભાળી ચૂક્યા છે. જી.એસ મલિકે ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, નર્મદા અને ભરૂચ સહિત વિવિધ જિલ્લાઓમાં મહત્ત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે. ભરૂચ એસપી તરીકે ફરજ દરમિયાન અનેક ચર્ચાસ્પદ અને મહત્ત્વના કાયદાકીય પગલાં લીધા હતા.

તેમણે કેન્દ્ર સરકાર હેઠળ સીઆઇએસએફમાં (એડીજી નોર્થ) તરીકે સેવા આપી હતી. અગાઉ બોર્ડર સિક્યોરિટી ફોર્સના ગુજરાત ફ્રન્ટિયર આઇજી તરીકે પણ ફરજ બજાવી હતી. બીએસએફના ડીજી બાદ તેઓ અમદાવાદ પોલીસ કમિશનર બન્યાં હતા અને હવે તેઓ રાજ્યના ડીજીપી બન્યા છે. તેમની કારકિર્દી દરમિયાન તેમને અનેક પ્રતિષ્ઠિત સન્માનો પણ પ્રાપ્ત થયા છે. વર્ષ ૨૦૧૦માં તેમને પોલીસ મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે વર્ષ ૨૦૧૭માં પ્રેસિડેન્ટ્સ પોલીસ મેડલ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ■

# ગાંધીનગરમાં સરકારી શાળામાં એક યુવકે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

## પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરમાં આવેલ એક સરકારી શાળામાં યુવકે આત્મહત્યા કરી હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સેક્ટર ૭ માં આવેલી સરકારી શાળામાં આ ઘટના ઘટી હતી. શાળામાં આવેલા એક ઝાર સાથે સાડીથી ગળેફાંસો ખાઈને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતાં સેક્ટર સાતની પોલીસ દોડી આવી અને કાર્યવાહી શરૂ કરી દીધી હતી. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે આ યુવકનું નામ જયદીપ રાજેશભાઈ સોલંકી છે. આ યુવક મૂળ તો મહેસાણા જિલ્લાના પિલવાઈ ગામમનો વતની હતો, પરંતુ તેણે ગાંધીનગર આવીને સરકારી શાળામાં આત્મહત્યા શા માટે કરી તે તપાસનો વિષય છે.

પ્રાથમિક તપાસ પ્રમાણે આ ૨૭ વર્ષીય યુવકે આ જ શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધું હતું. થોડા સમયથી જયદીપ દારૂના રવાડે ચડી ગયો હતો એટલે બનેવીએ કાઢી મૂકતા જયદીપ અમદાવાદ તેની માસીના ઘરે રહેવા ગયો હતો. જયદીપની માનસિક સ્થિતિ સારી ના હોવાનું પણ જાણવા મળ્યું હતું. ગત રાત્રે જ તે આ શાળામાં આવ્યો હતો પરંતુ ત્યાં કામ કરતા મજૂરોએ તેને કાઢી મૂક્યો હતો. બાદમાં તે રાત્રે ૩ વાગ્યો ગયો અને શાળામાં આવેલા વડના ઝાડે સાડી બાધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. સવારે લોકોની અવર જવર શરૂ થઈ ત્યારે બધાની આ યુવક પર નજર પડી હતી. આ મામલે સ્થાનિકો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી અને પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. તપાસ દરમિયાન જયદીપની બેગમાંથી સ્કૂલ લિવિંગ સર્ટિ, માર્કશીટ ઉપરાંત તેના પિતાનાં મરણ સમયના કાગળો પણ મળી આવ્યા છે. ■

# કચ્છની યુવતી પર રાજકોટ ભાજપના અગ્રણીના ભત્રીજાએ દુષ્કર્મ આચર્યું

## ₹ ૨૦ લાખની ખંડણી માગ્યાની ફરિયાદથી ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભૂજ: રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખના ભત્રીજા સહિતના શખ્સો સામે મૂળ કચ્છની ૨૦ વર્ષીય યુવતીએ દુષ્કર્મ, અપહરણ, ગોંધી રાખવા અને રૂ. ૨૦ લાખની ખંડણી માગવા અંગેની સંગીન કલમો હેઠળ ફરિયાદ નોંધાવતા રાજકીય આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

રાજકોટ જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ નાગદાન ચાવડાના ભત્રીજા અને જિલ્લા પંચાયતની બેડી બેઠકના પ્રતિનિધિ સુમિતા ચાવડાના પતિ રાજેશ ઉર્ફે રાજા ચાવડા તેમજ તેના પરિવારના અન્ય સભ્યો વિરુદ્ધ હાઈપ્રોફાઈલ ગુનો દાખલ થયો છે. ભોગ બનનાર કચ્છી યુવતીનો આરોપ છે કે આરોપીઓએ તેના પર બળાત્કાર ગુજારી, ગોંધી રાખી મારપીટ કરી હતી અને રૂ. ૨૦ લાખની ખંડણીની પણ માગણી કરી હતી.

આ ચકચારી મામલે સૌપ્રથમ કચ્છના આડેસર પોલીસ મથકે 'ઝીરો નંબર'થી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બનાવની ઘટનાસ્થળ હદને ધ્યાને લઈને વધુ તપાસ માટે આ કેસ રાજકોટના આજીડેમ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે, જ્યાં પોલીસે ગુનો નોંધીને આગળની સઘન તપાસ હાથ ધરી છે. ■

# અમદાવાદની હોટલોમાં સરપ્રાઈઝ ચેકિંગ, ફાયર સેફ્ટી ખામીઓ બદલ શહેરની ૩૭ હોટલોને નોટિસ ફટકારાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દિલ્હીમાં થોડી દિવસ પહેલા હોટલ અગ્નિકાંડ બાદ અમદાવાદમાં તંત્ર એલર્ટ થઈ ગયું છે. અમદાવાદ શહેરમાં આવેલી હોટલોમાં ફાયર સેફ્ટીની વ્યવસ્થાઓ અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ તપાસમાં ફાયર સેફ્ટી નિયમોના પાલન અંગે ચકાસણી કરવામાં આવી હતી. મહત્ત્વની વાત એ છે, આ દરમિયાન કુલ ૩૭ હોટલોમાં વિવિધ પ્રકારની ખામીઓ અને નિયમોના ભંગ બદલ નોટિસ આપવામાં આવી હતી. વિગતે વાત કરવામાં આવે તો, આ તપાસ દરમિયાન સૌથી વધુ ૧૨ નોટિસ અમદાવાદ શહેરના સાઉથ ઝોનમાં આપવામાં આવી હતી. સેન્ટ્રલ ઝોનમાં ૯, વેસ્ટ ઝોનમાં ૬, નોર્થ-વેસ્ટ ઝોનમાં ૫ અને સાઉથ-વેસ્ટ ઝોનમાં ૪ હોટલોને નોટિસ આપવામં આવી હતી. આ સાથે નોર્થ ઝોનમાં એક હોટલ સામે કાર્યવાહી કરવામાં આવી તેવું પણ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. ઈસ્ટ ઝોનની હોટલમાં કોઈ નિયમ ભંગ થયો નથી તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું. હોટલો સાથે સાથે કોમર્શિયલ સંસ્થાઓમાં પણ ફાયર સેફ્ટી સંબંધિત તપાસ કરવામાં આવી હતી. ફાયર સેફ્ટી નિયમોનું કડક પાલન થતું રહે તે માટે તંત્ર દ્વારા આ તપાસ ચાલુ રાખવામાં આવશે. આ અભિયાનમાં હોટલોના ફાયર ફાઈટિંગ સાધનો, ઇમરજન્સી એક્ઝિટ, ફાયર એનઓસીની સ્થિતિ અંગે ખાસ તપાસ કરવામાં આવી હતી. આ સાથે અન્ય સુરક્ષા વ્યવસ્થાઓની અંગે પણ તંત્ર દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. શહેરની તમામ હોટલોને તંત્ર દ્વારા તમામ સૂચનાઓનું પાલન કરવા માટે આદેશ આપવામાં આવ્યો હતો. આ સરપ્રાઈઝ નિરીક્ષણો દિલ્હીમાં બનેલા અગ્નિકાંડ બાદ શરૂ કરવામાં આવ્યાં હતાં. ■

# ગુજરાતમાં ૨૪ કલાકમાં ત્રણ માસૂમ બાળકનું સ્વિમિંગ પૂલ-વોટર પાર્કમાં ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ અલગ-અલગ જિલ્લામાં કાળજું કંપાવી દે તેવી ઘટનાઓ બની હતી. જામનગર, જૂનાગઢ અને સુરતના કામરેજમાં ત્રણ નિર્દોષ બાળકોનાં સ્વિમિંગ પૂલ અને વોટર પાર્કના ઊંડા પાણીમાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યાં હતાં. આ મામલે રિસોર્ટ સંચાલકોની સુરક્ષા વ્યવસ્થા તેમજ વહીવટી તંત્રની ગંભીર નિષ્ક્રિયતા સામે અનેક સવાલો ઊભા કર્યા છે.

ભાવનગરમાં રહેતો એક પરિવાર વેરાવળ ખાતે મામાના ઘરે વેકેશન માણવા આવ્યો હતો. ૬ જુન શનિવારે બપોરે પરિવારના સભ્યો જૂનાગઢના માળિયા હાટીના તાલુકામાં આવેલા કિંગડમ વોટર પાર્કમાં નહાવા ગયા હતા. જ્યાં મનોરંજન દરમિયાન ૮ વર્ષનો માસૂમ આદિત્ય કુમારભાઈ વેન્સીમલાણીક અચાનક વોટર પાર્કના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પૂરતી લાઈફ ગાર્ડ સુવિધાના અભાવે બાળકનું કરુણ મોત નીપજતાં પરિવારમાં ભારે રોષ અને શોક વ્યાપી ગયો હતો.

બીજી ઘટના જામનગર-રાજકોટ હાઈવે પર જાંબુડા પાટિયા નજીક આવેલા હોલીડે રિસોર્ટમાં ઘટી હતી. જામનગરનો ૯ વર્ષનો માસૂમ બાળક હર્ષ કિરીટભાઈ પરમાર પરિવાર સાથે રવિવારની રજા માણવા રિસોર્ટ ગયો હતો. સાંજે સ્વિમિંગ પૂલમાં નહાતી વખતે તે અચાનક પાણીમાં ડૂબી ગયો હતો. શ્વાસ રુંધાવાને કારણે પૂલની અંદર જ તે બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક જીજી હૉસ્પિટલ ખસેડાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. પંચકોશી એ. ડિવિઝન પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

ત્રીજી ઘટના સુરતના કામરેજના હલધરૂ ગામે આવેલા 'ઈકો વિલેજ ફાર્મહાઉસ'માં બની હતી. ખોલવડ ગામની મહિલાઓ પ્રવાસે આવી હતી તેમની સાથે પરશોત્તમભાઈ તળાવીયાની પત્ની પણ તેમના એકમાત્ર ૮ વર્ષનો પુત્ર ધર્મ પણ સાથે આવી હતી. જ્યારે તેની માતા કપડાં બદલવા ગઈ, તે ગણતરીની મિનિટોમાં જ ધર્મ સ્વિમિંગ પૂલના ઊંડા પાણીમાં ખાબક્યો હતો. મહિલાઓ પરત ફરી ત્યારે ધર્મ પાણીમાં ડૂબેલો મળ્યો હતો. ચલથાણની હૉસ્પિટલમાં તબીબો દ્વારા હર્ષને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પુત્રને ગુમાવનાર માતા-પિતાના આક્રંદથી પથ્થર હૃદયના માનવી પણ રડી પડ્યા હતા. ■

# રાહુલ, ગિલની સેન્ચુરીઃ પંતના ૫૦મી ટેસ્ટમાં અણનમ ૫૦ રન

## અફઘાનિસ્તાન સામેની ટેસ્ટનો પહેલો દિવસ ભારતનોઃ ત્રણ વિકેટે ૩૬૮ રન

ન્યૂ ચંડીગઢઃ અહીં મુલ્લાંપુર શહેરમાં મહારાજા યદવિન્દ્રસિંહ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં ભારતીય બૅટ્સમેનોએ ૪૦ ડિગ્રી તાપમાનમાં જબરદસ્ત બૅટિંગ પર્ફોર્મન્સથી અફઘાનિસ્તાન સામેની એકમાત્ર ટેસ્ટ (સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)નો શનિવારનો પ્રથમ દિવસ પોતાના નામે કર્યો હતો. ભારતે ટૉસ જીતીને પ્રથમ બૅટિંગ પસંદ કરી અને રમતના અંત સુધીમાં માત્ર ત્રણ વિકેટે ૩૬૮ રન કર્યા હતા.


સાઈ સુદર્શન


કેએલ રાહુલ


શુભમન ગિલ


**રાહુલની સેવામાંઃ** ચંડીગઢમાં ગઈ કાલે બ્રેક દરમ્યાન ૪૦ ડિગ્રી ગરમીમાં રમીને લોથપોથ થઈ ગયેલા કેએલ રાહુલ પર ટુવાલની મદદથી સૂરજના તીવ્ર કિરણો આવતા રોકી રહેલા સપોર્ટ સ્ટાફના મેમ્બર્સ. (પીટીઆઇ)

### ભારત એક દાવથી જીતવા મક્કમ

ઓપનર યશસ્વી જયસ્વાલને બાદ કરતા બાકીના ચારેય બૅટ્સમેન સારું રમ્યા હતા અને ભારત આ મૅચ એક દાવથી જીતી શકે એ માટે ઇનિંગ્સનો પાયો રવિવારના બીજા દિવસે વધુ મજબૂત કરવામાં આવશે એવી સંભાવના છે. પિચ સમય જતાં સ્લો બોલર્સ (સ્પિનર્સ)ને વધુ માફક આવે એવી હોવાથી ભારતના સ્પિનર્સ (કુલદીપ યાદવ, વૉશિંગ્ટન સુંદર અને નવોદિત માનવ સુથાર) વધુ અસરદાર પર્ફોર્મ કરશે એવી ધારણા છે. અફઘાનિસ્તાન સામે ભારતની આ માત્ર બીજી જ ટેસ્ટ છે. ૨૦૧૮માં ભારતે અફઘાનિસ્તાનને પ્રથમ ટેસ્ટમાં એક ઇનિંગ્સથી હરાવ્યું હતું. તેમનો મુખ્ય સ્પિનર રાશીદ ખાન આ ટેસ્ટમાં નથી રમ્યો.

તાજેતરની આઇપીએલમાં થર્ડ-હાઇએસ્ટ ૭૨૨ રન બનાવનાર ઓપનર સાઇ સુદર્શન (૮૧ રન, ૧૦૪ બૉલ, તેર ફોર) પ્રથમ ટેસ્ટ સદી ચૂકી ગયો હતો, પરંતુ તેણે પહેલાં યશસ્વી જયસ્વાલ (૨૪ રન, ૩૨ બૉલ, પાંચ ફોર) સાથે ૪૧ રનની ઓપનિંગ પાર્ટનરશિપ કરી હતી અને પછી કેએલ રાહુલ (૧૦૦ રન, ૧૬૫ બૉલ, અગિયાર ફોર) સાથે બીજી વિકેટ માટે ૧૩૯ રનની શાનદાર ભાગીદારી કરી હતી. સુદર્શન અને રાહુલ ડિફેન્સિવ છતાં દમદાર ઇનિંગ્સ રમ્યા હતા.

### ‘નસીબવાન’ સુદર્શન કેમ પ્રથમ સદી ચૂક્યો?

સુદર્શન અફઘાનના બીજી જ ટેસ્ટ રમી રહેલા પેસ બોલર મોહમ્મદ સલીમના બૉલમાં કૅચઆઉટ થયો હતો. સલીમના કલાકે ૧૪૨ કિલોમીટરની ઝડપવાળા બૉલમાં સુદર્શન એક ઘૂંટણિયે બેસીને કવર ડ્રાઇવ મારવા ગયો હતો, પણ શૉટ મારવામાં થોડો મોડો પડ્યો હતો અને વિકેટકીપર અફસાર ઝઝાઈએ તેનો નીચો કૅચ ઝીલી લીધો હતો. એ પહેલાં, સુદર્શનનો બે વખત કૅચ છૂટ્યો હતો. સુદર્શનની વિકેટ બાદ કૅપ્ટન શુભમન ગિલ (૧૦૩ નૉટઆઉટ, ૧૪૩ બૉલ, એક સિક્સર, અગિયાર ફોર) રાહુલ સાથે જોડાયો હતો અને બન્ને વચ્ચે ત્રીજી વિકેટ માટે ૬૭ રનની પાર્ટનરશિપ થઈ હતી. ગિલ આક્રમક ઇનિંગ્સ રમ્યો અને તે જાણે પ્રૅક્ટિસ મૅચમાં રમી રહ્યો હોય એવું પર્ફોર્મ કર્યું હતું. ૨૪૭ રનના કુલ સ્કોર પર રાહુલ ૧૨મી ટેસ્ટ-સદી પૂરી કરીને આઉટ થયો હતો. પેસ બોલર ઝિયાઉર રહમાનના બૉલમાં તે શૉર્ટ એક્સ્ટ્રા કવર પર રહમનુલ્લા ગુરબાઝના હાથમાં કૅચઆઉટ થયો હતો.

### પંતે સ્પિનરને બતાવ્યો પરચો

રાહુલની ત્રીજી વિકેટ બાદ વિકેટકીપર રિષભ પંત (૫૦ નૉટઆઉટ, ૭૦ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) કૅપ્ટન ગિલ સાથે ક્રીઝમાં જોડાયો હતો. પંતની આ ૫૦મી ટેસ્ટ છે અને એમાં તેણે દિવસના અંત સુધીમાં ૫૦ રન પૂરા કર્યા હતા. પંત ટેસ્ટના પ્રારંભિક દિવસે અસલ મિજાજમાં રમ્યો અને આઇપીએલનો મૂડ હજી ઓસર્યો ન હોય એ રીતે તેણે ઑફ સ્પિનર અબ્દુલ મલિકની એક ઓવરમાં ત્રણ છગ્ગા ફટકાર્યા હતા. પંત આઇપીએલમાં ધમાકેદાર નહોતો રમ્યો, પણ હવે તે કૅપ્ટન્સીના બોજમાં નથી રમી રહ્યો એટલે મુક્ત મનથી રમે છે અને એમાં તેણે અબ્દુલની ઓવરના પહેલા, ચોથા અને પાંચમા બૉલમાં સિક્સર ફટકારી દીધી હતી.

### ગિલ-પંતની ૧૨૧ની અતૂટ ભાગીદારી

રમતને અંતે ગિલ-પંત વચ્ચે ૧૫૧ બૉલમાં ૧૨૧ રનની અતૂટ ભાગીદારી થઈ ચૂકી હતી. નિયમ મુજબ આખા દિવસમાં ૯૦ ઓવર થવી જોઈતી હતી, પણ નબળા પ્રકાશને લીધે ૮૫મી ઓવરને અંતે રમત સમેટી લેવાઈ હતી. ■

# સૂર્યકુમાર ટી-૨૦ ટીમમાંથી બાકાત, શ્રેયસ નવો કૅપ્ટનઃ ૧૫ વર્ષનો ટેણિયો વૈભવ સૂર્યવંશી બન્ને ટીમમાં સામેલ

## આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ પ્રવાસ માટેની ટીમ જાહેર, એશિયન ગેમ્સ માટે પણ સ્ક્વૉડ નક્કીઃ તિલક વર્મા નવો વાઇસ-કૅપ્ટન





મુંબઈઃ બીસીસીઆઈના હેડ ક્વાર્ટરમાં ગઈ કાલે પસંદગી સમિતિની બેઠક મળી હતી જેમાં ભારતના આયર્લૅન્ડ અને ઈંગ્લૅન્ડ પ્રવાસને લઈ ટીમની જાહેરાત કરવામાં આવી હતી. ત્રણ મહિના પહેલાં ભારતને ટી-૨૦નો વર્લ્ડ કપ અપાવનાર સૂર્યકુમાર યાદવ પાસેથી ટી-૨૦ ટીમનું સુકાન પાછું લઈ લેવામાં આવ્યું છે તેમ જ તેને નવી ટી-૨૦ ટીમમાં સ્થાન પણ નથી આપવામાં આવ્યું. શ્રેયસ અય્યરને ગઈ કાલે ભારતીય ટી-૨૦ ટીમનો નવો કેપ્ટન જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે મિડલ-ઑર્ડર બૅટ્સમૅન તિલક વર્માને ટીમ ઈન્ડિયાનો વાઈસ કેપ્ટન બનાવાયો હતો.

૧૫ વર્ષીય યુવા સુપરસ્ટાર વૈભવ સૂર્યવંશીનો પણ પ્રથમ વખત ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ટીમમાં બે વિકેટકિપરને સામેલ કરવામાં આવ્યા છે. ભારતીય ક્રિકેટરો ૨૬ અને ૨૮ જૂને આયરલૅન્ડમાં બે ટી-૨૦ રમશે અને ત્યાર બાદ ઇંગ્લૅન્ડમાં ૧-૧૧ જુલાઈ દરમ્યાન પાંચ ટી-૨૦ મૅચ રમાશે. જાપાનમાં આગામી સપ્ટેમ્બરમાં યોજાનારી એશિયન ગેમ્સ માટેની ટી-૨૦ ટીમ પણ જાહેર કરવામાં આવી છે.

### વૈભવે સચિનનો ૩૭ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો

આઇપીએલ-૨૦૨૬માં સૌથી વધુ ૭૭૬ રન બનાવનાર રેકૉર્ડ-બ્રેકર ખેલાડી વૈભવ સૂર્યવંશીએ ભારતની મુખ્ય ક્રિકેટ ટીમમાં પ્રવેશ મેળવીને સચિન તેન્ડુલકરનો ૩૭ વર્ષ જૂનો ભારતીય વિક્રમ તોડી નાખ્યો છે. વૈભવ ભારતનો હવે યંગેસ્ટ ક્રિકેટર છે. તેની ઉંમર ૧૫ વર્ષ અને ૭૧ દિવસની છે. સચિન નવેમ્બર, ૧૯૮૯માં પહેલી આંતરરાષ્ટ્રીય મૅચ (કરાચીમાં પાકિસ્તાન સામે ટેસ્ટ મૅચ) રમ્યો ત્યારે તેની ઉંમર ૧૬ વર્ષ અને ૨૦૫ દિવસની હતી.

### આયરલૅન્ડ-ઈંગ્લૅન્ડ પ્રવાસ માટેની ટીમ

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરૂણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ, પ્રિન્સ યાદવ

### એશિયન ગેમ્સ માટેની સ્કવૉડ

શ્રેયસ અય્યર (કેપ્ટન), અભિષેક શર્મા, વૈભવ સૂર્યવંશી, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), નીતીશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, વરૂણ ચક્રવર્તી, રવિ બિશ્નોઈ, જસપ્રીત બુમરાહ, હર્ષીત રાણા, અર્શદીપ સિંહ.

### શ્રીલંકાના પ્રવાસ માટેની ટીમ

ધ્રુવ જુરેલ (કૅપ્ટન, વિકેટકીપર), સાઇ સુદર્શન, દેવદત્ત પડિક્કલ (વાઇસ-કૅપ્ટન), આયુષ પાન્ડે, ઋતુરાજ ગાયકવાડ, હર્ષ દુબે, સારાંશ જૈન, ગુર્નૂર બ્રાર, આકિબ નબી, યશ ઠાકુર, એન. જગદીશન (વિકેટકીપર), અમન મોખાડે, શેખ રાશીદ અને ઝીશાન અન્સારી. ■

# હૉકીમાં ભારત ચૅમ્પિયનઃ ખેલાડીઓ માટે ઇનામ જાહેર

ટોક્યોઃ હૉકીની રમતમાં મેન્સ અન્ડર-૧૮ એશિયા કપ ટાઇટલ પર ભારતે કબજો કરી લીધો છે. ભારતીય ટીમે ફાઇનલમાં યજમાન જાપાનને ૪-૧થી પરાજિત કર્યું હતું. ચારમાંથી ત્રણ ગોલ આશિષ પુરતીએ કર્યા હતા અને એક ગોલ કૅપ્ટન કેતન કુશવાહાએ કર્યો હતો. હૉકી ઇન્ડિયાએ ભારતની ગોલ્ડ મેડલ વિજેતા ટીમના પ્રત્યેક ખેલાડીને ત્રણ લાખ રૂપિયાનું અને સપોર્ટ સ્ટાફના દરેક મેમ્બરને ૧.૫ લાખ રૂપિયાનું ઇનામ આપવાની જાહેરાત કરી છે. દરમ્યાન મહિલા વર્ગમાં ભારતની અન્ડર-૧૮ ટીમ બ્રૉન્ઝ જીતી છે અને આ ટીમની દરેક ખેલાડીને એક લાખ રૂપિયા અને સપોર્ટ સ્ટાફના પ્રત્યેક મેમ્બરને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. ■

# ‘સાફ’ વિમેન્સ ફૂટબૉલમાં ભારતનું છઠ્ઠું ટાઇટલ

મડગાંવઃ સાઉથ એશિયન ફૂટબૉલ ફેડરેશન (સાફ)ની મહિલાઓની ચૅમ્પિયનશિપમાં શનિવારે ભારતે બાંગ્લાદેશને ૩-૧થી હરાવીને છઠ્ઠી વખત ટાઇટલ જીતી લીધું હતું. જોકે સાત વર્ષમાં ભારતીય મહિલા ટીમનું આ પ્રથમ ટાઇટલ છે. ભારત વતી પ્યારી ક્સાક્સા, સૅન્ફિદા અને લીન્ડા સેર્ટોએ એક-એક ગોલ કર્યો હતો. ■

# રશિયાની મિરા ઍન્ડ્રીવા ફ્રેન્ચ ઓપન જીતનાર શારાપોવા પછીની પ્રથમ રશિયન

પૅરિસઃ રશિયાની મિરા ઍન્ડ્રીવાએ શનિવારે ફ્રેન્ચ ઓપન ટેનિસની ફાઇનલમાં પોલૅન્ડની મૅયા શ્વાલિન્સ્કાને ૬-૩, ૬-૨થી હરાવીને પ્રથમ વખત ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતી લીધું હતું. મિરા આ પ્રતિષ્ઠિત ટાઇટલ જીતનાર તેના દેશની મારિયા શારાપોવા પછીની પ્રથમ રશિયન મહિલા પ્લેયર છે. શારાપોવા ૨૦૧૪માં આ ટાઇટલ જીતી હતી. એટલું જ નહીં, ૧૯ વર્ષની મિરા આ ચૅમ્પિયનશિપની છેલ્લાં ૩૪ વર્ષની યંગેસ્ટ ખેલાડી પણ છે. જોકે તે મોનિકા સેલીસ પછી બીજા નંબરે છે. સેલીસે ૧૯૯૨માં ૧૮ વર્ષની ઉંમરે આ ટ્રોફી જીતી લીધી હતી. ■

# વર્લ્ડ યોગાસનમાં ભારતનો ગોલ્ડ મેડલનો આંકડો બાવીસ પર પહોંચ્યો

અમદાવાદઃ અહીં સૌપ્રથમ વર્લ્ડ યોગાસન ચૅમ્પિયનશિપમાં ભારતીય ઍથ્લીટોનું વર્ચસ્વ ત્રીજા દિવસે વધુ મજબૂત થયું હતું, કારણકે શનિવારે વધુ સુવર્ણ ચંદ્રકો પર કબજો કર્યો હતો અને ભારતીયોએ જીતેલા ગોલ્ડ મેડલનો આંકડો બાવીસ ઉપર પહોંચી ગયો હતો. પાંચ સિલ્વર તથા એક બ્રૉન્ઝ સહિત કુલ મળીને ૨૮ મેડલ જીતનાર ભારત સામે બાકીના દેશો ખૂબ ઝાંખા પડ્યા હતા. અહીં એકા અરીનામાં નેપાળ, જાપાન તથા અમેરિકાના ઍથ્લીટ એક-એક ગોલ્ડ જીત્યા હતા. ભારત મેડલ-વિજેતાઓમાં પ્રથમ છે અને ધાર્યા મુજબ ભારતીય ઍથ્લીટો દરેક કૅટેગરીમાં અને પ્રત્યેક ઇવેન્ટમાં એક કે વધુ મેડલ જીત્યા છે. ■

# પાકિસ્તાનની બોર્ડર નજીક રહેતો માનવ સુથાર ભારતનો ૩૧૯મો ટેસ્ટ ખેલાડી



ન્યૂ ચંડીગઢઃ સ્પિન-બોલિંગ ઑલરાઉન્ડર માનવ સુથારે ભારત વતી ડેબ્યૂ કર્યું છે. તે ભારતનો ૩૧૯મો ટેસ્ટ ખેલાડી બન્યો છે. કુલદીપ યાદવના શુભહસ્તે તેને ટેસ્ટ કૅપ મળી હતી. માનવ સુથાર રાજસ્થાનમાં પાકિસ્તાનની સરહદથી માત્ર પાંચ કિલોમીટર દૂર આવેલા શહેર શ્રીગંગાનગરનો રહેવાસી છે. માનવ માત્ર સ્પિનર જ નથી તે નીચલા ક્રમે સારી બૅટિંગ પણ કરી શકે છે.

ભારતની વર્તમાન ટેસ્ટની પ્લેઈંગ ઇલેવનમાં શુભમન ગિલ (કૅપ્ટન), કેએલ રાહુલ (વાઇસ-કૅપ્ટન), યશસ્વી જયસ્વાલ, સાઈ સુદર્શન, રિષભ પંત, વૉશિંગ્ટન સુંદર, ધ્રુવ જુરેલ, માનવ સુથાર, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણાનો સમાવેશ છે.

૨૩ વર્ષીય ડાબોડી સ્પિનર માનવ સુથારને પ્રથમ વખત ભારતીય ટેસ્ટ ટીમમાં મોકો મળ્યો છે. આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમતા માનવે ઘરેલું ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. ૨૦૨૩ વર્લ્ડ કપ પહેલા ભારતીય કેમ્પમાં તેણે રોહિત શર્મા અને વિરાટ કોહલીને પ્રભાવિત કર્યા હતા. હવે તેને ભવિષ્યમાં ટેસ્ટ સ્પેશલિસ્ટ સ્પિનર તરીકે જોવામાં આવે છે. રવીન્દ્ર જાડેજાને આરામ આપવામાં આવ્યા બાદ પસંદગીકર્તાઓએ માનવ પર ભરોસો મૂક્યો છે. માનવ સુથાર હાલ આઈપીએલમાં ગુજરાત ટાઈટન્સ તરફથી રમે છે. તેના પિતા જગદીશ સુથાર સ્કૂલમાં પીટી ટીચર છે અને ખુદ પણ સ્કૂલ લેવલનું ક્રિકેટ રમી ચૂક્યા છે.

માનવ જ્યારે ૧૧ વર્ષનો હતો ત્યારે તેને ક્રિકેટ એકેડમી મોકલવામાં આવ્યો હતો. પિતા તેમનો પુત્ર બેટ્સમેન બને તેમ ઈચ્છતા હતા પરંતુ કોચ ધીરજ શર્માએ પ્રથમ દિવસે તેની બોલિંગ જોઈને જ કહ્યું હતું કે આ છોકરો બોલિંગ માટે જન્મ્યો છે. આજે તેના કોચના શબ્દો સાચા પડ્યા અને તેને ભારતીય ટેસ્ટ ટીમમાં પ્લેઈંગ ૧૧માં સમાવેશ કરાયો છે. માનવની બૉલિંગની સૌથી મોટી ખાસિયત તેની ક્લાસિકલ લેફ્ટ આર્મ સ્પિન છે. તે ફ્લૅટ બોલિંગ નથી કરતો, પરંતુ હવામાં ડ્રિફ્ટ અને સચોટ રિલીઝ પોઈન્ટથી બૅટ્સમેનોને સતત મૂંઝવણમાં રાખે છે. ડૉટ બૉલ ફેંકવાની તેની ક્ષમતા તેને બાકીના યુવા સ્પિનરોથી અલગ પાડે છે.

ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા-એ સામેની ઈન્ડિયા-એ મૅચમાં તેણે પાંચ વિકેટ ઝડપીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. આ જ પ્રદર્શન હવે તેને ભારતીય ટેસ્ટ ટીમ સુધી લઈ આવ્યું છે. ■

# વર્લ્ડ ચૅમ્પિયન કૅપ્ટન સૂર્યકુમારને શા માટે સાવ જાકારો આપી દેવાયો? ચીફ સિલેક્ટર આગરકરે ખુલાસામાં ઘણું બધું કહ્યું



મુંબઈઃ હજી ત્રણ મહિના પહેલાં ભારતે સૂર્યકુમાર યાદવના નેતૃત્વમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો હતો, પણ અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્શન કમિટીએ મોટો નિર્ણય લીધો છે જેમાં સૂર્યકુમાર પાસેથી ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી પાછી લઈ લેવામાં આવી છે અને આયરલૅન્ડ તથા ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટેની ટી-૨૦ ટીમ ઉપરાંત ત્યાર પછીની એશિયન ગેમ્સની ટી-૨૦ ટીમમાં પણ સૂર્યકુમારનો સમાવેશ નથી કર્યો જે માટે ખુદ આગરકરે કેટલાંક કારણો આપ્યાં છે.

સૂર્યકુમાર પાસેથી ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી પાછી લેવામાં આવી છે અને શ્રેયસ ઐયરને એ જવાબદારી સોંપવામાં આવી છે. ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીને પણ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂની તક આપવામાં આવી છે. સિલેક્ટરોએ આયરલૅન્ડ અને ઇંગ્લૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટે તેમ જ એશિયન ગેમ્સ માટેની ટી-૨૦ ટીમ જાહેર કરી છે.

સૂર્યકુમારનો તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપમાં બૅટ્સમૅન તરીકે પર્ફોર્મન્સ સારો નહોતો. તાજેતરની આઇપીએલમાં સૂર્યાએ ૧૪૭.૫૪ના સ્ટ્રાઇક-રેટથી ફક્ત ૨૭૦ રન બનાવ્યા હતા, જ્યારે શ્રેયસે પંજાબની કૅપ્ટન્સી સંભાળવના સાથોસાથ ૧૬૮.૮૧ના સ્ટ્રાઇક-રેટથી કુલ ૪૯૮ રન બનાવ્યા હતા.

### આગરકરે શું કહ્યું?

(૧) અમે ખાસ કરીને ટીમ માટેની ભવિષ્યની યોજના અને બૅટિંગના વ્યક્તિગત ફૉર્મને ખાસ ધ્યાનમાં રાખીને નિર્ણયો લીધા છે.

(૨) સૂર્યકુમારના નેતૃત્વમાં તાજેતરમાં જ ભારત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બન્યું એટલે તેના (સૂર્યા) વિશેનો નિર્ણય અમારા માટે ખૂબ મુશ્કેલ થઈ ગયો હતો. અમે સૌથી મુશ્કેલ નિર્ણય હંમેશાં ટીમના હિતમાં જ લઈએ છીએ.

(૩) જોકે દરેક વર્લ્ડ કપ પછી સ્થિતિનું મૂલ્યાંકન થતા જ હોય છે અને ભાવિ ટીમ માટે શું શ્રેષ્ઠ છે એ નક્કી કરવામાં આવતું જ હોય છે.

(૪) સૂર્યાનું નબળું બૅટિંગ-ફૉર્મ આ નિર્ણય માટે કારણરૂપ છે જ, આવતા બે વર્ષ માટે (૨૦૨૮ના ટી-૨૦ વર્લ્ડ કપ માટે) પણ વિચારવામાં આવ્યું છે. અમને કૅપ્ટન્સી અત્યારથી જ બદલવાનું સૌથી યોગ્ય લાગ્યું હતું. (આઇપીએલમાં) કેટલીક ટીમો (કોલકાતા અને પંજાબ)ની કૅપ્ટન્સી સફળતાપૂર્વક સંભાળવાની શ્રેયસની કાબેલિયતથી અમે પ્રભાવિત થયા છીએ. અમને નવી કૅપ્ટન્સી માટે તે જ સર્વશ્રેષ્ઠ લાગ્યો હતો. કૅપ્ટન કેવી પરિસ્થિતિનો સામનો કરીને સુકાનને સફળતાથી સંભાળી લેતો હોય એ વિશેની બધી બાબતો અમે તેનામાં જોઈ અને તેને નવો ટી-૨૦ કૅપ્ટન બનાવ્યો છે.

(૫) અમે સૂર્યાના છેલ્લાં બે વર્ષના નબળા બૅટિંગ-ફૉર્મને ધ્યાનમાં લઈને તેને ડ્રૉપ કરવાનો નિર્ણય લીધો છે. અમે ખૂબ ચર્ચા કરી અને પછી જ નિર્ણય પર આવ્યા હતા. ■

# ૨૦ વર્ષના પ્રજ્ઞાનાનંદે ઈતિહાસ સર્જ્યો, નોર્વે ચેસ ચેમ્પિયનશિપનું ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો



ઑસ્લોઃ ચેસ-જગતની પ્રતિષ્ઠિત ‘નોર્વે ચેસ’ ચેમ્પિયનશિપમાં તમિળનાડુના ગ્રૅન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનાનંદે ભારતનો ડંકો વગાડી દીધો છે. તે નોર્વે ચેસ સ્પર્ધાનું ટાઇટલ જીતનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો છે. તેણે આ ચૅમ્પિયનશિપની પોતાની છેલ્લી ગેમમાં જર્મનીના વિન્સેન્ટ કેમરને હરાવીને ૩ પોઈન્ટ મેળવ્યા અને ૧૮ પોઈન્ટ સાથે તે નોર્વે ચેસ ચેમ્પિયન બની ગયો હતો.

ટૂર્નામેન્ટના ૧૦મા એટલે કે ફાઇનલ રાઉન્ડ પહેલાં ૨૦ વર્ષના ગ્રૅન્ડમાસ્ટર પ્રજ્ઞા ૧૫ પોઈન્ટ સાથે ટૂર્નામેન્ટમાં ફિલિપિનો-અમેરિકન ગ્રાન્ડમાસ્ટર વેસ્લી સો (૧૫.૫) કરતાં અડધો પોઈન્ટ પાછળ ચાલી રહ્યો હતો. દસમા રાઉન્ડમાં વેસ્લી સો અને અલીરેઝા ફિરોઝજા વચ્ચેની મેચ ડ્રો રહી હતી. આના કારણે વેસ્લી સૉના ૧૭ પોઈન્ટ થયા અને આખરે તેઓ ભારતના પ્રજ્ઞાનાનંદથી પાછળ રહી ગયા હતા.

જીત્યા પછી તરત જ પ્રજ્ઞાનાનંદાએ કહ્યું, ‘જ્યારે હું જીતવા તરફ વધી રહ્યો હતો ત્યારે મને ખૂબ ટેન્શન થવા લાગ્યું હતું. હું હજુ પણ એ જ પરિસ્થિતિ (ઝોન)માં છું.’ પ્રજ્ઞાએ એમ પણ કહ્યું, ‘આ ટૂર્નામેન્ટ જીતવા કરતાં પણ ચાર ક્લાસિકલ મેચ જીતવી મારા માટે વધુ મહત્ત્વપૂર્ણ છે.’

દુનિયાના માત્ર ૬ પુરુષ અને ૬ મહિલા ખેલાડીઓની આ સૌથી પ્રતિષ્ઠિત (એલટ) ટૂર્નામેન્ટમાં પ્રજ્ઞાનાનંદે મેગ્નસ કાર્લસનને પહેલા સફેદ અને પછી કાળા મ્હોરાથી રમતા એમ બે વાર હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. ■

# ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં પહેલી ઘટનાઃ યુદ્ધમાં સામેલ એક દેશે બીજા દેશના ખેલાડીઓને આપ્યા વિઝા

## ઇરાનના ફૂટબોલરોના વિઝા મંજૂર કર્યા પછી અમેરિકી અધિકારીઓએ ‘આતંકવાદી’ શબ્દ વાપર્યો!

લૉસ ઍન્જલસઃ ૧૧મી જૂને અમેરિકા, કૅનેડા અને મેક્સિકોમાં સંયુક્ત રીતે જે ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપ રમાવાનો છે એમાં ઇરાનની ટીમ પણ રમવાની છે અને એ માટે ઇરાનના ફૂટબૉલ ખેલાડીઓએ અમેરિકા પાસે વિઝા માગ્યા હતા જે તેમને છેવટે મળી ગયા છે. યુદ્ધ ચાલી રહ્યું હોય અને એમાં સામેલ બે દેશમાંથી એક દેશે પોતાના ખેલાડીઓ માટે વિઝા માગ્યા હોય અને બીજા દેશે એ મંજૂર કર્યા હોય એવું આ વિશ્વ કપના ઇતિહાસમાં પહેલી જ વખત બન્યું છે.

અમેરિકા અને ઇરાન વચ્ચે બે મહિનાથી યુદ્ધ ચાલે છે. ઇરાને પોતાની મૅચો અમેરિકાને બદલે મેક્સિકોમાં રાખવા માગણી કરી હતી, પણ મહિનાઓ પહેલાંથી સમયપત્રક બની ગયું હોવાથી અને એને લગતી તમામ ટીમો માટેની ટ્રાવેલિંગ, હૉટેલ વગેરે બધી જ વ્યવસ્થા થઈ ચૂકી હોવાથી ઇરાનની માગણી આયોજક ફિફા દ્વારા નકારવામાં આવી હતી. જોકે ઇરાને ખેલાડીઓની પ્રૅક્ટિસ માટેનો કૅમ્પ અમેરિકાને બદલે મેક્સિકોમાં રાખ્યો છે.

વિશ્વ કપમાં ઇરાનની પ્રથમ મૅચ ૧૫મી જૂને લૉસ ઍન્જલસમાં ન્યૂ ઝીલૅન્ડ સામે રમાવાની છે. જોકે અમેરિકાના અધિકારીઓએ મીડિયાને જણાવ્યું હતું કે ‘વર્લ્ડ કપમાં રમવા સંબંધમાં ઇરાનના ફૂટબૉલ ખેલાડીઓને અને તેમના સપોર્ટ સ્ટાફને જરૂરી વિઝા મંજૂર કરવામાં આવ્યા છે. જોકે ઇરાનના ખેલાડીઓ કે તેમનો સપોર્ટ સ્ટાફ કોઈ પણ પ્રકારની બનાવટ કરીને આતંકવાદીઓને અમેરિકામાં ઘૂસાડીને અમેરિકાની સિસ્ટમનો દુરુપયોગ કરવાનો પ્રયત્ન કરશે તો એ જરાય નહીં ચલાવી લઈએ.’ ■

# ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો**

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

## ક્લાસિફાઈડ રેટ કાર્ડ

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધ:** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# કાગડા બધે જ કાળા

## ઓપિનિયન

**સી. એ. પ્રકાશ દેસાઈ**

હાલમાં જ પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામો આવ્યા અને તૃણમૂલ કોંગ્રેસમાં થયેલી કરારી હાર પછી જે પાર્ટીના જે હાલ થયા છે અને બરફની જેમ પાર્ટી પીગળી ગઇ છે જેમાં મમતા બેનરજીની લીડરશિપ સ્વીકાર્ય નથી તે સ્પષ્ટ જણાઇ આવે છે અને આ હારના કારણો આપણને વેસ્ટ બેંગાલની પબ્લિકના પ્રત્યાઘાતો પાર્ટીના જૂના લીડરોના ટીવી ઉપર આવતા ઇન્ટરવ્યૂ પરથી લાગે છે કે કટમની સિન્ડિકેટ કરપ્શન અને સ્ત્રીઓ પ્રત્યેના અત્યાચારો આમાં મુખ્યત્વે ભાગ ભજવેલો છે. જો આ વાતો સાચી હોય તો તે હારના મૂળ કારણો હતા અને આ તમામ દૂષણોની પરિસ્થિતિ પાર્ટીના મુખ્યાને બતાવવા છતાં જે જાણી જોઇને થવા દીધું તે અંગ્રેજીમાં કહેવાય છે કે આ દોષી લોકોને એકજાતની એમનેસ્ટી બક્ષી હતી અને કોઇ શિસ્તભંગના પગલાં તેમની સામે નહીં લીધા તે ચૂંટણીમાં કરારી હાર માટે જવાબદાર છે.

જયારે પોલિટિક્લ એમનેસ્ટિની વાત આવે ત્યારે યાદ આવે છે અમેરિકન રાજકારણ કે જેમાં અમેરિકાના પ્રમુખને સત્તા છે કે તે ફેડરલ ક્રાઇમ કરેલી કોઇપણ વ્યક્તિ કે જેની સામે કોર્ટમાં કેસ ચાલતા હોય તેને એમનેસ્ટિ મતલબ માફી બક્ષી શકે છે અને તેને કોઇ ચેલેન્જ નથી કરી શકતું.

યુએસના બંધારણમાં પ્રમુખને પ્લેનરી (સંપૂર્ણ અને બિનશરતી) પાવર છે. પ્રમુખે આપેલી ક્ષમા કે માફીમાં સંસદ, કૉંગ્રેસ કે બંધારણીય મર્યાદા તેને અટકાવી શકતા નથી.

બંધારણમાં આ સત્તા પ્રમુખને આપવા પાછળ ઉદ્દેશ એ હતો કે જેન્યુઇન કેસીસમાં ખોટા માણસને કોઇપણ કારણસર કાનૂની સજા થઇ રહી હોય અને તે પોતાની જાતને નિર્દોષ સાબિત ના ક્રી શકાતો હોય તો તેને આ ખોટી સજામાંથી મુક્ત થવા માટે પ્રમુખને પાવર આપવામાં આવેલા હતા પણ મોટાભાગના કેસમાં આ પાવરનો ઉપયોગ સગાંવહાલા મિત્રો અને ધંધાના ફાયદા માટે થયેલો જોવામાં આવેલો છે. જેમ કે ૧૯૯૨માં જે. એચ ડબલ્યુ બુશે અમેરિકાના ભૂતપૂર્વ સંરક્ષણ સચિવ કેસ્પર વેઇનબર્ગરને આપેલી કે જયારે તેનું નામ નિકારાગુઆના રીબેલ ગ્રૂપને નાણા પહોંચાડવાના અને ઇરાનને શસ્ત્રો વેંચવામાં ખોટી જુબાની આપવાના કેસીસ ચાલી રહ્યા હતા અને આને જો ન દબાવી દેવામાં આવે તો જે એચ ડબલ્યુ બુશનું નામ કાવતરામાં આવવાના ચાન્સિસ હતા. તેનાથી બચવા માટે કેસ્પરને એમનેસ્ટિ આપવામાં આવેલી હતી.

આવી જ રીતે વોટરગેટ કૌભાંડમાં તે સમયના અમેરિકન પ્રેસિડેન્ટ નિકસનનું નામ આવતા તેણે ૯ ઓગસ્ટ ૧૯૭૪ના અમેરિકાના પ્રમુખપદેથી રાજીનામું આપનાર પ્રથમ પ્રમુખ હતા અને તેની જગ્યાએ વાઇસ પ્રેસિડેન્ટ જેરાલ્ડ ફોર્ડને અમેરિકાના પ્રમુખ બનાવવામાં આવેલા હતા તેણે પણ પ્રેસિડન્ટના એમનેસ્ટિ બક્ષવાના પાવરનો ઉપયોગ કરીને નિકસનને કોઇપણ જાતના આચરેલા ફેડરલ ગુનામાંથી માફી બક્ષી હતી. ત્યારબાદ થયેલા જનરલ ઇલેકશનમાં ફોર્ડ ચૂંટણી હારી ગયા હતા અને કબૂલ કરેલું કે તેનું મુખ્ય કારણ હતું નિકસનને બક્ષેલી માફી !

આવી જ રીતે પ્રેસિડેન્ટ બિલ ક્લિન્ટને તેના સાવકાભાઇ રોજર ક્લિન્ટનને ડ્રગ્ઝના ગુનાહ માટે માફી બક્ષેલી જે સગાવાદનું જીવંત ઉદાહરણ હતું.

આ જ ક્લિન્ટને ૨૦૦૧માં અબજોપતિ ફાઇનાન્સર રીચ માર્કને કરચોરી, વાયરફ્રોડ ઇરાન સાથે ગેરકાયદેસર તેલનો વ્યાપાર બદલ કેસો ચાલી રહ્યાં હતા અને તે સ્વિટઝરલેન્ડ ભાગી ગયેલો તેને પણ બિનશરતી માફી આપેલી કારણકે માર્ક કપલ પાર્ટીને બહુ મોટી રકમનું દાન આપતો હતો.

અમેરિકન પ્રેસિડેન્ટ સ્વમાફી આપી શકે કે કેમ તેવા કોઇ કેસ હજુ સુધી થઇ શકેલ નથી. તેની બંધારણમાં નથી તેની કોઇ ચોખવટ પણ હાલના સમયમાં જે થઇ રહ્યું છે તેમાં કયારે શું થાય તે કલ્પવું મુશ્કેલ છે જેમ કે.

યુએસએની આઝાદીની ૨૫૦ વર્ષ પૂરા થવાના પ્રસંગે ટ્રેઝરી ૨૫૦ ડૉલરની કરન્સી નોટ બહાર પાડવાનું વિચારે છે. જેમાં પ્રેસિડેન્ટ ટ્રમ્પ નોટની બરાબર વચ્ચે તેનો ફોટો છાપવાનો આગ્રહ રાખી રહ્યાં છે પણ તકલીફ એ છે કે ૧૮૬૬ની સાલ પછી જીવિત વ્યક્તિના ફોટા કરન્સીમાં છાપવા ઉપર પ્રતિબંધ છે એટલે ટ્રમ્પનો ફોટો કરન્સી નોટ ઉપર છાપવા માટે કાયદામાં સુધારો કરવો પડે તેમ છે અને અત્યારે ટ્રમ્પનું રેટિંગ બહુ નીચે છે તેમ છતાં ડૉલર ૨૫૦ની નોટનો નમૂનો ટ્રમ્પના નોટની મિડલમાં ફોટા સાથે વર્તુળમાં ફરી રહ્યો છે. તેવી રીતે સ્મરણીય ગોલ્ડ કોઇન ઉપર પણ ટ્રમ્પે જાતે નક્કી કરેલું તેનું પિકચર આ કોમેમોરેટિવ ગોલ્ડ કોઇન ઉપર લગાવેલું છે.

આટલું પૂરતું ના હોય તો અમેરિકાની ૨૫૦ વર્ષની વર્ષગાંઠની ઉજવણીમાં બહાર પડનારી ૧૦૦ અમેરિકન ડૉલરની નોટમાં અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની સાઇન અમેરિકન ઇતિહાસમાં કદાચ પહેલીવાર જોવા મળશે.

આમ ૨૧મી સદીમાં કોઇપણ દેશમાં કે રાજયમાં કંઇપણ બની શકે છે કારણ કે વ્યક્તિ-પૂજાનું મહત્ત્વ એટલું બધું વધી ગયું છે કે તેના માટે કોઇપણ હદે હજુરીગીરી થાય છે અને કાયદાને ઘોળીને પી જવાય છે.

અમેરિકન અશ્વેત મહાન ઇકોનોમિસ્ટ થોમસ સ્વેલે સાચું જ કહ્યું છે કે ''પોલિટિક્સ ઇઝ ધ આર્ટ ઑફ મેકિંગ યોર સેલ્ફીસ ડિઝાયર્સ સીમ લાઇક ધ નેશનલ ઇન્ટરેસ્ટ.'' ■

# વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૬૮૨ અબજ ડૉલર

મુંબઈ: ગત ૨૮મી મેના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૯૩.૮ કરોડ ડૉલર વધીને ૬૮૨.૩૨૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૭.૫૧૧ અબજ ડૉલર ઘટીને ૬૮૧.૩૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

અગાઉ ગત ૨૭મી ફેબ્રુઆરીના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૭૨૮.૪૯૪ અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી હતી. જોકે, ત્યાર બાદ ૨૮મી ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલા કર્યા બાદ યુદ્ધ ફાટી નીકળતાં ક્રૂડ તેલના ભાવ વધી આવ્યા હતા અને તેને કારણે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થયેલા ધોવાણને ખાળવા માટે રિઝર્વ બૅન્ક દ્વારા સમયાંતરે બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હોવાથી અનામતમાં ઘટાડો થયો હતો.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૩.૧૧૬ અબજ ડૉલર વધીને ૫૪૬.૧૪૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. નોંધનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૧૮૬ અબજ ડૉલર ઘટીને ૧૧૨.૬ અબજ ડૉલરના સ્તરે અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત ૮૦ લાખ ડૉલર વધીને ૪.૮૨૬ અબજ ડૉલરના સ્તરે રહી હતી, જ્યારે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ આગલા સપ્તાહના ૧૮.૭૪૭ અબજ ડૉલરના સ્તરે યથાવત્ રહ્યા હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું. ■

# સરકારે ખાદ્યતેલના સ્ટાન્ડર્ડ પેકિંગની સાઈઝ ફરજિયાત બનાવી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૨૧૭ સેન્ટનો ઘટાડો આવ્યો હોવાના ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલ સાથે આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતે વધુ ભાવઘટાડાના આશાવાદ હેઠળ હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજર ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ગ્રાહક બાબતોના વિભાગે ગ્રાહકો સરળતાથી ખાદ્યતેલના ભાવની સરખામણી કરી શકે તે માટે લીગલ મીટરોલોજી માળખા હેઠળ ખાદ્યતેલ અને ફેટના પેકિંગના સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)માં સુધારા કર્યા છે અને પેકિંગમાં ચોખ્ખા વજનના સ્ટાન્ડર્ડ નિર્ધારિત કર્યા છે. તેમ જ પેકિંગમાં ફેરફારો અને નવાં ધોરણે અપનાવવા માટે ઉત્પાદકો અને આયાતકારોને ત્રણ મહિનાનો સમયગાળો આપવામાં આવ્યો છે.

એસઓપીનાં સુધારા હેઠળ પામતેલ, સોયાબીન, સનફ્લાવર, સરસવ, સિંગતેલ, તલ તેલ, રાઈસબ્રાન તેલ, કપાસિયા તેલ, કોર્ન તેલ અને બ્લેન્ડેડ ખાદ્યતેલ સહિતના મુખ્ય તેલ માટે નવ અલગ પેકિંગની સાઈઝ નિર્ધારિત કરવામાં આવી છે. જેમાં ૨૦૦એમએલ/ગ્રામ, ૫૦૦ એમલ/ગ્રામ, એક લિટર/કિલોગ્રામ, બે લિટર/કિલોગ્રામ, ચાર લિટર/કિલોગ્રામ, પાંચ લિટર/કિલોગ્રામ, ૧૫ લિટર/કિલોગ્રામ અને ૨૦ લિટર/કિલોગ્રામનો સમાવેશ થાય છે. જોકે, ૨૦૦ એમએલ અથવા ૨૦૦ ગ્રામના પેકેજો તથા અન્ય માઈનર તેલને સ્ટાન્ડડ પેકિંગની સાઈઝમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમ જ આ નવી જોગવાઈઓ સ્થાનિકમાં ઉત્પાદિત તથા આયાતી તેલ માટે લાગુ પડશે.

સ્થાનિકમાં આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના જૂન અને જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૬૭૫, ગોકુલ એગ્રોના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૪૬૫ અને ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૭૦ તથા સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૪૮૫ અને રૂ. ૧૬૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦ અને રિલાયન્સ કન્ઝ્યુમરના ઑગસ્ટ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના જુલાઈ ડિલિવરી શરતે રૂ. ૧૬૫૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર છૂટાછવાયા રહ્યા હતા. આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૯૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૩૨૦૦ ગૂણીની આવક સામે બન્ને મથકો પર વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૫૫૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ ગોંડલમાં આજે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૭૦થી ૧૪૭૫માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૫થી ૧૫૨૦માં થયા હતા.

સ્થાનિકમાં હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૮૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૬૨૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦ અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# રિટેલ માગને ટેકે ખાંડમાં ₹ ૧૦થી ૧૨ની આગેકૂચ

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૧૦ અને રૂ. ૧૨ની આગેકૂચ જોવા મળી હતી. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ હાજરમાં માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૬થી ૪૦૭૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના સુધારા સાથે રૂ. ૪૦૮૬થી ૪૧૯૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મુખ્યત્વે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ પ્રબળ રહેતાં ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૭૦થી ૪૦૬૦માં થયા હતા, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ખપપૂરતી માગ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૪૦માં થયા હતા. ■



મુંબઈ: દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર એબી ડી વિલિયર્સે ચર્ચગેટ સ્ટેશન ખાતે મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી પંકજ સિંહ અને 'પ્રોજેક્ટ મુંબઈ'ના CEO & સ્થાપક શ્રી શિશિર જોશીની હાજરીમાં ''લાઈબ્રેરી જંકશન''નું ઉદ્‌ઘાટન કર્યું હતું. ■

# સ્ટોકિસ્ટોની વેચવાલીએ ધાતુઓમાં પીછેહઠ

મુંબઈ: મધ્ય પૂર્વના દેશોમાં જળવાઈ રહેલા ભૂરાજકીય તણાવ વચ્ચે ક્રૂડતેલના ભાવમાં વધારો અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ બંધ રહ્યો હોવાથી વૈશ્વિક સ્તરે પુરવઠાચેઈન વિક્ષેપિત રહી હોવાથી તેની અર્થતંત્ર પર માઠી અસર પડવાની ભીતિ હેઠળ તાજેતરમાં વૈશ્વિક બજારમાં કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાથી આજે સ્થાનિક ધાતુ બજારમાં સપ્તાહના અંતે માત્ર નિકલમાં ઘટ્યા મથાળેથી જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના સુધારા અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગે રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. એકથી ૬૭ સુધીની પીછેહઠ જોવા મળી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ મર્યાદિત રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૭ના ઘટાડા સાથે રૂ. ૫૨૫૮, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૨૧૨, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૦૯ અને રૂ. ૧૨૯૬, બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૮૮૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૨૩ અને રૂ. ૧૩૭૮ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૮૩૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૯૧ અને ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૭૧ અને રૂ. ૨૧૧ના મથાળે રહ્યા હતા. ■



મુંબઈ: વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ના ભાગરૂપે ૧૫ મે ૨૦૨૬થી ૫ જૂન ૨૦૨૬ સુધી તેના પાંચ ડિવિજનો (મુંબઈ, ભૂસાવલ, નાગપુર, પુના અને સોલાપુર) તથા મુખ્ય કાર્યશાળાઓમાં ૨૨ દિવસનું વ્યાપક પર્યાવરણ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ અભિયાને ટકાઉપણા, રોબસ્ટ વેસ્ટ મેનેજમેન્ટ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિકના સંપૂર્ણપણે ઘટાડાને પ્રોત્સાહન આપવા માટે હજારો રેલવે અધિકારીઓ, કર્મચારીઓ, યાત્રીઓ અને સ્થાનિક સમુદાયોને સફળતાપૂર્વક એકત્ર કર્યા હતા. ■

# અમેરિકાના જોબ ડેટા અપેક્ષા કરતાં મજબૂત આવતા સોનામાં ત્રણ ટકાનું અને ચાંદીમાં સાત ટકા જેટલું ગાબડું

## કોમોડિટી

**રમેશ ગોહિલ**

વૈશ્વિક બજારમાં ગત સપ્તાહે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર થવાના આશાવાદ અને નિરાશાવાદના અહેવાલો વચ્ચે ક્રૂડ તેલ અને ડૉલર ઈન્ડેક્સ બેતરફી વધઘટે અથડાઈને જતાં સોના અને ચાંદીમાં પણ બેતરફી વધઘટ જોવા મળી હોવા છતાં એકંદરે સાપ્તાહિક ધોરણે નરમાઈનું વલણ રહ્યું હતું. વિશ્વ બજારમાં ક્રૂડતેલ અને ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહેતાં સોના-ચાંદીમાં ઘટાડો અને ક્રૂડતેલ તથા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં સોના-ચાંદીમાં સુધારો જોવા મળ્યો હતો. આમ વૈશ્વિક બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુમાં બેતરફી વધઘટના અંતે બન્ને કિંમતી ધાતુઓમાં સાપ્તાહિક ધોરણે નરમાઈનો જ અન્ડરટોન રહ્યો હતો. જોકે, ગત શુક્રવારે અમેરિકાના જાહેર થયેલા નોન ફાર્મ પે રૉલ ડેટા અપેક્ષા કરતાં મજબૂત આવતા અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે અને વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે સોનાના ભાવમાં ૨.૯૬ ટકા જેટલો અને ચાંદીના ભાવમાં ૬.૮ ટકા જેટલો કડાકો બોલાઈ ગયો હોવાના અહેવાલ હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત સપ્તાહે વૈશ્વિક સોનામાં સાપ્તાહિક ધોરણે ૪.૩ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગત સપ્તાહે ડૉલર સામે રૂપિયામાં ૨૮ પૈસાનો ઘટાડો આવ્યો હોવાને કારણે આયાત પડતરો વધી આવતા વિશ્વ બજારની સરખામણીમાં સોનામાં ભાવઘટાડો ૧.૪૨ ટકા જેટલો મર્યાદિત રહ્યો હતો. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહના આરંભે હાજરમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના સ્થાનિક વેરારહિત ધોરણે ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૮મી મેના ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૫૬,૪૬૩ના બંધ ભાવ સામે સાધારણ નરમાઈ સાથે રૂ. ૧,૫૫,૫૯૯ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૫૫,૦૩૬ અને ઉપરમાં રૂ. ૧,૫૬,૨૯૪ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૨૨૨૫ અથવા તો ૧.૪૨ ટકા ઘટીને રૂ. ૧,૫૪,૨૩૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા ગત ૨૮મી મેના રૂ. ૨,૬૩,૩૫૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૨,૬૨,૯૦૦ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન રૂ. ૨,૫૪,૯૫૦થી ૨,૬૬,૨૦૦ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૬૪૪૨ અથવા તો ૨.૪૪ ટકા ઘટીને રૂ. ૨,૫૬,૯૦૮ના મથાળે બંધ રહ્યા હતા.

સપ્તાહ દરમિયાન બન્ને કિંમતી ધાતુઓમાં ભારે ચંચળતાનું વલણ રહ્યું હોવાથી બન્ને કિંમતી ધાતુઓમાં માગ નિરસ રહી હતી અને સ્થાનિકમાં ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૮૭ ડૉલર આસપાસના ડિસ્કાઉન્ટમાં ઑફર કરી રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે ડિસ્કાઉન્ટ ઔંસદીઠ ૧૦૬ ડૉલરના મથાળે રહ્યું હતું. એકંદરે હવે લગ્નસરાની મોસમ પૂરી થવામાં હોવાથી રિટેલ માગ ઓસરી ગઈ છે અને જ્વેલરોની દુકાનમાં ગ્રાહકોની ચહેલપહેલ ઓછી થઈ ગઈ હોવાનું મુંબઈ સ્થિત એક ડીલરે જણાવ્યું હતું કે ભારતમાં સોનાની માગનું મુખ્ય પરિબળ લગ્નગાળો છે અને તે હવે લગભગ પૂરો થઈ ગયો હોવાથી છેલ્લાં કેટલાક સપ્તાહથી માગ દબાણ હેઠળ છે. તેમ જ જૂનો સ્ટોક વેચાણ માટે આવી રહ્યો છે તેનું ડિસ્કાઉન્ટમાં વેચાણ થઈ રહ્યું છે. વધુમાં ગત મહિનાના આરંભમાં સરકારે સોના-ચાંદી પરની આયાત જકાતમાં વધારો કરવાની સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચાલુ ખાતાની ખાધને અંકુશમાં રાખવા માટે જનતાને શક્ય હોય તો એક વર્ષ સુધી સોનાની અનાવશ્યક ખરીદી ન કરવાનું અને ખાદ્યતેલનો વિવેકપૂર્ણ વપરાશ કરવાની હાકલ કરી હોવાને કારણે પણ માગ મર્યાદિત રહેતી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે ગત મે મહિનામાં વર્ષમાં પહેલી વખત ભારતીય રોકાણકારોએ સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડોમાં નફો બુક કર્યો હોવાથી ચોખ્ખી વેચવાલી જોવા મળી હતી.

દરમિયાન ગત સપ્તાહના અંતે અમેરિકાના જાહેર થયેલા મે મહિનાના નોન ફાર્મ પે રૉલ ડેટામાં રોજગારોની સંખ્યામાં રૉઈટર્સની અપેક્ષિત ૮૫,૦૦૦ની વૃદ્ધિ સામે ૧,૭૨,૦૦૦નો વધારો નોંધાયો હોવાનું અમેરિકી લેબર ડિપાર્ટમેન્ટના બ્યુરો ઑફ લેબર સ્ટેટેસ્ટિક્સે જણાવ્યું હતું. આમ રોજગારીના ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી તેમ જ અમેરિકા અને ઈરાન તથા ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના યુદ્ધને કારણે વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતાં હોવાથી ફુગાવામાં વધારો થવાની ભીતિને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૨.૯૬ ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૪૩૪૧.૫૨ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૩.૧ ટકાના ઘટાડા સાથે ૪૩૬૫.૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૬.૮ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૮.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

# ભારતનાં જૂનાં એમોનિયા એકમોને અપગ્રેડ કરવા જરૂરી: એફએઆઈ

નવી દિલ્હી: ભારતની કુદરતી ગૅસ (નેચરલ ગૅસ)ની ભારે આયાત નિર્ભરતાને ધ્યાનમાં રાખી એમોનિયાના ઉત્પાદનમાં વધુ કાર્યકારી કાર્યક્ષમતા અને ટેક્નોલૉજી નવીનીકરણ માટે ઉદ્યોગને ફર્ટિલાઈઝર એસોસિયેશન ઑફ ઈન્ડિયા (એફએઆઈ)એ હાકલ કરી છે.

એફએઆઈના ડિરેક્ટર જનરલ સુરેશ કુમાર ચૌધરીએ જણાવ્યું હતું કે જૂના એકમોને ઉચ્ચ સ્તરની અસરકારક કાર્યક્ષમતા અને સલામતી જાળવવા માટે એકમોને સતત અપગ્રેડ કરવાની જરૂર છે. ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર સૂચના નં. 09 વર્ષ 2026-27 તારીખ: 05.06.2026**

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | EMD ખર્ચ |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-69-2026-27 | અમદાવાદ-ખેડબ્રહ્મા અને કલોલ-કટોસણ રોડ સેક્શન - કડી સ્ટેશન ખાતે LHS નું વિસ્તરણ અને ઇડર ખાતે બંધ LC નં. 109 ને બદલે LHS ની આપૂર્તિ. (પુનઃઆમંત્રિત). | ₹ 9,55,77,179.39 | ₹ 19,11,600.00 |
| 2 | DRM-ADI-70-2026-27 | સિની. DEN (NW)-અમદાવાદ ના અધિકારક્ષેત્રમાં ગલુઇડ જોઇન્ટ 60KG નું બનાવવા અને જોડવાનું કામ. | ₹ 92,92,570.95 | ₹ 1,85,900.00 |
| 3 | DRM-ADI-71-2026-27 | ગાંધીધામ - CNC ટેન્ડમ અન્ડર ફ્લોર વ્હીલ લેન્થના સંસ્થાપન માટે આવશ્યક કામ. | ₹ 3,91,52,227.63 | ₹ 7,83,000.00 |
| 4 | DRM-ADI-72-2026-27 | ADEN-ગાંધીધામ હેઠળ ગાંધીધામ યાર્ડ, આદિપુર યાર્ડ અને ગોપાલપુરી યાર્ડની સુધારણા માટે વોટર ડ્રેનેજ સિસ્ટમ, માઇક્રો ટનલિંગ ની જોગવાઇ. | ₹ 16,39,66,244.91 | ₹ 32,79,300.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર્સ માટે: ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 30.06.2026 ના 15:00 ક્લાકે; **ઓફિસનું સરનામું:** સિનિ. ડિવિઝનલ એન્જિનિયર (સમન્વય), અમદાવાદ ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે: ન્યુ સ્વદેશી મીલ સામે, નરોડા રોડ, અંમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫; **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ:** www.ireps.gov.in

ADI - 059

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

## પેટ્રોલ પંપના માલિકો સાવધાન

# નિયમ ભંગ કર્યો તો સીધું લાઈસન્સ કેન્સલ

મુંબઈઃ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં હાલના વધારાથી નાગરિકોને પરસેવો છૂટી ગયો છે. સિવાય ઇંધણની અછતની અફવાઓને કારણે કેટલીક જગ્યાએ લોકો ડ્રમ અથવા ક્યારેક કેનમાંથી વધારાનું પેટ્રોલ લઈ ગયા હોવાના અહેવાલ છે. આને કારણે ઇંધણની અછત અનુભવાઈ રહી છે. સરકારે વધુ પડતા ઇંધણનો સંગ્રહ ન કરવાની સૂચના આપ્યા પછી પણ, કેટલાક લોકો આ ધંધો ચલાવી રહ્યા હતા. જો કે, હવે આ અંગે કડક પગલાં લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને આ સંદર્ભમાં થયેલા નવા ખુલાસાથી પેટ્રોલ પંપ ચાલકોને પરસેવો છૂટી જશે.

ડીઝલ અંગે બહાર પાડવામાં આવેલા નવા પરિપત્ર અનુસાર કેનમાં ડીઝલ કેનમાં આપનારા પેટ્રોલ પંપનું લાયસન્સ સટ્ટાક કરતું રદ કરવામાં આવશે. આ સ્પષ્ટતાથી પેટ્રોલ પંપ સંચાલકો ગભરાયા છે. નવા ડીઝલ પરિપત્રથી લાખો પ્રામાણિક ગ્રાહકોને અસર થવાની શક્યતા છે. એ સંભવિત મૂંઝવણ ટાળવા માટે મુખ્ય પ્રધાન ફડણવીસ પાસેથી તાત્કાલિક હસ્તક્ષેપની માગ કરવામાં આવી છે.

મહારાષ્ટ્ર ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડના ચેમ્બર ઓફ એસોસિએશન્સ (સીએએમઆઈટી)એ ડીઝલની ખરીદી અને પુરવઠા અંગે ખાદ્ય નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા જારી

(જુઓ પાનું ૪) ▸▸

# નૈર્ઋત્યનું ચોમાસું ૨૪ કલાક વહેલું મહારાષ્ટ્ર પહોંચ્યું!

### દક્ષિણ કોંકણ, ગોવા અને ઘાટમાં ચાર દિવસ મુશળધાર વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કેરળમાં નૈર્ઋત્યનું ચોમાસું બેસી ગયા બાદ ગરમી અને ઉકળાટથી પરેશાન થઈ ગયેલા મુંબઈ સહિત સમગ્ર મહારાષ્ટ્રના લોકો ચોમાસાનું આગમન ક્યારે થાય છે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે ત્યારે ભારતીય હવામાન ખાતાના જણાવ્યા મુજબ શનિવારે દક્ષિણ મહારાષ્ટ્ર સુધી ચોમાસું પહોંચી ગયું છે. આ સમયગાળા દરમ્યાન મુંબઈમાં હળવાથી મધ્યમ સ્વરૂપના વરસાદના ઝાપટાં પડી શકે છે પણ વરસાદની તીવ્રતા ૧૪ જૂન બાદ જ જોવા મળશે એવું માનવામાં આવે છે.

કેરળમાં ચોમાસાનું આગમન મોડું થયા બાદ મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં તેના

(જુઓ પાનું ૪) ▸▸

### મુંબઈ-થાણેમાં ફક્ત વરસાદના ઝાપટાં

ચોમાસાની ગતિવિધિ ધીરે ધીરે ઉત્તર તરફ આગળ વધી રહી છે, જેના કારણે મુંબઈ અને થાણેની આસપાસના વિસ્તારો સહિત કોંકણ પટ્ટાના ભાગો અને મધ્ય મહારાષ્ટ્રમાં વ્યાપક વરસાદ થઈ રહ્યો છે. આ વરસાદ ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પહોંચતા જોરદાર પવન સાથે રહેવાની ધારણા છે. હળવા વરસાદના ઝાપટાને કારણે મુંબઈગરાને ગરમીમાં થોડી રાહત મળવાની શક્યતા છે. તો ચોમાસાને આગળ વધવા અનુકુળ વાતાવરણ હોવાથી મુંબઈમાં પણ ચોમાસું બહુ જલદી દાખલ થશે એવો અંદાજો હવામાન ખાતાએ વ્યક્ત કર્યો છે. ■

# દિલ્હીમાં છગન ભુજબળ અને રાજ્યમાં સમીર ભુજબળને પ્રધાનપદ?

### એનસીપીના નેતાઓ મુખ્ય પ્રધાનને મળ્યા બાદ અટકળો વહેતી

મુંબઈઃ સુનેત્રા પવાર રાજ્યના રાજકારણમાં નાયબ મુખ્ય પ્રધાન બન્યાં પછી ખાલી પડેલી રાષ્ટ્રવાદી કોંગ્રેસ (એનસીપી)ના ક્વોટાની રાજ્યસભા બેઠક અંગે એક મહત્વપૂર્ણ જાહેરાત થવાની સંભાવના છે. છગન ભુજબળને આ બેઠક આપવામાં આવશે એવી ધારણા છે. સુનેત્રા પવારના રાજીનામાને કારણે આ બેઠક ખાલી પડી ત્યારથી છગન ભુજબળને આ બેઠક માટે સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવતા હતા.

આ પૃષ્ઠભૂમિમાં શનિવારે મુંબઈમાં મહત્વપૂર્ણ ઘટનાઓ જોવા મળી રહી છે. એનસીપી સાંસદ પાર્થ પવાર, પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે, પ્રફુલ પટેલ અને છગન શનિવારે બપોરે એક વાગ્યે એનસીપીના સંસદસભ્ય પાર્થ પવાર, પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરે, પ્રફુલ પટેલ અને છગન ભુજબળ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મળ્યા હતા. ત્યારબાદ એનસીપીના તમામ અગ્રણી નેતા છગન ભુજબળના નિવાસસ્થાને ગયા. આ ઘટનાક્રમ જોતા રાજ્યસભા બેઠક (રાજ્યસભા ચૂંટણી ૨૦૨૬) માટે ઉમેદવાર તરીકે છગન ભુજબળનું નામ પક્ષ દ્વારા જાહેર કરવામાં આવે એવી પ્રબળ સંભાવના છે.

છગન ભુજબળ કેન્દ્રમાં જઈ રહ્યા છે ત્યારે રાજ્યમાં પ્રધાનપદનો તેમનો હિસ્સો પરિવારના કોઈ સભ્યને આપવામાં આવે એવો આગ્રહ તેમણે રાખ્યો છે. એવો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો કે કેન્દ્રમાં છગન ભુજબળને તક આપવામાં આવે અને રાજ્યમાં છગન ભુજબળના પ્રધાન અને વિધાન સભ્ય પદ પર સમીર ભુજબળને તક આપવામાં આવે. એવું માનવામાં આવે છે કે એનસીપીના અગ્રણી નેતાઓએ શનિવારે દેવેન્દ્ર ફડણવીસ સાથે આ અંગે ચર્ચા કરી હતી. ■

# ઉમેદવારોની સોદાબાજી રોકવા ખરડો પસાર કરવાની સૂળેની માગણી

### ‘લોકોને પૈસાથી નહીં, પ્રેમથી જીતી શકાય’: ફડણવીસની પ્રતિક્રિયા

મુંબઈઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં સંસદ સભ્ય સુપ્રિયા સુળેએ ઉમેદવારોની સોદાબાજી (હોર્સ ટ્રેડિંગ) રોકવા ખરડો રજૂ કરવાની રજૂઆત કર્યા બાદ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે ચૂંટણી પ્રક્રિયામાં સુધારા સૂચવ્યા હતા. વિધાન પરિષદની ચૂંટણી પહેલા ઘણી બેઠક પર વિપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી લેવાના બનાવ બન્યા હોવાથી સુપ્રિયાએ ખરડાનો મુદ્દો રજૂ કર્યો હતો.

વિપક્ષ મહા વિકાસ આઘાડીએ શાસક પક્ષો પર નાણાકીય પ્રલોભનો અને દબાણની યુક્તિઓનો આરોપ મૂક્યો છે. જોકે, આ આરોપ ભાજપની આગેવાની હેઠળના મહાયુતિના નેતાઓએ નકારી કાઢ્યો છે. હોર્સ ટ્રેડિંગના આરોપ કરવામાં આવ્યા છે ત્યાં ચૂંટણીમાં વધુ પારદર્શિતા લાવવા માટે સંસદમાં ખરડો રજૂ કરશે એમ સુપ્રિયા સુળેએ જણાવ્યું છે.

સુપ્રિયા સુળેની ટિપ્પણી સંદર્ભમાં સવાલ કરવામાં આવતા ફડણવીસે જણાવ્યું હતું કે ‘લોકોને પૈસાથી નહીં પણ પ્રેમથી જીતી શકાય છે એવું તમે સમજતા હો તો આવો ખરડો લાવવાની જરૂર જ નથી. ચૂંટણી પ્રક્રિયામાં સુધારા થવા જોઈએ એ તેમનો વ્યક્તિગત અભિપ્રાય છે. આવા સુધારા માટે કોઈ કાયદો લાવે તો એ આવકાર્ય છે.’

ભૂતપૂર્વ વિધાનસભ્ય બાળ માનેના

(જુઓ પાનું ૪) ▸▸

## નીટ પેપર લીક કેસ

# મુખ્ય આરોપી જેલમાં, પણ આરસીસી કલાસ ફરી શરૂ

### લોકોમાં અસંતોષ, રાજકીય પક્ષોનું વિરોધ પ્રદર્શન

લાતુરઃ નીટ પેપર લીક કેસમાં આરસીસીના સંચાલક શિવરાજ મોટેગાંવકર હાલ જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. પોતાના પુત્ર માટે નીટનું પેપર લીક કરીને એ જ પેપર તેણે ક્લાસના મોટા ઘરના છોકરાઓને આપ્યું હોવાનો તેના પર આરોપ છે. તેનાથી તેણે લાખો રૂપિયા કમાયા હોવાની સીબીઆઈને આશંકા છે. દરમિયાન, રાજધાની નવી દિલ્હીમાં શનિવારે નીટ પેપર લીક મામલે શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે કોક્રોચ જનતા પાર્ટીએ આંદોલન કર્યુ હતું. દેશભરમાં નીટ પેપર લીક કરનારા આરોપીઓ વિરુદ્ધ આક્રોશ વ્યક્ત થઈ રહ્યો છે, ત્યારે લાતુરમાં મોટેગાવકરના આરસીસી ક્લાસમાં ફરીથી વિદ્યાર્થીઓને ભણાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

સંચાલક સામે કાર્યવાહી થઈ હોવા છતાં અને નીટ કેસમાં મુખ્ય આરોપી તરીકે તેના પર શંકા હોવા છતાં પણ આરસીસી એ તાબડતોબ ટ્યુશન ક્લાસીસ શરૂ કરી દીધા હોવાથી, તેમને સરકારી કાર્યવાહીનો કોઈ ડર છે કે નહીં, તેવી ચર્ચા શરૂ થઈ છે.

લાતુરમાં આરસીસી ક્લાસીસ ફરી શરૂ કરવામાં આવવાને કારણે કેટલાક રાજકીય પક્ષો અને વિવિધ સંગઠનો દ્વારા શનિવારે ક્લાસીસની સામે જોરદાર વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યુ હતું અને ક્લાસીસ તાત્કાલિક બંધ કરવાની માગ કરવામાં આવી હતી. વિરોધીઓની ભીડને ધ્યાનમાં રાખીને, સાવચેતી રૂપે ક્લાસના દરવાજા બંધ કરવામાં આવ્યા હતા. ■

# સ્ટેટ ટ્રાન્સપોર્ટના બસ સ્ટોપના ૨૦૦ મીટરનો પરિસરમાં ‘નો પાર્કિંગ ઝોન’

### ૧૦ દિવસ સ્પેશિયલ ઝુંબેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશન (એમએસટીસી) દ્વારા ૧૦ દિવસ રાજ્યવ્યાપી ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેમાં એસટીના બસ સ્ટોપથી ૨૦૦ મીટરના પરિસરમાં ગેરકાયદે રીતે મુસાફરોના પરિવહન સામે પ્રતિબંધ રહેશે. એસટીના કહેવા મુજબ ખાનગી સંચાલકોને કારણે સ્ટેટ ટ્રાન્સપોર્ટના મુસાફરોને અને આવકને ફટકો પડે છે અને સાથે જ મુસાફરોની સલામતીની ચિંતા રહે છે. આ ઝુંબેશ પાંચ જૂનથી શરૂ થઈને ૧૫ જૂન સુધી ચાલુ રહેશે. આ ઝુંબેશનો ઉદ્દેશ્ય મહારાષ્ટ્રના તમામ એસટીના બસ સ્ટોપની આસપાસ ૨૦૦ મીટરના નો-પાર્કિંગ ઝોનને કડક રીતે લાગુ કરવાનો છે.

રાજ્યના ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર અને મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કૉર્પોરેશનના ચેરમેન પ્રતાપ સરનાઈકે અધિકારીઓને અનધિકૃત રીતે ખાનગી વાહનો દ્વારા એસટીના બસ સ્ટોપ પરથી પ્રવાસીઓને તેમના વાહનોમાં બેસાડનારા સામે કાર્યવાહી વધુ તીવ્ર બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. એ બાદ સિક્યોરિટી અને વિજિલન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પાલન આ ઝુંબેશ હેઠળ અમલમાં મૂકવામાં આવ્યું છે.

એસટીના અધિકારીના જણાવ્યા મુજબ આ ઝુંબેશ બોમ્બે હાઈ કોર્ટની ઔરંગાબાદ બેન્ચના આદેશનું પાલન

(જુઓ પાનું ૪) ▸▸

# બેસ્ટ ડેપોની સુરક્ષા માટે ૧૮૧ નિવૃત્ત સૈનિકો

મુંબઈઃ બેસ્ટના ડેપોની સુરક્ષા અને અતિક્રમણ અટકાવવા માટે ૧૮૧ નિવૃત્ત સૈનિકો (બીએસએફ, સીઆઈએસએફ અને સીઆરપીએફ) ની ભરતી પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી રહી છે. સિવાય નિવૃત્ત સૈનિકોની ભરતી કરતી વખતે પાત્રતા વધારવા કંપની ભરતી માટે મહત્તમ વય મર્યાદા ૪૦થી વધારીને ૪૫ કરવાનું વિચારી રહી છે અને તે મુજબ દરખાસ્ત તૈયાર કરવામાં આવશે.

શહેરમાં ૨૭ બેસ્ટ ડેપો છે. આ ડેપોમાં બેસ્ટ બસો પાર્ક કરવામાં આવે છે. શહેરના ઘણા મહત્વપૂર્ણ ડેપોમાં પૂરતા સુરક્ષા ગાર્ડના અભાવે ચોરીના બનાવો બની રહ્યા છે. આ ઉપરાંત ડેપોના પ્રવેશદ્વાર પાસે અતિક્રમણ વધી રહ્યું છે. ડેપો અને સ્થાપનાઓમાં સુરક્ષા મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી બેસ્ટ સૈનિક બોર્ડ ૧૮૧ નિવૃત્ત સૈનિકોની ભરતી કરશે.

સુરક્ષા કર્મચારીઓની તીવ્ર અછતને પહોંચી વળવા, ડેપો પર

(જુઓ પાનું ૪) ▸▸

In loving memory of



Late Shri Jitendra Narottam Ved
10.10.1948 – 03.06.2026
કચ્છ માંડવીવાળા હાલ ભાંડુપ
You will remain in our hearts forever
Inserted by: Ved Family
Mob. 7045052087

# કૉક્રોચ જનતા પાર્ટીનું આંદોલન સમાજમાં અરાજકતા ફેલાવવાનો પ્રયાસઃ ફડણવીસ

મુંબઈઃ સોશ્યલ મીડિયાના માધ્યમથી કરોડો ફોલોઅર્સ ઊભા કરનારો કૉક્રોચ જનતા પાર્ટી (સીજેપી)એ શનિવારે દેશની રાજધાની દિલ્હીમાં પહેલી વખત રસ્તા પર ઉતરી આંદોલન કર્યું હતું. દિલ્હીના જંતરમંતર પર મોટા પ્રમાણમાં યુવા વર્ગે સરકાર વિરુદ્ધ નારાબાજી કરી હતી. સીજેપીના સંસ્થાપક અભિજિત દીપકે અમેરિકાથી શનિવારે દિલ્હીમાં પ્રવેશ કરવાની સાથે જ કેન્દ્રીય શિક્ષણ પ્રધાનના રાજીનામાની માગણી હતી. ઍરપોર્ટ પરથી બહાર નીકળયા સમયે હાથમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરના આત્મચરિત્રનું પુસ્તક લઈને અભિજિત આંદોલનમાં જોડાયો હતો. આ સમયે મોટી સંખ્યામાં ઍરપોર્ટ બહાર જમા થયેલી યુવા મેદનીએ તેનું સ્વાગત કર્યું હતું. આ આંદોલન પર દેશભરથી પ્રતિક્રિયા આવી રહી છે ત્યારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આ તો અરાજકતા ફેલાવનારી માનસિકતા છે. જંતર મંતર પર જે નારાબાજી અને ભાષણ થયું હતું તે ભારતના યુવા વર્ગની અભિવ્યક્તિ નહીં પણ અરાજકતા ફેલાવનારી માનસિકતા હતી. ડૉ.આંબેડકરનું સંવિધાન હાથમાં લઈને તે સંધિધાને તૈયાર કરેલી સંસ્થાને નકારનારા અને સંવિધાને તૈયાર કરેલી વ્યવસ્થાને ઉખાડી નાખવાની વાત કરે છે., એમ ફડણવીસે કહ્યું હતું. ■



# ગોરેગામનો મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવર આખરે ખુલ્લો મુકાયો

### એસ.વી. રોડના ટ્રાફિકથી મળશે છુટકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામમાં આવેલા મૃણાલતાઈ ગોર ફ્લાયઓવરના વિસ્તારીત હિસ્સાને શનિવાર સાંજથી વાહનવ્યહાર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. એ સાથે જ હવે વાહનચાલકોનો પ્રવાસનો સમય પોણો કલાકથી માત્ર ૧૦ મિનિટનો થઈ જવાનો છે. મુંબઈગરાના અમૂલ્ય સમયની સાથે જ હવે ઈંધણની પણ બચત થશે.

ગોરેગામ પશ્ચિમમાં રામ મંદિર માર્ગ પર મૃણાલતાઈ ગોરે ફ્લાયઓવરના વિસ્તારીત હિસ્સાનું કામ પૂર્ણ થયા બાદ તેનું શનિવારે સવારના લોકાર્પણ કરવામાં આવ્યા બાદ સાંજે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. મૃણાલગોરે ફ્લાયઓવર ૨૦૧૬માં ખુલ્લો મૂકવામાં આવ્યો અને તેના વિસ્તરણનું કામ ૨૦૧૯ માં શરૂ થયું હતું. ૨૪ મહિનામાં ફ્લાયઓવરનું કામ પૂર્ણ કરવાનું નક્કી થયેલ હતું છતાં પ્રોજેક્ટમાં અનેક અવરોધ આવ્યા હતા, કોવિડને કારણે અમલમાં આવેલા લોકડાઉનને કારણે કામમાં ખાસ્સો એવો વિલંબ આવ્યો હતો.

રામ મંદિર રોડથી એસ.વી. રોડ પર આવેલા રિલીફ રોડ સુધીના ૭૫૦ મીટરના વિસ્તરણ માટે શરૂઆતમાં ૨૦૯.૬૪ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી હતી પણ પ્રોજેક્ટની ડેડલાઈન લંબાઈ ગઈ અને ખર્ચો વધતો ગયો અને તે છેક ૨૪૭.૯૭ કરોડ રૂપિયાએ પહોંચી ગયો હતો.

બ્રિજના વિસ્તારીત હિસ્સાનું કામ કરવા માટે વાલભટ નદી પરના પૂલને તોડી પાડીને નવેસરથી બાંધવામાં આવ્યો હતો. તેમ જ

(જુઓ પાનું ૪) ▸▸

કચ્છી ભાટિયા
(માંડવી - હાલ મુંબઈ)



જીતેન્દ્ર વેદ
(ઉ.વર્ષ ૭૮)
બુધવાર, તા. ૩ જૂન, ૨૦૨૬ ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.
ધર્મ પત્ની
બિંદુ (ઈંદુ) બહેન
માતા - પિતા
સ્વ. નરોત્તમભાઈ
સ્વ. નંદકુંવરબહેન
ભાઈ - ભાભી
નરેન્દ્રભાઈ - નીતા ભાભી
અશ્વિનભાઈ - ભાવિની ભાભી
બહેન- બનેવી
સ્વ. ગીતાબેન - સ્વ. અરૂણભાઈ મર્ચન્ટ
પુત્ર - પુત્રવધૂ
દર્શન - અ.સૌ.જાનકી
દીકરી - જમાઈ
અ.સૌ. બીજલ - સંજય કાનાણી
અ.સૌ. હિરલ - ચેતન મર્ચન્ટ
સાસુ- સસરા
સ્વ. માધવદાસ ભાટિયા (મટાણી)
સ્વ. મધુરી ભાટિયા (મટાણી)
પૌત્ર
પ્રેમ - હનુમંત
દોહિત્રી - દોહિત્ર
ઉર્મિ - દેવિકા - ખુશ - ક્રિશ
પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# વેસ્ટર્ન રેલવેમાં આજે ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે જમ્બો બ્લોક

મુંબઈ : પશ્ચિમ રેલવે દ્વારા સિગ્નલિંગ સિસ્ટમ અને ઓવરહેડ ઉપકરણોની તપાસના હેતુથી ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન વચ્ચે અપ અને ડાઉન સ્લો લાઈન પર જમ્બો બ્લોક રાખવામાં આવશે. સવારે ૧૦.૩૫ થી ૧૫.૩૫ વાગ્યા સુધી એમ કુલ પાંચ કલાક માટે બ્લોક રહેશે.

પ્રવાસીઓને આ સપ્તાહ દરમિયાન પણ બ્લોકના લીધે અવરજવર માટે મુશ્કેલી પડશે. બ્લોકના સમયગાળા દરમિયાન સ્લો લાઈનની બધી ટ્રેનો ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનો વચ્ચે ફાસ્ટ લાઈનો પર દોડાવવામાં આવશે. આ સિવાય આ બ્લોકના કારણે અમુક અપ અને ડાઉન ઉપનગરીય સેવાઓ રદ્ કરાશે.

જ્યારે બીજી તરફ ચર્ચગેટ તરફ જનારી અમુક ટ્રેનો બાંદ્રા અને દાદર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવશે અને ત્યાંથી ફરી રીટર્ન ચલાવવામાં આવશે. અસર થયેલી દરેક ટ્રેનોની યાદી દરેક સ્ટેશન પરથી સ્ટેશન માસ્ટરો પાસેથી મળી જશે. બ્લોક દરમિયાન ટ્રેનો મોડી પડવાને કારણે અને અમુક ટ્રેનો રદ્ થવાને કારણે પ્રવાસીઓને હાલાકી થઈ શકે છે. ■

# ક્ષમતાથી વધુ વીજળીનો વપરાશઃ શોર્ટ સર્કિટ અને પાવર કટની ઘટનાઓ વધી

ભાયંદર : ઉનાળાના દિવસોમાં વધતા તાપમાનને કારણે શહેરના કેટલાક વિસ્તારોમાં અવારનવાર પાવર કટની ઘટનાઓ બની રહી છે. આ સમસ્યા માટે માત્ર વીજ વિતરણ કંપનીઓને જ જવાબદાર ગણવામાં આવી રહી છે, પરંતુ વાસ્તવમાં ગ્રાહકો દ્વારા વધારાના વીજ વપરાશને કારણે સ્થાનિક વીજ તંત્ર પર મોટો ભાર ઊભો થઈ રહ્યો હોવાનું નિષ્ણાતોએ સ્પષ્ટ કર્યું હતું. આના કારણે ઘણી જગ્યાએ શોર્ટ સર્કિટ થઈને અકસ્માતો સર્જાઈ રહ્યા છે. વીજ વિતરણ પ્રણાલી એક ચોક્કસ ક્ષમતા મુજબ ઊભી કરવામાં આવે છે. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમુક અંશે વધારાની ક્ષમતાની જોગવાઈ કરવામાં આવતી હોવા છતાં, દરેક સિસ્ટમની એક મર્યાદા હોય છે. આ મર્યાદા કરતાં વધુ વીજ વપરાશ થતાં લાઈનો પર વધારાનો લોડ આવે છે. પરિણામે વીજ પુરવઠો ખોરવાઈ જવાની ઘટનાઓ વધે છે.

ઉનાળામાં એસી, ગીઝર અને માઇક્રોવેવ જેવા વીજ ઉપકરણોનો વપરાશ ખૂબ વધી જાય છે. વધારાના વીજ વપરાશની સત્તાવાર માહિતી ગ્રાહકો દ્વારા વીજ કંપનીને આપવામાં આવતી નથી, જેનાથી વીજ સિસ્ટમ પર ભાર વધે છે. આથી વીજ નિષ્ણાતોએ ગ્રાહકોને તેમના વર્તમાન વીજ વપરાશની સમીક્ષા કરવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું કે જરૂરિયાત મુજબ મંજૂર લોડ વધારવા માટે સત્તાવાર અરજી કરવી જરૂરી છે. ■

વૈષ્ણવી ટુર્સ દાદર, મુંબઈ
9769318856 9769318872
સેન્ટ્રલ અને વેસ્ટર્ન યુરોપ 1 સપ્ટે., 10 દિ.
ઈંગ્લેન્ડ સ્કોટલેન્ડ આયર્લેન્ડ વેલ્સ 14 ઓગસ્ટ 10 દિ.
સ્પેન-પોર્ટુગલ મોરોક્કો 1 ઓક્ટો.,10 દિ.
જ્યોર્જિયા, આર્મેનિયાઅ, ઝરબૈજાન 23 ઓક્ટો. 10 દિ.
બાલી-સિંગાપોર 13 નવેમ્બર, 8 દિ.
શ્રીલંકા 5 જાન્યુ., 7 દિ.
વેઇટનામ 1 ડિસેમ્બર 10 દિ.
Dynamic Tour Cost* | H B Meal Plan

# બીકેસીમાં દર શુક્રવારે કરાશે ‘સાપ્તાહિક જાહેર પરિવહન દિવસ’ની ઉજવણી

### બે લાખ કર્મચારીઓને તે દિવસે જાહેર પરિવહનનો જ ઉપયોગ કરવાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પર્યાવરણ દિન નિમિત્તે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) દ્વારા ભારતના મહત્વના કમર્શિયલ સેન્ટર ગણાતા બાન્દ્રા-કુર્લા-કૉમ્પ્લેક્સ (બીકેસી)માં દર શુક્રવારે ‘સાપ્તાહિક જાહેર પરિવહન દિવસ’ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન અંતર્ગત બીકેસીના બે લાખ કર્મચારીઓને દર શુક્રવારે જાહેર પરિવહન (પબ્લિક ટ્રાન્સપોર્ટ)નો ઉપયોગ કરવાની વિનંતી કરવામાં આવી છે. આ પહેલથી બીકેસીમાં ટ્રાફિક, ભીડ, પ્રદૂષણ ઘટાડવામાં મદદ મળશે. ભારતના કમર્શિયલ સેન્ટરમાં આ પ્રકારનું આ પહેલું અભિયાન માનવામાં આવે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને જાહેર પરિવહનનો વધુને વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે, તેને પગલે મહારાષ્ટ્ર સરકારે એક પરિપત્ર પણ બહાર પાડ્યો છે, જેમાં સરકારી કર્મચારીઓને જાહેર પરિવહનનો ઉપયોગ કરવા અને વરિષ્ઠ સરકારી અધિકારીઓને અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વખત મેટ્રો, ઉપનગરીય રેલ અથવા બસ દ્વારા મુસાફરી કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એમએમઆરડીએએ ડબલ્યુઆરઆઈ ઇન્ડિયા સાથે મળીને ‘સાપ્તાહિક જાહેર પરિવહન દિવસ’ની પહેલ શરૂ કરવામાં આવી હતી.

આ પહેલ અંતર્ગત બીકેસીમાં કર્મચારીઓ અને સંસ્થાઓને દર શુક્રવારે સાર્વજનિક અથવા શેર-એ ટેક્સી, શેર-એ રિક્ષા જેવા પબ્લિક

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1689/1957. ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1689/1957.